આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · નવેમ્બર ઈ. સ. ૧૯૫૫

કુમાર



-પ્રદ્યુમ્ન-


સ્થા. રવિશંકર રાવળ · ૩૮૩ · તંત્રી · બચુભાઈ રાવત



આપણી રંગોળી જેવી રાજસ્થાનની મનોહારી લોકકલા 'માંડણાં' વિષેના આ અંકમાંના લેખનાં અનુષંગી આલેખન : 'ભીંત-માંડણાં'નાં કેટલાંક તળપદાં રૂપો

૧ હાથી; ૨ કળશ : જેમાં ક્રમે ક્રમે ફેરફાર થતાં કુંભ સમૂળગો જ નીકળી ગયો,–રહ્યા ફક્ત આંબાનાં પાનના તળપદા ઘાટ; ૩ 'મોરડી' (ઢેલ) અને ઝાડ; ૪ ચોક; ૫ 'રેલ' (આગગાડી)

૧ ચોક; ૨ ચોક (જેની આકૃતિઓમાં ભૂમિતિરૂપનાં કાલ્પનિક સુશોભનોની ભાતભાતની તરાહો આલેખાય છે); ૩ મોર અને 'બિછુડા'–(વીંછી); ૪ 'શેવરા' (મોડ); ૫ બારશાખ ઉપર આલેખવાનું તોરણ; ૬ પંખો.



ચિત્રો

ભીંત-માંડણાં — કલાકાર પ્રદ્યુમ્ન તન્ના — આગલા પૂઠામાં
અકબરનો દરબાર — મુઘલકલા — મુખચિત્રની પાછળ
મિહિન્ટલેનો બૌદ્ધ સ્તૂપ — કલાકાર શાન્તિલાલ શાહ — ત્રિરંગી મુખચિત્ર
પ્રતીક્ષા — ,, — પૃ. ૪૨૪ની સામે
વેણુનાદ — ,, — પૃ. ૪૨૫ ,,
પ્રાચીન પરથી નવાં શિલ્પો: શિલ્પી અમૃત ત્રિવેદી — પૃ. ૪૬૦-૬૧ ,,
ઝૉળ — ફોટો-કલાકાર જગન મહેતા — પૃ. ૪૬૪ ,,
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ — બલવન્ત ભટ્ટ — પૃ. ૪૬૫ ,,
હિંડોળો — કલાકાર: પ્રદ્યુમ્ન તન્ના — પાછલા પૂઠામાં

કાવ્યો

હિંડોળો — રાજેન્દ્ર શાહ ૪૨૧
ડાંગ વન — ઉશનસ્ ૪૨૧
જિંદગી — મનસુખલાલ ઝવેરી ૪૨૧
ફેર ચડે — પ્રદ્યુમ્ન તન્ના ૪૨૧
જૂઠનાં જળ — ,, ૪૨૧

ચરિત્ર

કલાકાર શાંતિલાલ શાહ — રવિશંકર રાવળ ૪૨૫
ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી — ૪૩૧

વાર્તા

રક્તદાન — કેતન મુનશી ૪૨૮
એક મકાનમાલિકની વાત [સપ્તતંત્ર-૬] — નવનીત સેવક ૪૪૫

લેખો

અરધી સદીનું પ્રગતિદર્શન — કનૈયાલાલ મુનશી ૪૨૨
અહં : તેનાં વિસ્તૃત અને વિકૃત સ્વરૂપ — ૪૨૪
શૈવ સંપ્રદાયની શિલ્પસમૃદ્ધિ — ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ ૪૩૩
સાંધાનો દુખાવો [માંદગીનાં મૂળ-૧૧] — ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ૪૩૮
માંડણાં — પ્રદ્યુમ્ન તન્ના ૪૪૧
ભારતના સંગીત-સાહિત્યનો સુવર્ણકાળ — વિભુકુમાર શિ. દેસાઈ ૪૫૦

વિભાગો

વાચકો લખે છે — ૪૧૮
લવીંગિયાની લૂમ — ૪૩૭
ટિકિટસંગ્રહ [પોર્ટુગાલની ટિકિટો, રદ્દીકરણની ઑસ્ટ્રે૦ યોજના] — ૪૪૪
પચ્ચીસ વર્ષ પહેલાં — ૪૪૭
કલાવાર્તા [કીર્તિમુખ ને કાલમકર, કલાકાર પ્રદ્યુમ્નતન્ના, કલાયાન] — ૪૫૪
માધુકરી [સ્વ. દ. વિ. પલુસ્કર, ઘેલો સોમનાથ, નવાંદશાંશચલણ] — ૪૫૬
શેળો [આપણાં પ્રાણીઓ : ૧૦] — ૪૫૬
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ : માર્ટિન લ્યૂથર] — ૪૬૦
છેલ્લું પાનું — ૪૬૨
નવાં પુસ્તકો — ૪૬૪-૪૬૫
પત્રમિત્ર વિભાગ — ૪૬૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

વાચકો લખે છે

ઑક્ટોબરના 'કુમાર'માં પાન ૪૧૬ ઉપર 'ઉમર કહી દો'માં 'જે રકમ રહે તે ૧૫૯માંથી બાદ કરતાં આવે તેટલી ઉમર ૧૯૫૫માં થાય' તે ૧૯મી સદીમાં જન્મેલા ગૃહસ્થને માટે આવે છે, તેમજ ૨૦મી સદીમાં જન્મેલા માટે '૫૯' માંથી બાદ કરતાં આવે છે.

(પાલીતાણા) —શાં. ચા. શાહ

અંક ૩૮૧માં પૃષ્ઠ ૩૫૦ પર 'સિંહ મોટા મોટા હાથીને પણ મારી નાખે છે' એ વિધાન સત્ય નથી. એક પાડાનો સામનો જેને ભારે પડે તે સિંહ મોટા હાથીને કઇ રીતે મારી શકે? સિંહ કરતાં વાઘ વધુ બળવાન છે. વાઘ એકલ હાથણી કે બચ્ચા હાથીને જ મારવામાં સફળ થાય છે. મોટો હાથી એકલો મળે જ ક્યાંથી? એ એના જૂથમાં હોય. અને જૂથપતિ હાથી સાથે લડવાનું વાઘ માંડી જ વાળે. એકલ હાથી મસ્ત પણ હોય. પણ એની શક્તિ સામે વાઘે નમતું જોખવું પડે. આ સામાન્ય વાત છે. અપવાદરૂપે કોઇ વાઘ યા સિંહ હાથીને મારી નાખે તો તેથી એ નિયમ બનતો નથી.

આપણાં દિલમાં હિંસ્ર ભાવે કેટલું ઊંડું આસન જમાવ્યું છે તેનો આ નમૂનો છે. વનસ્પતિઆહારી હાથી કરતાં પણ સિંહને વધુ તાકાતવાળો કલ્પીને આપણે એને વનરાજની કલગી ચઢાવી છે. જંગલનો રાજા-કોણ? સિંહ! ના, પણ આ વાત અહીં અપ્રસ્તુત છે.

સિંહ-સમાગમ લેખ નીચે સિંહસિંહણનું ચિત્ર જોઇ લેખના મથાળાની સારી અસર ન પડી. સિંહ-દર્શન લખ્યું હોત તો? લેખની ભાષા પણ કવિની પ્રભાવશાળી ભાષા કાં નથી?

અંક ૩૮૨માં પૃષ્ઠ ૪૦૮ પર તુર્રાનો પરિચય છે. એ શાસ્ત્રીય થયો નથી?–ખાસ કરીને તુર્રાને પારખવાવાળા પૅરૅગ્રાફમાં? એને બદલે સરળ પરિચય ન અપાય? Field Identification જેવું? હું મૂળ લખાણ ઉપરાંત આટલું સૂચવું છું: 'દેવચકલીથી સહેજ નાનું, એના ઘાટનું, એની પેઠે પૂછડી ઊંચી કરતું આ પંખી દેવચકલીથી જુદા જ કુળનું પંખી છે. દેવચકલીની પૂછડીના મૂળમાં જ્યાં લાલ ચગદું છે ત્યાં તુર્રાને સફેદ છે. તુર્રો માખીમાર પંખી છે અને પંખા યા નાચણ યા ચકદિલની પેઠે એને હવામાંથી જીવાત પકડતું સહેજે જોઈ શકાશે.'

એક બીજી બાબત: જે પક્ષી આપણે ત્યાં માળા કરતાં નથી એના માળાની કે ઇંડાંની વિગત આપવાનો શો અર્થ? એમાંથી એ થોડું ઓળખાવાનું છે?

ત્રીજી બાબત. આ પંખી યા બીજા જીવોનો પરિચય આપો તેમાં એમનાં અંગ્રેજી ને હિન્દી નામો આપો તો ઘણું સારું. એમાંથી અભ્યાસીઓને સરળતા રહેશે. દા. ત. તુર્રો યા ચટકી, Red-breasted Fly Catcher હોય તો એને તરત માખીમાર પખી તરીકે ઓળખી લેવાય.

'જિમ કૉર્બેટ ભૂત-પ્રેતમાં માનતા અને શિકારે જતાં પહેલાં એકાદ કાળા નાગનો શિકાર અવશ્ય કરતા' એ માટેનું પ્રમાણ શ્રી એમ. જે. જોશી આપે એવું ઇચ્છું છું.

(ચાંગા) —છોટુભાઇ સુથાર

'એક રૂપિયો' વાર્તાના ચિત્રમાં કઠિયારાનાં તથા તેના પુત્રનાં વસ્ત્રો બરાબર છે, પણ કઠિયારાની પત્નીનાં કપડાં કઠિયારાની પત્ની જેવાં લાગતાં નથી. 'કારકુન'ની પત્નીનાં તથા કઠિયારાની પત્નીનાં કપડાંમાં ઝાઝો ફેર નથી.

શ્રી પણિક્કરવાળા લેખમાં હિંદી હાઈકમિશ્નરનું નામ શ્રી જે. એમ. દેસાઈ લખ્યું છે તે એમ. જે. દેસાઈ જોઇએ. સિંહવાળા લેખમાં સિંહ વાઘ કરતાં વધુ બહાદુર જણાવ્યો છે, પણ વાઘ સિંહ કરતાં વધુ બહાદુર હોય છે.

(ચીખલી) —મંનુભાઈ ગુલાબભાઇ દેસાઈ

૩૮૦મા અંકમાં છેલ્લે પાને આપેલ ભૌમિતિક આકૃતિમાં ૧૪૬ ત્રિકોણ, ૫૧ ચતુષ્કોણ અને ૧૨૦ ખૂણા હોવાનું ખોટું જણાવાયું છે.

આકૃતિની સમૃદ્ધિ જાણી ખરે જ અજબ થવાય એવું છે: એમાં ૧૯ સંગમ-બિંદુઓ, ૧૪ સીધી લીટીઓ, ૧૦૪ ખૂણા, ૬૦ ત્રિકોણ, ૧૦૪ ચતુષ્કોણ, ૪૦ પંચકોણ, ૨ ષટ્કોણ અને ૧ વર્તુળ સમાએલ છે. સીધા ખૂણા, વિપરીત ખૂણા અને અંતર્ગોળ ચતુષ્કોણ, પંચકોણ કે ષટ્કોણ તો ગણતરીમાં લીધા જ નથી.

આપેલ છે એમ જ આખી આકૃતિ દષ્ટિ સમક્ષ રાખી ત્રિકોણ, ચતુષ્કોણ વગેરે ગણવા જતાં એકાદ ત્રિકોણ, ચતુષ્કોણ વગેરે ગણતરી બહાર રહી જવા કે એક કરતાં વધારે વાર ગણતરીમાં આવી જવા સંભવ છે. આ સંભવ દૂર કરવા આવો કંઈક પ્રયત્ન થઇ શકે:


વર્તુળ દોરી એમાં પહેલાં આકૃતિમાંની ત્રણ આડી લીટીઓ અને વર્તુળના કેન્દ્રમાંથી પસાર થતી ઊભી લીટી દોરવી. વર્તુળ અને આ ચારે લીટીઓ વડે આકૃતિમાં એક પણ ત્રિકોણ, ચતુષ્કોણ રચાતો નથી. હવે આ અપૂર્ણ આકૃતિ પૂર્ણ કરવા બાકીની લીટીઓ એક પછી એક દોરતા જવું ને આમ દોરાતી દરેકની લીટી પર રચાતા ત્રિકોણ, ચતુષ્કોણ વગેરે ગણવા.

અમારા ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપકને પણ આ આકૃતિવાળો કોયડો ગમી ગએલ છે. 'કુમાર' દર અંકે આવો એક કોયડો જરૂર લાવે.

(જૂનાગઢ) —કનુ રા. ડાભી

માર્ચ ૧૯૫૫ના અંકમાં આપેલી 'ક્રિકેટરોની જન્મ-તારીખોમાં નીચેના ખેલાડીઓની જન્મ-તારીખો આપવામાં આવી નથી, જે વાચકોની જાણ માટે લખી મોકલું છું. વી. એલ. માંજરેકર ૨૬-૯-૧૯૩૧; પોલી ઉમરીગર ૨૮-૩-૧૯૨૬; કે. એમ. રાંગણેકર ૨૭-૬-૧૯૧૭; માધવ આપ્ટે ૫-૧-૧૯૩૩; એસ. પી. ગુપ્તે ૧૧-૧૨-૧૯૨૯.

(નવસારી) —રૂસી એ. નોગામા




નૃત્યમય ગણેશની આ સુંદર શિલ્પ-મૂર્તિ વિસનગરમાં સવાળા દરવાજે, ગામની બહાર જમણા હાથે દીવાલમાં જડેલી છે અને તેની વિશિષ્ટતા કલાગુરુ શ્રી રવિશંકર રાવળે પણ વખાણી છે. મૂર્તિના નૃત્યમય દેહની ભંગી, મુખ ઉપરનો ભાવ, સૂંઢના વળાંકનું લાલિત્ય, આંખનો સંકેત, અલંકાર, બધું ખાસ ધ્યાન ખેંચે એવું છે, અને નૃત્યમય ગણેશજીની બીજી વિરલ મૂર્તિઓ સાથે ગુજરાતનું આ શિલ્પ ઉચ્ચ સ્થાને બેસે એવું છે.

(વિસનગર) —ચિત્તરંજન આચાર્ય

(અનુસંધાન પૃષ્ઠ ૪૭૦મે)

પ્રકાશયોજના આ અંકની ફોટોગ્રાફી હરીફાઈનાં વિજેતા ચિત્રોની આલોચના

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ: પહેલું ઇનામ મોકૂફ; બીજું ઈનામ: 'પાતાળ-પાણી' શ્રી રમેશચન્દ્ર બી. શાહ; ત્રીજું ઇનામ: 'ઈંતેજારી' શ્રી રમણીક દેસાઈ; નોંધપાત્ર: 'મોતી મસ્જિદ' જસુ શાહ, મુંબાઈ.
(ચિત્રો માટે જુઓ આ અંકની આર્ટ-પ્લેટ)



'પાતાળ-પાણી, ઈંતેજારી' અને 'મોતી મસ્જિદ'ની પ્રકાશયોજના સમજાવતાં દૃષ્ટાંત

શ્રી રમેશચન્દ્રના 'પાતાળ-પાણી'માં કોઈ બાંધ ઉપર એક ભાઈ વાસણ અજવાળતા નજરે પડે છે. સૂર્યપ્રકાશ કૅમેરાની સહેજ સામે અને લગભગ માથા ઉપરથી આવતો જણાય છે. સુક્કા ભીના તથા ખરબચડા પથ્થરની ભૂમિકા હૂબહૂ ઝડપાઇ છે. કિનારાનાં છીછરાં પાણીમાંથી તળિયે પથરાએલા પથ્થરના આકારો પણ દેખાય છે, અને જમીન ઉપરના પથરાના આકારોના કેમ જાણે પડઘા હોય એવો આભાસ આપે છે.આ ચિત્રનું આકર્ષણ તેની પ્રકાશયોજના તથા વસ્તુની સાદાઈને આભારી છે. ચિત્રનો મથાળાનો લગભગ ત્રીજો ભાગ કાપવાથી ચિત્રનું વસ્તુ વધુ ખેંચાણકારક બને છે.

શ્રી રમણીક દેસાઇએ બારી બહારથી ઓરડામાં ડોકિયું કરતા બાળકને પોતાના ચિત્રનું વસ્તુ બનાવ્યું છે. મલકતા બાળકે એક હાથે સળિયો પકડયો છે, અને એક સળિયા તથા હાથના અંગૂઠાથી જરાજરા દબાએલી આંખોમાંથી નિર્દોષ બાળકનો મસ્તીખોર મલકાટ જોનારને તરત ખેંચે છે. ચિત્રનું ફોકસિંગ બાળકના ચહેરા પૂરતું જ મર્યાદિત કરવાથી અને ડાયાફ્રામ બનતા પ્રમાણમાં ખુલ્લો રાખવાથી, પશ્ચાદ્‌ભૂમિ ફોકસ બહાર રહી છે. તે કારણે ચિત્રના મુખ્ય વસ્તુ સાથે બીજી કોઈ ચીજની હરીફાઈ થતી નથી અને બાળકનો ચહેરો જ મુખ્ય લક્ષ્ય બની જોનારની દૃષ્ટિને પકડી રાખે છે.

દિલ્હીના લાલ કિલ્લામાં આવેલા દીવાને ખાસની એક કમાનમાંથી શ્રી જસુ શાહે ઔરંગઝેબે બંધાવેલી મોતી મસ્જિદની જે છબિ લીધી છે તેનો સમય લગભગ મધ્યાહ્નનો હોવા સંભવ છે ને સૂરજ માથા ઉપર તપતો જણાય છે. મોતીમસ્જિદના ડુંગળી આકારના સફેદ ઘુમ્મટોની શ્વેત ઘનતા ચિત્રમાં આબાદ ઊતરી છે. મસ્જિદના અંદરના ભાગ તેની આજુબાજુની પર્ણાચ્છાદિત દીવાલોથી ઢંકાએલા છે તેથી તેની બાંધણીનો પૂરો ખયાલ નથી આવતો. ચિત્રવસ્તુને ઝાડ, દરવાજા, કમાન વગેરે જેવા કોઈ ચોકઠા વચ્ચે 'ફ્રેઈમ' કરવાથી ચિત્રમાં ઊંડાણ આવે છે અને અંતરનો ખયાલ આવે છે અને 3·D. effect (ત્રણપાસાંથી દેખાતા દૃશ્યની અસર) ઉપજાવે છે.

ઉપરના ત્રણે ફોટોગ્રાફની ઓછીવત્તી સફળતા તેની પ્રકાશયોજનાને આભારી છે. પહેલું અને ત્રીજું ચિત્ર સીધેસીધું સૂર્યપ્રકાશમાં લીધું છે. બીજું કંઇક ઓછા કે ધૂંધળા diffused (સૂર્ય વાદળથી ઢંકાએલો હોય એવા) પ્રકાશમાં લેવાયું લાગે છે. પહેલામાં ભૂમિકા મુખ્ય ભાગ ભજવે છે, જ્યારે બીજા તથા ત્રીજામાં ચિત્રવસ્તુની ઘનતા પ્રધાન છે.


કોઈ વસ્તુની સપાટી સુંવાળી યા ખરબચડી છે તે સામાન્યત: સ્પર્શ દ્વારા કળી શકાય છે. કપડું રેશમી યા ખાદીનું છે તે હાથ ફેરવતાં બરાબર સમજાય. આ રીતે સ્પર્શ દ્વારા સમજાતા પદાર્થના ગુણોને કુશળ છબિકાર માત્ર છાયા-પ્રકાશની ખૂબીદાર ગોઠવણ વડે ચિત્રમાં ઉતારી આંખ દ્વારા તેની પ્રતીતિ કરાવે છે.આને અંગ્રેજીમાં 'ફોટો ટેક્શ્ચર' કહે છે.'પાતાળ-પાણી'ચિત્રની ખરબચડી સપાટી,'ઇંતેજારી'માંના બાળકના માથાના વાળની સુંવાળપ તથા 'મોતી મસ્જિદ'ના ઘુમ્મટની સંગેમરમરી મુલાયમતા, એ તે તે ફોટોગ્રાફોનાં 'ટેક્શ્ચર' છે. તમારા ફોટોગ્રાફમાં આવી ખૂબી સૂર્યપ્રકાશથી કેવી રીતે આણી શકાય તે હવે જોઈએ.

'પ્રકાશ' એ ફોટોગ્રાફનો આત્મા છે. અંધારામાં કાંઈજ જોઇશકાતું નથી. ચીજને નિહાળવા માટે કોઈ ને કોઈ પ્રકાશની આવશ્યકતા હોય છે. વસ્તુના સ્પષ્ટ ને બારીક નિરીક્ષણ માટે માનવોની આંખ વધુ ને વધુ પ્રકાશ માગે છે. એ જ ન્યાયે કોઈ પણ વિષયની કૅમેરા વડે છબિ ઉતારવા માટે પ્રકાશની જરૂરત પ્રાથમિક હોય છે. ભલે પછી તે પ્રકાશ કુદરતી હોય યા અકુદરતી. કુદરતી પ્રકાશનું મુખ્ય મૂળ સૂર્ય છે. કૃત્રિમ પ્રકાશનાં સાધનોમાં વીજળી, કેરોસિનની બત્તી,દીવી,મશાલ કે મીણબત્તીનો સમાવેશ થાય છે. તે ઉપરાંત આધુનિક વૈજ્ઞાનિક શોધખોળના પરિણામે મૅગ્નેશિયમ રિબન યા પાઉડર, ફ્લૅશ બલ્બ તથા ઈલેક્ટ્રોન ફ્લૅશ ફોટોગ્રાફરને સુલભ બન્યાં છે. ફોટોગ્રાફ લેવા માટે આ બધાં પ્રકાશનાં વિવિધ મૂળ (સાધનો) છે.

પ્રકાશની તીવ્રતા(intensity)નો આધાર તેના એવા મૂળ ઉપર રહેલો છે, અને તેની એ તીવ્રતાના પ્રમાણમાં જ એક્સ્પોઝરની ગણતરી હોય છે. વળી, પ્રકાશનું મૂળ વિષયની જેમ વધુ નજીક તેમ તેની તીવ્રતા વધારે. મતલબ કે પ્રકાશની તીવ્રતા વિષય અને પ્રકાશના મૂળ વચ્ચેના અંતર ઉપર આધાર રાખે છે. તીવ્રતા અને આ અંતર વચ્ચે સીધો સંબંધ છે. આ 'અંતર' 'તીવ્રતા' અને 'એક્સ્પોઝર' વિષે આપણે ભવિષ્યમાં વિચારીશું.આજ તો આપણે ફક્ત પ્રકાશની દિશા પર થોડું વિચારીએ.


ટેનિસ, ટેબલ-ટેનિસ યા ક્રિકેટના એકાદ દડાને અંધારામાં તમારા ટેબલ પર મૂકો. પછી તેની ગમે તે એક બાજુ પર ફાનસ યા મીણબત્તી ગોઠવો. હવે તેના અજવાળામાં દડાને ચાર બાજુ ફરીને નિહાળો. દડો કઇ ચીજનો બનેલો છે, તેની સપાટી સુંવાળી, ચમકતી યા ખરબચડી છે, તે ગોળ, લંબગોળ, કે ઇંડા આકારનો છે વગેરેનો સાચો ને સંપૂર્ણ ખયાલ તમને અમુક જ દિશામાંથી આવશે. આ અખતરાથી સ્પષ્ટ થશે કે કૅમેરા અને વિષયને જોડતી લીટીથી ૯૦ અંશના કાટખૂણેથી આવતા પ્રકાશથી ચિત્રવસ્તુનાં ટેક્શ્ચર અને ઘનતા તીવ્ર સ્વરૂપે આલેખાય છે. સ્થાપત્ય અને શિલાની ફોટોગ્રાફી માટે આ જાતનો પ્રકાશ ખૂબ અનુકૂળ છે. મધ્યાહ્નના માથેથી આવતા સૂર્યપ્રકાશથી છાયા ઉગ્ર બને છે અને તેનાથી વસ્તુની ઘનતા વધુ સ્પષ્ટ બને છે. 'પાતાળપાણી', 'ઇંતેજારી' અને 'મોતી મસ્જિદ'ના પ્રકાશની દિશા સૂચવતા ત્રણ સ્કેચ આ ઉપર બતાવ્યા છે તે જોવાથી ઉપરના મુદ્દા વધુ સમજાશે.

મહિનામાં ગમે તે સમયે ફક્ત ઍમેટર્સ(ધંધાર્થી નહિ)ના ફોટોગ્રાફો સ્વીકારતી આ ફોટો હરીફાઈમાં વધુમાં વધુ ૮॥×૬॥ ઇંચના માપના જ, ફક્ત ગ્લૉસી અને બ્લૅક ઍન્ડ વ્હાઈટ પ્રિન્ટ્સ જ લેવામાં આવે છે. દરેક ફોટોગ્રાફની પાછળ ચિત્રનું નામ, મોકલનારનું પૂરું નામ-સરનામું તથા ચિત્ર પાછું મેળવવા માટે જરૂરી પોસ્ટેજ પણ આવશ્યક છે. ચિત્રો આલોચના કરવા પૂરતી સંખ્યામાં એકઠાં થયે હરીફાઇનું પરિણામ પ્રકટ થાય છે.



અકબરનો દરબાર: જેમાં તે બહેરામખાનના પુત્ર અબ્દુર્રહીમને સત્કારે છે. (મુઘલ કલા)

બાબર–હુમાયૂંની સાથે ભારતમાં આવેલા ઈરાની કલા-સંસ્કારમાંથી ઊતરેલી, અને અકબર–જહાંગીરના આશ્રયે ભારતીય પરંપરાના સંગમથી શોભિત ને રસળતી બનેલી મુઘલ કલા ભારતીય કલાપ્રકારોમાં અગત્યનું સ્થાન ધરાવવા સાથે આપણા સાંસ્કૃતિક વારસામાં ઘણું સમૃદ્ધ અર્પણ કરી ગઈ છે. વિગતોની ચોકસાઈ, ઝીણવટનું સૌંદર્ય અને ઈરાની ગાલીચાની પેઠે સમસ્ત ફલક પર ભાતગૂંથણી પાડતો કથાવિસ્તાર એ તેની ખાસ વિશિષ્ટતા છે; અને એનું અવતરણ આ દેશમાં ન થયું હોત તો આજે આપણને પોતાનાં રંગમાધુર્ય, રેખાલાલિત્ય અને ઝીણવટભરી સફાઈથી મુગ્ધ કરતી પહાડી તેમજ રાજસ્થાની ચિત્રકળાના કેટલાક ગુણો કદાચ ઉદ્‌ભવ્યા ન હોત. બરછટ અને સુફી તુર્કઈરાની શૈલીમાંથી અકબરના કાળમાં સ્થિર માંડણીમાં રસળતી થએલી એ કલાનું આ ચિત્ર એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. ◖ પોતાને ગાદીએ આવવામાં મદદ કરનાર બહેરામખાંની જોહુકમીથી કંટાળીને અકબરે જ્યારે પોતાના વાલી સમા એ સલાહકારને દૂર કર્યો ત્યારે તેણે બળવો કર્યો, જેમાં તે હારીને શરણે આવ્યો. અકબરે તેને માફી બક્ષી અને તે મક્કે હજ કરવા જતો હતો ત્યાં રસ્તે ગુજરાતમાં પાટણ પાસે કોઈ અંગત દુશ્મને તેનું ખૂન કર્યું. એ દંગલમાંથી તેનો નાનો છાકરો અબ્દુર્રહીમ બચી જવા પામ્યો, જેને આગ્રામાં અકબરના દરબારમાં લાવતાં અકબરે તેનું સ્વાગત કર્યું એ પ્રસંગનું આ ચિત્ર છે. પર્સ્પેક્ટિવ કે છાયાપ્રકાશનાં ધોરણે એને જોનારા એનો ખરો રસ નહિ પામે; પણ ચિત્રના સમગ્ર ફલકને ખૂણેખૂણા સુધી ભરી કાઢતી, ભરચક ગાલીચા જેવી એની માંડણીમાંની, બધી પ્રસંગકથા પ્રવૃત્તિ (છેક દરબારની બહારના બંદૂકદારો, શિકારીઓ, ઘોડેસવારો વગેરે) જે બારીક ને સફાઈબંધ કલમ વડે આલેખી છે એ મુઘલ કલાનું મુખ્ય લક્ષણ છે.



મિહિન્ટલેનો બૌદ્ધ સ્તૂપ : સિલોનમાં અનુરાધાપુર અને મિહિન્ટલેના બૌદ્ધ સ્તૂપો ખૂબ પ્રખ્યાત છે. આજથી અઢી હજાર વર્ષ પૂર્વે સમ્રાટ અશોકનો પુત્ર મહેન્દ્ર જ્યારે ત્યાં બૌદ્ધ ધર્મના પ્રચાર અર્થે ગયો ત્યારે એ ધર્મસંદેશનું મંગલાચરણ આ સ્થળેથી થએલું અને તેથી જ તેનું નામ મહેન્દ્ર ઉપરથી પડેલું. પરંતુ આજે તેનું અપભ્રંશ મિહિન્ટલે થયું લાગે છે. આજે પણ સિલોન જતા બૌદ્ધ ધર્મીઓ માટે એ અગત્યનું યાત્રાધામ તેમજ પુરાતત્ત્વવિદો માટે પણ તે મહત્ત્વનું સ્થળ ગણાય છે, કેમકે રળિયામણી ડુંગરમાળા વચ્ચે એક નાની ટેકરીના મુકુટની જગ્યાએ આવેલો એ પ્રાચીન સ્તૂપ તેનાં રાતાંભૂરાં ઇંટમટોડાંમાં કીમતી ઇતિહાસ છુપાવીને બેઠો છે. **ચિત્રકાર : શાંતિલાલ શાહ**

હિંડોળો

(ગાન)

આવ, સખી! આવ આંહીં બાંધ્યો હિંડોળો
કુંજની કદંબની ડાળે,
આપણે યે કાંઈ એવો લઈ હિલ્લોળ કે
અડીએ જૈ આભની પાળે: આવ૰

મેઘના તે માંડવામાં જોને છુપાઈ
પેલો છોગાળો મોરલી બજાવે,
આઘે રહેલને જો આંબીએ નહીં તો
અલી! જોબનિયું જૂઠ કુહૈ લજાવે;
આપણાં તે લ્હેરિયાંનું આભમાંહી રંગધનુ
આંકીએ રે તેજની ઝાળે: આવ૰

આછો વરસે ને વળી અદકો દઝાડતો
રે જલનાં ફોરાંની આગ લાગે,
પીળાં કદંબ તણાં ફૂલમાં નિહાળ અલી!
રોમરોમ કંપ કેમ જાગે!
ઉરને સંતાપ સખી! આમથી ને તેમથી
વાયરો જો વીંઝણો ઢાળે: આવ૰

રાજેન્દ્ર શાહ

ડાંગ વન

·પૃથ્વી·

અહો, કશું રૂપાળું મોં તવ અહીં સુહે છે, ધરા!
થતું મન મને પ્રિયે, અહીં કયહીં તને ચૂમવા,
નિબિડ સરલ દ્રુમોની વહી ગંધ આવે હવા,
અને સ્થલસ્થલે વહે વિમલ વારિ કેરા ઝરા.

અહો, કશી વનસ્પતિપુલક રોમરોમે ફૂલે!
ચતુર્દિશ વીંટાયલા શિખરીઓ ઉંચા, વાહવા!
કશું ગિરિની ટાલ શું રતૂમડું સુહે આહવા!
બજાવત ફરે અહીં પવન બંસી વેણુકુલે,
શિશુકિસન શો કશો તુલસીકાનને ગોકુલે.
અને સમયરજ્જુના ઉકલી જાય સંધા વળો:
ફરી મન ફરી રહે અતીત રમ્ય ગોદાકૂલે;
ઢૂંઢું અહીં જ કયાં ઝરે ઝણકતાં સીતા–ઝાંઝરો.
રૂપેરી સરમાં લહું વિરહી રાઘવાશ્રુ-દ્રવ,
ઢૂંઢું હું પગલું, અહીં થકી ગયા પ્રભુ રાઘવ.

ઉશનસ્

જિંદગી!

જિંદગી! ન્હોતી ખબર કે માત્ર તું તો છે ગણિત!
એક પગલું ખોટું ને ખોટો જ આખો દાખલો!
ના, ગણિત શાની?
ગણિતમાં આંકડા ભૂંસી રકમ પાછી ખરી માંડી શકાયે.
જિંદગીમાં એ કહીં?

(આગામી 'અનુરાગ'માંથી) મનસુખલાલ ઝવેરી

ફેર ચડે

(ગાન)

નહિ રે જાઉં રે મહી વેચવાને મથુરા,
મથુરાનો મારગ વંકાય ઘણો!
હાંરે મુંને ફેર ચડે!

મારગડે મારગડે કેવડાનાં વંન ને
વસમો તે ધૂપ છાય ગંધ તણો!
હાંરે મુંને ફેર ચડે!

કેવડિયા વંનમાં ભમે એક ભોરિંગડો,
ધનઘેરા હિયે કાંઈ ઘુઘવાટા!
હાંરે મુંને ફેર ચડે!

પીળાં પટકૂળ ને ખંભે કાળો કામળો,
પાઘડલી પચી પચી લે આંટા!
હાંરે મુંને ફેર ચડે!

સરખી તે સૈયરની આડો નવ ઊતરે,
એકલડી એક મુંને અટકાવે!
હાંરે મુંને ફેર ચડે!

મે'ડાં લૂંટે ને વળી ઉપરથી અંગઅંગ
એવાં તે ડંખ ભૂંડો ચટકાવે!
હાંરે મુંને ઝેર ચડે!

પ્રદ્યુમ્ન તન્ના

જૂઠનાં જળ

(ભજન)

સ્રોવર સતનાં શોધો હંસલા!
જળ રે આ તો જૂઠનાં હે જી૰
કાચ સમાણાં નીરની હેઠે
કીચડ હેરો કૂટનાં હે જી૰

કેમ રમંતાં મેલીએ મહીં
કલેવર ધાવણ-ધોળાં!
ખેલીએ હજી ખેલીએ ત્યહીં
પલમાં થાયે ડો'ળાં!
આભ ઉજારાં આવરે જેવા
ઓળા વાદળ જૂટના હે જી૰

છાછરાં તળ ને ફરતી, બેલી,
ઊંચી ઊંચી પાજું!
પાણકો યે ના પાકતો એવે
જળ શેં જિવાય ઝાઝું!
અમ્રત ના રે વાંઝિયા આ તો
પાણી કો' અવડ પુટનાં હે જી૰

થાનક ન્હો'યે આપણાં આવાં,
પ્યારા! પંખ પસારો,
દિશદિશાને હેરી કો એવો
ઢંઢો માનસ આરો,
નિતનો જયહીં ચરવા ચારો,
મોતી મળે મૂઠમૂઠનાં હે જી!

પ્રદ્યુમ્ન તન્ના

અરધી સદીનું પ્રગતિદર્શન

ગઈ વિજયાદશમીએ નડિયાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ઓગણીસમા સંમેલનના

પરિષદનું પ્રથમ ધ્યેય ગુજરાતી સાહિત્ય ને સંસ્કારની અભિવૃદ્ધિ અને વિસ્તારને પોષવાનું છે; એનું અંતિમ ધ્યેય સંસ્કૃતિના વિકાસને વેગ આપવાનું છે. આ દૃષ્ટિએ છેલ્લાં પચાસ વર્ષમાં ગુજરાતે જે પ્રગતિ સાધી છે તેનું સમગ્ર દર્શન કરવું જરૂરનું છે.

૧૯૦૫માં રણજિતરામે પરિષદ સ્થાપી ગુજરાતની અવ્યક્ત અસ્મિતાનું મંદિર રચ્યું. ગોવર્ધનરામે તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરી. ગુજરાત આળસ મરડી બેઠું થયું. એક યુગ સંકેલાઇ ગયો ને બીજો શરૂ થયો.

એ જ અરસામાં રશિયા ને જાપાન વચ્ચેના યુદ્ધ તેમજ બંગભંગને કારણે ઉદ્દામ રાષ્ટ્રભક્તિનો પવન પહેલી વાર ગુજરાતમાં વાયો. વડોદરામાં શ્રી અરવિંદની પ્રેરણાથી થોડાક ગુજરાતીઓએ દેશસેવાની કંઠી બાંધી. ૧૯૦૭માં સૂરતમાં કૉંગ્રેસ તૂટી ત્યારે ગુજરાતીઓએ રાજકારણમાં ઝંપલાવવું શરૂ કર્યું.

શ્રી વિદ્યાબહેન અને શારદાબહેન બી.એ. થયાં. આવો મોટો ગુનો કરવા માટે એમને જે સહેવું પડ્યું તેનો ખયાલ તમને ઘણાને આવે એમ નથી. સારા ઘરની સ્ત્રીઓએ ગરબા પણ વિસાર્યા; એમને તેમાં અધમતાની ગંધ આવી.

ગોવર્ધનરામ સર્વમાન્ય સાહિત્યગુરુનું પદ પામી સાહિત્યરસિકોને એકસૂત્રતા આપી રહ્યા હતા, છતાં જોડણી હજી એકધારી નહોતી ને શૈલીમાં સચોટ કથનપ્રભાવ આવ્યો નહોતો.

ડાહ્યાભાઇ ધોળશાજીએ નાટ્યકલા તથા નવાં ગાયન-ગરબીથી સામાન્ય હૃદયો હલમલાવ્યાં. પહેલી જ વાર લોકપ્રિય નટ 'સુંદરી'એ સારા ઘરની સ્ત્રીના હાવભાવ ને વેશભૂષા પર ઊંડી અસર કરી. શૃંગારમય પ્રેમ લોકોની જીભે ચડ્યો ને હૃદયમાં ઊતરવા લાગ્યો. 'કલાપી'ના ઊર્મિભર 'કેકારવે', 'કાન્ત'નાં સૂક્ષ્મતમ ભાવ દર્શાવતાં અપૂર્વ કાવ્યોએ ને કવિ નાનાલાલનાં શબ્દસૌંદર્યે શોભતાં ઊર્મિગીતોએ સંસ્કારી હૃદયો ગુંજતાં કર્યાં.

'ગુજરાત જોવાજોગ છે' ને 'વસંત કે આ ગુર્જરીની રસિકતા વરી' એમ રંગભૂમિ પર ગવાવા લાગ્યું. નાનાલાલે ગુજરાતને 'કૃષ્ણચંદ્રની કૌમુદી' સાથે સરખાવ્યો. ખબરદારે 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' ઉચ્ચારી મહાગુજરાતને શબ્દદેહ આપ્યો. ગુજરાતને એના ભૂતકાળનું ભાન થવા લાગ્યું. 'ગુણવંતી ગુજરાત' એક પ્રેરણાગાન બન્યું.

આ વહેણમાં હું પણ તણાયો. ૧૯૦૫માં મેં 'The Graves of the Vanished Empires'માં ગુજરાતની વિસરાયેલી મહત્તા પર આંસુ સાર્યાં. ૧૯૧૪માં ગુજરાતની અસ્મિતા મારે હૈયે વસી ત્યારથી ચૌલુક્યયુગનું સાહિત્યમાં સર્જન કરવાનો મેં આરંભ કર્યો.

૧૯૧૭માં હાજીમહમ્મદે 'વીસમી સદી' માસિક દ્વારા નવા સાહિત્યકારો ને નવા ચિત્રકારોનો પરિચય કરાવ્યો. તેમાં શ્રી રવિશંકર રાવળે ચિત્રકલાનો ગુજરાતી સંપ્રદાય સ્થાપ્યો. આજે તેમાં ફાલ આવી રહ્યો છે.

૧૯૨૦માં ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠ સ્થાપી. તેના શિક્ષણગુરુઓએ સાહિત્ય અને સેવાભાવ બંને ક્ષેત્રોમાં નવી ભાત પાડી. 'જોડણીકોશે' ગુજરાતી જોડણી એકધારી કરવાનો સફલ પ્રયત્ન આદર્યો.

નવા પ્રભાવનું ભાન આવતાં ગુજરાતનું સાંસ્કારિક વ્યક્તિત્વ સુરેખ થયું. સાહિત્યસંસદે ગુજરાતના સંસ્કાર અને સાહિત્યની અભિવૃદ્ધિ કરવાનું કામ વેગભર ઉઠાવ્યું ને 'ગુજરાત' માસિક પ્રગટ થયું.

એક તરફથી ગુજરાતને ભૂત મહત્તાનું ભાન થવા માંડ્યું, બીજી તરફ ગાંધીજીએ વ્યક્તિગત કર્તવ્યપરાયણતા અને સામુદાયિક પરાક્રમ વડે આત્મદર્શન કરવાની કલા આપણને શીખવી. ગુજરાતે અર્જુનના કૌશલ્યથી એ પાઠ શીખી લીધો. મહત્તાનાં સ્વપ્નાં તેને સિદ્ધ કરવાના પ્રયાસોમાં પરિણામ પામ્યા.

સત્યાગ્રહના આંદોલનથી ગુજરાતને પોતાની સામુદાયિક શક્તિમાં શ્રદ્ધા પ્રગટી. ગાંધીજીનાં વ્યક્તિત્વ અને આચરણ પર આપણો પૂજ્યભાવ કેન્દ્રિત થયો. સંઘશક્તિને કાર્યાન્વિત કરવાની આપણને ટેવ પડી અને તેની અસર સાહિત્ય ને સંસ્કાર બંને પર પડી.

ઈ. ૧૯૨૭માં રેલસંકટ વખતે વલ્લભભાઈ પટેલ (તે વખતે 'સરદાર'ને નામે દેશભરમાં વિખ્યાત નહોતા થયા)ના નેતૃત્વમાં ગુજરાતે સંઘશક્તિ દાખવી બધાંને ચકિત કર્યાં. ૧૯૨૮માં તેમણે પ્રચંડ વ્યવસ્થાશક્તિથી બારડોલી સત્યાગ્રહ વડે બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચાવ્યા, ને ગુજરાત તેમજ ભારતને પરાક્રમો કરવાની આત્મશ્રદ્ધા આવી. સરદારે ગુજરાતી અનુયાયીગણનું નિયંત્રણ કર્યું અને કર્તવ્યક્ષેત્રમાં ગુજરાતના કાર્યકરસંઘને એક અને અવિભાજ્ય બનાવ્યો.

૧૯૩૮ના સંક્રમણકાળમાં કરાચી સાહિત્ય પરિષદે 'ગુજરાતીતા'ને પ્રગલ્ભ થવાની ઘોષણા કરી. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ આવ્યું. ગુજરાતીઓ સમૃદ્ધ થયા. એમની ઉદારતાને વેગ મળ્યો. સત્યાગ્રહથી સ્ત્રીઓમાં સ્વાતંત્ર્ય અને કાર્યકરોમાં સેવાભાવ આવ્યાં હતાં એટલે પરિણામે સામાજિક પ્રવૃત્તિઓ સબળ થઈ.

જેમ સ્વતંત્રતા પાસે આવતી ગઈ તેમ વિદ્યાવૃદ્ધિમાં પણ આપણો ઉત્સાહ વધ્યો. ૧૯૪૭માં વડોદરા પરિષદે ગુજરાત વિશ્વવિદ્યાલય સ્થપાય એવો નિર્ણય કર્યો અને તેની યોજના કરવા માટે મુંબઈ સરકારે માવલંકર સમિતિ નીમી. પ્રતાપસિંહરાવ ગાયકવાડે વડોદરા વિશ્વવિદ્યાલય સ્થાપવા મુનશી સમિતિ નીમી. વલ્લભવિદ્યાનગરમાં વિઠ્ઠલભાઈ વિદ્યાલય શરૂ થયું. ૧૯૪૯ની ૩૦મી એપ્રિલે વડોદરા વિશ્વવિદ્યાયલનો અને ૨૭મી નવેંબરે ગુજરાત વિશ્વવિદ્યાલયનો આરંભ થયો.

૧૯૪૭માં સ્વાધીનતાનાં વહાણાં વાયાં. સરદાર ભારતના એકીકરણના વિશ્વકર્મા બન્યા. ૧૯૪૮માં સૌરાષ્ટ્રનું એકીકરણ થયું તથા ૧૯૫૦માં વડોદરા, ગુજરાતનાં બીજાં દેશીરાજ્યો ને આબુ પણ મુંબઈ પ્રદેશમાં વિલીન થયાં.

સંવત ૨૦૦૪ની કાર્તિક સુદ પ્રતિપદાએ, ૧૨મી નવેમ્બર ૧૯૪૭ને દિને ગુજરાત ને ભારતના ઇતિહાસમાં અનેરો પ્રસંગ બન્યો: જૂનાગઢ પડ્યું. સરદારશ્રી પ્રભાસ ગયા અને સમુદ્રમાં જઈ હાથમાં પાણી લઈ કહ્યું: 'મારી બધી મહત્ત્વાકાંક્ષાઓ આજે પૂર્ણ થઈ.'

પિસ્તાળીશ વર્ષનું મારું સ્વપ્ન સિદ્ધ થયું. નવગુજરાતનો આરંભ થયો. સાથે ગુર્જર હૃદયની સદીઓની પ્રતિજ્ઞા પરિપૂર્ણ થઈ.

સ્ત્રીઓ ઘણે અંશે સ્વતંત્રતા અને સમાનતા પ્રાપ્ત કરવામાં આગળ વધી છે. ગીત, નૃત્ય ને નાટકોથી તેઓ સંસ્કાર અને જીવનમાં પ્રફુલ્લિતતા આણી રહી છે; છતાં તેમણે નથી ઘરસંભાળ છોડી કે નથી આર્યાનુરૂપ મર્યાદા છોડી.

ગુજરાતી જીવનમાં નીતિ અને ઈશ્વરશ્રદ્ધા કાયમ રહી છે. ભગવાન શ્રીકૃષ્ણ, નરસિંહ મહેતો, સ્વામીનારાયણ, દયાનંદ અને મહાત્મા ગાંધીના આદેશ આપણાં હૈયાં પ્રેરે છે. જગતને પોતાની ચૂડમાં આજે પકડી બેઠેલા જડ-

માનવ હૃદયનો આંતરવૈભવ

પ્રમુખસ્થાનેથી શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ આપેલા વ્યાખ્યાનનું સારદોહન

વાદનું ઝેર ઉતારવાનું આધ્યાત્મિક સામર્થ્ય ગુજરાતમાં હતું તેવું જ છે.

છેલ્લાં પચાસ વર્ષોમાં આપણા સાહિત્યકારોએ ગુજરાતીને સચોટ ને સમૃદ્ધ બનાવી છે. આજે એની અભિવ્યંજનાશક્તિ ભારતની કોઈપણ ભાષાની શક્તિ સામે ઊભી રહી શકે છે.

'ભગવદ્‌ગોમંડળે' આપેલો શબ્દસમુચ્ચય ગુજરાતી ભાષાની વિપુલતા બતાવે છે. સંસ્કૃત અને અંગ્રેજીના સંપર્કથી એનો કથનપ્રભાવ અર્વાચીન આવશ્યકતાને પહોંચી વળે એવો કરવો એ આપણું કર્તવ્ય થઇ પડે છે.

જ્યાં સુધી સાહિત્ય ને સંસ્કારને માટે ગુજરાતીઓના હૃદયમાં પ્રેમ અને માન ન ઉદ્‌ભવે ત્યાંસુધી આપણાં જીવનનાં વહેણ ઉપરછલ્લાં જ રહેવાનાં. એ પ્રેમ અને માન ગુજરાતના હૃદયમાં છે? નર્મદ ને ગોવર્ધનરામની જયંતી સમસ્ત ગુજરાતે ગામે ગામે ઊજવી સાંભળી છે? નડિયાદમાં ગોવર્ધનરામનું ભવ્ય સ્મૃતિમંદિર કોઇ ઠેકાણે નજરે ભાળ્યું? સમસ્ત ભારતના વિદ્વત્-શિરોમણિ ગુજરાતી હેમચંદ્રનું ક્યાંય નામ કે નિશાન દીઠું?

ભગવાન સોમનાથનો મહોત્સવ આવતી કાર્તિક પૂર્ણિમાએ પ્રભાસમાં યોજાયો છે. તમારામાંથી એ કેટલા જાણે છે? જે જાણે છે તેમાંથી કેટલાની કલ્પના ઉત્તેજિત થઇ છે? કેટલા જવાની ઉત્કંઠા કરી રહ્યા છે? ગુજરાતના વિશ્વકર્મા જયસિંહદેવ સિદ્ધરાજનું જન્મસ્થાન પાલણપુર અણજાણ, અસન્માનિત, અપૂજ પડ્યું છે. ત્યાં હજી સુધી ભવ્ય સ્મૃતિમંદિર રચવાનું કોઈને સૂઝ્યું નથી. ગુજરાતને 'કૃષ્ણચંદ્રની કૌમુદી સરખો ઉજ્જવલ' ગણનારાઓમાંથી કેટલા 'દેહોત્સર્ગ'ના પરમધામનાં દર્શન કરી કૃતાર્થ થયા છે? તો પછી ત્યાં સ્મરણમંદિર રચવાનું તો કોને મન થાય?

એક વાત ભૂલશો મા. ભૂત મહત્તાનાં લોકસ્મરણોમાં વર્તમાન સામુદાયિક કાર્યશક્તિનાં અને ભાવિ સાફલ્યનાં મૂળ છે. જો એ મૂળિયાં સુકાવા દેશો તો રહેશે થડ; ને નથી થવાનાં ફળ કે ફૂલ. અને એમ જો થશે તો સાહિત્યને પ્રેરણા શાની મળશે? ગુજરાતના સર્જનહારોનાં સ્મરણો તાજાં રાખવાની ટેવ રાખો. આપણે ગુજરાતની ભક્તિનાં ખોટાં બણગાં ફૂંકવા શા અર્થનાં? આપણી કરોડોની ધનદોલત છતાં પિતૃઋણ આપણે નથી ચૂકવ્યું.

ત્રીસ વર્ષ પૂર્વે મેં રોમૅન્ટિક સાહિત્ય અને પ્રણાલિકાબદ્ધ સાહિત્ય વચ્ચેનો ભેદ વર્ણવ્યો હતો. પ્રણાલિકાબદ્ધ સાહિત્ય અંતરોર્મિથી અલગ એવા કોઈ એક ઉદ્દેશનું ધોરણ સ્વીકારે છે. પણ રોમૅન્ટિક સાહિત્યનો સર્જનહાર અંતરનાં ઊંડાણોને વ્યક્ત કરવામાં, એના નિસ્સંકોચ આત્મકથનમાં પોતાને સાર્થક સમજે છે.

આ રોમૅન્ટિક સાહિત્ય અર્વાચીન કાલખંડની વિશિષ્ટતા છે. એનાથી પ્રેરાઈ છેલ્લી સદીનું આપણું ઘણું સાહિત્ય સર્જાયું છે. નર્મદ આપણો પહેલો રોમૅન્ટિક. એ સાહસી હતો, અજાણ્યે પંથે જવાનો એનામાં ઉત્સાહ હતો, જ્વાલામુખી પર જઇ ઊભા રહેવાની એનામાં ધૃષ્ટતા હતી ને એથી એ આપણા અર્વાચીનોમાં આદ્ય હતો; પણ એના સ્વભાવમાં સૂક્ષ્મતા ને માર્દવ નહોતાં, વળી એની દૃષ્ટિ સરસતાયુક્ત નહોતી. ગોવર્ધનરામે પોતાના હૃદયના ધબકારા સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરીનાં હૃદયોમાં સાંભળ્યા ને આપણને સુણાવ્યા. એમની સર્જકતાએ અર્વાચીન ભારતીય સાહિત્યમાં નવું સીમાચિહ્ન ઊભું કર્યું.

નરસિંહરાવ, કાન્ત અને કલાપીએ પોતાનાં હૃદયના દ્વારપટો વધારે ખોલ્યા અને આપણાં હૃદયના સામ્રાજ્યની સીમા પણ વિસ્તૃત બનાવી. નાનાલાલે હૃદયનાં સુકુમાર સ્પંદનોને શબ્દસૌંદર્ય વડે આહ્‌લાદજનક બનાવ્યાં. ગાંધીજીએ પોતાની આત્મકથામાં અંતરનાં મંથનો અને વૃત્તિઓને નગ્ન રૂપે વર્ણવી રુસોનાં આત્મકથનોની સરસાઇ કરી.

જીવન એ જ પરમ સત્ય છે. માનવહૃદયમાં રંગભર, વૈવિધ્યપૂર્ણ આંતરવૈભવ આવે ને સૂક્ષ્મ સ્વાનુભવશક્તિ દરેક અનુભવના રસમાં લીન બની શકે તો આ સત્ય સિદ્ધ થઈ શકે છે.

આ આંતરવૈભવ નિર્મળ ને ભવ્ય બની ઉલ્લાસની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે નૈસર્ગિક હોય તે આધ્યાત્મિક થાય છે. એમ થતાં ઈશ્વરનું મનુષ્યમાં અવતરણ થાય છે અને તેને બળે સમસ્ત માનવો આંતરવૈભવથી સમૃદ્ધ બને છે. અનાદિ કાળથી યોગીઓ, ભક્તો ને ચિંતકો એ જ વૈભવને કેળવી, એના વિકાસની પરાકાષ્ઠાએ પહોંચી પોતાનામાં ને જગતમાં ઈશ્વરનો આવિર્ભાવ જોતા આવ્યા છે.

આજના જમાનામાં આવા વૈભવનું સાહિત્યમાં દર્શન કરવું દુર્લભ બનતું જાય છે, કારણ કે તેની આડે એક મહાભય આવીને ઊભો છે.

સાહિત્યના પ્રકાર અને સરસતાનો આધાર તત્કાલીન વાચકવૃંદની રુચિ ને ગ્રહણશક્તિની મર્યાદા ઉપર રહે છે. આ જમાનામાં રસિક રાજવીઓ ચાલ્યા ગયા છે. તેમના દરબારોમાં પોષાતા સિદ્ધહસ્ત સાહિત્યકારો પણ સાથે ગયા. વિદ્વાન કે અભ્યાસી રસિકોના અભિપ્રાય પર હવે પુરસ્કાર અવલંબતો નથી. આજે સામાન્ય વાચકોની સંખ્યા કૂદકે ને ભૂસકે વધતી જાય છે અને પુરસ્કાર આપવાની શક્તિ તેમની પાસે આવી છે. એ સમુદાય નથી રસિક ને નથી ચપલ બુદ્ધિનો.



આના ફલસ્વરૂપે સાહિત્યનાં આદર્શ ને ધોરણ બન્ને અધોગત થતાં જાય. સરસતાનો સાક્ષાત્કાર કરવાની જેને વાંછના છે તેને આ પડદો છેદવો જ પડે છે. સમસ્ત સંસારની અમર સાહિત્યકૃતિઓનું સેવન કરી અનંતકાલ સુધી સ્વીકાર્ય બને એવા સર્જનનો તલસાટ કેળવે તે જ સાહિત્યકાર આ કરી શકે છે. કલાકારોને ઈશ્વરે સમૃદ્ધ આંતરવૈભવ આપ્યો છે. તે જ તેમની જીવનયાત્રા સફળ કરવાનું ક્ષેત્ર અને સાધન બંને છે. તેથી જ કલાકારોને કહું છું કે એને છેહ દેશો નહિ.

સૂક્ષ્મ બનેલી સ્વાનુભવશક્તિથી સમૃદ્ધ થએલા તમારા આંતરવૈભવને નિસ્સંકોચપણે સાહિત્યમાં મૂર્ત કરજો. આમ મૂર્ત થએલું તમારું સાહિત્ય હૃદયોને નવપલ્લવિત કરશે અને માનવીઓને અપૂર્વ થવાનું સામર્થ્ય આપશે.

અહં : તેનાં વિસ્તૃત અને વિકૃત સ્વરૂપ

અહંકાર (Ego)	અભિમાન, ગર્વ (Vanity)
અહંભાવ (Egoism)	મિથ્યાભિમાન (Conceit)
અહમન્યતા (Egotism)	ઘમંડ, છાક (Arrogance)
અવલેપ (Presumption)	દર્પ (Hauteure)
આત્મશ્લાઘા (Self-praise)	મદ (Inebriation)

દરેક મનુષ્યને એ વાતનું તો સહજ અને સ્વાભાવિક ભાન હોય જ છે કે 'હું છું—મારી એક સ્વતંત્ર સત્તા છે.' તેના નિર્વિકાર અને વિશુદ્ધ રૂપમાં આ ભાનને '**અહં**' કહે છે.

તે જ વધારે વિસ્તૃત ને વિકૃત થઇને **અહંકાર** અથવા **અહંભાવ** બની જાય છે. સાહિત્યમાં અંતઃકરણની તે અભિમાનપૂર્ણ વૃત્તિને 'અહંકાર' એવું નામ અપાયું છે, જે દ્વારા મનુષ્ય પોતાનાં કાર્યોની ચર્ચા કરવા અને સાંભળવા પ્રેરાય છે. સાધારણતઃ અહંકારમાં મનુષ્ય બીજાના કરતાં પોતાનું કંઇક વધારે મહત્ત્વ છે તેવું માનતો હોય છે. તે એમ વિચારતો હોય છે કે જેટલી સારી વસ્તુઓ કે વાતો છે તે બધી સૌ પહેલાં મારે માટે જ હોવી જોઇએ, તે પછી બીજા ભલે તેનો ઉપભોગ કરે. અર્થાત્ તેમાં સ્વાર્થનો ભાવ આવી જાય છે. સંભવતઃ આ ભાવના મનુષ્યમાં આત્મરક્ષાવાળી પ્રાકૃતિક પ્રેરણામાંથી ઉત્પન્ન થાય છે.

આ જ ભાવના કંઈક વધારે વધી તથા વિકૃત થઈ **અહમન્યતા** તરીકે ઓળખાય છે. તેમાં મનુષ્ય એમ માનતો હોય છે કે હું જે કાંઈ છું તે હું જ છું, અને જે કાંઈ છે તે બધું મારે માટે જ હોવું જોઇએ. અર્થાત્ બીજાના હિતનો વિચાર તેનામાંથી અદૃશ્ય થઈ જાય છે. પોતાની સામે તેને બીજા માણસો લગભગ તુચ્છ અને નગણ્ય લાગે છે.

આ જ પ્રકારની મનોવૃત્તિથી પ્રેરાઇને જ્યારે તે પોતામાં જ તેવા ગુણ કે વિશેષતાઓ(જે ખરી રીતે તેનામાં નથી હોતી તે)નો આરોપ કરવા લાગે છે ત્યારે તેનું તેમ કરવું તે **અવલેપ** કહેવાય છે. જો સાધારણ યોગ્યતા અથવા શક્તિવાળો મનુષ્ય એમ કહ્યા કરે કે મારી યોગ્યતા કે શક્તિ ખૂબ જ વધારે છે તો તે પણ અવલેપ જ કહેવાશે. આવી સ્થિતિમાં નાનો મનુષ્ય પણ પોતાને મોટાની બરોબરીનો માનવા કે સમજવા માંડે છે.

જ્યારે આ જ દૃષ્ટિથી તે સમય ને સ્થળનો વિચાર કર્યા વિના બધે પોતાને મોઢે પોતાની બડાઈ હાંકવા લાગે છે, ત્યારે તેને **આત્મશ્લાઘા** કહે છે. હું આ કરી શકું છું, તે કરી શકું છું, અથવા મેં આ કર્યું છે, તે કર્યું છે તેમ લોકોને કહેતા ફરવું તે એનું મુખ્ય લક્ષણ છે. આ બધાં મનુષ્યના અહંભાવનાં વિકૃત અને બીજાને ખટકનારાં રૂપો છે.

આ જ અહંકારનું એક બીજું રૂપ છે **અભિમાન** અથવા **ગર્વ**. પરંતુ તે હમેશાં ખરાબ કે અનુચિત જ નથી હોતું. કોઈ કોઈ વાર તો તે સારું અને ઉચિત પણ હોય છે. વૈયક્તિક ક્ષેત્રમાં પોતાના સારા ને ઉચિત રૂપમાં તે જ સ્વાભિમાન કહેવાય છે અને આત્મસંમાનના ભાવનું સૂચક બને છે. તેમાં મનુષ્ય પોતાને બીજાની દૃષ્ટિએ પતિત દેખાવા નથી દેતો, બલકે ગૌરવશાળી રૂપે તે પોતાને રજૂ કરે છે. આનો જ એક બીજો વિસ્તૃત તથા સર્વાંગી પક્ષ પણ છે, જેમાં મનુષ્યને પોતાની જાતિ, દેશ, સંસ્કૃતિ, સદ્‌ગુણો આદિની મર્યાદા વિષેનું તેવું જ ભાન રહે છે જેવું તેને પોતાની જાત વિષે હોય છે. આ સીમા સુધી અભિમાન પ્રશંસનીય જ નહિ, આવશ્યક પણ હોય છે.

પરંતુ ઔચિત્યની આ સીમા વટતાં જ તે **ઘમંડ** બને છે, જે મનુષ્યની નૈતિક દુર્બલતા તથા માનસિક તુચ્છતાનો સૂચક તથા સમાજમાં નિંદનીય ગણવામાં આવે છે. ઘમંડ ત્યારે કહેવાય છે જ્યારે મનુષ્ય પોતાની બુદ્ધિ, વિદ્યા, શક્તિ આદિનું મહત્ત્વ બીજા કરતાં ઘણું વધારે સમજીને બીજાઓની દયા ખાવાની કે તેમને તિરસ્કારવાની દૃષ્ટિએ જુએ છે. અભિમાનનું નિકૃષ્ટ રૂપ તે ઘમંડ કહેવાય છે ને લોકોમાં નિંદનીય ગણાય છે.

અવલેપ જ્યારે વધુ ઉગ્ર થઇને આચરણ તથા વ્યવહારમાં પ્રકટ થવા લાગે છે ત્યારે તે **મિથ્યાભિમાન** કહેવાય છે. અભિમાનના ખરાબ સ્વરૂપ ઘમંડમાં યે કશોક તો આધાર હોય છે, પરંતુ મિથ્યાભિમાનનું 'મિથ્યા' વિશેષણ જ સૂચવી દે છે કે તેને કોઈ વાસ્તવિક આધાર જ હોતો નથી. અભિમાન અને મિથ્યાભિમાનમાં એક અંતર છે. અભિમાની અથવા ઘમંડી વ્યક્તિ ખાસ કરીને લોકોમાં ચાલતી નિંદાસ્તુતિની એટલી બધી પરવા નથી કરતી; પરંતુ મિથ્યાભિમાની હમેશાં બીજા પાસે પોતાની પ્રશંસા કરાવવા ઇચ્છા રાખતો હોય છે.

ગર્વ પણ લગભગ અભિમાનને મળતો જ છે, તોપણ લોક-વ્યવહારમાંના આ શબ્દના વપરાશ પરથી કહી શકાય કે અભિમાનમાં જો અરધી માત્રા સારા અને અરધી માત્રા ખરાબ તત્ત્વની હોય તો ગર્વમાં ત્રણ ચતુર્થાંશ માત્રા સારા અને એક ચતુર્થાંશ માત્રા ખરાબ તત્ત્વની હોય છે. આપણે એમ કહીએ છીએ કે 'હું ગર્વપૂર્વક સમાજમાં માથું ઊંચું રાખી ઊભો રહી શકું છું' પણ આપણે એમ નથી કહેતા કે 'હું અભિમાનપૂર્વક સમાજમાં માથું ઊંચું રાખી ઊભો રહી શકું છું.' અર્થાત્ ગર્વનો પ્રયોગ અધિકતર સારા ક્ષેત્રમાં થતો દેખાય છે. કદાચ આટલા જ માટે સાહિત્યમાંનો એક સંચારી ભાવ અભિમાન નહિ પણ ગર્વ કહેવાય છે; ને તેનું લક્ષણ બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે તેમાં મનુષ્ય પોતાના કોઇ ગુણ કે વિશેષતાને કારણે પોતાને બીજાથી આગળ વધેલો–ઉચ્ચ સમજે છે અને પોતાના આચાર તથા વ્યવહારમાં પોતાની શ્રેષ્ઠતા પ્રકટ કરે છે.

છાક પણ નિકૃષ્ટ પ્રકારના અભિમાનનું એક ઉગ્ર રૂપ છે. વાસ્તવિક ગુણ અથવા વિશેષતાની ઉપરવટનું નિકૃષ્ટ અભિમાન તે છાક કહેવાય છે; અને આ દૃષ્ટિએ તે મિથ્યાભિમાનથી બિલકુલ અલગ છે. છાક અને અવલેપમાં એક અંતર છે. છાકવાળો મનુષ્ય પોતાને બીજાથી મોટો માને છે, અને અવલેપક મનુષ્ય પોતાની જાતને મોટાઓની બરોબરીએ પહોંચાડવા માગતો હોય છે. છાકમાં ઉદ્દંડતા પણ હોય છે અને અવલેપ પણ; અને યોગ્યતા, વૈભવ, શક્તિ વગેરેનું પ્રદર્શન પણ.

દર્પ એ કહેવાય જેમાં મનુષ્યના સ્વાભિમાન ઉપર અનુચિત આઘાત લાગવાથી તેની યોગ્યતા, વિદ્યા, શક્તિ, આદિનું ભાન પ્રમાણ-માત્રા વટાવી જઈ ઊછળી પડે છે. તોપણ તેમાં સત્ત્વપૂર્ણ તેજસ્વિતાની માત્રા હોય છે. તેથી જ દર્પનો પ્રયોગ ખાસ કરી એવા અવસરે વિશેષ થાય છે જ્યારે કોઈ દૃઢતાપૂર્વક કોઈને ફિટકાર આપતું હોય.

મદ વસ્તુતઃ ઘમંડનું ઉગ્રતર રૂપ છે. તેમાં મનુષ્ય સારા-ખરાબનું જ્ઞાન ગુમાવી બેસે છે; અર્થાત્ તેમાં મન અને મનની ભાવનાઓ નશાના જેવી દશામાં હોય છે અને ભાવાવેશને કારણે મનુષ્યનું નૈતિક તથા માનસિક સંતુલન નષ્ટ થઈ જાય છે.

('આજકલ'માં આવેલા શ્રી રામચન્દ્ર વર્માના હિંદી લેખ ઉપરથી)



પ્રતીક્ષા : ચિત્રકાર - શાન્તિલાલ શાહ (સ્વીડનના એક મિશનરીએ ખરીદેલું ચિત્ર)



વેણુનાદ: ચિત્રકાર · શાન્તિલાલ શાહ

મદ્રાસ રાજ્યની સરકારે પોતાના રાજ્ય-ચિત્રાલય માટે ખરીદેલું ચિત્ર

કલાકાર શાંતિલાલ શાહ

ઉદ્યમ અને ઉપાસનાની સિદ્ધિનું ઉદાહરણ

લેખક **રવિશંકર રાવળ**



અમદાવાદનું આજનું ચી. ન. વિદ્યાવિહાર હાલના આંબાવાડિયાના વિશાળ ચોગાનને બદલે જ્યારે ખાનપુરના લત્તામાં નાના સ્વરૂપે 'ચીમનલાલ નગીનદાસ જૈન છાત્રાલય'ના નામે ઓળખાતું હતું તે કાળમાં તેનાં સંસ્થાપક સ્વ. માણેકબહેન તથા શ્રી ઈન્દુમતીબહેન શેઠે મારી પાસે એક સારા ચિત્રશિક્ષકની માગણી કરી. એ વખતે મેં એ સમયના મારા વિદ્યાર્થીઓમાંથી શ્રેષ્ઠ લાગતા ભાઈ કૃષ્ણલાલ ભટ્ટને ત્યાં મૂક્યા. પણ તેમણે જ્યારે વડોદરા શ્રી પ્રમોદકુમાર ચૅટર્જી પાસે આગળ અભ્યાસ કરવા જવાનું ઠરાવ્યું ત્યારે ભાઇ જગન મહેતાએ તેનું કામ સંભાળ્યું હતું. એને પણ ફોટોગ્રાફીના અભ્યાસ માટે પરદેશ જવાનું થયું ત્યારે ભાઇ રસિકલાલ પરીખને મેં ત્યાં ભળાવ્યા અને આજે તો તેમના હાથ નીચે વિદ્યાવિહારમાં એક સારું કલાકેન્દ્ર ફૂલીફાલી રહ્યું છે. એ રીતે મારી પરંપરા ને શિક્ષણપ્રણાલીનો વિસ્તાર થઇ રહ્યો છે. અને તેમના હાથ નીચે નવી પેઢીના અનેક કુમારો તાલીમ લઇ રહ્યા છે.


ઈ. ૧૯૩૯માં હરિપુરા મહાસભાની પૂર્વતૈયારી માટે પૂ. ગાંધીજીએ જ્યારે મને તથા શ્રી કનુ દેસાઇને આદેશ આપ્યો ત્યારે અમદાવાદથી કેટલાક ઉત્સાહી કલાર્થીઓને લઇને મેં ત્યાં પડાવ નાખ્યો હતો. એ મંડળીમાં રસિકભાઇએ જે ત્રણચાર ઉત્સાહી કુમારોને મોકલી આપ્યા તેમાં ભાઈ શાંતિ શાહ હતા. હરિપુરાની અમારી છાવણીમાં મારી ચિત્રશાળાના સર્વ અગ્રગણ્ય ચિત્ર-વિદ્યાર્થીઓ પણ હતા. ત્યાં મોટાનાનાના ભેદ સિવાય એક કુટુંબની માફક દોઢ મહિનો સૌએ દેશસેવાની મસ્તી માણી અને કેટલાયમાં નવી કલાભાવના અને સંસ્કારો જગાડયા. એ પ્રસંગે ભાઇ શાંતિએ જે નિષ્ઠા અને ઐકયભાવ દર્શાવ્યાં તેની મારા પર ઘણી સુંદર છાપ રહી છે. તેણે ચિત્રકામ કરવા સાથે સંઘની સેવામાં કોઈ કામ માટે આનાકાની કરી નહોતી. તેઓ તો કહે છે કે 'પોણા બે મહિના લગી હરિપુરાનું સર્જન-વિસર્જન થવામાં જે અનુભવ અને જીવનદર્શન થયું તે એક મહામૂલો અવસર જ હતો. કદાચ મારી જિંદગીનું સુકાન જ ફેરવી નાખે એવો એ પ્રસંગ હતો.' ત્યાં ભેગા થએલા કલાર્થીઓના આત્મીય પરિચયથી તેને વિશ્વાસ બેઠો કે 'આપણે પણ બધું છોડી ચિત્રકલામાં ઝુકાવીએ તો કંઈ ખોટું નથી.'


હરિપુરાથી આવ્યા પછી ભણવામાં મન બેઠું નહિ. છઠ્ઠી અંગ્રેજી તો પાસ નહિ થવાય એમ લાગ્યું; પણ આચાર્ય શ્રી ઝીણાભાઇ (સ્નેહરશ્મિ) વિદ્યાર્થીના ગુણોના સાચા પરીક્ષક હતા. તેમણે તેને રસિકભાઈના હાથ નીચે ચિત્રમાં વધુ વખત કામ કરવાની તક આપી. પણ પછી મૅટ્રિકથી આગળ તો નહિ જ જવાય એમ લાગ્યું ત્યારે ઝીણાભાઇએ બીજા બેત્રણ સારા કલાર્થીઓ સાથે તેને પણ ગુજરાત કલાસંઘ ચિત્ર શાળામાં મારી પાસે મોકલી આપ્યા.

ભાઇ શાંતિ અભિજાત માતપિતાનું સંતાન છે. તેમનો જન્મ તા. ૫-૧૦-૧૯૨૨એ મોસાળ અમદાવાદમાં થયો હતો. પિતા શ્રી મંગળદાસ શિક્ષક છે. તેમને જુઓ તો તેમનામાં બ્રાહ્મણનો વિનય તથા સાદાઈ, નિઃસ્પૃહતા અને સ્વચ્છ ભાષાનો પરિચય મળે. ઉત્તર ગુજરાતનાં ઝુલાસણ ને બહિયલ વગેરે, જેવાં ગામડાંમાં તેમની નોકરીનો સમય વીત્યો છે. તેઓ સ્વભાવે ધર્મભીરુ, વત્સલ અને શાંત પ્રકૃતિના છે. શાંતિનાં માતાએ પણ પોતાના જીવનને ઘટતી કરકસરે અને ઉદ્યમશીતલતાથી ઘરને ઊંચું રાખ્યું છે. ચાર પુત્રો અને ચાર પુત્રીઓનાં આ વડીલ દંપતીના સહચરિત્રથી સંતાનોમાં નિર્વ્યસનીપણું, સુસંપ અને ઉદ્યમશીલતાના ગુણોનો વાસ થયો છે, અને તેથી જ તેઓ ઉન્નતિશીલ થઇ શકયાં છે.

ભાઈ શાંતિ નાનપણમાં ગામડાના કુંભારોના ચાકડાનું કામ રસથી નિહાળતા ને એ પ્રજાપતિની આંગળીઓની સર્જકતાથી મુગ્ધ થએલા એમના મનમાં નવાનવા પ્રયોગો કરી જોવાની હોંશ થતી. વળી ૧૯૩૦–૩૨ના સમયમાં અસહકારની ચળવળ જોસમાં હતી તેથી નાનપણથી તેમનામાં રાષ્ટ્રપ્રેમનાં બીજ-

↓નીચે: 'છીપલાં શોધનારા' (ચિત્રકાર શાંતિલાલ શાહ) દક્ષિણ હિંદમાં તુતીકોરીન પાસે ત્રિચંદુરના દરિયાકિનારે કરેલા આ ચિત્રમાં ત્યાંની ગરીબ માછીમાર સ્ત્રીઓના નવરાશના સમયના એક ગૃહઉદ્યોગનું આલેખન છે, જેમાં દરિયાકિનારેથી છીપો એકઠી કરી, તેને સાફ કરીને ભઠ્ઠીમાં બાળીને તેમાંથી ચૂનો બનાવવામાં આવે છે.







મલબારના નિસર્ગસમૃદ્ધ પ્રદેશના 'બૅકવૉટર્સ'ની નહેરો હિંદમાં જાણીતી છે, જે મારફતે ઘણો માલવ્યવહાર ચાલે છે. એવી એક 'પ્રવૃત્તિમય નહેર'નું શાંતિલાલ શાહનું આલેખન. (નીચે) સીલોનમાં ભરાએલા પોતાનાં ચિત્રોના પ્રદર્શન વખતે ભાઈ શાંતિલાલ શાહ ત્યાંની આર્ટ કાઉન્સિલના પ્રમુખ સર રિચાર્ડ સાથે કલાચર્ચા કરી રહ્યા છે.

કુર પણ પડ્યા હતા. નિર્વ્યસની સાદગીવાળાં સંસ્કારી માતપિતાની ભાળસંભાળ નીચે તેમનું ચારિત્ર્ય અને શરીર સ્વસ્થ બન્યાં હતાં. આવક જૂજ હોવાથી પિતાએ શાંતિ અને તેના નાના ભાઇ જયન્તીને શેઠ ચીમનલાલ છાત્રાલયમાં મૂક્યા. ત્યાંના સાદાઈના નિયમોથી ભવિષ્યમાં જેલજીવનની કઠિનાઇ તેમને જણાઈ નહોતી.

૧૯૩૮થી ૧૯૪૨ સુધી ગુજરાત કલાસંઘ ચિત્ર શાળામાં તેમણે એકનિષ્ઠાથી ચિત્રવિદ્યાના સર્વ પ્રકારોમાં ઇષ્ટ પ્રગતિ સાધી લીધી હતી. એ વખતમાં તેમનાં એકબે ચિત્રો મ્હૈસૂરના પ્રદર્શનમાં ત્યાંના રાજ્યચિત્રાલય માટે ખરીદાયાં તે પરથી ચિત્રકળાથી અર્થલાભ પણ થાય છે એવો વિશ્વાસ હિતસ્વીઓને હૈયે બેઠો ને શાંતિની શ્રદ્ધા પણ દૃઢ થઈ.

૧૯૪૨માં અસહકારની ચળવળમાં ગુજરાત કલાસંઘના ત્રણચાર વિદ્યાર્થીઓ ઝડપાયા, એટલે મારે ચિત્રશાળા થોડો વખત બંધ જાહેર કરવી પડી. ભાઈ શાંતિ એક સરઘસ સાથે જોડાએલા અને તેના ભાઇ જયંતી સહજ સાથે ગએલા, પણ પોલીસના રાઉન્ડ અપમાં બંને સપડાઇ ગયા અને ચાર મહિનાની જેલ મળી. તે એક અકસ્માત હતો, છતાં બંનેએ જેલજીવનનો ઠીક અનુભવ લીધો. જેલમાં રાષ્ટ્રના પ્રમુખ કાર્યકરો શ્રી રવિશંકર મહારાજ, દાદાસાહેબ માવળંકર, મ્યુ. અધિકારીઓ વગેરેનો તેમને નિકટનો પરિચય મળ્યો. ચોરી, ધાડ, લૂંટના કેદીઓ વિષે પણ તેમને જ્ઞાન મળ્યું. એ વખતની જેલમાં બહુ કડક નિયમો નહોતા. કશું ફરજિયાત કામ પણ નહોતું અને નાસી જવાના પ્રયોગ સિવાય બધું કરવાની છૂટ હતી, અને એટલે સૌ પોતપોતાના શૉખના વિષયો જેવા કે કાંતવાના, વાંચવાના, રમતોના, જ્યોતિષના, યોગસાધનાના, કસરતના અને નાટકના પ્રયોગોમાં રત રહેતા. એટલે શાંતિએ પણ પોતાની પીંછી ચાલુ કરી અને સ્કેચ બુકમાં નિરાંતે હાથ ચડેલાં માનવ પાત્રોની મૂળ મુદ્રાઓ અને તસ્વીરનો અભ્યાસ આદર્યો. આ ઐચ્છિક છાવણીનો લાભ લઈ તેમણે ચાર માસમાં જેલ અધિકારીઓ, ધાડપાડુઓ, દેશનેતાઓ વગેરેનાં કુલ ૪૮ તસ્વીર-ચિત્રો કર્યાં. એ બધાં હૂબહૂ હોવાથી બધાને ગમ્યાં અને ઘણાને ભેટ પણ આપ્યાં; તો પણ શાંતિને તેમાંથી રૂા. ૪૦૦) જેટલી કમાણી થઇ. જેલજીવનનો આવો લાભ કોઇને જ મળ્યો હશે. જેલનું દુઃખ પોતાને જરા યે જણાયું નહિ તેમાં તે વિદ્યાવિહારની તાલીમને મુખ્ય કારણ માને છે.

જેલમાંથી બહાર આવ્યા પછી જ્યારે લાગ્યું કે પોતે ચિત્રકામથી કમાણી કરી શકે છે, ત્યારે વિદ્યાવિહારમાં રહેવું યોગ્ય લાગ્યું નહિ. વળી પોતે જ્યેષ્ઠ પુત્ર હોઈ પિતાને સહાય કરવાની ફરજ પણ સમજાઇ. વિદ્યાવિહારના સંચાલકોએ તેમાં સંમતિ આપી તે સાથે જ તેમને શ્રી રસિકલાલ પરીખના મદદનીશ તરીકે કામ સોંપ્યું. પણ હજુ વિકાસ કરવાની ઇચ્છા હોવાથી સંપૂર્ણ નોકરીનું રોકાણ એમણે સ્વીકાર્યું નહિ.

શહેરમાં ઘર ભાડે રાખ્યું ને સાથે મારી ચિત્રશાળામાં અભ્યાસ ચાલુ રાખ્યો. એ જ અરસામાં 'ગુજરાત સમાચાર'માં મારી ભલામણથી થોડા સમયની નોકરી મળી, તેમજ છૂટક કામ કરવા માંડ્યું. વખત બચાવવા સવારમાં સાઇકલ પર ભાતાંનો ડબો લઈ નીકળે, ચિત્રશાળાનું કામ પૂરું કરી નાસ્તો કરી વિદ્યાવિહારમાં જાય અને સાંજે ઘેર જઇને જમે. થોડો વખત શ્રી અંબાલાલ સારાભાઈને ત્યાં યે નોકરી લીધી હતી. એમ અમદાવાદની ત્રણ દિશાઓ તે રોજ સાધતા.

એ તપશ્ચર્યા પછી પોતે સ્વતંત્ર ધંધો કરી શકશે એવો આત્મવિશ્વાસ ઉત્પન્ન થયો, એટલે કળાસંઘના બીજા તેજસ્વી વિદ્યાર્થી ભીખુભાઇ આચાર્ય સાથે મળી 'રૂપરંગી' નામથી એક ચિત્રગૃહ સ્થાપ્યું.

પૂરી શોભાસજાવટથી શરૂ કરેલ 'રૂપરંગી' ચાર છ મહિના ચલાવ્યા પછી વ્યાપારી કુનેહના અભાવે આટોપી લેવાનો વખત આવ્યો ને સ્ટૂડિયો શ્રી ભીખુભાઇને સોંપી ભાઇ શાંતિ જુદા થયા અને 'સાધના કલાકેન્દ્ર' નામનો પોતાનો સ્વતંત્ર સ્ટૂડિયો શરૂ કર્યો.

તે જ અરસામાં તેમનું લગ્ન થયું. ધંધો પણ ઠીક જામ્યો. એ ઉપરાંત જ્ઞાતિના કેટલાક યુવકો સાથે જ્ઞાતિનું મુખપત્ર 'બત્રીસીબંધુ' ચલાવ્યું તેમાં લેખનશક્તિનો વિકાસ કર્યો અને જ્ઞાતિના ઉત્સવદિને પોતાનાં ચિત્રોનું પહેલું પ્રદર્શન ભર્યું. એ અરસામાં મારી ચિત્રશાળાના







નાનાવિધ જાતિઓ તથા પ્રકારોનાં માનવપાત્રોની લાક્ષણિકતા ઉતારવામાં કલાકાર શાન્તિલાલ શાહનો હાથ સારો જામેલો છે, અને 'તસ્વીર ચિત્રો' એ એમનો પ્રિય વિષય છે. આ ઉપર એમની એવી કૃતિઓમાંથી ત્રિવિધ પ્રકાર ચૂંટીને આપ્યા છે. ડાબી બાજુથી (૧) કુર્ગની કન્યા : બર્મા શેલના દક્ષિણ વિભાગના ચીફ એન્જિનીઅરે ખરીદેલું ચિત્ર; (૨) દાર્જિલિંગની ભૂટિયા નારી; (૩) મલબારની મોપલા નારી (સ્વીડિશ પાદરી શ્રી નિલસને ખરીદેલું ચિત્ર. તેમના સૌજન્યથી)

બીજા એક વિદ્યાર્થી ભાઇ,ગોસ્વામીએ કલકત્તા જઇને વધુ વિકાસ કરેલો તે જોઈ શાંતિને પણ ઉચ્ચ અભ્યાસ કરવાને ઉગ્ર ઇચ્છા થઈ. એટલે કૌટુમ્બિક ભાર નાના ભાઈ, જેને ફોટોગ્રાફિક કામ કરવા માટે 'અટીરા'-માં નોકરી મળી ગઇ હતી તેને ભળાવી માતપિતાને સમજાવી રજા મેળવી.તેમના ભાવિ કાર્યની રેખા ન સમજવા છતાં સુજ્ઞ પિતાએ તેમની બુદ્ધિ અને સુપાત્રતા ઉપર વિશ્વાસ રાખી સંમતિ આપી.

એ વખતે તેમને ભાવિની કશી નિશ્ચિતતા જણાતી નહોતી. માત્ર ભાવના અને સંકલ્પના બળથી પ્રેરિત થઈ સાહસ કરવા નિર્ધાર કર્યો હતો. કોઈ મદદની કે સ્કૉલરશિપની પણ આશા નહોતી. એકબે નજીવી રકમો મળી તે લઈ તેણે શ્રી રસિકલાલની સલાહ પ્રમાણે મદ્રાસ આર્ટ સ્કૂલમાં જઈ આચાર્ય શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીનું શિષ્યપદ પ્રાપ્ત કર્યું.

શ્રી રાયચૌધરી મારા વર્ષોજૂના મિત્ર હતા. તે મદ્રાસના પ્રિન્સિપાલ થયા તે સાથે જ મેં રસિકલાલને તેમના વર્ગમાં મોકલી આપેલા ને તેમણે તેમના પર સારી પ્રીતિ રાખી મહેનત લીધેલી. એ નાતો પછીના વિદ્યાર્થીઓને પણ સહાયભૂત થયો અને આ વખતે ભાઈ શાંતિ તથા દશરથ પટેલ એ બે ગુજરાતી વિદ્યાર્થીઓ તેમની દીક્ષા પામ્યા.બંને થોડો વખત મદ્રાસમાં સાથે રહેતા. ભાઇ શાંતિને ખર્ચ માટે બહુ તંગ રહેવું પડતું, પણ પ્રદર્શનોમાં ચિત્રો વેચાતાં તેનો સહારો ઠીક મળતો.

મદ્રાસમાં ડિપ્લોમા મેળવવાનો કોર્સ છ વર્ષનો હતો તે ચાર જ વર્ષમાં પૂરો કરીને શાંતિએ પ્રથમ વર્ગનો ડિપ્લોમા મેળવ્યો. એ દરમ્યાન તેમના શિક્ષકો ઉપર તેમની સાદાઇ ઉદ્યમ અને નિષ્ઠાની ઘણી ઊંડી છાપ પડી.વળી એ ચાર વર્ષમાં મળેલી નાનીમોટી રજાઓમાં દક્ષિણ ભારતના બધા પ્રદેશો તેમણે જોઈ લીધા ને તે તે સ્થળોનાં સુંદર દશ્ય ચિત્રો કર્યાં. આથી પશ્ચિમની શૈલીથી દશ્યો કરવામાં તેમની કાબેલિયત વધી અને ભારતમાં યોજાતાં પ્રદર્શનોમાં, મ્હેસૂર, કાલીકટ, હૈદરાબાદ અને મદ્રાસ વગેરે સ્થળોએ ઇનામો મેળવ્યાં તેમજ વેચાણ પણ કર્યું.

સામુદાયિક પ્રદર્શનો ઉપરાંત તેમણે વ્યક્તિગત પ્રદર્શનો પણ ઘણાં કર્યાં છે. તેમાંનાં મુખ્ય દક્ષિણમાં કોડાઇકેનાલમાં, સિલોનમાં કોલંબો ખાતે ને છેવટે દાર્જિલિંગ કલકત્તામાં યોજ્યાં હતાં. કોડાઇકેનાલના પ્રદર્શનમાંથી ત્રાવણકોરના યુવરાજે તથા યુવરાજ્ઞીએ તેમજ પુદુકોટા-ના મહારાજે અને અન્ય પરદેશીઓએ તેમનાં ખૂબ ચિત્રો ખરીદ્યાં હતાં. આમ લગભગ દરેક પ્રદર્શનમાં તેમનાં ચિત્રોએ ઉચ્ચ વર્ગના તેમજ જનતાનાં માણસોનું આકર્ષણ કર્યું હતું. કોલંબોમાં તેમનાં ચિત્રોની પત્રકારોએ અતિ પ્રશંસાથી નોંધ લીધી છે. હિંદી હાઈકમિશ્નરે તેમનાં બે ચિત્રો ખરીદેલાં, અને જાપાન તથા ઈન્ડોનેશિયાના રાજ-દૂતોએ પણ એકેક ચિત્ર લીધું હતું.

આ રીતે તેમણે ધારેલા ક્ષેત્રમાં તેમને દેશવ્યાપી લોકપ્રિયતા મળી છે અને તેની ટોચ રૂપ હમણાં ભારત સરકારના શિક્ષણ વિભાગમાંથી ઉચ્ચ અભ્યાસ માટે સહાય કરવા જાહેર થએલી મોટી સ્કૉલરશિપો પૈકીની એક તેમને પણ મળી છે, જેની રૂએ બે વર્ષ સુધી તેમને માસિક રૂ. ૨૫૦) મળ્યા કરશે અને તેથી તે નિશ્ચિત મને આગળ વધી શકશે.

શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી ચિત્ર તેમજ શિલ્પ બંને કળાઓના સિદ્ધ સ્વામી હોવાથી ભાઈ શાંતિએ શિલ્પમાં પણ ચિત્ર જેટલી જ સાધના કરી ઘણી સફળતા મેળવી છે.હવે તો એ બંનેમાં ભારતના અગ્રગામી કલાકારોમાં ગણના કરી શકાય એવી પ્રતિષ્ઠા તેમણે મેળવી છે.

મદ્રાસ, સિલોન, કલકત્તા વગેરે સ્થળોએ તેમનાં પ્રદર્શનોમાં સમાજની મોભાદાર વ્યક્તિઓએ સારા પ્રમાણમાં હાજરી આપી તેમની પ્રશંસા અને કદર કરી છે.

સિલોનની આર્ટ કાઉન્સિલના પ્રમુખ સર રિચાર્ડે તેમનું પ્રદર્શન ખુલ્લું મૂકતાં કહ્યું હતું, 'કળાની મારી વ્યાખ્યા એટલી જ છે કે તે આંખોને ગમી જાય. અને આ પ્રદર્શનમાં ચિત્રો અચૂકપણે મારાં નેત્રોને તૃપ્ત કરે છે.' બીજા વિવેચકે લખેલું 'ગુજરાતમાં લોકોના જીવનમાં અને

(અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૪૫૩ ને છેડે)

ગોરી અને પીળી ચામડી નીચે વહેતા

રક્તદાન

'ધચ્ચ...!' આન્દ્રેની બૅયૉનેટ તેના પર ઝળુંબી રહેલા વિયેટ-મિન્હ સૈનિકના દેહમાં ઘૂસી ગઈ.

'આઆઆ...'વિયેટમિન્હ સૈનિકે ચિત્કાર નાખ્યો ને તે ધરતી પર ઢળી પડ્યો. તેનો વેદનાભર્યો ચહેરો આન્દ્રેના મનમાં જડાઈ ગયો.

આન્દ્રેએ ઝનૂનથી તેની છાતી પર પગ મૂક્યો અને રાઇફલ ખેંચી કાઢી. સૈનિકના દેહમાં ઘૂસી ગએલી બૅયૉનેટ પરથી રુધિર ટપકી રહ્યું.

હા, બૅયૉનેટ કાળી હતી. કાળી એટલા માટે હતી કે આ ઈ. સ. ૧૯૫૪નો મે મહિનો હતો અને આ હિંદી ચીનની ધરતી હતી. ધરતી તો વિશ્વમાં બધે હોય છે એવી જ હતી; ફ્રાંસની ધરતીથી એ જરા પણ જુદી નહોતી. ફ્રાંસમાં ઘઉંનાં ખેતરો અને ફળફળાદિના બગીચા હતા, તો અહીં પણ ડાંગરનાં લીલાંછમ ખેતરો અને રબરના બગીચા હતા. ફ્રાંસની ધરતીના પેટાળમાં કોલસા અને લોખંડની ખાણો હતી, તો અહીં પણ કોલસા, કલઇ અને જસતની ખાણો હતી. ફ્રાંસમાં સૂર્યનાં કિરણો પડતાં હતાં તેમ અહીં પણ પડતાં હતાં, ફ્રાંસ કરતાં વધુ ગરમ. ફ્રાંસમાં સારો વરસાદ પડતો હતો તેમ અહીં પણ વરસાદ પડતો હતો, ફ્રાંસ કરતાં વધારે પ્રમાણમાં અને વધારે જોરમાં.

છતાં અહીં ફ્રાંસ અને વિયેટમિન્હ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું. લીલાંછમ ખેતરોને આગ ચંપાતી હતી. ધસમસતી નદીઓ પરના પુરાણા પુલોને તોડી પડાતા હતાં. વર્ષોથી ઊભેલાં મકાનો અને લાકડાંની મિલોને ધરાશાયી કરાતાં હતાં. અનેક માનવીઓનો સંહાર થઇ રહ્યો હતો. એ સંહાર કરવા માટે બૅયૉનેટ હતી, ને એટલા માટે જ રાઇફલ પર ખોસેલી એ બૅયૉનેટ કાળા રંગે રંગવામાં આવી હતી, જેથી એ સૂર્ય-નાં કિરણોનું પ્રતિબિંબ પાડી પોતાની હાજરીની ચાડી ખાય નહિ.

જમીન પર ઢળી પડેલા વિયેટમિન્હ સૈનિક તરફ બીજી નજર નાખ્યા વિના આન્દ્રે આગળ વધ્યો. આગે કદમ...આગે કદમ...

આગે...આગે...વધુ આગે કદમ...ખટ, ખટ્...રાઇફલના અવાજો; થટ, થટ્, થટ, થટ, થટ્...મશીનગનમાંથી છૂટતી ગોળાઓ; ધુમ્મ્, ધુમ્મ્...ગર્જના કરતી તોપો; વિમાનોનો ઘરઘરાટ; આકાશ-માંથી ધરતી પર ફેંકાતા બૉમ્બો; ધુમાડા ને દારૂગોળાની તીવ્ર વાસ; સનનન્, સનનન્ વીંઝાતી ગોળીઓ; સૈનિકોના દેહમાં ખોસાતી બૅયૉનેટો; આઆઆ...સૈનિકોના ચિત્કારો; ઝાંખરાં; વહી રહેલાં રુધિરથી લપસણી બનેલી જમીન, પગ નીચે કચરાતાં શબો...આગે... આગે...હજી વધુ આગે કદમ......

લશ્કરી રૅશનનો છેલ્લો કોળિયો મોંમાં મૂકી આન્દ્રેએ કૉફીનો પ્યાલો હાથમાં લીધો અને સિગારેટ સળગાવી. ઘડીભર સિગારેટ-માંથી નીકળતા ધુમાડા સામે તાકી રહ્યો; પછી બોલ્યો : 'આખો દિવસ ધુમાડો અને રાત્રે પણ આ ધુમાડો...પણ એ બે વચ્ચે કેટલો ફેર છે?'

'દારૂગોળો અને સિગારેટ! એક માનવીને મારવાનું સાધન અને બીજું માનવીનો થાક ઉતારવાનું સાધન, એવું જ કંઈક તું કહેવા માગે છે ને?' પૉલે કહ્યું. 'પણ બંનેને બનાવ્યાં છે માનવીએ જ. અને એ એક રીતે બંને વચ્ચે કશો તફાવત નથી.'

'મને તો એ જ વિચાર આવે છે કે માનવીએ દારૂગોળો શા માટે બનાવ્યો હશે.' પીએર બોલ્યો.

'દારૂગોળો બનાવ્યો શા માટે? કેટલો વિચિત્ર સવાલ! આન્દ્રેએ કહ્યું. 'અલબત્ત, આ મૉંગોલો જેવા નાલાયક લોકોને મારવા માટે.'

'આન્દ્રે, એક સવાલ પૂછું?' પીએરે કહ્યું, 'વિયેટમિન્હ સૈનિકો તરફ તને આટલો બધો ધિક્કાર કેમ છે?'

આન્દ્રેએ પીએરના પ્રશ્નનો કશો જવાબ આપ્યો નહિ. થોડી વાર સુધી તે સિગરેટના દમ લેતો મૂગોમૂગો બેસી રહ્યો. પછી તેણે કહ્યું, 'કહીશ, કોઈક વાર.'

ત્યાં તંબૂના બારણા આગળનો પડદો ખસેડીને લશ્કરી પોલીસમૅન દાખલ થયો : 'આન્દ્રે મેનાર્ડ કોણ છે?' તેણે પૂછ્યું.

'હું આન્દ્રે.' આન્દ્રેએ કહ્યું, 'કેમ શું છે?'

'ડૉકટર મૉસેલ બોલાવે છે, જલદી.' કહી લશ્કરી પોલીસ ચાલ્યો ગયો. આન્દ્રે કૉફીના છેલ્લા બે ઘૂંટડા ગળે ઉતારી સિગારેટનો છેલ્લો દમ લઈ ઊભો થયો.

તંબૂના બારણા આગળનો પડદો ખસેડી આન્દ્રેએ બહાર ડોકિયું કર્યું તો જોયું કે વરસાદ જોરમાં પડતો હતો. ડૉકટરને આવે સમયે, અને તે ય તાકીદનું શું કામ પડયું હશે તેનો વિચાર કરતો તે રેઈન-કોટ ચડાવી તંબૂની બહાર નીકળ્યો.

ડૉ. મૉસેલની કામચલાઉ ઑસ્પિટલ છાવણીને છેક બીજે છેડે આવેલા, અને જેનો ઉપલો માળ તૂટી ગયો હતો એવા ઇંટનો બનાવેલા મકાનમાં હતી. ધોધમાર વરસતા વરસાદમાં, જમીન પર જામેલા કાદવમાં જેમતેમ ચાલતો આન્દ્રે ઑસ્પિટલ પર પહોંચ્યો.

ઑસ્પિટલમાં દાખલ થતાં આન્દ્રેએ જોયું કે છ-સાત ભાંગેલા-તૂટેલા ખાટલાઓ પર ઘાયલ થએલા સૈનિકો પડેલા હતા. નવ-દસને તો જમીન પર સુવડાવેલા હતા. એક ખૂણામાં ત્રણ ભાંગેલાં સ્ટૂલ પડેલાં હતાં. આખા ઓરડામાં માત્ર એક જ દીવો હતો અને તે ઓર-ડાના ચોથા ભાગને પણ મુશ્કેલીથી પ્રકાશિત કરી શકતો હતો. દીવા પાસે એક લાંબા ટેબલ પર એક માનવી પડેલો હતો અને બાજુના ઊંચા સ્ટૂલ પર વાઢકાપનાં કેટલાંક ઓજારો પડેલાં હતાં. ઓરડામાં તીવ્ર એન્ટીસેપ્ટિકની વાસ પ્રસરી રહી હતી. પણ ભાંગી ગએલી બારી-ઓમાંથી આવતા ઠંડા પવનના ઝપાટાને કારણે તેની તીવ્રતા ઓછી થઈ જતી હતી. આખો ઓરડો સખત ભેજ મારી રહ્યો હતો.

દીવા પાસે ડૉ. મૉસેલ ઊભા હતા. તેમણે લશ્કરી પોષાક પહેરેલો હતો. છતાં તેમનું સૌમ્ય અને અનોખું વ્યકિતત્વ છાનું રહેતું નહોતું. તેમની ઊંચાઇ બહુ નહોતી. દાઢીના વાળ સફેદ થવા આવ્યા હતા. પણ તેમની આંખમાં, થાક સ્પષ્ટ વરતાઈ આવતો હોવા છતાં તેજ હતું.

'બોં-ઝુર, આન્દ્રે!' આન્દ્રે ઓરડામાં પ્રવેશતાં ડૉ. મૉસેલે કહ્યું. 'તું હજી જીવતો છે?'


'હા, હું હજી જીવતો છું; અને તેનો યશ કે અપયશ, તમારો છે એ તમે જાણો છો.' આન્દ્રેએ રેઈનકોટ ઉતારતાં કહ્યું : 'પણ અત્યારે આટલી ઉતાવળે, માત્ર હું જીવતો છું કે નહિ એ જાણવા માટે મને અહીં બોલાવ્યો છે?'

'ના, આન્દ્રે,' ડૉ. મૉસેલે કહ્યું, 'ખાસ જરૂર પડી છે એટલે જ બોલાવ્યો છે.' અને પછી તેમણે કહ્યું, 'તારું ખમીસ ખોલ.'

આન્દ્રેએ ખમીસનાં બટન ખોલ્યાં. ડૉ. મૉસેલે આન્દ્રે પાસે આવી તેણે ગળામાં પહેરેલી ચેઇનમાં બાંધેલા પતરાના ટુકડાને ધારી ધારીને જોયો અને સંતોષનો શ્વાસ લેતાં બબડ્યા, 'બી. આર. એચ. નેગેટિવ! ઈશ્વરનો આભાર કે તું હજી જીવતો છે!'

આન્દ્રેને હજી ડૉ. મૉસેલના વર્તનમાં સમજ પડતી નહોતી. તેણે કહ્યું, 'પણ વાત શું છે એ તો કહો.'

લાલ રંગની કથા . . . . લેખક
કેતન મુનશી



ડૉ. મૉસેલ આન્દ્રેનો હાથ ઝાલી તેને દીવા પાસેના ટેબલ તરફ દોરી ગયા. ત્યાં તેમણે ટેબલ પર પડેલા ઘાયલ સૈનિક તરફ આંગળી ચીંધી ને કહ્યું, 'વાત આ છે.'

આન્દ્રેએ ઘાયલ સૈનિક તરફ જોયું અને પળભર એ સ્તબ્ધ થઈ ગયો! તેણે હજી ચાર-પાંચ કલાક પહેલાં જ જેના દેહમાં પોતે બૅયોનેટ ખોસી હતી તે જ આ વિયેટમિન્હ સૈનિક હતો. તેનું ભાન ચાલ્યું ગયું હતું અને તે મૃત્યુ પામેલા માનવીની જેમ નિશ્ચેતન પડયો હતો. તેની છાતી અને કમરનો ભાગ વસ્ત્રવિહીન હતો અને તેના જમણા પડખા પર બાંધેલા પાટા પર, ઘામાંથી હજી નીકળતા થોડાક લોહીને કારણે લાલ ધાબું પડયું હતું.

'આ સૈનિક ગંભીરરીતે ઘવાયો છે.' ડૉ. મૉસેલે કહ્યું, 'તેને જિવાડવા લોહી આપવાની જરૂર છે.'

'પણ તેને જિવાડવાની જ શી જરૂર છે?' આન્દ્રેએ કહ્યું. 'આ તો વિયેટમિન્હ સૈનિક છે.'

'ડૉકટરનું કામ માનવીને જિવાડવાનું છે.' ડૉ. મૉસેલ બોલ્યા, 'પછી એ મિત્ર હોય કે શત્રુ હોય. વળી, ધારકે તું ઘવાયો હોત અને વિયેટમિન્હ છાવણીમાં પડયો હોત તો...?'

આન્દ્રેએ ડૉ. મૉસેલની વાત પર ઘડીભર વિચાર કરી જોયો અને તેને ડૉકટરની વાત બરાબર લાગી: ધારો કે પોતે ઘવાયો હોત અને વિયેટમિન્હ સૈન્યની છાવણીમાં નિઃસહાય પડયો હોત......

'પણ એમાં મને બોલાવવાનું શું કારણ?' આન્દ્રેએ કહ્યું. તેણે વિચાર્યું, આ સૈનિકને પોતે ઘાયલ કર્યો હતો એની ડૉ. મૉસેલને ખબર હોય એ તો અશકય જ હતું અને કદાચ ખબર હોય તો પણ ડૉકટર માત્ર એટલા જ માટે પોતાને બોલાવે એ પણ સંભવિત નહોતું. યુદ્ધનો હેતુ જ શત્રુને મારવાનો હતો. તો પછી......

'કારણ કે તેને તારા લોહીની જરૂર છે.' ડૉ. મૉસેલે કહ્યું.

'મારા લોહીની?!' આન્દ્રેએ નવાઈ પામતાં કહ્યું.

'હા, આન્દ્રે,' ડૉ. મૉસેલ બોલ્યા, 'અત્યારે વિગતમાં જવાનો સમય નથી તેમજ પ્રસંગ પણ નથી. તને કદાચ ખબર હશે કે માનવીના લોહીનું તેમાં રહેલાં જુદાંજુદાં તત્ત્વો અનુસાર સામાન્ય રીતે ચાર પ્રકારમાં વર્ગીકરણ કરવામાં આવે છે. એક 'એ-બી' ગ્રૂપ, બીજો 'એ' ગ્રૂપ, ત્રીજો 'બી' ગ્રૂપ અને ચોથો 'ઓ' ગ્રૂપ. આ ચાર ગ્રૂપમાંથી જેનું લોહી 'એ-બી' ગ્રૂપનું હોય તેવા માણસને લોહી આપવાની જરૂર પડે તો તેને બધા ગ્રૂપનું લોહી આપી શકાય છે. પણ 'એ' ગ્રૂપનું લોહી ધરાવતા માણસને 'એ' અને 'ઓ' ગ્રૂપનું જ આપી શકાય, 'બી' ગ્રૂપનું લોહી ધરાવતા માણસને 'બી' અને 'ઓ' ગ્રૂપનું જ અને 'ઓ' ગ્રૂપનું લોહી ધરાવતા માણસને માત્ર 'ઓ' ગ્રૂપનું જ લોહી આપી શકાય છે.'

આટલું કહી ડૉ. મૉસેલ અટકયા. પછી તેમણે નીચા વળી વિયેટમિન્હ સૈનિકના ગળામાં બાંધેલી ચેઇનમાંનું પતરું ઉપાડયું અને તે વાંચતાં કહ્યું: 'આ સૈનિકનું લોહી 'બી' ગ્રૂપનું છે, પણ એ એક રીતે વિશિષ્ટ છે, કારણ કે તેનું 'આર. એચ. ફૅકટર' નેગેટિવ છે.'

આન્દ્રેને ડૉ. મૉસેલની વાતમાં થોડોક રસ પડયો. તેણે કહ્યું, 'તો પછી એને કઈ જાતનું લોહી આપી શકાય?'

'આર. એચ ફૅકટર નેગેટિવ હોય તે માણસનું જ; અને તે પણ માત્ર જે માણસનું લોહી 'બી' ગ્રૂપનું હોય તેનું જ લોહી આપી શકાય. આવું લોહી મળવું મુશ્કેલ હોય છે. બહુબહુ તો સેંકડે એક માણસનું લોહી આ પ્રકારનું હોય છે અને મેં હમણાં આપણી ફાઇલો જોઈ તે પ્રમાણે આપણી ટુકડીમાં માત્ર બે જ જણનું લોહી આ પ્રકારનું છે. તારું અને ક્રિશ્ચિયન ગારોનનું. ગારોન ઘવાઇને પેલા ખાટલા પર પડયો છે. હવે તને સમજાશે કે મેં શા માટે તને ઉતાવળે બોલાવ્યો છે!'

આન્દ્રે થોડી વાર વિચારમાં ડૂબી ગયો: આ સૈનિકને પોતાનું લોહી આપવું?! આ વિયેટમિન્હ પક્ષના—શત્રુપક્ષના સૈનિકને, જેને પોતે જ ઘાયલ કર્યો હતો ને જેના પક્ષનાં માણસોએ......આન્દ્રેની આંખમાં ઝનૂન ઊભરાઈ આવ્યું. તેણે કહ્યું, 'હું આને લોહી આપવા તૈયાર નથી!'

ડૉ. મૉસેલ નવાઈ પામતાં આન્દ્રે સામે તાકી રહ્યા. તેમણે કહ્યું, 'પણ લોહી આપવામાં તને કશો જ વાંધો નહિ આવે. તું જુવાન છે, નીરોગી છે અને તારા શરીરમાંથી માત્ર ૫૦૦ સી.સી. જ લોહી લેવાનું છે. આટલું લોહી તો કોઈ પણ માણસ વિના હરકતે આપી શકે. એમાં શરીરને કે શક્તિને આંચ આવવાનો જરા સરખો પણ સંભવ નથી. હું ખાતરી આપું છું!'

'મને હરકત આવવાનો સવાલ નથી. હું આને લોહી આપવા જ માંગતો નથી.' આન્દ્રેએ કહ્યું.

'શા માટે?' ડૉ. મૉસેલે પૂછયું. આન્દ્રેએ કશો જવાબ વાળ્યો નહિ. થોડી વાર બેમાંથી કોઇ કશું બોલ્યું નહિ. પછી ધીરે રહીને ડૉ. મૉસેલ બોલ્યા, 'આન્દ્રે, પાંચ-છ મહિના પહેલાં તું ઘવાઇને આવા ટેબલ પર પડયો હતો તે યાદ છે?'

'હા,' આન્દ્રે બોલ્યો, 'અને એ પણ યાદ છે કે તમે તે વેળા મારી સારવાર કરી ન હોત તો આજે હું જીવતો ન હોત.'

'તો હું તને વિનંતી કરું છું, તારી પાસે ભીખ માગું છું કે બીજા કશા ખાતર નહિ તો માત્ર મારે ખાતર તું આને લોહી આપ!' ડૉ. મૉસેલે કહ્યું, 'મને એટલું પણ તું નહિ આપે?'

આન્દ્રે, વળી પાછો વિચારમાં પડી ગયો. તેને પોતે ઘવાયો હતો તે દિવસો યાદ આવ્યા. તે વેળા ડૉ. મૉસેલે વિષમ સંજોગોમાં તાકીદનું ઑપરેશન કર્યું હતું જે ઑપરેશન ન કરાયું હોત તો પોતે જીવત નહિ એ નક્કી હતું. અને ઑપરેશન પછી પણ ડૉ. મૉસેલે પોતાને કેટલી બધી સહાય કરી હતી! ત્યારથી ડૉ. મૉસેલ ને પોતે મિત્રો બની રહ્યા હતા.

શું તેમને ખાતર પોતે થોડી વાર માટે ભૂતકાળ ભૂલી જઇ ન શકે?

'સારું, હું તૈયાર છું.' આન્દ્રે બોલ્યો.

ડૉ. મૅાસેલનો સૌમ્ય ચહેરો હર્ષથી દીપી ઊઠયો.

તેમણે સ્ટૂલ પર પડેલા ગરમ પાણીના વાસણમાંથી બે સિરિંજ ઉપાડી અને તેમાં સોય ખોસી. પછી તેમણે આન્દ્રેનો ડાબો હાથ સાફ કરી એક નસ પસંદ કરી, અને ત્યાં રૂ વડે સ્પિરિટ લગાડયું.

'નસમાં સોય મૂકવાની છે એટલે જરાક દુખશે' એવી આન્દ્રેને ચેતવણી આપી તેમણે સોય આન્દ્રેના હાથની નસમાં ખોસી. આન્દ્રેએ દુખવા છતાં બૂમ પાડી નહિ. તે તો સિરિંજ સામે તાકી રહ્યો હતો. સિરિંજમાં ઝડપથી લોહી ભરાયે જતું હતું. આન્દ્રેને લોહી ગુમાવવા બદલ અફસોસ નહોતો. પણ લોહી સાથે પોતાનું બીજું કશું ગુમાઈ જતું હતું તેનો અફસોસ હતો. સિરિંજનો કાચ વધુ ને વધુ લાલ થતો જતો હતો.

એક સિરિંજ ભરાઈ ગઈ એટલે મૅાસેલે આન્દ્રેની નસમાંથી સોય બહાર કાઢયા વગર જ સોયથી તે જુદી પાડી બાજુએ મૂકી અને સોય સાથે બીજી સિરિંજ ભેરવી. થોડી જ વારમાં બીજી સિરિંજ પણ ભરાઈ ગઈ. ડૉ. મૅાસેલે આન્દ્રેની નસમાંથી સોય કાઢી કહ્યું, 'બસ, આટલી વારમાં પતી પણ ગયું. આમાં તે શી મોટી વાત હતી! દુનિયામાં હજારો માણસો લોહી આપે છે. કેટલાક તો અઠવાડિયામાં બેત્રણ વાર આપે છે; અને કેટલાકને રોગને કારણે લોહી કઢાવી નાખવું પડે છે. તને થાક જેવું લાગે છે?' 'ના', આન્દ્રેએ કહ્યું.

ડૉ. મૅાસેલે સિરિંજોમાંથી લોહી ખાલી કરીને બ્લડ-બૉટલમાં ભર્યું અને ટેબલ પાસેના ઊંચા સ્ટૂલની કોર પર બૉટલને સંભાળીને મૂકી. પછી તેમણે બૉટલ સાથે રબરની નળી જોડી અને નળીને બીજે છેડે આન્દ્રેની નસમાંથી લોહી કાઢવા માટે જે સોય વાપરી હતી તે સોય ભેરવી. પછી તેમણે તે સોયને નિશ્ચેતન પડેલા વિયેટમિન્હ સૈનિકની નસમાં ખોસી અને બ્લડ-બૉટલની ક્લિપ ખોલી. નળીમાંથી લોહી વહેવાનું શરૂ થયું. ડૉ. મૅાસેલે કપાળ પરથી પરસેવો લૂછ્યો.

'આટલું લોહી આના શરીરમાં જતાં કેટલો સમય લાગશે?'

'એકાદ કલાક,' ડૉ. મૅાસેલે જવાબ આપ્યો: 'લોહી માણસના શરીરમાંથી કાઢી ઝડપથી શકાય છે, પણ ઝડપથી દાખલ કરી શકાતું નથી. બહુ બહુ તો મિનિટનાં ૪૦ ટીપાંને હિસાબે લોહી આપી શકાય.'

'હં.' કહી આન્દ્રેએ ખિસ્સામાંથી સિગરેટ કાઢી તેમાંની એક ડૉ. મૅાસેલને આપી ને એક પોતે ચેતાવી. પછી તેણે પૂછ્યું, 'લોહી આપવાથી આ માણસ જીવશે ખરો?'

'ચોક્કસ કહી શકાય નહિ. પણ જો લોહી ન આપ્યું હોત તો તો તેનું મૃત્યુ નક્કી જ હતું.' ડૉ. મૅાસેલે કહ્યું. 'અને લોહી આપવાથી યે જીવશે જ એવી કશી ખાતરી નથી. બહુ બહુ તો પચાસ ટકા જેટલી શકયતા છે એમ માની શકાય.'

'નહિ જીવે તો સારું'. આન્દ્રે બોલ્યો.

'કેમ? તને તારું લોહી આપ્યા પછી આ માણસ જીવે તો સારું એવી લાગણી નથી થતી?'

'ના.' આન્દ્રેએ કહ્યું.

ડૉ. મૅાસેલ થોડીવાર શાંત રહ્યા. પછી તેમણે કહ્યું, 'આન્દ્રે, મને ઘણી વાર લાગ્યું છે કે તને વિયેટમિન્હ સૈનિકો પ્રત્યે વધારેપડતો ધિક્કાર છે. એમ તો દરેક સૈનિકને શત્રુ પ્રત્યે ધિક્કાર હોય છે, પણ એની પણ કોઇ હદ હોય છે. આખરે તો શત્રુપક્ષનો સૈનિક પણ માણસ જ છે ને? તારા આ વધારેપડતા ધિક્કારનું કારણ શું છે?'

આન્દ્રેએ ઘણી વાર સુધી આ સવાલનો કશો જવાબ વાળ્યો નહિ. આ ને આ જ સવાલ આજે તેને બીજી વાર પુછાયો હતો. કેટલીક મિનિટો વહી ગઈ. આન્દ્રે મૂગોમૂગો સિગારેટના સળગતા છેડા સામે જોઈ રહ્યો. આખરે તે બોલ્યો: 'ડૉ. મૅાસેલ, એ એક બહુ કરુણ કથની છે. મેં આજ સુધી કોઇને એ કહી નથી, પણ અત્યારે...'

આન્દ્રેએ સિગારેટ જમીન પર ફેંકી તેને બૂટ વડે ચગદી નાખી ને એક સ્ટૂલ પર બેસતાં બોલ્યો: 'તમને કદાચ ખબર નહિ હોય, ડૉ. મૅાસેલ, પણ હું હિંદી ચીનમાં જ જન્મ્યો છું. મારી ચાર પેઢી પહેલાં, ૧૮૦૧માં મારા વડવા અહીં આવ્યા અને સોંગ-કી, લાલ નદીને કિનારે રબરનાં ઝાડોની પદ્ધતિસર વાવણી શરૂ કરી. મારા પિતા, મોંસ્યુ મેનાર્દ વીસ એકર જમીનમાં આવેલાં રબરનાં ઝાડોના માલિક હતા.

હું લાલ નદીને કિનારે જ જન્મ્યો અને મારું નાનપણ પણ ત્યાં જ ગયું. દસ વર્ષનો થયો ત્યારે મને ફ્રાંસની એક બોર્ડિંગ સ્કૂલમાં મોકલ્યો. આમ છતાં દર વર્ષે એકાદ બે મહિના માટે હું અહીં આવી જતો. અહીં આવવાનાં ઘણાં આકર્ષણો હતાં. અહીં મારા પિતા હતા, મા હતી અને મારાથી ચાર વર્ષ નાની બેન હતી. કૅરોલીન એનું નામ. વળી અહીં મારા વડવાઓના પસીના વડે ઊભો થએલો રબરનાં ઝાડોનો બગીચો હતો. કોઇ સુંદર સવારે, ઝરમર વરસતા વરસાદમાં, જ્યારે પ્રકૃતિ આળસ મરડીને જાગતી હોય અને નાહીને નિષ્કલંક બની રહી હોય ત્યારે રબરનાં ઝાડો પર ચપળતાથી ચડી જતા મજૂરોને જોવા મને બહુ ગમતા. બગીચાની ઉત્પન્નને 'પ્રોસેસ' કરવા માટે એક નાનું કારખાનું પણ હતું.

૧૯૫૨ની સાલની વાત છે. ત્યારે હું પચીસેક વર્ષનો થયો હતો અને મેં પારીસ વિદ્યાપીઠની રાજકારણના વિષયની પદવી મેળવી લીધી હતી. એક દિવસ મારે કારખાનાના એક કામને લીધે બગીચો છોડી હૅનૅાય જવાનું થયું. ચાર દિવસ રહીને પાછો આવ્યો ત્યારે જોયું કે સર્વનાશ થઈ ગયો હતો! વર્ષોથી ઊભેલા અમારા મકાનનો નાશ થઈ ગયો હતો. કારખાનાના ભંગારમાંથી હજી ધુમાડો નીકળતો હતો, રબરનાં ઝાડો પર કુહાડા મરાયા હતા અને એ છેદોમાંથી નીકળતો રસ નીચેની ધૂળમાં જામી રહ્યો હતો. મારા પિતા, મા અને બેનનાં શબો, લગભગ ઓળખી ન શકાય તેવી દશામાં, અરધાં છૂંદાએલાં, અરધાં બળેલાં એક બાજુ પડયાં હતાં.

આ હતી હિંદીચીનવાસીઓની ગેરિલા પ્રવૃત્તિ. મને તે ઘડીએ વિશ્વના બધા હિંદીચીનવાસીઓનું ખૂન કરવાની ઇચ્છા થઈ આવી. બીજે દિવસે હું ફ્રેન્ચ સૈન્યમાં દાખલ થઈ ગયો.' આન્દ્રેએ વાત પૂરી કરી.

ડૉ. મૅાસેલ થોડી ક્ષણો શાંત રહ્યા. પછી તેમણે ધીમે સાદે કહ્યું, 'હવે મને સમજાય છે......'

આન્દ્રે કશું બોલ્યો નહિ. તે ઊભો થઇ ઑસ્પિટલનાં બારણાં આગળ જઈને ઊભો રહ્યો. વરસાદ જોરમાં વરસી રહ્યો હતો અને વારંવાર ઝબૂકતી વીજળીઓ આકાશપટને છેદી ધરતીમાં સમાઈ જતી હતી. તેમના ચમકારા પછી તુરત જ ઘોર ગર્જના સંભળાતી હતી. વરસતા વરસાદમાં, પૂર જોશથી ફૂંકાતા પવનને લીધે આજુબાજુનાં ઝાડો હિલોળા લઈ રહ્યાં હતાં અને બિહામણો અવાજ કરી રહ્યાં હતાં. જાણે તાંડવ ચાલી રહ્યું હોય એવો ભાસ થતો હતો.

'ધિક્કાર!' આન્દ્રે પોતાના મન સાથે બબડયો: 'આજે વિશ્વમાં સર્વત્ર ધિક્કાર પ્રસરી રહ્યો હતો. ફ્રેન્ચો જર્મનોને ધિક્કારતા હતા, અમેરિકનો રશિયનોને ધિક્કારતા હતા, રશિયનો અમેરિકનોને ધિક્કારતા હતા, આફ્રિકનો બ્રિટિશોને ધિક્કારતા હતા, હિંદીઓ ફિરંગીઓને ધિક્કારતા હતા, કોરિયાવાસીઓ અને ચીનાઓ તો પોતાના જ ભાઈઓને ધિક્કારતા હતા, હિંદીચીનવાસીઓ ફ્રેન્ચોને ધિક્કારતા હતા, ફ્રેન્ચો હિંદીચીનવાસીઓને ધિક્કારતા હતા...શા માટે?' (અનુ. પૃ. ૪૫૩મે)

ગોવર્ધનરામ ત્રિપાઠી

ગોવર્ધનરામના સાક્ષરજીવનની પૂર્વભૂમિકા આપણે ગયા અંકમાં જોઈ.હવે પછીનો તબક્કો એ તેમનાં સમસ્ત:ચિંતન, જ્ઞાન ને પ્રતિભાના પરિપાકરૂપ તેમનો સુવર્ણકાળ કહી શકાય;સાથોસાથ ગુજરાતી સાહિત્યના પણ સૌભાગ્યરૂપ સુવર્ણયુગનો ઉદય થયો ગણાય.

ઈ.૧૮૭૭માં શરૂ કરેલું રસગંભીર કથાકાવ્ય 'સ્નેહમુદ્રા' ૧૮૮૪માં તેમણે પાછું હાથમાં લીધું, જે ઈ. ૧૮૮૯માં પ્રકટ થએલું. પરંતુ આ વર્ષની સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ તો 'સરસ્વતીચન્દ્ર'ના પહેલા ભાગનો આરંભ. ઇ. ૧૮૮૫માં તે પૂરો લખાઈ રહ્યો ને ૧૮૮૭માં પ્રકટ થયો.

આ અરસાની શરૂઆતમાં તેમની ત્રીજી પુત્રી જયંતીનો જન્મ થયો. મુંબાઈની ઉત્તમ પુસ્તકો મેળવવાના મથક સમી 'એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની' પણ આ અરસામાં જ ગોવર્ધનરામે પોતાના નાના ભાઈ નરહરિરામ પાસે (બેત્રણ ભાગીદારો રાખી) કઢાવી.

ઈ.૧૮૯૦ના અરસામાં તેઓ મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં ગુજરાતીના પરીક્ષક અને ઈ. ૧૮૯૧માં મુંબાઇ યુનિવર્સિટીના 'ઑનરરી ફેલો' નિમાયા. ઇ. ૧૮૯૨માં 'સરસ્વતીચન્દ્ર'નો બીજો ભાગ પ્રકટ થયો. ઈ. ૧૮૯૩થી તેમને આંખનું દર્દ ઊપડયું અને સંધિવા લાગુ પડયો, જે થોડા સમય પછી મટી શક્યો. આ અરસામાં તેમણે પોતાની બે મોટી પુત્રીઓનાં લગ્ન કર્યાં અને પુત્ર રમણીકરામને જનોઈ દીધું. દરમ્યાન બે દુ:ખી પ્રસંગો બની ગયા: 'સરસ્વતીચન્દ્ર'નાં મૂળ પ્રોત્સાહક બહેન સમર્થલક્ષ્મીનું ઇ. ૧૮૯૪માં, અને તે બાદ ત્રીજે વર્ષે પિતા માધવરાવનું ૧૮૯૭માં અવસાન થયું.

આ જ ગાળામાં તેઓ નારાયણ હેમચન્દ્ર ને લાઠીના કવિ કલાપીના ગાઢ સંપર્કમાં આવ્યા. વકીલાતના છેલ્લા કાળમાં તેમણે ભારતીય ધર્મશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાનનું ઊંડું અધ્યયન કર્યું. ઇ. ૧૮૯૮માં 'સરસ્વતીચન્દ્ર'નો ત્રીજો ભાગ બહાર પાડયો, અને ચાળીસ વર્ષની ઉમરે એમણે પોતાના સંકલ્પ પ્રમાણે વકીલાતના અત્યંત ધીકતા ધંધામાંથી નિવૃત્તિ લઈ વાનપ્રસ્થાશ્રમ શરૂ કર્યો અને મુંબાઇથી નડિયાદ આવી રહ્યા. તરત જ કચ્છ સંસ્થાન તરફથી દીવાનગીરીની રૂ. ૧,૫૦૦ના દરમાયાની નોકરીનો પ્રસ્તાવ આવ્યો જેની તેમણે મક્કમતાથી પણ માનપૂર્વક ના પાડી.

ઈ. ૧૮૯૯માં તેમણે પોતાની સૌથી નાની પુત્રી જયંતીનાં લગ્ન કર્યાં. બાદ તરત તેમને લાગુ પડેલી માંદગીમાંથી ઊઠયા ત્યાં જ તેમની પુત્રી લીલાવતીનું ૧૯૦૨ની ૮મી જાન્યુઆરીએ ક્ષયથી અવસાન થયું.

ઈ. ૧૯૦૨માં તેઓ એમ. એ. ના ગુજરાતીના પરીક્ષક નિમાયા અને એ જ વર્ષના અંતમાં તે માટે મુંબાઈ જતાં તેમને બે મિત્રરત્નો—પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર અને સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ—સાંપડ્યા. ઈ. ૧૯૦૪માં નડિયાદમાં પ્લેગ ફાટી નીકળતાં તેમનાં માતુશ્રી શિવકાશીનું અવસાન થયું. ગાઢ બનેલા મિત્ર પ્રો. ગજ્જરની હવે મુંબાઈ આવવા માટેની વારંવાર માગણીઓને કારણે તેમજ એમ.એ.ની પરીક્ષા પણ નજીક આવતાં તેઓ ઈ.૧૯૦૫ના અંતમાં કુટુંબ સાથે મુંબાઈમાં પ્રો. ગજ્જરને બંગલે જઈ રહ્યા અને પ્રો. ગજ્જરને લાંબા કાળથી પીડતી આધિ, વ્યાધિ તથા ઉપાધિઓને નિર્મૂળ કરી તેમનાં કુટુંબીજનો વચ્ચેનો ક્લેશ પણ નાબૂદ કર્યો.

ઈ. ૧૯૦૬ના જૂનમાં આબુ થઈ તેઓ ઉત્તર હિંદને પ્રવાસે નીકળ્યા અને અજમેર, પુષ્કર, જયપુર, ગોકુળ વગેરે સ્થળે ફર્યા; પણ ત્યાં તો પ્રવાસના થાક અને વિવિધ આબોહવાની વિપરીત અસર એટલી બધી થઇ કે તેઓ એક જ માસમાં—જુલાઇમાં નડિયાદ પાછા ફર્યા.



દરમ્યાન ઈ. ૧૯૦૦માં સતત ઉજાગરાઓ કરીને પણ તેમણે સરસ્વતીચન્દ્રનો ચોથો ભાગ પૂરો કરેલો, જે ૧૯૦૧માં પ્રસિદ્ધ થએલો.

'સરસ્વતીચન્દ્ર'માં આર્ય સંસ્કૃતિનો મહિમા મુક્ત કંઠે ગાવામાં આવ્યો છે, છતાં તેનું સ્વરૂપ, તેની ભાવના અને તેનાં પાત્રોમાં રહેલી નવીનતા નૂતન યુગની અસરની સાક્ષી પૂરે છે. એ ગ્રંથને ગુજરાતના નવીન જીવનની જન્મોતરી કહીએ તો ચાલે. ગુજરાતને ઘડતાં વિવિધ સામર્થ્યોની યથાર્થ ચિકિત્સા કરી એમણે પાત્રો રચ્યાં અને એ પાત્રોના ગુણદોષ એ આપણી વર્તમાન ગુર્જર પ્રજાના ગુણદોષ તરીકે સ્પષ્ટ નજરે પડે છે. 'સરસ્વતીચન્દ્ર'માંથી હજી પણ આપણા આદર્શો ખોળાય છે. એના ચારે ભાગની આલોચના કરીએ તો કહી શકાય કે, પ્રથમ ભાગમાં કુશળતાભર્યું નવલકથારૂપ છે,બીજા ભાગમાં હિંદુ ગૃહસંસારનું યથાસ્થિત અને રસભર્યું ચિત્ર છે, ત્રીજા ભાગમાં દેશી રાજ્ય, રાષ્ટ્રીય ઉદય સાથે તેનો સંબંધ, તેમાં રચાતાં અને ભજવાતાં કાવતરાં વગેરેનો ઘણો અને મૂળ કથાભાગ થોડો છે, અને ચોથા ભાગમાં તો અનેક વિષય ઉપરનાં ગ્રંથકર્તાનાં ગંભીર ચિંતનોનો તથા ચર્ચાઓનો સંગ્રહ છે. એ બહાર પડતાંની સાથે જ ગુજરાતે તેમને સર્વમાન્ય અને આદરણીય સાક્ષરશિરોમણિ તરીકે સ્વીકારી લીધા. 'સરસ્વતીચન્દ્ર' તેમનો યશકિરીટ બન્યો.

જીવનનું એકે એવું તત્ત્વ કે અંગ નથી જે 'સરસ્વતીચન્દ્ર'માં ન નિરૂપાયું હોય. આટલું વિશાળ જીવનદર્શન આપતું 'સરસ્વતીચન્દ્ર' એ પોતાના યુગને પૂર્ણત: પ્રતિબિંબિત કરતું ઓગણીસમી સદીનું એકમાત્ર ભારતીય 'ક્લાસિક' (ઉત્તમ કોટિની શિષ્ટ કૃતિ) કહી શકાય. પોતાના જમાનાના બધા જ જીવનપ્રશ્નોને કોઈ એક જ કૃતિમાં આટલી સમર્થ પ્રતિભાથી અન્ય કોઈ ભારતીય સાહિત્યકારે નિરૂપ્યા નથી. મહાત્મા ગાંધીજી 'સરસ્વતીચન્દ્ર'ને જીવનનાં સર્વ તત્ત્વો અને અખિલ જગતનાં રહસ્યો સમાવતું ઘરઘરનું 'મહાભારત' કહેતા. ગુજરાતી ગદ્ય આરંભાયું ઈ. ૧૮૮૫માં નર્મદે નર્મગદ્ય લખવું શરૂ કર્યું ત્યારથી, અને તે પછી માત્ર બેંતાલીસ વર્ષે ઈ. ૧૮૮૭માં ગોવર્ધનરામે ગુજરાતને 'સરસ્વતીચન્દ્ર' આપ્યું. અરધી સદીથી યે ટૂંકા ગાળાથી આરંભાએલા ગુજરાતી ગદ્યસાહિત્યમાં તેની સિદ્ધિના શિરમોર જેવા 'સરસ્વતીચન્દ્ર'નો ઉદય થયો એ ગુજરાતનું એક પરમ સૌભાગ્ય છે. ગોવર્ધનરામનું

અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઉત્તમ કોટિનું હતું. ખુદ અંગ્રેજી વાઙ્મયને યે શોભા આપે એવા અંગ્રેજી લેખો તેમણે લખ્યા છે, અને છૂટકછૂટક પ્રકટ પણ થયા છે. એટલે 'સરસ્વતીચન્દ્ર' પણ તેમણે અંગ્રેજીમાં લખવું જોઇતું હતું એવું ઘણાઓએ સૂચન કર્યું છે. એક બંગાળી સુહૃદે તેમને કહેલું કે 'જે ચીજ આખા જગતને તમારે આપવી જોઈતી હતી તે ચીજ તમે માત્ર એક નાનાસરખા મંડળને આપી છે.' જો તેમણે તેમ કર્યું હોત તો કેવું ઉજ્જ્વલ પરિણામ આવત તેની કલ્પના પણ આવવી મુશ્કેલ છે. પણ તેમણે 'સરસ્વતીચન્દ્ર' ગુજરાતને આપ્યું, ગુજરાતને પોતાનું જ ગણીને. અને આમેય જગત્સાહિત્યમાં આંક મુકાવી જનારી સૌ કૃતિઓ મૂળ તો તેના સર્જકની પોતાની ભૂમિની બોલીમાં જ સર્જાઈ છે ને?

તેમનાં બીજા સર્જનોમાં કાવ્યસર્ગ 'રસસુંદરીઅને તત્ત્વાનંદ સ્વામી' (૧૮૮૭), 'રા. નવલરામની જીવનકથા' (૧૮૯૧), નરહરિરામ અને ગોવર્ધનરામે મળીને પિતૃઅંજલિરૂપ લખેલું 'માધવરામ-સ્મારિકા', સરસ્વતીચન્દ્ર ઉપરથી, પણ જુદી વસ્તુ-સંકલનાવાળું નાટક 'ક્ષેમરાજ અને સાધ્વી', સ્વર્ગસ્થ પુત્રીનાં સંસ્મરણો અને તદનુસારી ચિંતનો આલેખતી 'લીલાવતી-જીવનકલા' (૧૯૦૫) વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત ધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર આદિ અનેક વિષયો પરનાં તેમનાં ભાષણો, ને અંગ્રેજી તથા ગુજરાતી સામાયિકોમાં અવારનવાર પ્રકટ થએલા તેમજ કેટલાક અપ્રકટ તેમના લેખો પણ સાહિત્યની તથા તે તે વિષયની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના ને ઉચ્ચ કોટિના ગણાય છે. ઈ. ૧૯૦૫માં તો તેઓ ગુજરાતભરમાં પોતાનાં પ્રગાઢ ચિંતન, પાંડિત્ય ને વિદ્વત્તાને લીધે સર્વમાન્ય અને આદરણીય સ્થાનના અધિકારી થઈ ચૂક્યા હતા, એટલે એ સાલમાં અમદાવાદમાં પહેલવહેલી 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ભરાઈ તેના પ્રમુખપદે તેઓ જ ચૂંટાયા. એ સ્થાનેથી તેમણે આપેલું વ્યાખ્યાન ગુજરાતી સાહિત્યની ઉત્પત્તિથી તત્કાલ સુધીના તેના સળંગ ઇતિહાસનું દિગ્દર્શન કરાવે છે.

ઉત્તર હિંદુસ્તાનનો પ્રવાસ પૂરો કરી આવ્યા પછી ૧૯૦૪ની ૨૩મી ડિસેમ્બરની ડાયરીમાં તેમણે (અંગ્રેજીમાં) લખ્યું કે 'મારા જીવનનો સૂર્ય આથમવા ઉપર છે, અને રાત્રિ પડતાં પહેલાં મારે મારું કામ સંકેલી લેવું જોઇએ.' છેલ્લેછેલ્લે હરસની વેદના પાછી ઊબળી તથા ગંભીર થઈ. તેની સાથે અશક્તિ એકદમ વધી ગઈ. ઈ. ૧૯૦૫ની ૨૯ ઑગસ્ટની નોંધપોથીમાં તેમણે આવી મતલબની અંગ્રેજીમાં નોંધ કરી: 'ચાર-પાંચ મહિના થયાં કાંઈ કામ થતું નથી. યોગ પણ થતો નથી. છતાં આ સમયમાં યોગની શાન્તિ તથા પ્રસાદ મારામાં આવી રહ્યાં છે. મારી દેશસેવાનો મારો સારામાં સારો કાર્યક્રમ આ પ્રમાણે અધવચ્ચે જ અટકી પડ્યો છે-કદાચ તે હમેશ સુધી આમ ને આમ રહે પણ ખરો!' તા. ૧૨મીએ તેમણે લખ્યું, 'મારા જીવનનો સૂર્ય અસ્ત દશાની સમીપ છે.' થોડા દિવસ પછી તબિયત ઘણી જ લથડી પડી, તેમનાથી ઊઠીબેસી શકાતું પણ નહિ, છતાં તેઓ અજબ શાન્તિથી તથા વિરક્તિથી બધું સહન કરીને કહેતા: 'મારે હવે વાસના રહી નથી, મારું હૃદય શાન્ત સરોવર જેવું છે, એ કોઈ પણ પ્રકારની ઊર્મિથી હવે ક્ષુભિત થતું નથી.'

તા. ૨૫મી ડિસેમ્બરે તેમને નડિયાદથી મુંબાઈ લઈ જઈ પ્રો. ગજ્જરના બંગલામાં રાખવામાં આવ્યા. દાક્તરી વિદ્યામાં નિષ્ણાત અનેકોની દવા લેવાવા છતાં કોઈ પણ જાતનો ચોક્કસ સુધારો જણાયો નહિ, અને ઈ. ૧૯૦૭ની ૧લી જાન્યુઆરીએ ડૉક્ટરોના હાથ હેઠા પડ્યા. શરીર બહુ કષ્ટાતું હતું. એમની શય્યા પાસે આ સમયે વેદાન્તસ્તોત્ર, દક્ષિણામૂર્તિસ્તોત્ર, શ્રીમદ્ભગવદ્ગીતા વગેરેના પાઠ ચાલી રહ્યા હતા. આ સ્થિતિમાં, તા. ૪થી જાન્યુઆરીએ બપોરના અઢી વાગ્યે અનેક કલ્યાણકાર્યોના સાધનરૂપ તેમનો પુણ્ય આત્મા દેહને ત્યજીને ચાલ્યો ગયો.

ગોવર્ધનરામના આપણા પર ન ભૂલી શકાય એવા ઋણનો ઉલ્લેખ કરી સાક્ષર શ્રી કનૈયાલાલ મા. મુનશીએ યોગ્ય જ કહ્યું છે કે 'પાશ્ચાત્ય સંસ્કારનો ધોધ ધસતો આવતો હતો ત્યારે ભારતીય સંસ્કારનાં સનાતન સત્યો પર પગ ઠેરવી, વિવેકબુદ્ધિની જટા વિસ્તારી તેમાં એનો વેગ એમણે ઝીલી લીધો, તેને માટે સપ્રમાણતાના બંધ ને ઓવારા બાંધી દીધા અને એ પ્રવાહને આપણા સામુદાયિક જીવનને 'સુજલ સુફલ' કરવા વાળી દીધો.'

ગોવર્ધનરામ કવિ, નવલકથાકાર, નાટ્યકાર, ઇતિહાસકાર, સંસારશાસ્ત્રી, પર્યેષક, ધર્મચિંતક ને નીતિશાસ્ત્રી છે. ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસ વિષે એમણે ગુજરાતી તથા અંગ્રેજીમાં ઘણું લખ્યું છે. રોમના ઇતિહાસના તેઓ પરમ ભક્ત અને અભ્યાસી હતા. એ ઇતિહાસથી મળતા પ્રકાશને અન્વયે પ્રાચીન ભારતનો ઇતિહાસ ઉકેલવા ને ઘટાવવા તેમણે પ્રયત્ન કર્યો છે. બ્રાહ્મણ સંસ્કૃતિના દોષનાં બીજ અનાર્ય ને મ્લેચ્છ પ્રજાઓના આર્ય પ્રજા સાથે થએલા સંસર્ગમાંથી આવ્યાં હતાં એવો વાદ એમણે કર્યો છે. બ્રાહ્મણ ધર્મમાં એમને ન્યૂનતા લાગી જ નથી—ફક્ત પાત્રોની અયોગ્યતા અને નિકૃષ્ટતાને લીધે જ એમને મલિન થવું પડેલું. પ્રાચીન ભારતવર્ષના જીવનને કઈ કઈ ભાવનાઓએ ઘડ્યું છે, તે તે ભાવનાઓ કેવી કેવી રીતે પલટાઈ ચિરંજીવ રહી છે વગેરે વિષય પરત્વે ગોવર્ધનરામે ઘણો પ્રકાશ નાખ્યો છે. ટિળક, વૈદ્ય, દત્ત, ભાંડારકર આદિ અનેક પ્રાચીન ભારતના અભ્યાસીઓની કક્ષામાં ગોવર્ધનરામનું પ્રોજ્જ્વલ સ્થાન છે.

માત્ર બાવન વર્ષના વય દરમિયાન એમણે મનુષ્યજીવનના વિવિધ પરિવર્તો અનુભવ્યા. એમના દીવાનખાનામાં એમણે 'તોફાની સમુદ્ર'ની અને 'શાન્ત-ગિરિઉપત્યકા'ની એમ બે છબિઓ સામસામી ગોઠવી હતી અને એમાં તેઓ પોતાના પૂર્વાશ્રમની આફતોનું અને પાછળથી વિસ્તરેલી શાન્તિનું સ્વરૂપ નિહાળતા. બાલ્ય અને તરુણાવસ્થામાં અસાધારણ કષ્ટ વેઠી એમણે વિદ્યા સંપાદન કરી હતી,-વધારે યોગ્ય શબ્દમાં બોલીએ તો, જીવનની દૃષ્ટિને સંસ્કારી બનાવી હતી, કારણ કે ગોવર્ધનરામમાં વિદ્યા એ જીવનને અવલોકવાની, આત્મદૃષ્ટિને સંસ્કાર આપનારી એક અદ્ભુત શક્તિ હતી. આ સંસ્કાર પામેલી દૃષ્ટિને લક્ષ્મીની છોળ સમુદ્રના ફીણ જેવી નિ:સત્ત્વ લાગતી, અને તેથી તેઓએ વકીલાતનો ધંધો બંધ કરી, મુંબાઈ છોડી, પોતાના મૂળ સંકલ્પ મુજબ સાહિત્યની સેવા અર્થે નડિયાદમાં નિવૃત્તિનિવાસ કર્યો હતો. એમનું જીવન અસાધારણ ઉચ્ચતા, પવિત્રતા અને લોકોપકારથી ભરેલું હતું, છતાં એમના પરગુણદર્શી આત્માને હમેશાં બીજાના જીવનમાં ઉત્કૃષ્ટ ભાવનાઓનું ચિન્તન કરવામાં આનન્દ આવતો. 'આ તેલંગની છબી ઉપર રજ ચડી હોય છે તે ધીમે રહીને હાથ વતી લહોવી મને બહુ ગમે છે!'-એમ પોતાના જૂના સહવાસીઓ પરની પ્રીતિ એ દર્શાવતા અને મહેતા, રાનડે વગેરેના ગુણાનુવાદ વારંવાર કરતા, એટલું જ નહિ, પોતા કરતાં ઊતરતા જનોની છબિઓ પણ ચોતરફ રાખી એમાં વિવિધ ગુણોનું દર્શન કરવામાં તેઓ આનન્દ માનતા, એવી એમના હૃદયની અસાધારણ ઋજુતા અને નમ્રતા હતી.

એમણે વિચારો-ભાવનાઓ જગાડ્યાં છે, ઝાંખાં હતાં તેનું ઉદ્દીપન કર્યું છે, હતાં ત્યાં સમર્થન અને ઉત્તેજન આપ્યું છે, પ્રાચીન સ્થિતિમાંથી અર્વાચીનમાં જવાનો ધોરી માર્ગ બાંધી આપ્યો છે, પ્રાચીનના માર્ગમાંનાં ખંડિયેરો બન્યાં તેટલાં સાફ કર્યાં છે, છૂપી રહેલી રત્નોની ખાણો બતાવી આપી છે. પશ્ચિમની અસર આપણાથી જીરવી શકાય-આશા, ઉત્સાહ, યૌવન, આગ્રહ અને આત્મશ્રદ્ધા કરમાઈ ન જતાં પ્રફુલ્લ અને સૌરભયુક્ત રહે એવી ઘટના એમણે યોજી આપી છે.

શૈવ સંપ્રદાયની શિલ્પ-સમૃદ્ધિ

કારવણનાં ગુપ્તોત્તરકાળનાં શિલ્પ

લેખક : ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ



લકુલીશ નામના શૈવ સંપ્રદાયનું ગુજરાતમાં મુખ્ય ધામ કારવણ હતું. શિવના અવતાર ગણાતા લકુલીશના એક હાથમાં દંડ અને બીજામાં બીજોરું હોય છે. એમની સર્વમૂર્તિઓ ઊર્ધ્વ લિંગવાળી બનાવેલી હોય છે, અને ઘણુંખરું શિવલિંગના આગળના ભાગે એમની પ્રતિમા કોતરેલી હોય છે. એ સર્વ લક્ષણ આ ચિત્ર નં. ૭૫ દર્શાવે છે.

હવે કારવણનાં શિલ્પો ફરી જોઇએ. ૩૭૫મા અંકમાં ચિત્ર ૧૯ તરીકે કરજૂ રેલી ત્યાંની શિવ-પાર્વતીની પ્રતિમા ગુપ્ત કાળની છે, અને ૩૭૭મા અંકમાં આર્ટપ્લેટ ઉપર રજૂ કરેલી બે બારશાખો ગુપ્તોત્તર કાળની છે તે આપણે જોઇ ગયા. પણ કારવણ તો પ્રાચીન મહાન શૈવ તીર્થ હતું. ત્યાં હજુ બીજાં ઘણાં શિલ્પો છે. વર્ષોવર્ષ ત્યાંથી અનેક નાનામોટા સિક્કા વરસાદના ધોવાણમાં મળી આવે છે. પણ ઈ. ૧૯૦૬-માં સદ્‌ગત શ્રી દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે કારવણ જઈ આવી તે વિષે રિપોર્ટ લખ્યો ત્યાર પછી વર્ષો સુધી કોઇએ તેની પરવા ન કરી. વડોદરાના પુરાતત્વખાતાના વડા ડૉ. હીરાનન્દ શાસ્ત્રીએ ત્યાં જઈ આવી ત્યાંનાં શિલ્પોની બનાવટ સારા પ્રકારની છે એટલું માત્ર નોંધ્યું. પછી સદ્‌ગત રમણલાલ વસંતલાલ દેસાઈ જ્યારે એ પ્રદેશના વહીવટી હોદ્દા ઉપર હતા ત્યારે એમણે ત્યાંથી સિક્કા વગેરે મેળવીને ફરી આપણી આંખ ઉઘાડી, અને એમના એ સંગ્રહ ઉપરથી ડૉ. મંજુલાલ મજમુંદારે કારવણ વિષે એક અગત્યનો લેખ 'મુંબાઇ યુનિવર્સિટી જર્નલ'માં લખ્યો. ત્યાર પછી વડોદરા યુનિવર્સિટીના શ્રી રમણલાલ મહેતાએ ત્યાથી રોમન બનાવટનો કૅમીઓ (Cameo : ગળામાં કંઠીમાં પહેરવાનું પાષાણનું પદક, જેના ઉપર કોતરીને આકૃતિ ઉપસાવેલી હોય) ખોળી કાઢ્યો, જે ઈ. સ.ની શરૂઆત આસપાસનો છે. આ ઉપરાંત તેમને ત્યાંથી વેમ કડફિસિસ(જે પોતે પોતાના સિક્કા ઉપર




ચિત્ર ૭૬ : કારવણમાં ચતુર્ભુજ દેવી સ્કન્દમાતાની નૃત્ય કરતી મૂર્તિ, જેને સમજાવતું વિગતવાર વર્ણન પાછળના પાનામાં આપેલું છે. (પૃ. ૪૩૭ પર ક્રમસુધાર : ૮૫ ને ૮૪ને બદલે ૮૪ ને ૮૨)


'માહેશ્વર' અથવા 'મહેશ્વર'–મહેશ્વરનો ભક્ત કહેવડાવે છે તે)નો સિક્કો મળ્યો. ત્યાંથી મને પણ સાતકર્ણીનો તેમજ બીજા ઘણા સિક્કા મળ્યા છે. આ બધા સિક્કાઓ વર્ષાકાળમાં ગામલોકને જડે છે અને તે છૂટકછૂટક વેચાઇ આપણી પાસે આવે છે. પરંતુ હજુ આ અગત્યના સ્થળે ખોદકામ હાથ ધરાતું નથી એ ગુજરાતની કમનસીબી છે. ખોદકામમાં પણ ફક્ત પ્રાગૈતિહાસિક અવશેષો તરફ વધુ ઝોક આપવાથી, પ્રજામાં પુરાતત્ત્વ તરફ બહુ રસ વધતો નથી અને પ્રજાનો–ધનિકોનો પૂરતો સહકાર મળતો નથી. વળી, ગુજરાતમાં આ સ્થળે કે વડનગર જેવાં સ્થળોએ માત્ર ઊંડા ખાડા ખોદી સ્તર પ્રસ્તરમાં મળતા માટીકામ વગેરે (sequence of pottery & material culture) અવશેષોનો પૂર્વાપર ઐતિહાસિક ક્રમ જ ખોળવામાં આવે છે, પણ તે ઉપરાંત કોઈ મકાનો કે આખી શેરીનો ભાગ ખોદવા તરફ પણ લક્ષ દોડાવવું જોઇએ. આ કામ ખૂબ ખર્ચાળ છે, પણ ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ વગેરે પ્રદેશોમાં કેટલાંક અગત્યનાં સ્થળોએ કરવું જરૂરી છે.

આ કારવણ ઘણું અગત્યનું સ્થળ છે. ભગવાન લકુલીશ, જેઓ શિવના અવતાર ગણાય છે એમણે, એટલે કે શિવે સદેહે અહીં પધારી અહીંથી જ સ્વર્ગારોહણ કરેલું; અને તેથી આ તીર્થ કાયાવરોહણ–કાયરોહણ- કારોહણ અને અંતે 'કારવણ' કહેવાયું. લિંગ, કૂર્મ, અને શિવપુરાણના આધારે આ સ્થળનું નામ 'કાયાવતાર' હતું.

કારવણ માહાત્મ્યના કથન મુજબ ઉલ્કાગ્રામથી ભગવાન લકુલીશ કારવણમાં પધાર્યા હતા અને અહીં બ્રહ્મલિંગમાં લય પામ્યા. આ ઉલ્કાગ્રામ કયું તે વિચારવા જેવું છે. એમ પણ કહેવાય છે કે કુમાર રૂપે મહાદેવે અહીં આવી પોતાને માટે આ પવિત્ર સ્થળમાં સ્થાનની માગણી કરી, પણ જુદાંજુદાં સ્થાન ઉપર જુદાંજુદાં દેવદેવીઓની સ્થાપના હતી, એટલે છેવટે તેમણે બ્રહ્મેશ્વરનું સ્થળ પસંદ કર્યું.

લકુલીશના એક હાથમાં દંડ (લકુટ-લગુડ) હોય છે અને બીજા હાથમાં બીજોરું હોય છે. વળી એમની સર્વ પ્રતિમાઓ ઊર્ધ્વ લિંગ વાળી બતાવેલી હોય છે. ઘણુંખરું શિવલિંગના આગળના ભાગમાં લકુલીશની પ્રતિમા કોતરેલી હોય છે અને તેઓ સાક્ષાત્ શિવ જ છે એમ સૂચવે છે. (જુઓ ઉપલું ચિત્ર) અત્યાર સુધી મળેલી પ્રતિમાઓમાં અગત્યની પ્રતિમા મથુરામાંથી મળે છે, જે ચોથા-પાંચમા સૈકાની





ડાબી બાજુ;ચિત્ર નં.૭૭-માહેશ્વરી. મથાળે : ચિત્ર ૭૮ ત્રણ ખંડિત મૂર્તિ: (૧) મયૂરવાહના દેવી કૌમારી; (૨) વચ્ચે સ્વાહાદેવી (૩) કૃશ શરીરની વ્યાઘ્રવાહના દેવી ચામુંડા અથવા વ્યાઘ્રેશ્વરી.

છે. અજમેર મ્યૂઝિયમમાં લકુલીશની એક ગુપ્તકાલીન સુંદર પ્રતિમા છે તે સિરોહી રાજ્યના કુસમા નામના સ્થળેથી મળી આવી હતી. ક્ષત્રપ અને ગુપ્ત રાજકર્તાઓના સમયમાં આખા યે પશ્ચિમ ભારતમાં અને ઉત્તરમાં ઠેઠ મથુરા સુધી લકુલીશ સમ્પ્રદાયનો સારો પ્રચાર હતો એમ અનુમાન કરી શકાય.

હાલનું કારવણ પ્રાચીન કારવણના ભાગ ઉપર જ વસેલું છે. પ્રાચીન કારવણનો વિસ્તાર કેટલો હતો તે કહેવું મુશ્કેલ છે, પણ હાલના કારવણની પૂર્વે તરફનો પાલડીવાળો ભાગ અને સિંધવાઇ માતાના ટેકરો (ઈશાન ખૂણે), તથા પશ્ચિમ તરફ વૈદ્યનાથના મંદિર તરફના ભાગ સુધી પ્રાચીન કારવણની વસતિ ફેલાએલી હશે. કારવણના પૂર્વ ભાગમાં સુથાર ઓવારા વાળું તળાવ, એની આજુબાજુના ટેકરાઓ, સ્મશાનવાળો ભાગ, પાલડી વગેરે જગ્યાઓમાંથી પ્રાચીન અવશેષો મળે છે.

કારવણમાં કોઇક સ્થળેથી ચટણી વાટવાની એક પ્રાચીન નીસા (પથ્થર) મળેલી છે જે વડોદરા યુનિવર્સિટીના સંગ્રહમાં છે. આવી જ એક નીસા સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઈના સંગ્રહમાં પણ જોવા જેવી છે. આ જાતના પથ્થર અને તેના પરની આકૃતિઓ જોતાં, ભારતમાં પરદેશી શક-ક્ષત્રપ અને ઍકેમેનીઅન (Achemenian) અસર સૂચવે છે.

આ પ્રાચીન ગ્રામમાં આજે પણ મોટાં શિવલિંગો છે. બાજુના આણજ ગામનું, લકુલીશ પ્રતિમા સાથેનું શિવલિંગ હાલ વડોદરા યુનિવર્સિટીના પુરાતત્ત્વખાતાના સંગ્રહમાં છે, જે ઈ. ૬૦૦ આસપાસનું છે. એ સ્થળની નજીકમાં ટીંબરવા પાસે થોડુંક ખોદકામ કરતાં શ્રી રમણલાલ નાગરજી મહેતાએ મૌર્ય અને તેથી પ્રાચીન યુગનું માટીકામ ઇત્યાદિ શોધી કાઢ્યાં છે.

કારવણમાં ગામને ઈશાન ખૂણે એક ટેકરા ઉપર સિંધવાઇ માતાનું મંદિર આવેલું છે. એની બાજુમાં કેટલીક છૂટી ખંડિત મૂર્તિઓ પડી છે. હાલનું મંદિર તો કદાચ બારમા-તેરમા સૈકાનું હોય; પણ આ ટેકરાની આજુબાજુ ફરતાં જૂની દીવાલ દટાએલી દેખાય છે, એટલે આ સ્થળ ઉપર આથી જૂનું, લગભગ સવાસો ફૂટ લાંબું અને પચાસેક ફૂટ પહોળું એવું કોઈ મોટું સ્થાપત્યકામ હશે, એમ આ ટેકરાનો ખયાલ કરતાં લાગે છે. અહીં પડેલાં શિલ્પો યોગિનીઓનાં હોવાથી, અહીં જૂના વખતમાં ચોસઠ યોગિનીનું મંદિર હોય તો નવાઈ પામવા જેવું નથી. આ જ સંપ્રદાયનું લગભગ નવમા-દસમા સૈકાનું ચોસઠ યોગિનીનું એક વિખ્યાત મંદિર જબલપુર પાસે ધૂંવાધાર આગળ, પ્રાચીન ત્રિપુરા નગરીના અવશેષો પાસે છે. સિંધવાઈની પાછળથી રંગાવ નદી વહે છે. મોટે ભાગે તો તે સુકાએલી જ રહે છે; પણ આ રસ્તે વરસાદમાં ઘણા સિક્કા મળી આવે છે.

અહીં પડેલાં શિલ્પોમાંનાં કેટલાંક જોવાં જેવાં છે. ચિત્ર નં. ૭૯ તરીકે રજૂ કરેલી મોટી પ્રતિમા લગભગ બે ફૂટ પહોળી અને આશરે ત્રણ ફૂટ ઊંચી છે. ઉપરનો થોડોક ભાગ ખંડિત થયો છે. તેમાં ચતુર્ભુજ દેવી નૃત્ય કરતી દેખાડી છે. બાજુમાં મોર ઊંચી ડોક કરી દેવી તરફ જુએ છે. આયુધો તો ખંડિત થયાં છે, પણ જમણા ઉપલા હાથમાં શક્તિ અને ડાબા ઉપરના હાથમાં સર્પ (?) હશે એમ આયુધોના બચેલા અવશેષ ઉપરથી લાગે છે. દેવીના ઉપલા હાથે ચડાવેલા મોટા પહોળા ચૂડા નોંધપાત્ર છે. નીચેના હાથે બંગડીઓની હાર છે. વનમાલા બે ઉરૂ ઉપર થઈ નીચે લટકે છે. ગળામાં હાંસડી ઉપરાંત એક બીજો હાર છે, જે બંને સ્તનની મધ્યમાં થઈ નીચે આવતો હતો. દેવીનું શરીર સુદૃઢ, સુવિકસિત અંગોવાળું ઘડયું છે. ભરાવદાર મોટું મુખ, દીર્ઘ નયનો, વિશાલ ભાલ વગેરે આ બધાં શિલ્પોમાં નજરે પડે છે. ઉત્તરીયનો છેડો જમણી તરફ જે રીતે લટકતો બતાવ્યો છે (મયૂરના મૂખની ઉપર) તેમજ બંને પગની મધ્યમાં પાટલીના છેડાને જે ભંગીથી લટકતો બતાવ્યો છે, તે સુંદર છે અને પ્રાચીન શૈલીના અનુકરણમાં છે. દેવીએ પહેરેલી બારીક સાડી કમરે નેત્રસૂત્રથી બાંધી રાખી છે. આવી મજબૂત બાંધાની સ્ત્રી-આકૃતિઓ એ ગુર્જર પ્રતિહારોની પશ્ચિમ અને મધ્ય ભારતની શિલ્પ શૈલીની વિશિષ્ટતા છે, જે સાતમાથી દસમા સૈકા સુધી ખાસ નજરે પડે છે. આ અને આ જાતનાં અહીં પડેલાં બીજાં શિલ્પો લગભગ આઠમા સૈકામાં મૂકી શકાય. આ દેવી તેના મયૂર વાહનને લીધે, કૌમારી અથવા 'સ્કન્દ-માતા પાર્વતી'નું કોઈ સ્વરૂપ (લકુલીશ સમ્પ્રદાયની કોઈ યોગિનીનું સ્વરૂપ) હશે એમ લાગે છે.

બરાબર આ જ શૈલીનું બીજું મનોહર શિલ્પ છે માહેશ્વરીનું (ચિત્ર-૭૭). જમણા પગની બાજુમાં વૃષભવાહન બતાવ્યું છે. ઉપરના જમણા હાથમાં ત્રિશૂલ છે, ડાબા હાથમાં નાગ પકડયો હતો એમ






↑મથાળે: ચિત્ર ૭૯–કારવણમાં સુથાર ઓવારા પરના એક ગોખમાં કૃશ શરીરની ચામુંડા દેવીની સુંદર આકૃતિ; જમણી બાજુ: ચિત્ર ૮૦–નૃત્ય કરતી સ્કન્દમાતા કૌમારીની કારવણની સુંદર શિલ્પમૂર્તિ, જેનું સૌન્દર્યવર્ણન અગાઉ 'કુમાર'ના ૩૩૩મા અંકની આર્ટપ્લેટ પર આવી ગયું. ગુર્જર પ્રતિહારોના સમયની પશ્ચિમ ભારતીય શૈલીની સ્ત્રી–પ્રતિમાઓનો એક અગત્યનો નમૂનો આ મૂર્તિ ગણાય છે. નીચે જમણી તરફ: ચિત્ર ૮૧–ષડ્ભુજ ગણપતિની નૃત્ય કરતી મનોહર પ્રતિમા.

લાગે છે, કેમકે ડાબા હાથની બાજુમાં નાગનું પૂંછડું હજુ દેખાય છે. ચિત્ર ૭૮માં ત્રણ ખંડિત મૂર્તિઓ છે. પહેલી મૂર્તિ ચિત્ર ૭૬ માફક મયૂરવાહના છે અને તે દેવી કૌમારી કે કોઈ યોગિનીની પ્રતિમા છે. વચલી પ્રતિમા સ્વાહા દેવીની લાગે છે જ્યારે છેલ્લી, કૃશ શરીરની, વ્યાઘ્રવાહના છે તે ચામુંડા કે વ્યાઘ્રેશ્વરી કે કોઈ યોગિનીની હોઈ શકે.




કારવણ ગામના પૂર્વ છેડે સુથાર ઓવારા નામનું એક મોટું તળાવ છે, ત્યાંના એક કિનારા ઉપરની બે મોટી બારશાખો તથા પગથિયા પરના એક ગોખમાંની ગુપ્તકાલીન હરગૌરીની પ્રતિમા 'કુમાર'માં અગાઉ છાપી છે. અહીં જ એક બાજુએ, પગથિયા પરના ગોખમાં ચામુંડાની કૃશ શરીરવાળી બીજી એક સુંદર આકૃતિ છે તે ચિત્ર ૭૯ તરીકે રજૂ કરી છે.

બારશાખોની બાજુમાં એકાદશલિંગેશ્વરનું શિવમંદિર છે. તેમાં એક સ્તંભ છે, જેનું કોતરકામ તે ઉપરની મંગલકલશ અથવા પૂર્ણકલશની રચના ઉપરથી નવમા સૈકાનું છે એમ ડૉ. ભાંડારકર, ડૉ. હીરાનન્દ શાસ્ત્રી વગેરેનું માનવું છે. આ મંદિરની બાજુમાં થઈ એક બીજા નાના શિવ-મંદિરમાં જવાય છે. તેમાં, નૃત્ય કરતી કૌમારી અથવા સ્કન્દ–માતાની (કે ઘણુંખરું કોઈ યોગિનીની) એક સુંદર પ્રતિમા છે જે 'કુમાર'માં અગાઉ (૩૩૩મા અંકની આર્ટપ્લેટ તરીકે) પ્રસિદ્ધ થઈ હતી. પણ આ સાથે તેનો વધુ સ્પષ્ટ ફોટો, ચિત્ર ૮૦ તરીકે આપ્યો છે. આ શિલ્પ અત્યંત સુંદર છે. દેવીની નૃત્ય કરતી આકૃતિ ખૂબ જીવંત, વેગપૂર્ણ છતાં સંયમિત છે.



ચિત્ર ૮૨-કારવણ નકુલેશ્વર મંદિરમાંનાં સૂર્ય, કાર્તિકેય વગેરે-નાં શિલ્પ (ફોટો : આર્કિઓલૉજિકલ સર્વે ઑફ ઇંડિયા)

નૃત્યને અંગે મુખ કંઈક ઊંચુ થએલું, એક બાજુ સહેજ ફેરવેલું કોતરીને શિલ્પીએ પ્રતિમાને તાદશ બનાવી દીધી છે. મૂર્તિનું શરીર સિંધવાઈ ટેકરી પરનાં શિલ્પો જેટલું ભરાવદાર ન હોવા છતાં પૂરતું તંદુરસ્ત ને શક્તિશાળી ઘડયું છે. ગુર્જર પ્રતિહારોના સમયની પશ્ચિમ ભારતીય શૈલીની સ્ત્રી-પ્રતિમાઓનો આ એક અગત્યનો નમૂનો છે. સિંધવાઈની યોગિનીઓ કરતાં આ પ્રતિમામાં એક અલંકાર વધ્યો છે તે કમરબંધની નીચેનું ઝૂલવાળું ઉરુજાલક છે. માથાના કેશની ગૂંથણી પણ મનોહર છે. શિલ્પને આઠમા સૈકા આસપાસનું ગણી શકાય.



નકુલેશ્વરના મંદિરના ચૉકમાં ષડ્ભુજ ગણપતિની નૃત્ય કરતી એક મનોહર પ્રતિમા પડી છે (જૂઓ ચિત્ર ૮૧). આ પ્રતિમા પાછળનું ભામંડલ પદ્મની પાંખડીઓનું બનાવેલું છે અને ગણેશ એક વિશાલ પદ્મ ઉપર સુંદર ભંગી કરીને ઊભા છે. પગ ઉપરનું ઉરુજાલક જોતાં પ્રતિમા આઠમા કે નવમા સૈકાની બની લાગે છે.

એ જ મંદિરના ચૉકમાંનાં બીજાં કેટલાંક શિલ્પોની છબિ સદ્‌ગત ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે પાડી હતી તે ચિત્ર ૮૨ તરીકે રજૂ કરી છે. આ શિલ્પો હાલ કારવણમાં જડતાં નથી તે ખૂબ દિલગીર થવા જેવું છે, કેમકે આ છબિમાં ડાબા છેડે જે ખંડિત શિલ્પ દેખાય છે તે રથારૂઢ સૂર્યનું એક અદ્વિતીય શિલ્પ છે. નીચેના ભાગમાં સૂર્યના રથના સાત અશ્વો દોડતા બતાવ્યા છે. ઉપર ઉષા, પ્રત્યૂષા, દંડ, પિંગલ વગેરે સૂર્યના સાથીદારો છે. સૂર્ય અને તેની સાથે છાયાની ખંડિત પ્રતિમાઓ મથાળે નજરે પડે છે. આ શિલ્પ ગુજરાતની પ્રાચીન કલાનો બહુ જ સુંદર નમૂનો હતું. જુદી જુદી આકૃતિઓના અલંકારો વગેરે જોતાં એને સહેજે સાતમા સૈકામાં મૂકી શકાય.


ચિત્રની વચમાંની આકૃતિ મધ્યકાલીન અને કોઈ ષડ્ભુજ દેવતાની (વિષ્ણુની ?) હશે. તેની બાજુમાં કોઈ સાધુની આકૃતિ ખંડિત છે અને જમણા છેડે સ્વામી મહાસેન(કાર્તિકેય)ની, મયૂર વાહન સાથેની સુંદર આકૃતિ છે. એમણે જમણા હાથમાં મોટી શક્તિ (દંડ) ધારણ કરી છે. મુખનો ભાગ તથા ડાબો હાથ ખંડિત છે.

કારવણ ગામમાં ફલવા ટેકરીના નામથી ઓળખાતા લત્તામાંથી થોડાંક વર્ષો ઉપર પાર્વતીની એક મોટી પ્રતિમા મળી આવી છે (ચિત્ર-૮૩). લગભગ સાડા ચાર ફૂટ મોટી આ પ્રતિમા જોકે સુંદર છે, પણ અહીં દેવીની આકૃતિ અકડાએલી, મૂર્તિશાસ્ત્ર-શિલ્પશાસ્ત્રના નિયમોમાં જકડાએલી જણાય છે. સમપાદ સ્થાને તપ કરતી પાર્વતીની આકૃતિ આમ અક્કડ લાગે એ સ્વાભાવિક છે, પણ લાલિત્યનો એટલો ભંગ શિલ્પની સુંદરતા ઓછી કરે છે. દેવીના મસ્તકે જટામુકુટ છે. પગ પાસે બંને બાજુ, બે નાનાં નાનાં પાત્રો છે તે અગ્નિનાં સૂચક છે. અને પાર્વતીએ શિવને પતિ તરીકે પામવા માટે જે તપ આદરેલું તેનું દર્શક આ શિલ્પ છે. મહાકવિ કાલિદાસના કુમારસંભવ, ૫; શ્લોક, ૨૦માં ચાર અગ્નિ વચ્ચે તપ કરતી પર્વતરાજ-કન્યાનું વર્ણન છે :

શુચૌ ચતુર્ણાં જ્વલતાં હવિર્ભુજાં
શુચિસ્મિતા મધ્યગતા સુમધ્યમા ।
વિજિત્ય નેત્રપ્રતિઘાતિનીં પ્રભા-
મનન્યદૃષ્ટિઃ સવિતારમૈક્ષત ॥

હોઠ નાક અને દાઢીનો ભાગ સહેજ ખંડિત થએલો, ઘસાએલો છે, છતાં એકંદર શિલ્પની કારીગરી સારીરીતે સચવાએલી ને બચી ગએલી છે. દેવીના જમણા ઉપલા હાથમાં માળા અને ડાબા ઉપલા હાથમાં ગદા જેવું દેખાતું પદ્મ છે. નીચેના બને હાથ ખંડિત છે. આ જ ટેકરી

← ચિત્ર ૮૩ : કારવણમાં ફલવા ટેકરી નામે લત્તામાંથી મળી આવેલી પાર્વતીની મોટી પ્રતિમા



ચિત્ર ૮૫-ફલવા ટેકરી પર પડેલું કીર્તિમુખ (ચિત્ર નં. ૮૪ શિવાલયનાં આ બંને સાથેનાં અમાં (ચિત્રોના ફોટા : ઉમાકાન્ત પ્રે. શાહ)

ઉપર એક તરફ એક મોટું કીર્તિમુખ છે (ચિત્ર-૮૫). આવું મોટું કીર્તિમુખ કોઈ અતિ ઊંચા મંદિરનો ભાગ હશે. મંદિરની પેલી સુથાર ઓવારા ઉપરની જે બારશાખો છે તે જ મંદિરમાં આવું કીર્તિમુખ હોઈ શકે. ફલવા ટેકરીવાળો ભાગ આજે વસતિવાળો હોઈ ત્યાં ખોદકામ કરવું મુશ્કેલ છે, પરંતુ જ્યાં કીર્તિમુખ પડયું છે ત્યાં થોડી પડતર (કદાચ ખાનગી માલિકીની) જમીન છે ત્યાં વ્યવસ્થા કરી ખોદકામ કરી શકાય.

કારવણમાં સ્ટેશને જવાના રસ્તે વૃક્ષ નીચે એક ચબૂતરા પર થોડી જૂની પ્રતિમાઓ પડી છે જેની સાફસૂફી કરી સુરક્ષિત કરવાની જરૂર છે. આમાં એક મહિષાસુરમર્દિનીની છે તે ગુપ્તોત્તરકાલીન છે.

કારવણમાં લકુલીશનું એક બીજું મોટું મંદિર પણ છે, જ્યાં કાળા પાષાણની એક લકુલીશ પ્રતિમા છે (ચિત્ર ૭૫). આ પ્રતિમામાં શિવલિંગની આગળના ભાગમાં ભગવાન લકુલીશ બીજપુર અને દંડ (લગુડ) ધારણ કરી અર્ધપદ્માસને બેઠા છે. મસ્તક ઉપર જટા છે. ઊર્ધ્વ લિંગ સ્પષ્ટ છે. આ પ્રતિમા કેટલાંક વર્ષો ઉપર એક ખેતરમાંથી જડી કહેવાય છે. પ્રતિમાનો સમય નક્કી કરવો કઠિન છે. મોહેં-જો-દરોમાંથી જે શિવની આકૃતિવાળી સીલ (મુદ્રા-મહોર) મળી છે તેમાં પણ ઊર્ધ્વ લિંગ દર્શાવ્યું છે તે નોંધપાત્ર છે. ભારતની વાયવ્ય સરહદ ઉપર અતિ પ્રાચીન સમયમાં શૈવ ધર્મનું ઘણું જોર હતું. કાશ્મીરનો શૈવ સમ્પ્રદાય ઘણો પ્રાચીન મનાય છે, અને જ્યાંથી લકુલીશ ગુજરાતમાં પધાર્યા તે ઉલ્કાનો પ્રદેશ પણ આ સરહદ ઉપર જ હોવા સંભવ છે.

ગુજરાતમાંના લકુલીશ સંપ્રદાયનો વિગતવાર ઇતિહાસ આપણી પાસે નથી. સોમનાથ પાટણ(પ્રભાસ)ના જ્યોતિર્લિંગના પૂજારી મહંતો પણ ઘણુંખરું આ જ સંપ્રદાયના હતા. શૈવ સાધુઓની પ્રતિમાઓ પણ આખા ગુજરાતમાં મળે છે. ઈ. સ.ના બારમા સૈકા આસપાસની વાંસવાડા પ્રદેશમાંથી મળેલી એક શૈવ આચાર્યની પ્રતિમા અજમેર મ્યૂઝિયમમાં છે. આબુ ઉપર, આબુ કૅમ્પમાંના એક મંદિરમાં શૈવ આચાર્યોની બેત્રણ પ્રતિમાઓ છે. ત્યાં રસિયા વાલમ અને જગન્નાથજીના મંદિરની પાછળ એક નાના મંદિરનું ખંડિયેર છે ત્યાં પણ શૈવ સાધુની એક પ્રતિમા છે. આવી બધી પ્રતિમાઓ મધ્યકાલીન છે, પણ પ્રકાશમાં આણવી જરૂરી છે. અને પ્રતિમા નીચે લેખ હોય એવી પ્રતિમાઓની ખોજ કરવી અગત્યની છે.

ગુજરાતના ખાનગી સંગ્રહોમાં આ સંપ્રદાયનું હસ્તલિખિત અપ્રસિદ્ધ સાહિત્ય હોય તો તે શોધી પ્રકાશમાં આણવું જોઇએ. આ સંપ્રદાય આખા ભારતમાં ફેલાયો. પણ એનું મૂળ સ્થાન કારવણ હતું. ગુજરાતનું એ કાશી મનાતું. એ કારવણનાં આવાં મોંઘાં શિલ્પોને કારવણમાં જ એક સ્થાને સુરક્ષિત રાખવાં જરૂરી છે અને આ સ્થાનની યોગ્ય સંભાળ રાખવામાં આવે તો ફરી યાત્રીઓ અને મુસાફરો અહીં આવે.

(ચાલુ)

લવીંગિયાની લૂમ

ન્યાયાધીશ (રીઢા ગુનેગારને ફરીથી આવેલો જોઈ ગુસ્સાથી): આ શું? મેં તને આ પચ્ચાસમી વખત અહીં જોયો!

ગુનેગાર: પણ સાહેબ, આપની બદલી ન થાય એમાં હું શું કરું?

ભિખારી: બાઈ, એક કટકો પૂરણપોળી આપશો? બહુ ભૂખ્યો છું.

બાઈ: પણ તેમાં પૂરણપોળી શા માટે? રોટલાથી તારી ભૂખ ન મટે?

ભિખારી: મટે તો ખરી, પણ આજ મારો જન્મ-દિવસ છે.

વેપારીનો એક ગ્રાહક પર પત્ર આવ્યો, જેમાં તેણે લેણા બિલનો ઉલ્લેખ કરી લખ્યું હતું કે આપના બિલને આજે એક વર્ષ પૂરું થાય છે.

ગ્રાહકે જવાબ વાળ્યો: બિલની પ્રથમ વર્ષગાંઠનાં મારાં અભિનંદન!

બે બંધાણી હોડીમાં બેસી જતા હતા ત્યાં એકાએક હોડી ડૂબવા લાગી.

પહેલો અફીણી: અરે, હોડી તો ડૂબવા લાગી!

બીજો: ડૂબવા દે. આના માલિકે ભાડું બહુ લીધું છે. હોડી જશે તો એની જશે, એમાં તારે કે મારે શું?

એક સભામાં ભાષણ આપતાંઆપતાં એક નેતાએ કહ્યું: આ વખતે તમે અમારા પક્ષને જ મત આપજો. અત્યાર સુધી અમારા વિરોધ પક્ષે તમને બહુ જ દગો દીધો છે. હવે તમે અમને તક આપી જુઓ!

વિમાની વિદ્યાર્થી: પણ જો બટન દાબતાં મારી પૅરેશ્યુટ (વિમાની છત્રી) ઊઘડે જ નહિ તો એ વખતે મારે શું કરવું?

સાર્જન્ટ: સ્ટોરમાં જઇને બદલાવી લાવવી!

એક વિજ્ઞાની ભાષણ આપી રહ્યા હતા: 'મારી ગણતરી મુજબ પૃથ્વીનો અંત ૩૧૫ લાખ વર્ષમાં આવશે.'

આગલી જ હરોળમાં બેઠેલો એક માણસ આ સાંભળી દિઙ્મૂઢ જેવો થઈ ગયો. તેણે પૂછ્યું: 'કેટલાં વર્ષ કહ્યાં આપે?'

'ત્રણસો ને પંદર લાખ' વિજ્ઞાનીએ કહ્યું.


એટલે પેલો બોલ્યો, 'હાશ! હું તો સમજ્યો કે પંદર લાખ વર્ષ.'

ઇન્ટરવલમાં એક પ્રેક્ષક બીજા પ્રેક્ષકનો પગ કચરી બહાર ગયો. પાછો આવ્યો ત્યારે પણ તે જ પ્રેક્ષકનો પેલા માણસે પગ કચર્યો.

'મેં આપનો ફરી પગ કચડયો, નહિ?'

'જી.' પેલો હમણાં માફી માગશે એ આશાએ તેણે જવાબ દીધો.

'ત્યારે તો 'પેલો માણસ બોલ્યો, 'હું ખોટી હરોળમાં નથી જતો.'



મૂળ ફોટોગ્રાફ તો આ રીતે લીધેલો, પણ છાપામાં છપાયો આ રીતે!

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લોકપ્રિય લેખમાળા 'માંદગીનાં મૂળ'ના ૧૧મો હપતો

સાંધાઓનો દુખાવો



←ઓચિંતો દેખા દેતો કમરનો વા કે પ્રૌઢાવસ્થામાં બે હાડકાં વચ્ચેના તરૂણાસ્થિનો નાશ થવાથી થતા ઢીંચણ, ખભા વગેરેના સંધિવાની વેદના દયા ઉપજાવે એવી હોય છે.

સાંધાઓનો દુખાવો એ સર્વસ્પર્શી શબ્દ છે. એમાં ઘણા રોગોનો સમાવેશ થાય છે. હાડકાં, સાંધા, માંસપેશીઓ ને જ્ઞાનતંતુઓના રોગો તથા બગાડો (disorders) એકબીજાને મળતા આવતા હોઈ વાતરોગ તરીકે ઓળખાય છે. માનવીને પીડતો આ વ્યાધિ અનાદિકાળનો છે. આંચળવાળાં પ્રાણીઓ અને સરિસૃપોના ઉત્ખાત અવશેષો (સૈકાઓ પહેલાંના પુરાતન કાળના, દટાણમાંથી ખોદી કાઢેલા પુરાતત્ત્વના અવશેષો)માં સુદ્ધાં આ રોગની નિશાનીઓ નજરે પડે છે. પૂર્વ ને પશ્ચિમના વૈદકના પ્રણેતા મહર્ષિ ચરક ને હિપોક્રેટિસે પણ આનો ઉલ્લેખ કર્યો છે. ગ્રીસ, રોમ અને પ્રાચીન ઇજિપ્તના લોકો યે એનાથી પીડાતા હતા. આ જમાનામાં પણ આર્થિક અને સામાજિક અગવડો અને અપંગતા ઊભી કરનાર આ વ્યાધિની એટલી તો વ્યાપકતા છે કે એના નિવારણ અર્થે ઇંગ્લંડમાં 'એમ્પાયર ર્‌હુમૅટિક કાઉન્સિલ' અને અમેરિકામાં 'અમેરિકન ર્‌હુમૅટિઝમ એસોસીએશન' નામની સંશોધન-સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે.


સાંધાઓનો દુખાવો એટલે વાતરોગ (rheumatism). આ રોગ થવાનાં ચોક્કસ કારણો હજુ અનિશ્ચિત છે. ઈ. ૧૮૧૯માં બેન્જામિન રૂસે વાતરોગ થવાના કારણ તરીકે દાંત, ચોળિયા, ઍપેન્ડિક્સ, સાયનસ અને પિત્તાશયમાં ચેપ રહેવાનો સિદ્ધાંત રજૂ કર્યો. શિકાગોના બિલિન્ગે આને સમર્થન આપ્યું. પરિણામે વાતરોગથી પીડાતા અનેક લોકોના દાંત, ચોળિયા અને ઍપેન્ડિક્સ કાઢી નાખવાનો પવન ફૂંકાયો. પછી ઝીન્સરના એલર્જીના મતને લીધે ઉપચારનો ઝોક બીજી દિશામાં વળ્યો! હમણાં નવી હકીકતો અને ઉપચારની નવી રીતો શોધાઈ છે.

વાતરોગમાં ત્રણ પ્રકારના રોગોનો સમાવેશ થાય છે. (૧) ૫ થી ૧૫ વર્ષની વ્યક્તિઓને લાગુ પડતો વાતતાપ (Rheumatic fever), (૨) જ્ઞાનતંતુઓ, માંસપેશીઓ અને એમના આવરણને લાગુ પડતો વાતરોગ, જે ફાઈબ્રોસાઇટિસ, રાંઝણ, ન્યૂરાઇટિસ, લમ્બાગો, માયેલજીઆ વગેરે કહેવાય છે. આ પ્રકારમાં કમર ને ગરદન વાથી એકદમ ઝલાઈ જઇ અક્કડ રહે છે. (૩) સાંધાઓને લાગુ પડતો સંધિવા.

(૧) વાતતાપમાં પ્રથમ ચોળિયામાં સોજો થઈ આવી તાવ સાથે ઘૂંટણ, ઘૂંટી કે ખભાના સાંધાનો દુખાવો થઈ આવે છે. પહેલાં એક સાંધો પકડાય છે, પણ એકબે દિવસમાં તે મટી જઇ બીજો પકડાય છે. છેવટે એકીસાથે ઘણા સાંધા પકડાય છે. સાંધા ગરમ, ફૂલેલા અને જરા પણ હલનચલનથી વેદનાભર્યા થાય છે.

દવા વગર ચાર કે પાંચ અઠવાડિયાંમાં તાવ અને સાંધાઓનો સોજો ઊતરી તો જાય છે, પણ પખવાડિયામાં તે ફરી દેખા દે છે. ઉપચારથી મટયા બાદ પણ એનો ફરી હુમલો થઈ આવે છે. આના કરતાં (ડિપ્થેરિયા સિવાય) બીજા કોઇ પણ રોગમાં થોડા વખતમાં લોહીનો પુષ્કળ બગાડો થઈ રોગી ઉગ્ર રક્તક્ષયનો ભોગ બનતો નથી.

હિમોલાઇટિક (લોહીના લાલ કણો)નો નાશ કરનાર સ્ટ્રેપ્ટોકોકાઇ નામના રોગજીવાણુઓને લીધે ચોળિયાનો સોજો, કાન અને ગળાનો સોજો વગેરે થઈ આવે છે. આ થયા બાદ અઠવાડિયામાં વાતતાપ લાગુ પડે છે. દુનિયાના ઘણા ભાગોમાં વીસ વર્ષની અંદર મરણ પામનારા મોટા ભાગના લોકો આ રોગથી મૃત્યુ પામે છે. વાતતાપથી પીડાતા ⅔ ભાગના રોગીઓ વહેલા કે મોડા હૃદયરોગના ભોગ બને છે. વાતતાપના બીજા કે ત્રીજા હુમલા વખતે રોગના ઝેરને લીધે હૃદય-



→માનવીને પીડતો સાંધાઓનો આ વ્યાધિ અનાદિકાળનો છે અને પ્રાગૈતિહાસિક કાળનાં જંગી પ્રાણીઓ કે ઇજિપ્તનાં 'મમી'નાં પુરાતન હાડકાંમાંના ઘસારા પરથી તે પ્રતીત થાય છે. સામેના ચિત્રમાં એ પ્રાણી અને મમીનાં કયાં અંગનાં હાડકાંને એ ઘસારો લાગ્યો છે તે તીરના નિશાન વડે દર્શાવીને તે તે અંગનાં હાડકાં મોટા રૂપે દર્શાવ્યાં છે.

ની માંસપેશીઓ, આવરણ કે પડદાઓનો સોજો આવે છે. એ ઊતર્યા પછી હૃદય ઘવાએલું કે પડદાઓ પોલા બને છે. આથી અગાઉની જેમ હૃદય કામ ઉપાડી શકતું નથી. આમ આ પ્રકારના રોગીઓને થોડા કામકાજવાળું માંદલું જીવન જીવવું પડે છે.


ઘણા લોકોને પીડા આપતા કમર કે ગરદનની માંસપેશીઓના વાથી કોણ અજાણ હશે? આ માંસપેશીઓનો વા (fibrositis) છે. કમરનો વા (lumbago) એકદમ થઇ આવે છે. સાજાસમા શરીરે વાંકા વળવામાં ઓચિંતો દેખા દેતો કમરનો વા હલનચલન, છીંક કે ઉધરસથી પણ પીડા આપે છે. તેમાં આરામમાં પડી રહેવાથી રાહત મળે છે. આના જેવો જ સવારમાં ઊઠતાંવેંત દેખા દેતો ગરદનનો વા (tortieollis) છે. એમાં એક બાજુ રહેલી ડોક જરા પણ હલાવતાં ખૂબ વેદના અનુભવાય છે.

વા થઇ આવવાની પ્રકૃતિવાળાને માંસપેશીઓના વા અવારનવાર થઈ આવે છે. ઠંડી અને ભેજવાળી ઋતુ દરમ્યાન તે ખસૂસ થાય છે. ઠંડી કે ભેજ એકલાં નહિ પણ બંને સાથે હોય ત્યારે, અને તેમાં વળી ખાનપાનના નિયમો ના જળવાય ત્યારે, આ બીમારી દેખા દે છે. ખોરાકમાં ગળપણ, પૌષ્ટિક ખોરાક, ખાંડ ને દારૂ ખાસ દોષપાત્ર છે. લાંબા વખતના સડેલા દાંત અને ચેપાળ સાયનસોનું લોહીમાં ભળેલું પરૂ કમરમાં રોગસંચાર કરતાં કમરનો વા થઈ આવે છે. શરીરની કોઇ પણ માંસપેશીઓમાં આ વા થઈ આવે છે. જાંઘ પાછળ તે થઇ આવતાં ઘણા માણસો રાંઝણરોગના ભુલાવામાં પડયા છે. પાંસળીઓમાં એ થઈ આવતાં ફેફસાં કે હૃદયરોગની શંકા પડે છે. ખભા પર થઈ આવતાં સંધિવાનો ખયાલ આવે છે. વધારેપડતા શરીરના વજનને લીધે કમરની માંસપેશીઓના તંતુઓ વચ્ચે ચરબી જમા થવાથી ક્વચિત્ કેડના સાંધાઓનો દુખાવો થઈ આવે છે.

માત્ર પગના અંગૂઠામાં પીડા ઉપજાવતા વાતરોગને 'ગાઉટ' (નજલો વા) નામથી ઓળખવામાં આવે છે. ફક્ત પુરુષોને જ પીડતો આ રોગ કુટુમ્બમાં વારસાગત ઊતરી આવે છે. ત્રીસ વર્ષની ઉંમર ઉપરની વ્યક્તિને તે એકાએક થઈ આવે છે. થોડાક કલાકમાં પગનો અંગૂઠો લાલ, ગરમ, સૂઝેલો, આળો અને હલાવતાં અતિ વેદનાભર્યો થઈ આવે છે. ગાઉટ થઇ આવવાની પ્રકૃતિવાળાને કોઈ પણ સમયે એનો ઉગ્ર હુમલો થઇ આવે છે. પછી વગર દવાએ થોડા કલાકથી માંડી થોડા દિવસમાં તે મટી જાય છે. પણ વળી પાછો તે થોડાં અઠવાડિયાંમાં ફરી થઈ આવે છે. વચગાળામાં અંગૂઠામાં કોઈ ચિહ્નો કે વેદના નથી હોતાં. થોડા દાખલામાં તો આ રોગ ચિરસ્થાયી બનતાં તીવ્ર હુમલો મટયા પછી પણ અંગૂઠાનો સાંધો અક્કડ અને વેદનાભર્યો રહે છે. ગાઉટ માટે સચોટ દવા તો ખાસ કોઈ નથી, પણ કોલચિસીન નામની ઔષધિથી એકબે દિવસમાં રાહત મળે છે.

(૨) ન્યૂરૅલ્જિયા (neuralgia) એટલે જ્ઞાનતંતુઓની વેદના. જ્ઞાનતંતુઓનો સોજો એ ન્યૂરાઈટીસ (neuritis) છે. ન્યૂરૅલ્જિયામાં વેદના જ્ઞાનતંતુઓના જથ્થામાં અને શરીરના એક ભાગમાં થાય છે. આ થતાં પહેલાં વેદનાવાળા હાથમાં કે પગમાં ઝંઝણી અને બહેરાશ થઇ આવે છે. આ વેદના ચોંચાવાની, લાહ્ય બળવાની કે તીર ભોંકાતાં હોય તેવી હોય છે. સડેલા દાંત કે સાયનસઆઇટિસને લીધે મોઢાનો ન્યૂરૅલ્જિયા થઇ આવે છે તો બીજા દાખલામાં ઠંડીનો સપાટો લાગતાં કે ભીનામાં રહેવાથી આ વેદના થઇ આવે છે.

સાંધાઓથી આઘેના ભાગમાં થઈ આવતો ન્યૂરાઇટિસ ઓળખવો સહેલો છે. આ થવાનાં ઘણાં કારણો છે. કોઈ રોગનું વિષ (toxin) શરીરમાં ફરતું હોય ત્યારે તે થઈ આવે છે. વિટામિન બી જૂથની અછત



માનવ દેહમાં સાંધાના દુખાવા થઈ આવવાનાં મુખ્ય સ્થાન આ ચિત્રમાં દર્શાવવામાં આવ્યાં છે, જેમાં હાથનાં આંગળાં, કોણી, ખભાનો પાછલો ભાગ, કમર, સાથળનું મૂળ, ઢીંચણ અને ઘૂંટીના સાંધાનાં હાડકાં ગોળ કુંડાળામાં કાળા આકારમાં સ્પષ્ટ રીતે નિરૂપિત કર્યાં છે.

કે અભાવને લીધે તથા દારૂના વ્યસનીને તે થઈ આવે છે. ઉપચારમાં વિટામિન-બી ઘણું અસરકારક નીવડે છે. માલિશ અને ઍસ્પિરીન રાહત આપનારાં છે. દારૂના વ્યસનીએ માદક પીણાં છોડવાં જોઇએ.

રાંઝણ (Sciatica–સાયેટિકા) ને સામાન્ય માનવી પણ પારખી શકે છે. શરીરમાં લાંબામાં લાંબો સાયેટિક જ્ઞાનતંતુ જાંઘની પાછલી બાજુએ આવેલો છે. આનો વેદનાભર્યો દાહ જાંઘની પાછલી બાજુએ, કદીક છેક પગની પાની સુધી અનુભવાય છે. આ વેદના જાંઘના મધ્યની એક બાજુએ કે બન્ને બાજુએ થાય છે, પણ મધ્યમાં નથી હોતી. સાંધાઓના સંબંધમાં આવેલો સાયેટિક જ્ઞાનતંતુ એક કે બીજા પ્રકારની ઈજા અને દાહને પાત્ર છે. કરોડનો વા ને આવા બીજા રોગોને લીધે સાયેટિક જ્ઞાનતંતુમાં પણ વેદના થઈ આવે છે. આ પ્રકારની વેદના સૂવાથી વધારે લાગે છે અને ઊભા થઈને ફરવાથી હળવી થાય છે.

(૩) હવે સાંધાઓના વા (Osteo arthritis) વિષે. પ્રૌઢાવસ્થામાં લચકતી ને ધીમી ચાલે ચાલતા માનવીને જોતાં સહેજે આપણને તેના ઢીંચણના વાનો ખયાલ આવે છે. ઢીંચણ પછી બીજો સાંધો ખભાનો કે થાપાનો છે. એમાં સાંધો ફૂલેલો, ગરમ અને હલનચલનમાં વેદનાભર્યો હોય છે. આ સંધિવાથી જોકે કામગરું જીવન અટકતું તો નથી, પણ ઊઠવા-બેસવાની આપદા ખરેખર દયા ઉપજાવે એવી હોય છે.

આપણા શરીરના કોષોનો ઘસારો નવા કોષો પેદા થવાથી ભરપાઈ થાય છે, પણ તેથી બે સાંધાઓની વચ્ચે આવેલા તરુણાસ્થિની મરામત થવામાં વિલંબ થાય છે. આપણે ચાલતાં શીખીએ ત્યારથી જ સાંધાઓના અવયવોનો ઘસારો મરામત કરતાં ઝડપી હોય છે. આમાં

વળી એને કંઈ ઈજા પહોંચે તો એમાં ઉમેરો થાય છે. ઉમર વધવા સાથે મરામતની ક્રિયા મંદ પડવાથી ઘસારાનું પલ્લું નીચું નમતાં શરીરનો ભાર ઊંચકનારા મોટા સાંધાઓમાં તરુણાસ્થિનો નાશ થાય છે. પ્રૌઢાવસ્થામાં ઘણાને આવું બને છે. આમાં વધારો થઈ સાંધાઓનું હલનચલન મુશ્કેલ કે વેદનાભર્યું બને, એ છે સાંધાઓનો વા કે સંધિવા.

સંધિવામાં સાંધાઓની સાથે સાંધાઓ ઉપરની માંસપેશીઓ અને જ્ઞાનતંતુઓ પણ સંડોવાય છે. સાંધાઓ ઉપર બોજો અને ભાર વધારનારી કોઇ પણ વસ્તુ સાંધાઓને બગાડનારી નીવડે છે. ચાળીસની ઉમર પછી શરીરનું વધારે વજન ઢીંચણનો બગાડો કરવામાં આગળપડતો ભાગ ભજવે છે. સપાટ પગ સાથે પેંગ્વિન પક્ષીની ચાલ ચાલનારાને પગનાં ચાબખાં પર બોજો પડે છે, પણ તે ઉપરાંત ઢીંચણ, થાપા ને કમરને પણ બોજો પડે છે. આવાને ઉમર વધતાં સાંધાઓનો વા થઈ આવે છે. ભીનાશ ને ઠંડકમાં વધુ વખત રહેવાનું હોય ત્યારે સાંધાઓને સોજો પણ આવે છે. દાંત, ચોળિયા કે સાયનસોનો ચેપ પણ સાંધાઓમાં પહોંચી ત્યાં રોગસંચાર કરવામાં અગ્ર ભાગ ભજવે છે. અપૂરતી દવાને લીધે પરમિયા ને સિફિલિસના રોગોમાં સાંધાઓને ચેપ લાગવાથી સાંધાનો કાયમી સોજો થઈ આવે છે.

આયુર્વેદમાં વાતરોગને 'આમવાત' કહેવામાં આવે છે. જઠરાગ્નિની મંદતાથી અપક્વ રહેતો અન્નરસ 'આમ' કહેવાય છે. આ 'આમ' અનેક વ્યાધિઓનો આશ્રય છે. એની સાથે દૂષિત થએલો વાત(વાયુ) ભળવાથી આમ-વાત થઈ આવે છે. વાતરોગના ઉપચારમાં પ્રથમ એકથી ત્રણ દિવસના ઉપવાસ કરવા જોઈએ. આ દરમ્યાન પાણી પુષ્કળ પીવું જોઈએ. પછી ફળાહાર (ખાટાં ફળ બિલકુલે નહિ) કે શાકનો સૂપ લેવો જોઈએ. આ પછી મગની ખીચડી કે ભાત ને મગનું પાણી લેવાં. શાકમાં સરગવો, કારેલાં, આદુ ને લસણ ફાયદાકારક છે. મેંદો, માંસ ને ખાંડના આહારથી શરીરમાં રહેલાં ઍસિડ દ્રવ્યોને લીધે વાતરોગ થઈ આવે છે, માટે પ્રોટીનથી ભરપૂર માંસ બિલકુલ નહિ ખાવું જોઇએ. ચોખા, ચા, કૉફી, દારૂ અને તમાકુ પણ વર્જ્ય ગણવાં.

વેદનાવાળા ભાગ પર ગરમ પાણીનો શેક અગર તો ઈન્ફ્રા-રેડ કે અલ્ટ્રા-વાયોલેટ કિરણોનો શેક ઘણી રાહત આપે છે. આયોડેક્સ મલમનો માલિશ પણ અજમાવવા જેવો છે. વેદનાવાળો ભાગ ગરમ કે સુતરાઉ કપડાં વતી ઢાંકી રાખવો જોઈએ. ચોળિયા દાંત કે સાયનસમાં ચેપ હોય તો તે તાત્કાલિક નાબૂદ કરવો જોઈએ. સાંધાઓમાં ચેપ જામ્યા પછી દાંત કઢાવવાનો કે ચેપાળ ભાગનું ઑપરેશન કરાવવાનો કોઈ અર્થ નથી. દવાઓમાં યોગરાજ ગૂગળ અને મહારાસ્નાદિ તથા દેવદારુનો ક્વાથ આરામ આપનારા છે. એસ્પિરીન પણ વેદનાહર ઔષધ છે.

બધા પ્રકારના વાતરોગમાં રોગીને અપંગ ને નિરાધાર બનાવનાર ગાંઠિયો વા (Rheumatoid Arthritis) છે. આ રોગથી જે અંગ પકડાય છે તે એવાં તો ગંઠાઈ જાય છે (માટે એનું નામ ગાંઠિયો વા ઉચિત છે) કે તે હલનચલન માટે સર્વદા અસમર્થ ને નિરુપયોગી થઈ પડે છે. દુ:ખની બીના તો એ છે કે આના ભોગ બનેલા રોગીના લગભગ બધા મોટા સાંધા જકડાઈ જાય છે.

સામાન્ય ગાંઠિયો વા સ્ત્રીઓને યૌવન કે પ્રૌઢાવસ્થામાં, રજોદર્શનની શરૂઆત કે અંતમાં, પણ વિશેષત: પ્રજોત્પત્તિકાળમાં લાગુ પડે છે. ધીમેધીમે પગપેસારો કરતા આ રોગની શરૂઆતમાં અશક્તિ, થાક, ભૂખ-નાશ, બેચેની, શરદી, તાવ, હાથપગમાં ઝંઝણી ને બહેરાશ વગેરે અનુભવાય છે. પછી રોગની શરૂઆતમાં હાથ ને પગ સુકાએલા અને ઠંડાગાર બને છે. બંને બાજુના હાથપગનાં આંગળાંઓથી ગાંઠિયો વા શરૂ થઈ શરીર ભણી પસરે છે. આંગળીઓના સાંધા સૂજી આવે છે. આગળપાછળની માંસપેશીઓ સુકાવાથી સાંધાનો આકાર ત્રાક જેવો બને છે. આંગળાં વાંકાં વળવાથી અને કાંડાંઓના સાંધાઓના સોજાને લીધે હાથનો વિચિત્ર ઘાટ થઈ આવે છે. પછી રોગ વધવા માંડતાં કાંડાથી કોણી, કોણીથી ખભા, ઘૂંટીથી ઢીંચણ, ઢીંચણથી થાપાના સાંધાઓ રોગમાં ઝડપાઇ ના વળે ના હાલે એવા અક્કડ બની જાય છે. ઘણા દાખલામાં સાંધાઓની વિકૃતિ થતાં પહેલાં રોગ શાંત થાય છે કે અટકી પડે છે; પણ અવારનવાર વાના હુમલા તો થયા કરે છે.

ગાંઠિયા વા વિષે બહુ થોડું જ્ઞાન પ્રાપ્ત છે. એ થવાનું કોઈ કારણ જાણમાં નથી, પણ એ હકીકત તો નક્કી છે કે એ સાંધાઓનો રોગ નથી, પણ આખા શરીરનો રોગ છે. વળી તે વારસાગત ઊતરી આવે છે. ચેપ, આંત:સ્રાવી ગ્રંથિઓની વિકૃતિ, રુધિરાભિસરણ ને જ્ઞાનતંત્રમાં બગાડો, એલર્જી કે માનસિક પ્રત્યાઘાતો વગેરે કારણોસર તે થઇ આવવાનું માનવામાં આવે છે. જેને વા થઇ આવવાની પ્રકૃતિ હોય તેણે રોગથી બચવા થાક, શારીરિક શક્તિની ઊણપ, ઈજા, ઠંડી ને ભીનામાં રહેઠાણ, ચેપ, શરદી વગેરેથી ખૂબ જાળવવું જોઇએ.

આ રોગમાં વેદનાનિવારક દવા એસ્પિરીન શ્રેષ્ઠ છે. સોનાનો ઉપયોગ ઓછોવત્તો ફાયદો કરનારો નીવડ્યો છે. હમણાં એ.સી.ટી.એસ અને કોર્ટીસોન નામનાં હૉર્મોન દ્રવ્યો દવારૂપમાં શોધાયાં છે. આનાથી ઘણા દાખલામાં સંપૂર્ણ ફાયદો થાય છે, પણ તે ઈન્સ્યુલિનની જેમ દવા વાપરતાં સુધી જ ટકી રહે છે.

આપણા દેહમાં બસ્સો ઉપરાંત હાડકાં છે. જ્યાં બે હાડકાંના છેડાઓ એકબીજાને અડકીને આવે ત્યાં કુદરતે સાંધાઓની અદ્ભુત કરામત યોજી છે. હાડકાંના બંને છેડાઓ ન ઘસાય માટે તેમની વચ્ચે તરુણાસ્થિ ગોઠવેલાં છે. સાથે સાંધાને સ્નેહાંકિત રાખવાની યોજના છે. સાંધાઓને સ્થિરતા અને ગતિ આપવા માટે એમની ઉપર આવરણ, અસ્થિબંધનો અને માંસપેશીઓ ગોઠવાએલાં છે. સાંધાઓના હલનચલનથી આપણું જીવન ગતિશીલ રહે છે. પણ આમાંનો કોઇ મોટો સાંધો વાતરોગથી જકડાઈ જાય છે ત્યારે વેદના અને અપંગતાને લીધે જીવન થંભી ગએલું અનુભવાય છે. (હવે પછી 'મોતિયો')


ગાંધીજી ગુજરાતમાં પેદા થયા એ કંઈ અકસ્માત નથી. પણ ગુજરાતીઓ તો તેને અકસ્માત જ માને છે અને એ પોતાના નસીબની બલિહારી હતી એમ સમજે છે. તેઓ જ્યારે એમ સમજશે કે આ અકસ્માત નહોતો, બલકે ગુજરાતના દહીંમાં એવું કંઈક છે કે જેમાંથી એવું માખણ નીકળી શકે ત્યારે એમનામાં એક પ્રકારનું આત્મભાન જાગશે, આત્મનિષ્ઠા નિર્માણ થશે. મેં આ અંગે ખૂબ વિચાર્યું છે અને મારા મનમાં હું એક નિર્ણય પર આવ્યો છું. ગુજરાતમાં તો કદાચ દેખીતીરીતે એ બહુ નાની ચીજ લાગે, પણ ગુજરાતી આમ જનતાએ માંસાહારનો પૂરેપૂરો ત્યાગ કર્યો એ ઘટના આખા જગતમાં કેવળ ગુજરાતમાં જ બની છે. ગુજરાતની એ વિશેષતા છે કે કઠણમાં કઠણ પરિશ્રમ કરનાર અહીંના ખેડૂતોનો જે જનસમુદાય છે તેણે પણ માંસાહાર છોડી મૂક્યો છે. આ નાનીસૂની ઘટના નથી.

જ્યાં પૈસા કમાવાના હોય ત્યાં ગુજરાતી હોય જ. 'જે જાય જાવે એ પાછો ના આવે.' એને ખબર પડી ગઈ કે જાવામાં સંપત્તિ છે તો પછી જાવા છોડે જ શાનો? ત્યાં જ ન રહી પડે? આવા સાહસિક લોકો છો તમે. આખી દુનિયામાં ફેલાઈ શકો છો. આખા હિંદુસ્તાનમાં તો ક્યારના યે ફેલાઈ ચૂક્યા છો. પણ એ જરા બીજા કામ માટે. પરંતુ તમે લોકો પોતાની સાચી તાકાતનું ભાન થતાં જ બુદ્ધના ભિક્ષુઓ આખા એશિયામાં નીકળી પડ્યા હતા તેમ જ નીકળી પડશો: જગત્કલ્યાણાર્થે. (વિનોબા)

માંડણાં

રાજસ્થાનની મનોહારી લોકકલા

લેખક
આલેખક
પ્રદ્યુમ્ન તન્ના



મથાળે ઝૂલ (તોરણ) અને નીચે 'પગલ્યાં'–મોટાં અને નાનાં

આ દૃષ્ટિએ બંગાળની 'અલ્પના'-ને મળતાં, છતાં પોતાની આગવી લાક્ષણિકતા ધરાવતાં માંડણાં રાજસ્થાનની ગ્રામ નારીની આપણા કલાવારસાને એક મનોરમ દેણ છે.

માંડણાં=માંડના–માંડવું–ચીતરવું. માંડણાંના મુખ્ય બે પ્રકાર: ભોંય-માંડણાં અને ભીંત-માંડણાં. માટીના તો યે નાના નમણા એવા નિજના ઘરના ગોબર-લીંપ્યા ઓટલે કે ખડી-ધોળી ભીંત પર એણે રંગ અને રેખાની મનોહર પટગૂંથણી ઉતારી છે.

ઊગતો પહોર છે. આછો આછો વાયરો વાય છે. નીચે ઝૂકચા નેજવાનાં નળિયાંમાં તડકો રમત કરે છે. છાપરે બે હોલાં બેઠાં-બેઠાં ઘૂઘવે છે. ક્યારેક કલબલ કરતી કાબરો માથેથી ઊડી જાય છે, ક્યારેક આંગણામાં ડોલતી ગાયુંને ગળે બાંધેલી ઘંટડીઓ રણકી ઊઠે છે–ને ઓટલે બેઠીબેઠી એ આલેખે છે.

સૌ પ્રથમ ઉંબરે ઝૂલ કાઢી. હીરગૂંથ્યાં તોરણ નથી તો શું? કુલડીમાંથી રંગ લઈને તોરણ આલેખ્યાં. પછી કાઢ્યું કમળ,—મા લક્ષ્મીનું આસન. અને સામે આલેખ્યાં 'પગલ્યાં'! બે મોટાં ને બે નાનાં. બે મા લક્ષ્મીનાં, અને બે, માએ દીધેલ રતન જેવા દીકરાનાં! (સામે)

'આવો મા! મારું રાંકનું ઘર અજવાળો! માટીનું તોયે નમણું છે, ચોખ્ખુંચણક છે. રૂપા સરખી ભીંતો છે, સોનાવરણો ઓટલો છે, રતન જેવો દીકરો આંગણામાં રમે છે!'

ને જાણે લક્ષ્મી પધાર્યાં હોય એમ તડકાનાં તેજ વધે છે, પાછલી પછીતે ઝૂકચા લીંબડા પર મોરલા ગહેકી ઊઠે છે.

ને હરખ ભરીભરી એ આલેખે છે સૂરજ ને ચંદર, હાથી ને કળશ, પંખો ને ચૉક, મોર ને ઢેલ. નોખાંનોખાં રૂપો પ્રગટે છે. ઓટલો આખો ભરાઈ ગયો છે, એટલે છેવટે આખા ઓટલાની ધાર ફરતે કાઢ્યાં 'ગો-પગલ્યાં'!

'ગૌ મા! તને તો કેમ ભુલાય? તું તો મારી અન્નપૂર્ણા! તારી ઓથે તો આ મરુ ભોમમાં યે અમે નંદનવનનો આનંદ માણીએ છીએ.'


રાતો ને પીળો, ભૂરો ને લીલો—એવા રંગ એ ધોળી ભીંત પર ઝગે છે. ઝગે જ ને? એ તો બધા ધરતીના રંગ. રાતો આવ્યો ગેરુમાંથી. પીળી માટી પલાળી કીધો પીળો. લીલો તો જાણે રાજસ્થાનનો જ. (જયપુરની આસપાસની ખાણોમાંથી નીકળતો લીલા રંગનો એ પથ્થર દુનિયાભરમાં પંકાયો છે.) કાજળ ઘૂંટીને કર્યો કાળો ક્યારેક ગળીમાંથી ભૂરો બનાવે, તો ક્યારેક હિંગળોક પણ ચમકે.

ને પીંછી? બરૂની સળી, ને માથે વીંટચું રૂ, કે થઈ ગઈ પીંછી!

તહેવાર કે લગન ટાણે ભીંત આખી પર ચિતરામણના ચાકળા ચડે. એટલે એટલે જાણે ગાલીચા બિછાવાય. ભાતભાતના ચૉક પુરાય. રંગબેરંગી 'શેવરાં' (મોડ) ઝૂલે. 'બનડો' (વરરાજા) જો શહેરમાં રહેતો હોય તો સીટી વગાડતી અને વર્ષાનાં કાળાં વાદળાં જેવા ધુમાડાના ગોટા કાઢતી 'રેલગાડી' પણ એમાં દોડે. ક્યાંક વસ્તુને અનુરૂપ એવાં સુંદર પ્રતીક હોય, ક્યાંક સીધાં અને સરળ તો ય નમણાં એવાં તળપદાં રૂપ હોય. વર્ણવવાથી આંખને એમાં તાદૃશતા નહિ જડે, પણ એટલું જ ભાવનિરૂપણ અને રેખાની સહજતા તો વરતાયા વિના નહિ રહે. (ઉદાહરણ અર્થે (જુઓ પહેલા પૂઠામાં) હાથીના અંગનું ડોલન કે મોરનો ઠમકો; ભરાવદાર આંકડાવાળો 'બિછુડો' કે ઝાલરવાળો પંખો.

રાજસ્થાનને ગામડે ગામડે ને શેરીએ શેરીએ આ અણખૂટ ખજાનો પડચો છે. એ પામવા માત્ર આપણી દૃષ્ટિ જ કેળવવી રહી. [આ લેખમાં પ્રગટ થએલાં રેખાંકનો તો માત્ર વનસ્થલી અને તેની આજુબાજુનાં ગામડાંઓમાંથી જ એકઠો કરેલો કલા-સંચય છે.]



લોકકલ્પના જ્યારે રમણે ચડે છે ત્યારે વસ્તુઓની મૂળ આકૃતિને કેવી વિવિધ અને ચિત્તાકર્ષક ભાતગૂંથણીનું રૂપ આપી દે છે તેનાં ઉદાહરણ આ આલેખનો પૂરાં પાડે છે. અને પછી એ પેઢીઉતાર રૂપો એવી ભૌમિતિક આકૃતિમાં પરિણમે છે કે આપણને કલ્પના યે ન આવે કે એનું મૂળ રૂપ કયું હશે. દાખલા તરીકે આ નીચે આપેલી ત્રણ આકૃતિઓમાં વચલી આકૃતિ કમળની છે ને તેની આજુબાજુની બે આકૃતિઓ 'કમળચોક'ની છે.








પાછળ જણાવ્યું છે તેમ ઉપલી પહેલી બે આકૃતિઓ 'ચોક'ની છે, અને ત્રીજી 'જાળી'ની. અને એક તદ્દન નવો પ્રકાર આની નીચે જુઓ :





આ ઉપરની છ તથા નીચેની ડાબી બાજુની એક મળીને એ સાતે આકૃતિઓ શાની છે એની કાંઈ કલ્પના કરી શકો છો? એ છે 'પગલ્યાં' –પગલાં! એ મંગલ ને સમૃદ્ધિસૂચક પ્રતીકને અભણ ગ્રામનારીઓની બુદ્ધિ કેવી અનોખી અને કલ્પનાતીત આકૃતિઓમાં એનું સ્વ-રૂપાંતર કરે છે તેનાં આ ઉદાહરણ હેરત પમાડે એવાં છે. એનું મૂળ સ્વરૂપ તો છે આ લેખના મથાળાની આકૃતિમાં આપેલું સાદું સ્વરૂપ. એને પછી લોકકલ્પનાએ આવી નાનાવિધ તરાહોમાં બહલાવ્યું.



જમણી બાજુ: કાંગરીના મોર–ભીંતને સમૂળગી ખડીથી ધોળી કરી નાખવામાં શી મઝા? એટલે ફરતી કાંગરી કરી કાળી, ને એ કાંગરીએ કાંગરીએ મૂક્યા મોર! →





ભોંય-માંડણાં

ઉપરના ચિત્રમાં આપેલી ભોંય-માંડણાંની કેટલીક પ્રકીર્ણ આકૃતિઓ તેમાં લખેલા ક્રમ અનુસાર આ પ્રમાણે છે: ૧ સૂરજ, ૨ મોર, ૩ ચંદર, ૪ 'પગલ્યાં', ૫-૬-૮-૧૦-૧૧ ચોકના જુદાજુદા પ્રકાર, ૭-૯ ફૂલ, ૧૨ 'ગૌ-પગલ્યાં'=ગાયના પગની ખરીની છાપ. (વિશેષ આગલા પૂઠામાં)

એ સંસારવ્યાપી શોખ વિષે **ટિકિટસંગ્રહ** માહિતી આપતો વિભાગ

પોર્ટુગાલની ટિકિટો


યુરોપ ખંડની નૈઋર્ત્યે આવેલો આ નાનકડો મુલક ભારતમાંનાં એનાં સંસ્થાનોને કારણે આજકાલ તો આપણને બહુ જાણીતો થયો છે. એની ટિકિટો ઘણી વાર પ્રતીકાત્મક આલેખન માટે જાણીતી છે. એની છપાઈ પણ આકર્ષક હોય છે. તેની થોડી ટિકિટો પસંદ કરીને આ નીચે આપી છે.

પહેલી હારની પહેલી ટિકિટ પોર્ટુગલની શોધની ૮૦૦મી સંવત્સરી નિમિત્તની છે. તેના પર આકર્ષક પશ્ચાદ્ભૂમિ સાથે પ્રગતિ કરતાં મનુષ્યોનું આલેખન છે. અને નીચે 'Era Dos Descobrimentos' એટલે Era of Discovery–શોધનો યુગ એમ લખેલું છે. બીજી ટિકિટ પણ એ જ ૮૦૦મી સંવત્સરી નિમિત્તની છે, જેમાં મહાલયની પશ્ચાદ્ભૂમિ સાથે લાક્ષણિક ઢબે ઊભેલા ત્યાંના રાજા આલ્ફૉન્સો પહેલા(જે આલ્ફૉન્સો હર્નિઓસ તરીકે ઓળખાતો તે)નું આલેખન છે. ત્રીજી ટિકિટ રાજાશાહીની પુનઃસ્થાપનાની ૪૦૦મી સંવત્સરીની છે. તેના પર ઘોડેસવાર રાજા ડૉ. જુઆન ચોથાનું પૂતળું છે.

ગલનાં રક્ષક સાધ્વી તરીકે જાહેર કરવામાં આવ્યાં તેની ૩૦૦મી સંવત્સરીની છે અને તેમાં ફ્રાન્સના સુપ્રસિદ્ધ દેવળ નૉત્રદામ અનુસારનું 'મૅડોના ઍન્ડ ચાઈલ્ડ'(માતા મેરી અને શિશુ ઈસુ)નું ચિત્ર છે.

બીજી ટિકિટ પર સોળમી સદીના મહાન પોર્ચુગીઝ કવિ ગિલ વિસેન્ટની છબિ છે, જે કવિના મૃત્યુની ૪થી શતાબ્દી નિમિત્તે બહાર પાડવામાં આવેલી છે. ત્રીજી ટિકિટ 'કલાના ઇતિહાસ'ની ૧૬મી આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસ પોર્ટુગલમાં ભરાઈ તેની છે અને તેના પર પુરાણા સમયની આકર્ષક કોતરણીવાળી ખંડિત મૂર્તિનું આલેખન છે.

ચોથી ટિકિટ પોર્ટુગલની પહેલી ખેતીવાડી વિજ્ઞાન કૉંગ્રેસ નિમિત્તની છે, જેના પર ખભે ખેતીનું ઓજાર લઇને પ્રગતિના પંથે પ્રકાશદિશામાં જતા ખેડૂતનું આલેખન છે. પાંચમી ટિકિટ પર પશ્ચાદ્ભૂમિમાં પ્રગતિનો મિનારો બતાવ્યો છે, જે પર 'Tudo Pela Nacao' એટલે કે All for the Nation (દેશને માટે સર્વસ્વ) એમ લખેલું છે. તેની નીચેની ટિકિટ પર ૧૬મી સદીના 'ગૅલીઑન' જહાજનું ચિત્ર છે.



ચોથી ટિકિટ ઇ. ૧૯૪૬માં ઊજવાએલી બૅંક ઑવ પોર્ટુગલની ૧૦૦મી સંવત્સરી નિમિત્તની છે, જેમાં ઢંઢેરો કે સનદ ધારણ કરેલી કોઈ દેવીનું આલેખન છે. હાથમાંની એ તકતી પર 'Decreto De La De Novem 1846' શબ્દો કોરેલા છે. પાંચમી ટિકિટ દેઉસના સંત આઓ જોઆનોની ૪૦૦મી સંવત્સરી નિમિત્તની છે.

બીજી હારની સૌથી પહેલી ટિકિટ કૅસ્ટિલેનાં સાધ્વી મેરીને પોર્ટુ-

છેલ્લી ટિકિટ 'પોર્ટુગલના વહાણવટીઓ' એ માળામાંની એક ટિકિટ છે, જેના પર ૧૫મી સદીના વિખ્યાત વહાણવટી અને હિંદની ભૂમિના કાલિકટ બંદર પર પગ મૂકનાર પહેલા યુરોપિયન વાસ્કો દ ગામાનું ચિત્ર છે. તેની એક બાજુએ દિશાસૂચક કંપાસ અને બીજી બાજુએ વહાણના સુકાનનું આલેખન છે.

(અજિતકુમાર સંઘવીના સૌજન્યથી)

તાજેતરમાં જ ઑસ્ટ્રેલિયાના પોસ્ટ-માસ્તર જનરલ મિ. હુબર્ટ ઍન્થનીએ એક યોજના વિચારી છે, જેમાં ઑસ્ટ્રેલિયાના ઊંચામાં ઊંચા પર્વતશિખર માઉન્ટ કૉન્કયુસ્કો (Mt. Kosciusko) ઉપર એક ટપાલ-પેટી મૂકવામાં આવશે. ત્યાંથી ટપાલ-રવાનગી માટે નાખેલા પત્રો ઉપર 'The Summit, Mount Kosciusko, the Roof of Australia' એવી ખાસ રદ્દીકરણની છાપ મારવામાં આવશે. –ભરત ઉપાધ્યાય

એક મકાનમાલિકની વાત

પંચતંત્રની વાતો

આધુનિક જીવન પર કટાક્ષ કરતી
પંચતંત્રની શૈલીની વાતો-૬

લેખક
નવનીત સેવક



એક વેળાએ અમદાવાદ નામે નગરમાં સોમચંદ નામે સુથાર રહેતો હતો. આવડત વડે કરીને આગળ વધ્યો છે જે, એવો તે સોમચંદ,ત્યાર બાદ મકાનો બાંધવાનું કામ કરવા લાગ્યો તથા સિમેન્ટમાં ચૂનો ભેળવીને, ઇન્સ્પેક્ટરોને લાંચ આપીને તથા એવાં જ કામો વડે કરીને કૉન્ટ્રાક્ટર બન્યો. કહ્યું છે કે—

નેતા પ્રધાન બને છે, સત્યાગ્રહી શહીદ બને છે, વકીલ ન્યાયાધીશ બને છે, કૉન્ગ્રેસી સમાજવાદી બને છે તથા કડિયા, સુથાર અને લુહાર કૉન્ટ્રાક્ટર બને છે...૧

ત્યાર બાદ કૉન્ટ્રાક્ટ વડે કરીને સારું એવું ધન મેળવાયું છે જેનાથી, એવા તે સોમચંદ નામે સુથાર દ્વારા આ પ્રમાણે વિચારાયું, 'અહો! સારું એવું ધન હોવા છતાં પણ લાલ દરવાજા બસ સ્ટૅન્ડની જેમ વારંવાર રહેઠાણ બદલવું પડે તે મારે માટે યોગ્ય નથી. તેથી શાન્ત જીવન ગાળવા ઇચ્છતા એવા મારા વડે, મહારાષ્ટ્ર જેમ મુંબાઈની માગણીને વળગી રહે છે તેમ, એક જ રહેઠાણ કાયમ રખાય તે જ યોગ્ય છે.'

આ પ્રમાણે મકાન ખરીદવાના વિચારવાળા એવા તે સોમચંદ નામે સુથાર વડે ત્યાર બાદ મકાન માટે છાપાંમાં જાહેર-ખબરો જોવાવા માંડી. કહેવત છે કે—

બેકારો નોકરી માટે, વાંઢાઓ સુશીલ રૂપવાન ને ભાણે ખપતી કન્યા માટે, સટોડિયાઓ આંકફરક માટે, વહેમીઓ (અઠવાડિક) ભવિષ્ય માટે, રોગીઓ મફત વૈદ્યકીય સલાહ માટે અને મકાન ખરીદનારાઓ પોતાને અનુકૂળ મકાન છાપાં વાંચે છે...૨

એ પછી શહેરના મધ્ય ભાગમાં મકાન ખરીદ્યું છે જેણે, એવો તે સોમચંદ નામે કૉન્ટ્રાક્ટર જે કહેવાય તે, એ મકાનમાં રહેવા ગયો. થોડો સમય વીત્યા બાદ એક વેળા પ્રભાતના પહોરમાં જ્યારે લોકો વડે દાતણ કરીને રસ્તામાં ફેંકવામાં આવતાં હતાં, મોડા ઊઠનારાઓ દ્વારા મીંચેલી આંખે ઍલાર્મ બંધ કરાતાં હતાં, સુશીલ ગૃહિણીઓ વડે ઘર સાફ કરીને કચરો રસ્તા પર ફેંકાતો હતો તથા જાજરૂ પાસેની લાઇનોમાં ઉમેદવારોનો ઉમેરો થતો હતો,ત્યારે પોતાના મકાનમાં બેસીને ચા પી રહેલા તે સોમચંદ નામે સુથાર પાસે આવીને એક મનુષ્ય આ પ્રમાણે કહેવા લાગ્યો, 'હે બંધુ! આપ આ મકાનના માલિક છો એવું જેના જાણવામાં આવ્યું છે એવો હું,ભાઈલાલ નામે પટેલ, આપની પાસે આવ્યો છું. વિષ્ણુએ જેમ સમુદ્રમાંથી લક્ષ્મી કાઢીને શેષશય્યા પર નિવાસ કર્યો તેવી જ રીતે આપે પણ લોકોનાં ખિસ્સાંમાંથી લક્ષ્મી કાઢીને આ 'સોમચંદ મૅન્શન'માં નિવાસ કર્યો તે યોગ્ય જ છે.'

તેનાં આવાં વચન સાંભળીને તે (સુથાર) વડે આ પ્રમાણે કહેવાયું, 'હે બંધુ! પ્રસ્તાવના કરવાનો ઇજારો ગુજરાતના સાક્ષરોનો છે, માટે કરીને તારે જે કહેવાનું હોય એ તું સીધું જ કહેવા માંડ.'

તે પરથી તે ભાઇલાલ નામે પટેલ વડે આ પ્રમાણે કહેવાયું, 'હે બંધુ! આપની જરૂરિયાતના પ્રમાણમાં આ મકાન અત્યંત મોટું હોવાને લીધે આપના વડે થોડું રૂમ-દાન થાય તે યોગ્ય જ છે. હે મહાનુભાવ! ડાંગ અને આબુ જતાં કરનાર ગુજરાત જેવા ઉદાર મનવાળા આપ વડે પણ મને એક બે રૂમ અપાય તે ઉચિત જ થશે.'

આ પ્રમાણે સાંભળીને સંતુષ્ટ થએલા એવા તે સોમચંદ વડે ત્યાર બાદ તે(પટેલ)ને થોડીએક પાઘડી લઇને બે રૂમ કાઢી આપવામાં આવ્યા, તથા છ મહિનાનું ભાડું પહેલેથી લેવાયું. કેમકે, કહ્યું છે કે—

રેલવેની ટિકિટબારી પરથી પરચૂરણ, કંજૂસ શેઠ પાસેથી પગાર, ઉડાઉ પતિની આવક તથા ઓળખાણ વિનાના ભાડૂતનું ભાડું, એ સર્વ પહેલેથી ગણી લેવાં...૩

ત્યાર બાદ છ માસ વીત્યા પછી પાઘડી આપવી પડી હોવાને લીધે અપ્રસન્ન થએલો એવો તે ભાઇલાલ નામે પટેલ, ગોવા આપવા અખાડા કરતા પોર્ટુગાલની જેમ ભાડું આપવા માટે અખાડા કરવા લાગ્યો. તેને આ પ્રમાણે કરતો જોઇને તે સોમચંદ નામે સુથાર વડે તેને અનેક નોટીસો અપાઈ, તથા તેમ છતાં પણ તેના વડે ભાડું નહિ અપાતાં તે સોમચંદે નળ કાપવાની, ભાડૂતી દાદાઓ વડે માર ખવડાવવાની તથા કોર્ટે ઘસડવાની ધમકીઓ આપી. આમ છતાં યે કંઈ વળ્યું નહિ ત્યારે તે સુથાર અત્યંત ઉદ્વેગને પામ્યો. ઘણો વિચાર કરવા છતાં પણ ઉપાય સૂઝ્યો નથી જેને, એવા તેના વડે ત્યાર બાદ એક વકીલની પાસે જઇને સઘળી વાત કહેવાઇ તથા પૂછાયું, 'હે બંધુ! શ્વેત વસ્ત્રોને મત આપીને ઉદ્વેગ પામતા નાગરિકની જેમ ભાઇલાલ નામે પટેલને મકાન આપીને ઉદ્વેગને પામેલો એવો હું તમારી પાસે માર્ગદર્શન માટે આવ્યો છું.'

તે પરથી તે વકીલ વડે આમ કહેવાયું, 'હે સોમચંદ! તારા વડે તે મકાન ભાડે અપાયું તે અત્યંત ખરાબ છે. (આ) ઠીક જ કહ્યું છે કે—

નોકરી વિનાનાને કન્યા, આબરૂ વિનાનાને માન, અક્કલ વિનાનાને સલાહ, કૃતજ્ઞતા વિનાનાને મદદ તથા ઓળખાણ વિનાનાને મકાન આપવું જોઇએ નહિ'...૪

તેનાં આવાં વચન સાંભળીને તે સુથારે કહ્યું, 'હે ભાઇ! હું આપની પાસેથી ભાષણ શ્રવણ કરવા નથી આવ્યો, પરંતુ સલાહ લેવા આવ્યો છું. કેમકે કહેવત છે કે—

પ્રધાનો પાસેથી વચનોની આશા રખાય છે, નેતાઓ પાસેથી ભાષણોની આશા રખાય છે, કાર્યકરો પાસેથી શિખામણોની આશા રખાય છે, સરકાર પાસેથી સમિતિઓની આશા રખાય છે તેમજ વકીલો પાસેથી સલાહની આશા રખાય છે...૫

માટે હે બંધુ! આ સંજોગોમાં મારે શું કરવું તે ફ્રી લઇને આપ કહો.'

તેનાં આવાં વચન શ્રવણ કરીને પ્રસન્ન થએલા એવા તે વકીલ વડે ત્યાર બાદ આમ કહેવાયું, 'હે ભાઇ! તને એ મકાનનું ભાડું સહેલાઈથી મળે એવો સંભવ નથી, માટે ગુજરાત જેમ આબુની આશા છોડી દે એમ તું પણ રૂમની આશા છોડી દે તે જ ઠીક છે. તેમ છતાં પણ જો તારે તે ભાઇલાલ નામે પટેલને હેરાન જ કરવો હોય તો તું ભૂદાનયજ્ઞમાં જમીન આપી દેનાર હીરાલાલ નામે વણિકની જેમ આ મકાન સંપત્તિદાનમાં આપી દે. કહ્યું છે કે—

બળતું ઘર દાનમાં અપાય છે, ખોટા પૈસા મંદિરમાં

નખાય છે, ખોડી ગાય પાંજરાપોળમાં મોકલાય છે ને ઝગડાની જમીન ભૂદાનમાં અપાય છે'...૬

તેથી તે સુથાર બોલ્યો, 'એ પ્રમાણે કેમ?' તે પરથી તે વકીલ વડે આ પ્રમાણે કહેવાનું શરૂ કરાયું—

હીરાલાલ નામે વણિકની વાત

કોઇ એક વેળાએ કોઇ એક ગામડામાં હીરાલાલ નામે વણિક વસતો હતો. વ્યાજવટાવનો ધંધો છે જેનો, એવો તે વણિક ત્યાર બાદ ખોટાં ખાતાં પાડીને, ખાતાંમાં ઓછા પૈસા જમા કરીને તથા એકનાં અનેકગણાં વ્યાજ ચડાવીને સારા એવા ધનને પામ્યો. ત્યાર પછી તે ધનનો ઉપયોગ કરવા ઇચ્છતા એવા તે વણિકે વિચાર્યું, 'અહો! હવે મારા વડે આ(ધન)ની જમીન ખરીદાય તે યોગ્ય જ છે. કહ્યું છે કે—

નોટોને ઉંદર કાપી જવાનો ભય છે, સોનાને ચોરાઈ જવાનો ભય છે, રોકડા (નવા) રૂપિયાને કાટ લાગવાનો ભય છે, માટે સમજુ મનુષ્ય વડે ધન દ્વારા જમીન ખરીદાય તે જ યોગ્ય છે...૭

માટે પૈસાને પ્રાપ્ત થએલા એવા મારા વડે જમીન ખરીદાવી જોઇએ'

આ પ્રમાણે વિચાર કરી રહેલા એવા તે હીરાલાલ નામે વણિકે ત્યાર બાદ જમીન ખરીદી અને ખેડવા માટે અરધા ભાગે આપી દીધી. ત્યાર પછી ચોમાસું જતાં જ્યારે અનાજ લણવાની શરૂઆત થતી હતી, ભાગે ખેડવા લીધેલી જમીનવાળા ખેડૂતો વડે રાતે અનાજ છાનુંમાનું ઘર ભેગું કરાતું હતું તથા દુશ્મનો વડે પાક બાળવાની ધમકીઓ અપાતી હતી, ત્યારે તે વણિક પોતાના ખેડૂતને ત્યાં ગયો અને અરધા અનાજની માગણી કરી. તે સાંભળીને દુઃખી થવાનો અભિનય કરી રહેલા તે ખેડૂત વડે આમ કહેવાયું, 'હે ભાઈ! વરસાદ ઓછો આવવાને લીધે આ વર્ષે અનાજ ઓછું પાક્યું છે, તથા તેમાં રોગ થવાને લીધે બિલકુલ નહિવત્ જેવું રહ્યું છે. માટે કરીને હે બંધુ! આ થોડું ઘણું છે તેમાંથી અરધું તમે લઈ જાવ.'

એ પછી ખેડૂતની લુચ્ચાઇ પારખી ગયેલો તે વણિક કંઇ પણ બોલ્યા વિના થોડું અનાજ લઇને ઘેર ગયો તથા ચારપાંચ વર્ષો સુધી આમ ચાલ્યા કરવાને લીધે અત્યંત ચિંતામાં પડ્યો. ત્યાર બાદ જમીનનો કબજો સોંપી દેવાની નોટીસો અપાઇ છે જેના વડે એવો તે વણિક કંઈ પણ પરિણામ નહિ આવતાં કોર્ટમાં જવાની તૈયારી કરવા લાગ્યો. આ વાત શ્રવણ કરી છે જેણે, એવા એક સામાજિક કાર્યકર વડે ત્યાર બાદ તે વણિકને ત્યાં જવાયું તથા આ પ્રમાણે કહેવાયું, 'હે બંધુ! પાકિસ્તાન જેમ ગોવાનો પક્ષ કરે છે તેમ સરકાર પણ ખેડૂતોનો પક્ષ કરે છે, માટે તમારા વડે કોર્ટમાં જવાય તે ઉચિત નથી. માટે કરીને હે બંધુ! તમે જો કંઈ પણ કરવા માગતા હો તો ઝગડાવાળી જમીન ભૂદાનયજ્ઞમાં આપી દો.'

તે પરથી તે વણિક વડે 'ભૂદાનયજ્ઞ કઈ માતાનો હવન છે' એમ પૂછાતાં તે કાર્યકર વડે આમ કહેવાયું, 'હે મિત્ર! ભૂદાનયજ્ઞ એ દરિદ્રનારાયણનો યજ્ઞ છે અને તેમાં સક્રિય ભાગ લેવાથી નવરા બેઠેલાઓને કંઇક કાર્ય કર્યાનો સંતોષ મળે છે, મૂંગા લોકસેવકોને ભાષણ કરવાની તક મળે છે તથા નિસ્પૃહ ગણાતા કાર્યકરો હારતોરાના ઢગલા પામે છે. હે બંધુ! દાન આપનારની પણ છાપામાં પોતાનું નામ તથા ઘણીવાર ફોટો છપાવવાની ઇચ્છા પાર પડે છે, માટે તમારા વડે પણ આ ઝગડાવાળી જમીન ભૂદાનમાં આપી યશ મેળવાય તે યોગ્ય જ છે.'

તેની વાત સાંભળીને તે હીરાલાલ નામે વણિક વડે પણ સભામાં તાળીઓના ગડગડાટ અને ફોટો-ફ્લૅશના ઝળહળાટ વચ્ચે તે ઝગડાવાળી જમીન દાનમાં અપાઇ તથા છાપામાં બીજે દિવસે પોતાનું નામ જોઈ સંતોષ પમાયો.'

આ પ્રમાણે વાર્તા પૂરી કરીને તે વકીલે તે સોમચંદ નામે સુથારને કહ્યું, 'તે માટે હે બંધુ! તારા વડે પણ તે ઝગડાવાળું મકાન સંપત્તિદાનમાં અપાય તે યોગ્ય જ છે.'

તે પરથી તે સુથાર વડે વદાયું, 'હે બંધુ! તમારી સલાહ સારી હોવા છતાં પણ સીમાપંચના ચુકાદાને ન સ્વીકારી લેતા મહારાષ્ટ્રની જેમ મારાથી તે સ્વીકારી શકાશે નહિ; માટે હે ભાઈ! હું એ ભાઈલાલ નામે ભાડૂતને મારા પોતાના ઉપાય વડે કરીને ખાલી કરાવીશ.'

ત્યાર બાદ તે પટેલ પાસે મકાન ખાલી કરાવવા માટે બાજુના રૂમ કોઈ નિરાશ્રિતને ભાડે આપવાનો વિચાર કરાયો છે જેનાથી એવા તે સોમચંદ વડે એક દિવસ નિરાશ્રિત બજારમાં જવાયું, તથા જ્યારે વેપારીઓ વડે 'આઓ શેઠજી'ની બૂમો પાડવામાં આવતી હતી, સૅક્રીનની ચાના ઑર્ડર અપાતા હતા, સિંધી ભાષામાં ગાળો દેવાતી હતી તથા સાડા ત્રણનો ભાવ કહીને સવા રૂપીએ કાપડ ફડાતું હતું ત્યારે એક હૃષ્ટપુષ્ટ વેપારીની દુકાને જઇને સઘળી વાત કહેવાઈ તથા મદદ મગાઇ. તે વેપારી વડે પણ 'આવો લાગ ફરી નહિ મળે' એમ વિચારીને આ પ્રમાણે કહેવાયું,' 'હે મિત્ર, તમારા મકાનમાં જો મને રૂમ ભાડે મળશે તો મારા વડે તે પટેલને રોજે સડેલાં ઈંડાં બારણામાં ફેંકીને, ન હોય ત્યાંથી ઝગડો ઊભો કરીને, ગાળો દઈને, ધમકી આપીને તથા એવા અનેક ઉપાયો વડે કરીને મકાન ખાલી કરાવાશે તે નક્કી માનજો.'

તે પછી તે નિરાશ્રિત વેપારીને મકાન અપાયું છે જેના વડે એવો તે સોમચંદ નામે સુથાર તે(વેપારી)ની એક આનાવાળી ચા પીને રાજી થતો ઘેર ગયો. ત્યાર બાદ થોડા દિવસ પછી નિરાશ્રિત પાડોશી વડે કંટાળી ગએલા તે ભાઇલાલ નામે ભાડૂત વડે જ્યારે ઘર ખાલી કરવામાં આવ્યું ત્યારે તે સુથાર તે સિંધી વેપારીને ધન્યવાદ આપીને કહેવા લાગ્યો, 'હે બંધુ! આપે મારી જે મદદ કરી છે તે માટે આપ આભારને યોગ્ય છો, પરંતુ હે ભાઈ! આપણું બાકી રહેલું ભાડું હવે આપના વડે અપાય તે બરાબર છે.'

તેનાં આ વચન સાંભળીને લાલ આંખો થઇ છે જેની એવા તે સિંધીએ કહ્યું, 'હે સુથાર! તારા વડે ઉપકારનો બદલો આ રીતે અપાય તે યોગ્ય નથી. માટે હે ભાઈ! ભાડાની વાત કર્યા વિના પોતાની જાતની સલામતી ઇચ્છતો એવો તું દૂર જતો રહે.'

તેનું આવું બોલવું સાંભળીને 'આની પાસે કંઇ નહિ વળે' એવો વિચાર કર્યો છે જેણે એવો તે સોમચંદ નામે સુથાર વીલે મોંએ ઘેર ગયો.

સાર: પટેલ કાઢતાં નિરાશ્રિત પેસે.

પચ્ચીસ વર્ષ પહેલાં



કારતક ૧૯૮૭
અંક ૮૩

પરદેશી સરકાર સામેની લડતના જુવાળના એ કાળે જે સાહસોત્સાહ ને રાષ્ટ્રોદ્રેક પ્રેરતાં કાવ્યો 'કુમાર'માં આવતાં તેની પણ એક વિશિષ્ટતા હતી. એવા શ્રી સુંદરમ્‌ના 'સાફલ્યટાણું' કાવ્યમાંની પંક્તિઓ આ વખતે જોઇએ:

સૂતેલા આજ જાગે, નયનથી નિરખી જાગતા લોક દોડે,
દોડેલા ત્યાં ઝઝૂમે, અડગ કદમ ત્યાં ઝૂઝતા સિદ્ધિ પામે.
વિદ્યુત્વેગે મુમુક્ષા અણુઅણુ પ્રસરે લો આબાલવૃદ્ધે,
વ્હાલાંનાં વ્હાલ, તાજાં તનુજ કુસુમ શાં, ચિત્તની કૈં મહેચ્છા,
સિદ્ધિઓ ઝિન્દગીની, રજરજકરીને સંચિયા દ્રવ્યઓઘો,
પ્રાણો ઉત્કર્ષશોખી ધસીધસી જનનીઅંચળે આવી પૂગે.
આવે આવે ફરી સૌ દિવસ રજની, એ સૂર્ય એ ચંદ્ર ઊગે,
આવે સંપત્તિ પાછી, સુખમય સમયો આવતા, ઝિન્દગીઓ
આવે એકેક પાછી, મરણ પણ મળે કેટલાં કીર્તિમીઠાં,
રે આ સાફલ્યટાણું યુગયુગ પલટે તો યે પાછું ન આવે.

'જ્યારે ગુર્જરીનું માત્ર નામ જ હતું, જ્યારે તેના તનુજો એકતા વિના તરફડતા, જ્યારે તેની સેવા એ મૂર્ખાઇ મનાતી, તેનું ગૌરવ એ સ્વપ્નું લેખાતું, તેનો પ્રતાપ કદી જોયો ન જણાતો, એવા ભયંકર નિરાશામય સમયમાં એ અદૃષ્ટ જનનીની ગૌરવમૂર્તિ ઘડવા એમણે આજીવન અથાગ શ્રમ ખેડચો. ગુજરાતની રાષ્ટ્રીય અસ્મિતાના એ અવતાર હતા. તેને જ માટે તે જીવતા; તેને જ માટે તેમણે ત્યાગવૃત્તિ ધારી; તેને જ માટે તે નવાનવા માણસોના સંસર્ગમાં આવવા ઝંખતા; તેને જ માટે તે ગમે તે વેઠી બધાને એ ભાવનાએ પ્રેરવાને મથતા. તેમના હૃદયમાં એક જ વિચાર હતો: આપણું સાહિત્ય ક્યારે સમૃદ્ધિવાન થાય, આપણી કલા ક્યારે વ્યક્તિત્વ પામે, આપણો ઇતિહાસ ક્યારે સજીવન થાય, આપણી સામાજિક ને રાષ્ટ્રીય સાનુકૂળતા ક્યારે સધાય, આપણી સંસ્કૃતિ ક્યારે વિજય પામે, અને આ બધાંને પરિણામે નવીન ગુજરાત ક્યારે અવતરે. એમની નજર આગળ નવીન ગુજરાત સ્વપ્નું નહોતું, જીવંત વ્યક્તિ હતી. બધાને એ પ્રેરતા તે એક-જ લક્ષ્ય તરફ: ગુજરાતનાં ગૌરવ, એકતાનતા, અસ્મિતા.'

આ રીતે જેમને શ્રી કનૈયાલાલ મુનશીએ અંજલિ આપેલી તે સ્વ. રણજિતરામ વાવાભાઇનાં શ્રી રવિશંકર રાવળે લખેલા સ્મરણલેખથી એ અંક શરૂ થએલો અને એ અંકમાં ગુજરાતની ગૌરવમૂર્તિ ત્રિભુવનદાસ ગજ્જરનું ચરિત્ર મધ્ય વહેણમાં પહોંચેલું. એ મહાનુભાવ વૈજ્ઞાનિકની ભાવનાઓ કેટલી ઉચ્ચ હતી તે દર્શાવતો એક જ ફકરો ઉતારીએ:

'ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ૧૯૦૨-માં એમ. એ.ના પરીક્ષક તરીકે મુંબાઈ આવેલા ત્યારે પ્રો. ગજ્જર જોડે તેમનું સવિશેષ ઓળખાણ થયું, જે ગાઢ મૈત્રી રૂપે પરિણમ્યું. આવા સમર્થ સાક્ષર અને મહાન વૈજ્ઞાનિકનો યોગ થયો એટલે બંનેએ મળી દેશની ઉન્નતિ અર્થે તથા લોકકલ્યાણ માટે, દેશની સંસ્કૃતિ ને સંસ્કાર જગાડનાર સાક્ષરો ને વિદ્વાનોનો સંઘ, સંસારસુધારકોનો સંઘ, દેશની કારીગરી તથા ધંધાઉદ્યોગના નિષ્ણાતોના સંઘ ઇત્યાદિ મંડળો ઉઘાડવાની આવશ્યકતા જોઇ. આ દરેક સંઘના સભ્યો સ્વયંસેવકો જેવા બની દેશકલ્યાણ અર્થે પ્રચારકાર્ય, ધંધાઉદ્યોગનાં કારખાનાંની સ્થાપના, વૈજ્ઞાનિક જ્ઞાનના પરબ રૂપી શાળાઓ ઇત્યાદિ વિવિધ કાર્ય કરે, ને તેમના જીવનનિર્વાહ અર્થે અમુક રકમ એક સામાન્ય ભંડોળમાંથી તેમને નિયમિત મળ્યા કરે એવી યોજના ઘડી. આ ભંડોળ કોઈ રાજામહારાજા કે શ્રીમંતો પાસેથી માગીભીખીને એકઠું ન કરતાં પોતાની મોતી ધોવાની લાખ્ખોની કમાણીમાંથી મોટો ફાળો તેમાં અર્પણ કરવો એવો પ્રો. ગજ્જરનો મનોરથ હતો. આ કલ્પનાને તેમણે 'કલ્યાણગ્રામની યોજના' એવું નામ આપ્યું. ખરેખર, કલ્પના ભવ્ય હતી; તેમાં પોતાના સ્વાર્થનો ભોગ પણ એટલો જ ભવ્ય હતો. આવું એક ઇલાયદું ગ્રામ રચવા સારુ જોઈતી જગ્યા પણ પોતે અંધેરીમાં એક સ્થળે જોઈ આવ્યા અને મિત્રોને દેખાડી. વળી આ આખી યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે સ્વ. સાક્ષરરત્ન શ્રી રણજિતરામ વાવાભાઇ મહેતાને પોતાના ખાનગી મંત્રી તરીકે પણ રોકી લીધા. પ્રો. ગજ્જર શ્રી ગોવર્ધનરામ જોડે દેશોદ્ધારના અનેક પ્રશ્નોની રસભરી ચર્ચા કરતા, અને એ રીતે, આ સવગ્રાહ્ય કલ્પનાશીલ સાહિત્યકાર તથા ભવ્ય બુદ્ધિમાન વિજ્ઞાનશાસ્ત્રીનો સુંદર સમન્વય થયો, જેને પરિણામે જ ઉપરની કલ્યાણગ્રામની યોજના ઘડવામાં આવી હતી. શ્રી ગોવર્ધનરામે પણ એ જ કલ્પના પોતાની સર્વોત્કૃષ્ટ નવલકથાના ઉત્તરાર્ધમાં આલેખીને સરસ્વતીચંદ્રને દેશોદ્ધારના કાર્યોમાં યોજ્યો છે. પોતાની શોધ દ્વારા મળેલી લક્ષ્મીનો ઉપયોગ ઉપર મુજબ દેશોદ્ધારને સારુ કરી, સ્વદેશને પરદેશી માલનું ક્ષેત્ર બનતો અટકાવી, સ્વદેશી હુન્નર-



ઉપર: અજંતાની ૧૭મા નંબરની ગુફાની પરસાળની ભીંત પરનું, આકાશચારી 'ઇન્દ્ર અને તેના પરિવાર'નું આ ચિત્ર જગતના કલાવિવેચકોની પ્રશંસા પામ્યું છે અને આ સાધના દેખમાં નિરૂપેલા અજંતાના કલાકારના રેખા-સામર્થ્યનો તે એક નમૂનો છે.



←સામેનું ચિત્ર : અજંતાની ભીંતો પર ભગવાન બુદ્ધના પૂર્વજન્મની જાતકકથાઓનાં ચિત્રો પણ સળંગ ચિત્રકથાની રીતે આલેખેલાં છે, જેમાં ૧૭મા નંબરની ગુફામાં ચીતરેલા 'છદંત જાતક'ની કથાના ચિત્રનો એકભાગસામે આપ્યો છે. બોધિસત્ત્વ કોઈ જન્મે હાથી હતા અને તેમને બે માનીતી હાથણીઓ હતી. તેમાંની એકને કોઈ કારણસર તેની શૉક્ય ઉપર ખોટું લાગ્યું તેથી તેણે માથું પછાડી આપઘાત કર્યો અને એક રાજાને ઘેર જન્મી. આ જન્મે પણ તે પોતાનો રોષ ભૂલી નહોતી, એટલે તેણે ઉમરે પહોંચતાં પેલા શ્વેત હાથીનું માથું મેળવવા મારાઓને વનમાં મોકલ્યા. હાથીને એ જાણ થતાં તેણે સામા આવીને પોતાનો ઘાત થવા દીધો. રાજદૂતોએ તેના દંતૂશળો કાઢી લાવી રાજકન્યા આગળ રજૂ કર્યાં તે જ પળે તેનો વૈરાગ્નિ શાંત થયો ને તે દુઃખથી બેભાન થઈ ઢળી પડી. એ પ્રસંગનું આ ચિત્ર છે.

ઉદ્યોગ વડે જોઇતી સર્વ ચીજો અહીં જ તૈયાર કરવાનો શ્રી ગજ્જરનો મનસૂબો હતો અને એ રીતે દેશના કરોડો દરિદ્રનારાયણોને કામ આપી રોટલો રળાવવાની યોજના તેમણે કરી હતી. પણ આ કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવાનો સમય આવે તે અગાઉ પ્રો. ગજ્જર આર્થિકમુશ્કેલીઓના વાવાઝોડામાં સપડાયા અને તેમની ધારેલી મુરાદ બર ન આવી.'

ગયે અંકે શરૂ થએલી 'અંજતાના કલામંડપો' ઉપરની લેખમાળાના આ અંકમાંના બીજા હપતામાં, ત્યાંની એ મુગ્ધકર કલા વિષે શ્રી રવિશંકર રાવળે જે રસળતી બાનીમાં વર્ણન કર્યું છે તેના નમૂના રૂપ બેએક ફકરા ઉતારીએ:

'હજારો વર્ષ પહેલાંનાં જીવનનાં દર્દ, આનંદ, કરુણા વગેરે માનવ હૃદયને સહજમાં સ્પર્શ કરે એટલી સચોટરીતે અહીં આલેખાયાં છે. જોનાર જેમજેમ એ ચિત્રો પર આંખ ફેરવતો જાય છે તેમતેમ તે પોતાની આસપાસની સૃષ્ટિ ભૂલતો જાય છે અને પ્રાચીન યુગના રાજદરબારો, સુંદરીઓ, સાધુઓ અને નાગરિકોની સ્વપ્નસૃષ્ટિમાં તરવા માંડે છે. કોઇ ઠેકાણે રાજકુમાર દાન આપે છે ને ભિક્ષુઓ આગળ દોડે છે, અટારીઓમાંથી સુંદરીઓ છટાભર્યાં મુગ્ધ નયને લળી રહેલી દેખાય છે ને તેમના હાથમાંથી પુષ્પો ખરે છે.

આ મંડપોમાં કંઈક ચિતારાઓની પીંછી ફરી છે, પણ તે બધાનું મન એક અનિર્વચનીય ભાવમાં તરબોળ લાગે છે. બધા હૃદયે ભીના, જગતના પરમ દયામય બુદ્ધના આદર્શો દશ્ય કરવા મથતા, વિશ્વકર્માની પેઠે પીંછીમાંથી

ભાવ અને સ્વરૂપ પ્રકટાવતા એ ભીંતો ઉપર દિવસરાત મસ્ત થઇ કામ કરતા હશે ત્યારે જ આ વિશાળ ગંડપ આટલી સુંસંપન્ન કલા-સિદ્ધિનો નમૂનો બન્યો હશે. ભીંત પરનો એકએક ચહેરો ખાસ ધ્યાનનો વિષય બને છે. એકએક હાથની અંગુલિલીલા, તે પર સરતાં સુંદર વલયો, કટિભંગ કરી ચામર લઇ ઊભેલી પરિચારિકાઓ, શરમથી નેત્ર ઢાળી રહેલી સુકુમાર રાજબાળાઓ, શસ્ત્રો સાથે અશ્વો પર ગતિ કરતા યોદ્ધાઓ, એ બધી એ ચિતારાની સજીવ સૃષ્ટિ છે અને તે આપણને બધું સ્પષ્ટ બતાવવા એક પણ રેખા, એક પણ અલંકાર કે ભાવ અપ્રકટ રાખતો નથી.

ઘણા મુલકોની પ્રાચીન કળાનું સાધન રેખા છે, છતાં અજંતાના ચિત્રકારની રેખામાં જે અનેક તત્ત્વો પ્રકટ્યાં છે તે દુનિયાની બીજી કળાઓમાં જણાયાં નથી. અહીં પીંછી ઉપર કલાકારનું એટલું બધું પ્રભુત્વ દેખાય છે કે તેમાંથી ફૂટતી રેખા ભાવ પ્રમાણે જ સ્વરૂપ લેતી ચાલે છે. ગોળ કે ઘન આકૃતિઓને રેખામાં ઉતારવાની ક્રિયા તો તેમને સુસાધ્ય થઇ ગઇ હતી. ક્યાંક ઊપસતી આકૃતિઓ, ક્યાંક ઝૂલતા મોતીહારો અને મુલાયમ વસ્ત્રો, ક્યાંક ફૂલતી નાસિકા અને મૃદુ ઉદરો તો ક્યાંક ધાતુના મણિભૂષિત ઝગઝગિત મુકુટો જુઓ ત્યારે જ તમને અજંતાના ચિત્રકારનું આલેખન-સામર્થ્ય પ્રત્યક્ષ થાય. માત્ર રેખાઓમાં જ માનવ શરીરને આટલા બધા વૈવિધ્યથી આલેખનારા ચિતારા જગતમાં બીજે ભાગ્યે જ મળશે. લેશમાત્ર થથરાટ વગર, ને છટાપૂર્વક અર્થભાવ લક્ષણથી સંપૂર્ણ ચિત્ર દોરનારો અજંતાનો એ ચિત્રકાર એ યુગ લક્ષમાં લેતાં જગતનો કોઈ પયગમ્બર જ લાગે છે.'

જગતનાં ભયંકર દર્દોમાંના એક ગણાતા મૅલેરિયાની નાબૂદી વિષે ડૉ. થીઓડોર ક્રિસ્ટોએ શોધેલા એક અજબ ઉપાય વિષેનો લેખ ત્યારે 'કુમાર'માં આવેલો. એનો સૂચક ભાગ આજે યે એટલો જ તાજૂબીભર્યો લાગશે:

'હું લોકોને એક એવો રસ્તો બતાવવા માગું છું કે જેથી તેઓ દુનિયાના લોકોના ઘણા ભાગનો જીવ લેતા ઝેરી મૅલેરિયાથી બચી શકે. મારી આ શોધ ૩૩ વરસ પહેલાંની છે અને યુરોપ-અમેરિકાના બંને ખંડો તથા એશિયામાંના સેંકડો અખતરા અને દાખલાઓ વડે મેં સાબિત કરી છે. મૅલેરિયા તાવ શું છે તે હું સારી રીતે જાણું છું, કારણ કે તેનાથી હું ઓગણીસ વરસ રિબાયો છું.

૩૫ વરસ પહેલાં રશિયાના કૉકેસસ પર્વતના બાટુમ જિલ્લાના એક ગામડામાં મને રહેવાનો પ્રસંગ પડેલો. ત્યાં, એ ૬૦ મનુષ્યના નાના ગામડામાં પણ, મેં ફક્ત ચાર માણસ સિવાય બીજા બધાને મૅલેરિયાના તાવથી પીડાતા જોયા! આ ચાર માણસનું એક જ કુટુંબ હતું: સ્ત્રીપુરુષ અને તેમનાં બે બાળકો. એમની રહેવાની જગ્યા અને રીતો બીજાના જેવી જ હતી, છતાં એક બાબતમાં તે જુદી જણાઈ આવી. તેમના ઘરની આજુબાજુ કઠોળના છોડવા ઉગાડેલા હતા!

આ કિસ્સા ઉપરથી મૅલેરિયાને નાબૂદ કરવાની યુક્તિ મને જડી આવી. સામાન્ય રીતે મચ્છરો છોડના રસ ઉપર જીવે છે. તેમાંની જે પુરુષ જાતિ છે તે ફક્ત છોડવાઓનો રસ પીએ છે, જ્યારે સ્ત્રી જાતિ છોડવાઓના રસ સાથે મનુષ્ય અને પ્રાણીઓનું લોહી પણ ચૂસે છે. મને જણાયું છે કે આમાંના મૅલેરિયલ મચ્છરો જ્યારે કઠોળનો રસ ચૂસે છે ત્યારે તેમનું ઝેર બદલાઈ જઈ શમી જાય છે. તેઓ પછી મૅલેરિયાનો પ્રચાર કરી શકતા નથી.

મારા અખતરાઓનું પૂર્ણ વર્ણન આ નાનકડા લેખમાં જગ્યાના અભાવે કરી શકાય તેમ નથી. પણ હું એશિયા યુરોપ અને બંને અમેરિકામાં ખૂબ ફર્યો છું અને અનુભવસિદ્ધ બધે ઠેકાણે એ જ જોયું છે કે કઠોળના છોડ મૅલેરિયાનો ઉપદ્રવ અટકાવવામાં અગત્યનો ભાગ ભજવે છે. આ છોડમાં 'કુમેરીન' કરીને મચ્છરોને ભાવતો એક પદાર્થ થાય છે, અને તે, મનુષ્યના શરીરમાં ક્વિનાઇન જે ભાગ ભજવે છે તેવો ભાગ મચ્છરોમાં ભજવે છે.

દક્ષિણ અમેરિકાના આર્જેન્ટીના પ્રદેશમાં મૅલેરિયાના મચ્છરો ઘણા છે છતાં ત્યાં મલેરિયા નહિ જેવો છે, કેમકે ત્યાં એક સુગંધીદાર કઠોળનો જંગલી છોડ ઘણો થાય છે. મૅલેરિયાની ઋતુ શરૂ થાય છે ત્યારે જ આ છોડને ફૂલ આવવા માંડે છે. તેની તીવ્ર સુગંધથી ઘણા જંતુ આકર્ષાય છે; ખાસ કરીને મૅલેરિયાના મચ્છરો આનો રસ ખૂબ ચૂસે છે. પરિણામે આ છોડવામાં રહેલા 'કુમેરીન' પદાર્થથી મચ્છરોનું ઝેર નાબૂદ થઇ જાય છે.

હિંદુસ્તાનમાં પણ એ જ દાખલો બંધ બેસે છે. પંજાબ વગેરેમાં જ્યાં ચણા અને બીજાં કઠોળ સારી રીતે વવાય છે ત્યાં મૅલેરિયા હોતો નથી, જ્યારે ચોખાનું જ ફક્ત જ્યાં વાવેતર થાય છે ત્યાં બંગાળા વગેરેમાં મૅલેરિયાનું એકે ચક્રે રાજ ચાલે છે.

આમ, અજાણ્યે કઠોળનો પાક મૅલેરિયાથી મનુષ્યનું રક્ષણ કરી રહ્યો હોય છે. એને આપણે મૅલેરિયાના મચ્છરોનું ઝેર નાબૂદ કરવાના ઇરાદાથી સ્થળેસ્થળે દાખલ કરી શકીએ તો તેના ઉપદ્રવમાંથી બચી શકીએ.'

અને છેલ્લે, 'આવળ'ના છોડ વિષેનો એક નાનકડો જ લેખ, એ સોનારંગી ફૂલવાળો છોડ કેટલો સોનામૂલનો છે તે દર્શાવે છે:

'આવળનાં પીળાં ફૂલની પાંખડીઓ દેશી ગોળમાં મેળવી સવારસાંજ એકેક ગોળી ખાવાથી શૂળ મટે છે. કંપવા અથવા લકવા ઉપર આવળનાં ફૂલનું શાક ફાયદો કરે છે. શરીરે ખસ, ગડગુમડ, શીળસ, ચાંદાં અથવા તો ખુજારા જેવું હોય તો ગરમ પાણીમાં આવળનાં પાન નાખી તે વડે હમેશાં નાહવાથી કંચનસમી કાયા થાય છે. શરીરનો અમુક ભાગ ધ્રૂજતો હોય તો તેને આવળનાં પાનના પાણીથી ઝારવામાં આવે તો આરામ થાય છે. પ્રમેહ અથવા મધુપ્રમેહમાં આવળનાં ફૂલ સાથે સુખડના તેલની ગોળીઓ આવે છે તે મિલાવીને ખાવાથી તથા આવળનાં ફૂલનો ચા પીવાથી ફાયદો થાય છે. દાંત ઉપર છારી વળી હોય, મોં ગંધાતું હોય અથવા પેઢામાં દુખાવો થતો હોય તો, આવળની ડાળખીનું દાતણ, મીઠાના કે કોલસાના બારીક ભૂકા સાથે કરવાથી મોંનાં દર્દો મટે છે ને દાંત સાફ તથા મજબૂત થાય છે. આવળનાં પાન દૂધમાં બાફીને બાંધવાથી દુખતી આંખ મટે છે. આવળનાં મૂળની છાલ ચાવીને બેત્રણ ઘૂંટડા ગળવાથી ઝાડો ને મરડો મટે છે. આવળ ભાંગ્યાં હાડ સાજાં કરે છે. આવળનો લેપ, આવળનો બાફ અતિ ગુણકારી છે. આવળ ત્રણ જાતની થાય છે તેમાં ગામના સીમાડે જે પીળાં ફૂલવાળી આવળ નજરે પડે છે તેના જ આ ઉપાયો સૂચવવામાં આવ્યા છે. —ડૉ. ગુલાબચંદ બાલીશી



હાથીની ચિત્રણામાં ભારતીય કલાકારની સૈકા-જૂની શ્રેષ્ઠતાની સાબિતી આપતું અજંતાના મંડપોમાંનાં અનેક સુશોભનોમાંનું એક ઉદાહરણ.

ભારતના સંગીત-સાહિત્યનો સુવર્ણકાળ

લેખક
વિભુકુમાર શિ. દેસાઇ

ઈસુનો સત્તરમો સૈકો એ ભારતીય સંગીત-સાહિત્યની દૃષ્ટિએ સુવર્ણકાળ હતો. એ સૈકામાં ભારતમાં સંગીત ઉપર સૌથી વધુ પુસ્તકો રચાએલાં છે, જેની સંખ્યા આશરે અગિયાર છે:

૧ રાગ-વિબોધ (સોમનાથ) ઈ. સ. ૧૬૦૯-૧૦; ૨ સંગીત-દર્પણ (દામોદર-મિશ્ર) ઇ. ૧૬૨૫; ૩ સંગીત-સુધા (ગોવિંદ દીક્ષિત) ૧૬૧૪ થી ૪૦; ૪ હૃદય-કૌતુક (હૃદયનારાયણ) ઈ. ૧૬૬૦; ૫ હૃદય-પ્રકાશ (હૃદયનારાયણ) ઈ. ૧૬૬૦; ૬ ચતુર્દંડ-પ્રકાશિકા (વ્યંકટમખી) ઈ. ૧૬૬૦; ૭ સંગીત-પારિજાત (અહોબલ) સત્તરમા સૈકાનો ઉત્તરાર્ધ; ૮ રાગતત્ત્વાવબોધ (શ્રીનિવાસ) ૧૭મા સૈકાનો ઉત્તરાર્ધ; ૯ અનૂપ-સંગીત-વિલાસ; ૧૦ અનૂપ સંગીત રત્નાકર અને ૧૧ અનૂપ સંગીતાંકુશ ત્રણેના કર્તા ભાવભટ્ટ અને ત્રણેનો સમય ઔરંગઝેબનો.

(૧) રાગ-વિબોધ: દક્ષિણના કર્ણાટક સંગીત વિષે આ મહત્ત્વનું પુસ્તક ગણાય છે. 'સ્વરમેલ-કલાનિધિ' ગ્રંથના કર્તા રામ અમાત્યની માફક આના કર્તા પંડિત સોમનાથ પણ આંધ્રદેશના વતની હતા અને રાજમહેન્દ્રીમાં રહેતા. તેમના પિતાનું નામ મુદ્‌ગલસુરી અને માતાનું નામ જમ્પામ્બા હતું, અને દાદા પંડિત મેન્ગનાથ પણ એક જાણીતા પંડિત હતા. સોમનાથ પોતે પણ સંસ્કૃત તેમજ સંગીતશાસ્ત્રના વિદ્વાન હતા, અને તેઓ થોડો સમય બનારસમાં રહ્યા હતા તેથી ઉત્તર હિંદના સંગીતની અસર એમના ગ્રંથ 'રાગવિબોધ'માં જણાય છે.


રામ અમાત્યની માફક સોમનાથે પણ (૧) સ્વર (૨) વીણા (૩) મેલ તથા (૪) રાગ, એ ચાર વિષયો ઉપર જ વિવેચન કરેલું છે અને 'સ્વરમેલ-કલાનિધિ'ની તેમના પુસ્તકમાં અસર પડેલી જણાય છે. સોમનાથ ક્યારે થઇ ગયા તે વિષે ચોક્કસ હકીકત ઉપલબ્ધ નથી, પરંતુ એમના પુસ્તકને અંતે જણાવ્યા પ્રમાણે તેમણે શાકે ૧૫૩૧ની આશ્વિન સુદમાં હસ્ત નક્ષત્ર, અગ્નિતિથિ અને સોમવારે (એટલેકે ઈ. ૧૬૦૯ની ૧૮મી સપ્ટેમ્બર ને સોમવારે) એ પૂરું કર્યું હતું. એટલે તે ૧૭મા સૈકાની શરૂઆતમાં થઈ ગયા મનાય.

રામ અમાત્ય તથા પં. સોમનાથના શુદ્ધ સ્વરો અનુક્રમે ૪, ૭, ૯, ૧૩, ૧૭, ૨૦ તથા ૨૨મી શ્રુતિ ઉપર આવેલા છે અને વિકૃત સ્વરો પણ સરખા જ છે; પરંતુ સોમનાથે ચ્યુત **સા,** ચ્યુત **મ,** અને ચ્યુત **પ** ને બદલે મૃદુ **સા,** મૃદુ **મ** અને મૃદુ **પ**નાં નવીન નામો આપેલાં છે તેનું કારણ ઉત્તરના સંગીતની અસર હશે. વળી રામ અમાત્યના 'સ્વરમેલ-કલાનિધિ'માં જણાવ્યા પ્રમાણે પં. સોમનાથ પણ સારંગદેવના બાર વિકૃત સ્વરોને બદલે સાત વિકૃત સ્વરો ગ્રાહ્ય રાખે છે, કારણ કે પેલામાં કેટલાક સ્વરો બેવડાતા હતા. અચ્યુત **સા** અને અચ્યુત **મ** એ બન્ને સ્વરો અનુક્રમે શુદ્ધ **સા** અને શુદ્ધ **મ** સ્વરોની બરાબર હતા, અને તેવી જ રીતે ચતુઃશ્રુતિ **રી** અને ચતુશ્રુતિ **ધ** એ સ્વરો શુદ્ધ **રી** તથા શુદ્ધ **ધ** સ્વરોની બરાબર હતા, તથા ચતુઃશ્રુતિ **પ** એ વિકૃત **પ** અગર ત્રિશ્રુતિ **પ** બરાબર હતા, એટલે 'સંગીત રત્નાકર'ના સમય સુધી જે બાર વિકૃત સ્વરો હતા તેના હવે સોળ-સત્તરમા સૈકામાં સાત વિકૃત સ્વરો થયા, એ મહત્ત્વની હકીકત ગણાય.

રુદ્રવીણા

- શુદ્ધમેલ વીણા
  - અખિલરાગ
  - એકરાગ
- મધ્યમેલ વીણા
  - અખિલરાગ
  - એકરાગ.

વળી એમણે ગ્રહ, અંશ, ન્યાસ વગેરે સ્વરોનું તેમજ ગ્રામ, મૂર્ચ્છના, તાન, વર્ણ, અલંકારો અને તેના પ્રકારો વિષેનું પણ વર્ણન કર્યું છે, પરંતુ તેમાં ખાસ કાંઇ નોંધ કરવા યોગ્ય વિશેષતા જણાતી નથી.



વીણા ઉપર સંગીતનાં ત્રણ સપ્તકોનાં તથા શ્રુતિઓનાં સ્થાન દર્શાવતી આકૃતિ →

એમણે વીણાની રચના, તેના પ્રકારો તથા તે મેળવવાના તેમજ વગાડવાના નિયમો પણ દર્શાવ્યા છે. વીણાના પ્રકારો આગળ મુજબ છે.

આમ એમણે વીણાના ચાર પ્રકાર દર્શાવ્યા છે, જ્યારે એમની પહેલાંના રામ અમાત્યે પોતાના 'સ્વરમેલ કલાનિધિ'માં શુદ્ધમેલ તથા મધ્યમેલવીણાના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે એટલો તફાવત છે. આ વીણાને ચાર તારો લગાડવામાં આવતા હતા. વીણાના તાર ઉપર સ્વરોનો નિર્ણય કરવા વિષે તેમજ વીણાવાદનને તેમણે ઠીક મહત્ત્વ આપેલું છે.

મેલ તથા રાગ ઉપર તેમણે કરેલા વિવેચનમાં એક, બે, ત્રણ, ચાર અને પાંચ સ્વરોના દરેકના અનુક્રમે કુલ મેલ ૧૫, ૮૯, ૨૬૧, ૩૭૮ અને ૨૧૬ની વિગતો એમણે આપેલી છે, જેની અહીં જરૂર નથી. તેઓ ૨૩ પ્રકારના જે મુખ્ય મેલ-થાટ અને ૭૫ જન્ય રાગો જણાવે છે તેનાં નામ નીચે પ્રમાણે છે: (૧) મુખારી (૨) રેવગુપ્તિ (૩) સામવરાલી (૪) તોડી (૫) નાદરામક્રી (૬) ભૈરવ (૭) વસંત (૮) વસંતભૈરવી (૯) માલવગૌડ (૧૦) રીતિગૌડ (૧૧) આભીરનાટ (૧૨) હમીર (૧૩) શુદ્ધ વરાટી (૧૪) શુદ્ધ રામક્રી (૧૫) શ્રી (૧૬) કલ્યાણ (૧૭) કાંબોદી (૧૮) મલ્લારી (૧૯) સામંત (૨૦) કર્નાટ.ગૌડ (૨૧) દેશાક્ષી (૨૨) શુદ્ધ નાટ અને (૨૩) સારંગ. આ સર્વ મેલ-થાટમાં કયા કયા સ્વરો આવે તેના શ્લોકો આપેલા છે અને તેને ગાવાનો સમય પણ આપ્યો છે. તેવી જ રીતે ૭૫ જન્ય રાગોમાં કયા સ્વરો તથા કયા ગ્રહ, અંશ, ન્યાસ વગેરે લેવાના ઇત્યાદિ હકીકત આપેલી છે.

વળી રામ અમાત્ય પેઠે પં. સોમનાથે પણ 'રાગ-વિબોધ'માં રાગોના (૧) ઉત્તમ (૨) મધ્ય અને (૩) કનિષ્ઠ–અધમ એવા ત્રણ પ્રકારો

દર્શાવ્યા છે, જે વિભાગ બીજા કોઇ ગ્રંથમાં જણાતા નથી. આની વ્યાખ્યા એમણે આ પ્રમાણે આપી છે: જે રાગો આલાપ, આલપ્તિ અને પ્રબન્ધમાં ગાવા યોગ્ય હોય તે ઉત્તમ રાગ કહેવાય; જેમાં આલાપ વગેરે લેવાય તે મધ્ય રાગ, ને જે આલાપ યોગ્ય ન ગણતાં જેમાં સંગીતનો ખૂબ પ્રચાર હોય તે કનિષ્ઠ રાગ કહેવાય. અર્થાત્ આજના ધોરણે ઉત્તમ એટલે ધ્રુપદ, મધ્ય એટલે ખયાલ અને તે સિવાયનું સંગીત કનિષ્ઠ.

આ ઉપરાંત એમણે રાગોનાં ધ્યાન, દેવતા, રાગો ગાવાનો સમય વગેરે દર્શાવ્યાં છે દા. ત. શંકરાભરણ સૂર્યોદય સમયે, જેતશ્રી તથા તોડી સવારમાં, ગૌડ બપોરે વગેરે. આમાં આજની દૃષ્ટિએ જોતાં જરા તફાવત આવવા સંભવ છે, પરંતુ તેની સરખામણી થઈ શકે. લંબાણભયે અહીં માત્ર બે ચિત્રોના નમૂના લઈ આગળ ચાલીશું.

શંકરાભરણ

गजराज़ि कमलराजिर्भालि भसिती रतः सदा नृत्ये।
सुन्दरगौरः शोणाम्बरधरणः शंकराभरणः ॥१६१॥

અર્થાત્ શંકરાભરણ રાગની મૂર્તિ રંગે સફેદ, નૃત્યની શોખીન, ગળામાં કમલફૂલની માળાથી સુશોભિત અને લલાટમાં વિભૂતિ હોઇ શરીર ઉપર તેણે રાતું વસ્ત્ર પહેરેલું છે. હવે બીજો તોડી રાગનો નમૂનો લઇએ:

ललितविपंची विपिने ललितहरिणाऽरुणाम्बरा हरिणी।
धवलाङ्गरागरचना मृदुवचना भूषिता तोडी ॥१८०॥

અર્થાત્ તોડી રાગિણીની મૂર્તિ સ્ત્રીની કલ્પી છે. તે લીલા રંગની ને મીઠાં વચનોવાળી છે. તેણે રાતાં વસ્ત્રો ધારણ કરેલાં છે, વનમાં વસનારી છે, વિપંચી વીણાનું તે વાદન કરે છે, હરણને રમાડનારી છે અને ધવલ પુષ્પોની સુગંધીથી પોતાના શરીરને સુગંધિત બનાવે છે.

આવાં કુલ ૫૧ રાગનાં ધ્યાનચિત્રો એમણે આપ્યાં છે. જુદાજુદા સંગીતશાસ્ત્રીઓનાં આવાં ધ્યાનચિત્રોમાં તફાવત માલૂમ પડે છે, તેનાં કારણો સંશોધન અને અભ્યાસનો વિષય છે. (આ વિષે જુઓ લેખકનો લેખ 'રાગ ને ચિત્રો' દિવાળી પૂર્તિ–જન્મભૂમિ અંક તા. ૨૬–૧૦–'૫૪.) આમ, આ પુસ્તક સંગીતની દૃષ્ટિએ ઘણી ઉપયોગી માહિતી આપે છે.

(૨) સંગીત-દર્પણ: લક્ષ્મીધરના પુત્ર દામોદર પંડિતે ઈ. ૧૬૨૫ની આસપાસ રચેલું આ પુસ્તક બંગાળમાં વધુ પ્રચલિત છે, અને ફારસીમાં તેનો અનુવાદ થયો છે એ એની વિશિષ્ટતા ગણાય. પરંતુ લેખકે 'સંગીત–રત્નાકર'માંથી સ્વરાધ્યાયની છૂટથી નકલ કરેલી છે, તથા રાગાધ્યાય પણ એક અજાણ્યા ગ્રંથમાંથી ઉતારી લીધો જણાય છે. એમણે પણ રાગોનાં ધ્યાનચિત્રો આપેલાં છે, જેનો ઘણા સંગીતકારો આજ પણ ઉપયોગ કરે છે. તેઓ મુખ્ય ૨૦ રાગો જણાવે છે; પરંતુ તે નામો અન્ય સંગીતકારોનાં નામો કરતાં જરા જુદાં પડે છે; જેમાં મધ્યમ, ષાડવ, રક્તહંસ, પ્રભાવ, આમ્ર–પંચમ વગેરે નામો અપરિચિત છે; જ્યારે શ્રી, નટ, ભૈરવ, કામોદ વગેરે થોડાં નામો પરિચિત છે. હનુમાન મત તેમજ રાગાર્ણવના ધોરણે તેઓ રાગોનું વર્ગીકરણ કરે છે.

(૩) સંગીત-સુધા: કર્ણાટકી સંગીત વિષેનું આ પુસ્તક તાંજોર રાજાના ગોવિંદ દીક્ષિત પંડિતે ઈ. ૧૬૧૪–૪૦માં લખેલું છે.

રાગના તે દસ પ્રકાર પાડે છે: (૧) ગ્રામ રાગો (૨) ઉપ રાગો (૩) શુદ્ધ રાગો (૪) ભાષા (૫) વિભાષા (૬) અંતરભાષા (૭) રાગાંગ (૮) ભાષાંગ (૯) ક્રિયાંગ અને (૧૦) ઉપાંગ. આમાં ગ્રામ રાગોની સંખ્યા એમણે ૩૦ દર્શાવી છે તથા ૮ ઉપરાગો અને ૨૦ શુદ્ધ રાગો ઉપરાંત અન્ય રાગોની વિગતો આપેલી છે, જે જૂના જાતિ રાગો જણાય છે. આ ઉપરથી એમ કહી શકાય કે ઉત્તરના સંગીતમાં જે નવીનતા તથા વિવિધતા આવી હતી તે હજી દક્ષિણમાં દાખલ થઈ ન હતી.

આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે 'સ્વરમેલ-કલાનિધિ'માં ૨૦ મેલ, રાગવિબોધમાં ૨૩ અને ગોવિંદ દીક્ષિત ૭૨ મેલ જણાવે છે, એટલે મેલની સંખ્યામાં ધીરેધીરે વધારો થતો ગયો એમ કહી શકાય.

(૪) હૃદયકૌતુક અને **(૫) હૃદયપ્રકાશ:** ઉત્તર હિંદના સંગીતને લગતાં આ પુસ્તકોના કર્તા હૃદયનારાયણ દેવ પોતે ગડાદેશના નરેશ હતા અને ઈ. ૧૬૬૦માં થઈ ગયા એમ પુસ્તકના છેડે લખ્યું છે. આ પુસ્તકમાં સ્વરપ્રકરણ 'રાગતરંગિણી'માંથી અક્ષરશઃ લીધેલું છે.

વળી આ લેખક 'રાગ–તરંગિણી' પ્રમાણે થાટ પણ ૧૨ જણાવે છે, પરંતુ તેમાં એમણે 'હૃદયરામ' નામનો પોતાનો એક નવીન થાટ રાગ દાખલ કર્યો છે. રાગની વ્યાખ્યાનો પ્રકાર બદલી તેમાં નવીનતા આણી છે અને રાગમાં આવતા સ્વરો તેના વર્જ્યાવર્જ્ય સાથે આપેલા છે, જેને આજ આપણે લક્ષણગીતો કહી શકીએ. આ પૈકી એક દાખલો લઇએ તો 'હમીર'રાગની વ્યાખ્યા તેમણે આમ આપી છે:

'गमौ पनीधनी सोहि: सनिसा रिगमाः पधौ।
मपौ सरी सनिधप मपौ गम–गमा रिसौ।
हिमीर रागराजन्यः संपूर्णः कथितो बुधैः॥'

એટલે અત્રે હમીર રાગના ફક્ત સ્વરો જ દર્શાવ્યા છે, અને આ રાગ ગાવામાં આ સ્વરોનો ઉપયોગ કરવાનો એમ ઠરે છે.

આ 'હૃદયકૌતુક' પુસ્તક કરતાં એમનું 'હૃદયપ્રકાશ' વધુ ઉપયોગી ગ્રંથ છે, કારણકે શુદ્ધ અને વિકૃત સ્વરો વીણાના તાર ઉપર કઇ જગ્યાએ આવે તે એમાં નક્કી કરેલું છે. આના એક બે દાખલા લઇએ.

ध्वन्यवच्छिन्नवीणायां मध्ये तारकसंस्थितिः।
त्र्यंशिनस्याद्यभागांते मध्यस्य च पंचमम्॥

વીણાના તારના મધ્ય ભાગે તાર **સા** આવે ને આખા તારના જો ત્રણ સરખા ભાગ પાડીએ તો મધ્યમ સપ્તકનો **પ** પહેલા ભાગને અંતે આવે.

આમ **સા** અને **પ**નાં સ્થાન નક્કી થયાં. હવે શુદ્ધ **ગ** તથા શુદ્ધ **મ** અને શુદ્ધ **રી**નાં સ્થાન વિષે નીચેનો શ્લોક આપેલો છે:

मध्यमं षड्जयोर्गतु सपयोर्मध्यमानयेत्।
त्र्यंशितस्य तयोर्मध्यस्याद्यांशान्ते तथार्षभम्॥

બે ષડ્જની બરાબર વચ્ચે શુદ્ધ **મ** આવે, **સા** અને **પ**ની બરાબર મધ્યમાં શુદ્ધ **ગ** આવે, અને **સા** તથા **પ**ના અંતરના જો ત્રણ સરખા વિભાગ કરવામાં આવે તો શુદ્ધ **રી** પહેલા વિભાગને અંતે આવે.

આવી રીતે બધા શુદ્ધ અને વિકૃત સ્વરોનાં સ્થાન તેમણે નિર્ણીત કર્યાં છે. એ નિર્ણય તારની લંબાઈ ૩૬ ઇંચ માનીને તેમણે કર્યો છે.

સ્વરોની લંબાઈ તથા તેનાં આંદોલનો તે નીચે પ્રમાણે જણાવે છે:

સ્વરો	સા	રી	ગ	મ	પ	ધ	નિ	સાં
તારની લંબાઈ	૩૬,	૩૨;	૩૦,	૨૭,	૨૪,	૨૧⅓,	૨૦,	૧૮,
આંદોલનો	૨૪૦,	૨૭૦,	૨૮૮;	૩૨૦,	૩૬૦,	૪૦૫,	૪૩૨,	૪૮૦

સ્વરપ્રકરણ આખું તેમણે 'રાગ-તરંગિણી'માંથી લીધેલું હોઈ આ તથા 'રાગ-તરંગિણી'ના સ્વરો સરખા ગણાય. વાદી, સમવાદી, અનુવાદી, વિવાદી વગેરે સ્વરોના ધોરણમાં પણ કાંઈ ફેર એમણે નથી કર્યો.

(૬) ચતુર્દંડપ્રકાશિકા: પંડિત વ્યંકટમખીનું આ પુસ્તક 'રાગ વિબોધ' લખાયા પછી ઈ. ૧૬૬૦ની આજુબાજુ લખાયું લાગે છે. દક્ષિણ સંગીતને લગતા આ પુસ્તકના લેખક સમર્થ વિદ્વાન હતા, ને હજુ પણ દક્ષિણમાં પ્રમાણભૂત મનાય છે. એમનું મહત્ત્વનું કાર્ય એ છે કે એમણે સંગીતના ૧૨ સ્વરોના કુલ ૭૨ મેલ નક્કી કર્યા, અને તેથી વધુ ન જ થઈ શકે એવો આગ્રહ રાખ્યો. એમાં એ જરા દુરાગ્રહી અને અભિમાની પણ લાગે; 'સ્વર મેલકલાનિધિ'ના પુસ્તક ઉપર તેઓ એવી તો સખ્ત ટીકા કરે છે કે તેમના જેવા પંડિતને ન શોભે. પરંતુ તે વિષે કાંઈ ન કહેતાં આપણા વિષય ઉપર આવીએ.

એમના આ ૭૨ ઠાઠના વર્ગીકરણને લીધે દક્ષિણ તેમજ ઉત્તરના રાગોના વર્ગીકરણમાં ઘણી સહાય મળી અને ઉત્તરના રાગોમાં પણ આ પ્રથા દાખલ થઈ, એટલે તેમાં વ્યવસ્થા આવી અને એક પદ્ધતિ નક્કી થઈ. આ ધોરણે એમણે જોકે ૭૨ ઠાઠ નક્કી કર્યા હતા, પરંતુ છેવટે તો તેમણે ૧૯ મેલ જ પસંદ કર્યા હતા.

ઉત્તર હિંદના સંગીતમાં પણ આ જ પ્રથા પં. ભાતખંડેએ દાખલ કરી છે અને આ ૧૯માંથી ફક્ત ૧૦ જ મેલ-ઠાઠ એમણે નક્કી કર્યા છે. હવે આ ઠાઠ-પદ્ધતિને લીધે દક્ષિણના શાસ્ત્રીય ગ્રંથો આપણને અભ્યાસ કરવામાં ઉપયોગી થઈ પડે તેમ છે, કેમકે મુખ્ય ૧૨ સ્વરો અને ઠાઠની રચનાના સિદ્ધાંતો તો બન્ને એકસરખા છે:

પં. ભાતખંડેએ પોતાના ૧૦ ઠાઠોનો આ રીતે મેળ બેસાડચો છે:

ઉત્તરના	દક્ષિણના	ઉત્તરના	દક્ષિણના
૧ યમન	શાન્ત કલ્યાણ	૬ મારવા	ગમક ક્રિયા.
૨ બિલાવલ	ધીર શંકરાભરણ	૭ કાફી	શ્રીરાગ
૩ ખમાચ	હરિકેદાર ગૌળ	૮ આસાવરી	નારીરી તિગૌળ
૪ ભૈરવ	માયામાલવ ગૌળ	૯ ભૈરવી	જનીતોડી.
૫ પૂર્વી	કાશીરામ ક્રિયા.	૧૦ તોડી	શૈવ પંતુવરાળી.

(૭) સંગીત-પારિજાત: આહોબલ નામના સંગીતશાસ્ત્રીએ સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં લખેલું આ પુસ્તક હવે છપાયું છે ને મળી શકે છે. તેમાં જે ટીકાઓ લખાઈ છે તે ઉપરથી તે સમયના સંગીતની સારી ઝાંખી થઇ શકે છે. આ પુસ્તકનું મહત્ત્વ તો એટલે સુધી છે કે પંડિત દીનાનાથે તેનો ફારસી અનુવાદ પણ ઇ. ૧૭૨૪માં કર્યો હતો.

ઉત્તર હિંદના સંગીતને લગતો આ ગ્રંથ સંગીતના ઇતિહાસમાં એક સીમાચિહ્ન મનાય છે. એમાં સ્વરો, શ્રુતિઓ અને રાગ વિષે ઝીણવટભર્યું વિવેચન કરેલું છે. આપણે આગળ 'હૃદયપ્રકાશ'માં જોઇ ગયા તેમ અહોબલ પંડિત પણ સ્વરોનો નિર્ણય વીણાના તારના આધારે કરે છે, અને એ બંને પંડિતો સમકાલીન હતા એટલે કોણે કોનામાંથી લીધું અને વીણાના તારના ધોરણે સ્વરનિર્ણય કરવાનું માન પ્રથમ કોને મળે તે વિષે જરા શંકા પડે છે. પરંતુ આ બંને પંડિતોએ સ્વરનિર્ણયની પદ્ધતિ જે દાખલ કરી તે હકીકત જ ઘણી મહત્ત્વની ગણાય. પં. ભાતખંડેએ જણાવ્યું છે તેમ હૃદયનારાયણના અને આહોબલના સ્વરો લગભગ સરખા જ છે. ફક્ત તીવ્ર **ગ** ને તીવ્ર **નિ** ને બદલે હૃદયનારાયણ તીવ્રતર **ગ** અને તીવ્રતર **નિ** શબ્દો વાપરે છે. આ પુસ્તકનો શુદ્ધ મેલ એ હાલના કાફી રાગનો મેલ છે, એટલે વેદકાળથી તે ચાલતો આવેલો છે. આ પુસ્તક છપાએલું હોઈ વિશેષ વિવેચન ન કરતાં તેમાં આપેલાં કેટલાંક પ્રકરણોની જ નોંધ લઇએ: (૧) ઉદ્દેશ પ્રકરણ (૨) સ્વર પ્રકરણ (૩) ગ્રામ-લક્ષણ (૪) મૂર્છના (૫) વર્ણલક્ષણ (૬) જાતિપ્રકરણ (૭) સમય નિરૂપણ, જેમાં સ્વરોની વીણાના તાર ઉપર નિર્ણય કરવાની હકીકત આપેલી છે અને (૮) રાગ પ્રકરણ, જેમાં ૧૨૫ રાગોનાં લક્ષણો, ગાવાનો સમય વગેરે આપેલાં છે, તે ઘણાં ઉપયોગી છે. પણ આ સર્વમાં 'સ્વર'નું પ્રકરણ મહત્ત્વનું છે. એમાં હૃદયનારાયણની માફક અહોબલે પણ રીતસર શ્લોકો આપી સ્વરોનો નિર્ણય કરેલો છે.

(૮) રાગતત્ત્વવિબોધ: શ્રીનિવાસ પંડિતે આશરે સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં લખેલા આ ગ્રંથની પોથી વડોદરા સંસ્કૃત લાયબ્રેરીમાં છે અને તેનું સંશોધન થઈ છપાવવાની તજવીજ ચાલે છે. અત્રે તો ફક્ત ટૂંકમાં જ નોંધ લઇએ. આ પુસ્તકમાં ધ્વનિ, શ્રુતિ તથા જાતિ, સ્વરો (શુદ્ધ તથા વિકૃત—વાદી, સમવાદી, અનુવાદી વગેરે) તેમજ ગ્રામ, મૂર્છના, ગમક, મેલ અને રાગ, મેલ તથા રાગ વચ્ચેનો તફાવત, ગીતના ધ્રુપદ પ્રમાણે ચાર વિભાગ (ઉદ્ગ્રાહ, સ્થાયી, સંચારી તથા મુકતાયી તથા ઘોતક) આ સર્વ વિષે સવિસ્તર હકીકત આપી છે.

'સંગીતપારિજાત'ના ધોરણે પંડિત શ્રીનિવાસ પણ વીણાના તાર ઉપર સ્વરોનો નિર્ણય કરે છે, એટલે સ્વરોની ચોકસાઈ વિશેષ થઈ શકે છે. આ રીતે સ્વરોનો નિર્ણય હૃદયનારાયણના સમયથી વીણાના તાર ઉપર થતો આવતો જોવામાં આવે છે, અને હૃદયે 'રાગ-તરંગિણી'માંથી સ્વર પ્રકરણ લીધેલું છે, એટલે આ નિર્ણય છેક લોચન કવિના સમયથી ચાલતો આવે છે એમ કહી શકાય. તે પહેલાંની હકીકતનું સંશોધન થવું હજી બાકી છે. પં. શ્રીનિવાસે પોતાના આ પુસ્તકમાં મેલ તથા રાગ વિષે જ વધુ વિવેચન કરેલું છે, એટલે હવે તેમના મેલ તથા રાગ વિષે થોડી વિગત સમજી લઈએ.

मेलः स्वरसमूहः स्याद्रागव्यंजनशक्तिमान् ।
श्लिष्टोच्चारणमेवात्र समुदायः प्रकीर्तितः ॥

મેલ એટલે સ્વરોનો સમૂહ, જે રાગ ઉત્પન્ન કરી શકે. એટલે મેલને હાલના થાટ સાથે સરખાવી શકાય. મેલના ત્રણ વિભાગો આપેલા છે: સંપૂર્ણ, ષાડવ અને ઓડવ, અને તેની સંખ્યા પણ દર્શાવી છે: સંપૂર્ણ મેલ ૧ પ્રકારનો, ષાડવ ૭ પ્રકારના અને ઓડવના ૧૫ પ્રકાર દર્શાવ્યા છે. કુલ ૩૧ પ્રકારના મેલોનું વર્ણન કરેલું છે. વ્યવધાન વિકૃત મેલના ૨૫ પ્રકાર દર્શાવ્યા છે, અને ૧૦૧ રાગોનું વિગતવાર વર્ણન કરેલું છે. મેલનાં નામો આપેલાં નથી.

પણ પં. શ્રીનિવાસે પોતાનો રાગઅધ્યાય અક્ષરશ: 'સંગીત પારિજાત'માંથી જ લીધેલો છે, એટલે આ પુસ્તકનું મહત્ત્વ ખાસ રહેતું નથી.

છેલ્લાં ત્રણ પુસ્તકોના કર્તા પંડિત ભાવભટ ઔરંગઝેબના સમયમાં બિકાનેરના રાજા અનૂપસિંહના દરબારમાં આશ્રિત હતા. તેમના પિતાનું નામ જનાર્દન ભટ હતું, જે શાહજહાંના દરબારમાં આશ્રિત હતા. કદાચ ઔરંગઝેબનો સમય સંગીતને અનુકૂળ ન હોવાથી પં. ભાવભટ ત્યાંથી બિકાનેર ગયા હોય એવો સંભવ ખરો.

ભાવભટ એવા તો વિદ્વાન સંગીતશાસ્ત્રી હતા કે બિકાનેરનરેશ અનૂપસિંહે (ઈ. સ. ૧૬૭૪ થી ૧૭૦૯) તેમને "અનુષ્ટુપ-ચક્રવર્તી-સંગીતરાય"નો ઇલકાબ આપ્યો હતો. પરંતુ તેમણે પણ સ્વાધ્યાય તેમજ ગ્રામ, મૂર્છના, જાતિ, વર્ણ, અલંકાર, તાનો વગેરેની હકીકતો 'સંગીત રત્નાકર'માંથી જ લીધેલી છે. તેમણે શ્રુતિ ૨૨ જણાવી છે અને તેના બે નવીન પ્રકાર (૧) ગાત્રજ તથા (૨) યંત્રજ દર્શાવ્યા છે.

ભાવભટે પોતાની પદ્ધતિના આધારરૂપ જે શુદ્ધ મેલ લીધો છે તે મુખારી મેલ છે, અને મેલના કુલ ૨૦ પ્રકાર દર્શાવ્યા છે: (૧) તોડી (૨) ગૌડ (૩) વરાટી (૪) કેદાર (૫) શુદ્ધ નાટ (૬) માલવ કૌશિક (૭) શ્રી (૮) હમીર (૯) અહિરી (૧૦) કલ્યાણ (૧૧) દેશાક્ષી (૧૨) દેશકાર (૧૩) સારંગ (૧૪) કર્ણાટ (૧૫) કામોદ (૧૬) હિજ્રાજ (૧૭) નારદામકી (૧૮) હિંડોલ (૧૯) મુખારી (૨૦) સોમ.

આ રાગોનાં જે લક્ષણો આપેલાં છે તે આજ પણ ઘણાં ઉપયોગી થાય તેવાં છે, એટલે આ પુસ્તકનું મહત્ત્વ વધી જાય છે. વળી ૨૩૪ રાગો તથા ઉપાંગ રાગો-બિલાવલ, કેદાર, ગૌરી, પુરીઆ વગેરે તેમજ કાનડાના પ્રકારો-દરબારી, નાયિક, અડાના, સહાના વગેરેના તેમણે આપેલા વર્ણનથી તે સમયના ઉત્તર હિંદના સંગીત ઉપર ઠીક પ્રકાશ પડે છે. ઉપરાંત એના ૧૬ જાતના નટ, ૧૪ જાતના કર્ણાટ તથા વેલાવલીના ૧૬ પ્રકાર, તોડીના ૯ પ્રકાર અને ૩૭ ગ્રામ રાગની હકીકત આપેલી છે. ભાવભટનાં આ ત્રણે પુસ્તકો છપાયાં છે.

આમ, ૧૭મા સૈકાના સંગીતની સમાલોચના કરતાં જણાય છે કે આ સૈકામાં પુસ્તકો સૌથી વિશેષ પ્રસિદ્ધ થયાં છે અને વીણાના તાર પર સ્વરોનાં સ્થાનનો શાસ્ત્રીય નિર્ણય થયો છે.

રક્તદાન (અનુસંધાન પૃષ્ઠ ૪૩૦થી)

ત્યાં આન્દ્રેને વિચાર આવ્યો : 'પરસ્પરના ધિક્કારની આ લાંબી યાદીમાંથી જ શું ધિક્કારનું કારણ નહોતું મળી રહેતું? ફ્રેન્ચો તેમના પડોશી જર્મનોને શા માટે ધિક્કારતા હોવા જોઇએ? ચીનાઓને પોતાના ભાઇઓ પ્રત્યે જ ધિક્કાર રાખવાનું શું કારણ હતું? દરેકેદરેક કિસ્સાની પાછળ રાજકીય કારણ નહોતું? સામ્રાજ્યની ઘેલછા નહોતી? અને એ રાજકીય શતરંજનાં પ્યાદાં માનવીઓ હતાં–જીવતાંજાગતાં માનવીઓ; અને એટલા માટે જ એમને બીજા માનવીઓને ધિક્કારવાનું શીખવાયું હતું!

આન્દ્રેને યાદ આવ્યું કે પોતે પણ હિંદીચીનવાસીઓને કાંઈ પહેલેથી જ ધિક્કારતો નહોતો. બાળપણમાં એ કેટલાયે હિંદીચીનવાસીઓ સાથે રમ્યો હતો. તેની આયા હિંદીચીનવાસી હતી. તે પંદર વર્ષનો થયો ત્યારે તો એક હિંદીચીનવાસી બાળાના પ્રેમમાં પણ પડ્યો હતો. પરંતુ ૧૯૪૨માં જાપાનીઓએ હિંદીચીન કબજે કરી લેતાં મેનાર્ડ કુટુંબને ફ્રાંસ નાસી જવું પડયું હોવાથી આ પ્રેમકિસ્સો અરધેથી જ અટકી ગયો હતો. છતાં હજી તેણે એ પ્રથમ પ્રેમની મધુર સ્મૃતિ સાચવી રાખી હતી.

આન્દ્રેએ પાછા ફરીને ટેબલ પર પડેલા વિયેટમિન્હ સૈનિક તરફ નજર નાખી. આ સૈનિક કદાચ પોતાની પહેલી પ્રિયતમાનો સંબંધી પણ હોઈ શકે, કે પોતાનો નાનપણનો ભેરુ પણ હોઈ શકે. આવા કોઇ પણ માણસના દેહમાં, સામાન્ય સંજોગોમાં, બૅયોનેટ ખોસવાનો પોતાને વિચાર સરખો પણ આવત ખરો?

અને તે ભેરુ ન હોય તો પણ શું! આખરે તે પણ હતો તો એક માનવી જ ને? જેવી રીતે અત્યારે પોતાનું લોહી તેને અપાઇ રહ્યું હતું તેવી રીતે જો પોતે ઘવાયો હોત તો કદાચ તેનું લોહી પોતાને અપાઇ રહ્યું હોત. આન્દ્રેએ ઊંચા સ્ટૂલ પર મૂકેલી બ્લડ-બૉટલ તરફ નજર કરી. હજી એ માંડ અરધી ખાલી થઈ હતી. લોહી અત્યંત ધીમી ગતિથી વિયેટમિન્હ સૈનિકના દેહમાં જતું હતું, ટીપે... ટીપે...

કેટલી વિચિત્ર વાત હતી! પોતે જે માનવીને મારી નાખવા માગતો હતો અને જેના પડખામાં બૅયોનેટ ખોસી હતી, તેને જ પાંચ કલાક પછી પોતે પોતાનું લોહી આપી રહ્યો હતો; જેને પોતે ધિક્કારતો હતો તેને જ, પોતાના દેહની અત્યંત મૂલ્યવાન ચીજ, આપી રહ્યો હતો. કેટલી વિચિત્ર વાત હતી! પોતે જેને મારી નાખવા માગતો હતો...

પણ પોતે શા માટે તેને મારી નાખવા માગતો હતો? આ સૈનિકે તેનું શું બગાડયું હતું? જો બગાડયું હોય તો તે વિગ્રહે. જો વિગ્રહ ન હોત તો ધિક્કાર ન હોત, ગેરીલા પ્રવૃત્તિ ન હોત, સંહાર ન હોત. અને જેવી રીતે હિંદીચીનવાસીઓએ મેનાર્ડ કુટુંબનો નાશ કર્યો તેવી રીતે પોતે અને પોતાના સાથીદારોએ પણ હિંદીચીનવાસીઓનાં કુટુંબોનો, અરે આખાંનાં આખાં ગામોનો નાશ નહોતો કર્યો? આ સૈનિક વિયેટમિન્હ પક્ષનો હતો, પણ એ બાદ કરીએ તો એનો શો વાંક હતો?

આન્દ્રેએ ફરીથી બ્લડ-બૉટલ સામે નજર નાખી. હજી એમાંના લોહીની સપાટીમાં ખાસ ફરક પડયો હોય એવું લાગતું નહોતું. લોહી અત્યંત ધીમેધીમે જઈ રહ્યું હતું... ટીપે... ટીપે...

પણ આ લોહી આપવા છતાં તે સૈનિક જીવશે ખરો?

આન્દ્રે ટેબલ પર સુવાડેલા વિયેટમિન્હ સૈનિક પાસે જઇને ઊભો રહ્યો : 'આ સૈનિક જીવશે ખરો?' તેણે ડૉ. મૉસેલને પૂછયું.

ડૉ. મૉસેલે નીચા નમીને સૈનિકની નાડી તપાસી–નાડી હજી મંદ હતી. ડૉ. મૉસેલે ડોકું ધુણાવ્યું 'હજી કંઈ કહી શકાય નહિ.' તેમણે કહ્યું.

'ડૉ. મૉસેલ,' આન્દ્રે બોલ્યો, 'હું તમને એક વાત કહેવા માગું છું.'

ડૉ. મૉસેલે ઊંચું જોયું. 'આ સૈનિકને મેં જ ઘાયલ કર્યો છે.' આન્દ્રે બોલ્યો.

ડૉ. મૉસેલ કશું બોલ્યા નહિ પણ તેમની આંખમાં આન્દ્રે માટેની પ્રશંસા સ્પષ્ટપણે વરતાઇ આવી. ત્યાં વિયેટમિન્હ સૈનિકનો હાથ જરા હાલ્યો. ડૉ. મૉસેલે ફરી પાછી નાડી તપાસી અને પછી સૈનિકની છાતી પર કાન મૂક્યો. પછી તેમણે કહ્યું, 'જીવી જશે એમ લાગે છે.'

આન્દ્રેએ સંતોષનો શ્વાસ લીધો અને લાગણીભરી નજરે ઘાયલ સૈનિક તરફ જોઈ રહ્યો. તેના મોં પર સ્મિતની આછી રેખા ફરકી ગઈ.

ડૉ. મૉસેલ પોતાની આંખો પર વિશ્વાસ ન આવતો હોય એવી રીતે નવાઈ પામીને આન્દ્રે સામે તાકી રહ્યા.

આન્દ્રેએ ડૉ. મૉસેલનો હાથ ઝાલ્યો, 'મોં–ન્યૂઈ ડૉ. મૉસેલ! તમારી મદદ માટે આભાર.'

'મારી મદદ?' ડૉ. મૉસેલને સમજ પડી નહિ. પણ આન્દ્રે તો ક્યારનું ચાલવા માંડયું હતું.

એ તૂટેલા મકાનમાંની કામચલાઉ ઑસ્પિટલમાંથી આન્દ્રે બહાર નીકળ્યો ત્યારે વરસાદ અટકી ગયો હતો અને વાદળ પણ વીખરાઈ ગયાં હતાં. સ્વચ્છ આકાશમાં અસંખ્ય તારા ચમકી રહ્યા હતા.


અનુસંધાન] **કલાકાર શાંતિલાલ શાહ** [પૃષ્ઠ ૪૨૭થી

પ્રાદેશિક દૃશ્યોમાં રંગ ભરપૂર હોય છે, તેથી તેની રંગાવટમાં તેજીલાપણું અને ઝળક છે. પણ કદી કદી તે ધૂસર રંગોમાં પણ આલેખન કરી શકે છે એમ કેટલાંક ચિત્રો પરથી જણાય છે. તેમના ખડકો અને પહાડોમાં નક્કર તાકાત છે. તેમના સાગર પર અનંત શાંતિ પથરાઇ છે ને તેમના આકાશમાં જાતજાતનાં પ્રભાત ને સંધ્યાનાં અજવાળાં પથરાય છે અથવા તો તે જાલવેરું છત્ર બને છે. ખેતરો રૂપાળાં, શ્રમના ફળરૂપ પાકની અને લહાણી કરતાં ગ્રામજનોથી લહેરાતાં, સાદી સબળ રેખાટણીમાં આલેખાય છે. કોઈ કોઈ વાર તેમની શૈલી લોકકળા જેટલી સાદી બની જાય છે. પણ તેમનાં પરિચિત પાત્રો કરતી વખતે તે વ્યક્તિના ઊંડાણને બહાર લાવે છે અને તેમાં તેમની કલમ ખૂબ ખીલે છે. એ પાત્રો માતા બહેન કે મિત્ર હોય છે. એ જો અપરિચિત પ્રદેશના પ્રયોગો છોડી સ્વાનુભવના જ વર્તુળમાં કામ વધારે તો કમાલ કરે.'

કલાવાર્તા

કીર્તિમુખ અને કાળ-મકર

આ અંકમાંના શ્રી ઉમાકાન્ત શાહ-ના લેખમાં પૃ. ૪૩૭ ઉપર આપેલા કીર્તિમુખના શિલ્પનો ઉલ્લેખ છે, પણ એ મૂળ શિલ્પ ખૂબ ઘસાએલું તથા એનો ફોટોગ્રાફ ઝાંખો હોવાથી શિલ્પના એ એક મહત્ત્વના પ્રકારનાં સૌન્દર્ય, શોભા ને અર્થવાહિતાનો ખયાલ આવે તેમ નથી; તેથી અન્યત્ર આવેલા પ્રકારનું એક વધુ સ્પષ્ટ ચિત્ર તથા વિશેષ વિગતો જોઈ શકાય તેવું એક સવિશેષ રેખાચિત્ર આ સાથે રજૂ કરીએ છીએ.



ચિત્ર ૧ ભારતીય કીર્તિમુખને મળતું 'કાળ-મકર'



ચિત્ર નં. ૨ માત્ર 'કાળ'નું મુખ ધરાવતા 'કાળ-મકર'નું આલેખન

પણ એ બંને ઉદાહરણ જાવા-ઇન્ડોનેશિયાનાં શિલ્પો પૈકીનાં છે, જ્યાં આ પ્રતીકશોભનને, 'કાળ-મકર'ના નામે ઓળખે છે, કેમકે એમાં સામાન્યતઃ 'કાળ' અને 'મકર' એ બે પ્રતીકોનું નિરૂપણ કરવામાં આવે છે. ઇન્ડોનેશિયાની કળાના નિષ્ણાત વિવેચકો ડૉ. બૅન્ડિસ, ડૉ. ફૉગેલ અને ડૉ. સ્ટટરહાઇમે એ પ્રતીક વિષે ઘણી વિસ્તૃત ચર્ચા કરતા લેખો લખ્યા છે, જેની વિગતો અહીં અસ્થાને છે, પણ તેનો સાર એ છે કે 'કાળ'નો અર્થ 'સમય' લેવા ઉપરાંત જાવાના લોકો તેનો 'દૈત્ય' કે 'અસુર' અર્થ પણ કરે છે. બાલીમાં વળી એ પ્રતીક 'કરંગ-બોમા' નામથી ઓળખાય છે, જે શબ્દ ત્યાંની પ્રાચીન પુરાણકથામાં આવતા વીર નાયક–પૃથ્વીના પુત્ર'ભૌમકાવ્ય'ઉપરથી ઊતરી આવેલો છે. આમ 'કાળ'ના પ્રતીકની પાછળ ત્યાં જુદીજુદી કલ્પનાઓ પ્રચલિત છે.

વસ્તુતઃ આ સાથેના ચિત્ર નં. ૧ ઉપરથી જણાય છે તેમ 'કાળ'ના મુખની એ આકૃતિ ભારતીય શિલ્પમાંના 'સિંહ'ના મુખ પરથી ઊતરી આવી હશે અને પરંપરાગત તેનાં રૂપોએ ત્યાં લોકમાન્યતા અનુસાર જુદાંજુદાં કાળરૂપ ધારણ કર્યાં હશે, કેમકે આજે જાવામાં એ પ્રતીકને ત્યાંની ભાષામાં 'બનસ્પતિ' નામથી ઓળખે છે, જેનો અર્થ થાય છે 'જંગલ-દેવતા' અથવા 'જંગલનો અસુર'. વળી એક પરંપરાગત માન્યતા અનુસાર મોટા મહાલયો તથા મંદિરોનું આસુરી બળો તથા આપત્તિઓ સામે રક્ષણ કરવા માટે એના પ્રતિકાર અર્થે આવાં શિલ્પો મૂકવામાં આવે છે. આમ સિંહ-મુખે ત્યાં કાળની કલ્પના ધારણ કરી લાગે છે.

અને 'મકર'ના શિલ્પમાં અવતરણ પાછળ ગીતામાં નાભગવદ્વચનનો આધારમનાયો છેઃ **झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी।** (જલપ્રાણીઓમાં હું મકર-મગર છું અને જલસ્રોતો–નદીઓમાં હું ગંગા છું. ૧૦,૩૧) પછી કાલક્રમે એ મકરનો અર્થ મકર રાશિ રૂપે લેવાયો, જે શનિનું સ્થાન ગણાઇને સદા ભયમૂલક લેખાય છે, અને કથા એવી છે કે જ્યારે સર્વ ગ્રહો મકરરાશિમાં આવશે ત્યારે આ પૃથ્વીનો જળપ્રલયથી નાશ થશે. આ રીતે 'કાલ-મકર'નું શિલ્પ ત્યાં રક્ષણાત્મક પ્રતીક રૂપે લેખાયું છે. મોટે ભાગે એ ત્યાં મંદિરોની કમાનો ઉપર મુકાય છે, જ્યારે આપણાં કીર્તિમુખ સામાન્યતઃ મંદિરનાં શિખરો પર હોય છે. અને તે મોટે ભાગે ચિત્ર નં. ૧ જેવાં હોય છે. પણ એને વિષે વિગતથી ફરી કોઈ વાર.

કલાકાર પ્રદ્યુમ્ન તન્ના

અગાઉ ૩૬૪મા અંકમાં અમે ભાઈ પ્રદ્યુમ્ન



'માંડણાં'નું એક આલેખન 'પંખો'



બધાંનાં ચિત્રો લેવાતાં જોઈ આ માજીએ ચિત્રકારને કહ્યું કે મારી છબિ કેમ નથી પાડતા? ને પછી... એમની બેસવાની અદા જુઓ, તે કલાકારે કેવી સ્વાભાવિકતાથી ઉતારી છે.

તન્નાનો ટૂંકો પરિચય આપ્યો હતો. આ અંકમાંથી વાચકોને એમનો સવિશેષ પરિચય મળશે,—અમારી કલમથી નહિ પણ એમની પોતાની જ પીંછી અને કલમ દ્વારા. કાવ્યવિભાગનું એમનું ગીત તથા ભજન, તેમજ રાજસ્થાનની લોકકલા 'માંડણાં' પરનો લેખ જોઇને પ્રતીત થશે કે તેઓ શબ્દ અને રેખા બંને દ્વારા કવિતા વહાવી શકે છે. અહીં એમની છબિ ને પરિચય આપવાની અમારીઇચ્છાને એમની નમ્રતાએ સફળ થવા નથી દીધી, પણ આ અંકમાંની એમની કૃતિઓ એમનો પરોક્ષ પરિચય આપી રહેવા જેટલી સબળ જરૂર છે,–વિશેષ કરીને પાછલા પૂઠાંમાંનું 'હિંડોળો'નું ચિત્ર. એમાં એક સાદા પણ રમ્ય વિષયને આપણી તળપદી શૈલીમાં, જરા સરળ ને જરા પ્રતીકાત્મક રૂપ આપીને, તથા જરા રૂપની છાંટ



જમણી બાજુ : એક રાજસ્થાની ગ્રામકન્યા; ડાબી બાજુ : 'હિંડોળા'ની શોભન-શૈલીએ આલેખેલું એક બીજું રમ્ય ચિત્ર; નીચે : માંડણાં માંડેલી ભોંય અને ભીંતોવાળું રાજસ્થાનના ગામડાનું ઘર અને શેરી.



ઉમેરીને એમણે વહેતી રેખાઓનું કાવ્ય એમાં ગૂંથ્યું છે. પાછળ, પ્રતીકાત્મક રૂપમાં સ્ત્રીજાતિની સદાની સહિયર વાદળી, હિંડોળના વેગે ઊડતા વાળ ને ફરફરતાં વસ્ત્રો, અને અંગના ભંગ સાથે તાલમાન સાચવતો હિંડોળ, એ સર્વને એક સુમધુર સંયોજનમાં રચીને એમણે રેખાની મનોરમ ભાતગૂંથણી સર્જી છે, અને સર્વનો કંઈ ને કંઈ ભાગ ચોમેરના ચોકઠાની બહાર કાઢવામાં એમણે ચિત્રના વેગ અને સજીવતાને દૃશ્યમાન કરાવવાનો યત્ન કર્યો છે.

રાજસ્થાનમાં વનસ્થલીમાં ભીંતચિત્રોની પદ્ધતિની તાલીમ લેવા થોડા માસ પર એ ગએલા ત્યાં એ કસબ ઉપરાંત બીજી જે અનેક વસ્તુઓનું ભાતું એ બાંધતા આવ્યા છે તે પૈકી એક તે આ અંકમાંનો માંડણાંનો લેખ. ઉપરાંત ત્યાંના લોકજીવનનાં તથા અન્ય આલેખનોથી એમણે પોતાની ચિત્રપોથીઓ ભરી છે, જેમાંની થોડી વાનગી આ સાથે આપી છે. 'હિંડોળા'નું ચિત્ર એ ત્યાંનાં જ સ્મરણ-વાતાવરણથી પ્રકટેલી સિસૃક્ષાનો પરિપાક છે.



કલાયાન

અમેરિકાના વર્જિનિયા રાજ્યે સાંસ્કૃતિક ઇતિહાસમાં એક અભિનવ પ્રયોગ કર્યો છે. એ છે પહેલું કલાયાન–'આર્ટ–મોબાઈલ'. એ કીમતી ચિત્રો અને કલાના નમૂનાઓનું એક નાનકડું સંગ્રહસ્થાન વર્જિનિયાના કૃષિસમૃદ્ધ પ્રદેશના માર્ગો પર ફેરવે છે. વર્જિનિયાના સત્તાવાળાઓએ, પ્રજા કલાનાં દર્શન કરવા આવે તેની રાહ જોઈને બેસી ન રહેતાં કલાને પ્રજા સમક્ષ લઇ જવાનો આ પ્રયોગ કર્યો છે.



અર્ઘ્યકણી

(ઉપજાતિ)

હેમંત અર્પો ગૃહ રાજલક્ષ્મી, શિશિર દ્યો કોમલ કલ્પનાશ્રી;
વસંત સીંચો નમણી પ્રફુલ્લતા, સુગ્રીષ્મ પૂરો રસરૂપની કલા.
વર્ષા વહો અંતરભાવ-અમૃતો ને શારદી નિર્મલ પ્રાણનાં ઋતો;
આશિષમાત્રા મમ આ મનોરમા, આપૂર્ણ પોષો 'નવવર્ષમંગલા'.

—દેશળજી પરમાર

મહાન અને લોકપ્રિય સંગીતકાર: દત્તાત્રેય વિષ્ણુ પળુસ્કર

ભારતીય સંગીતના સમર્થ પુનરુદ્ધારક સ્વ. પં. વિષ્ણુ દિગંબરના એકમાત્ર પુત્ર શ્રી દત્તાત્રેય ઊર્ફે બાપુરાવનું ગયા (ઑક્ટોબર) માસની ર૯મી તારીખે પાંત્રીસેક વર્ષની નાની વયે સ્નાયુઓના સોજાના રોગને કારણે અવસાન થતાં આખા ભારતવર્ષના સંગીતપ્રેમી રસિકો તેમજ જનસામાન્યને પણ એક મોટો આઘાત લાગ્યો છે.

પિતાના સહવાસનો લાભ ઝાઝો તો મળેલો નહિ, તો પણ બાળપણથી જ મળેલા સંગીતના સંસ્કારોએ તેમના હૃદયમાં ઊંડાં મૂળ નાખી દીધેલાં. નાસિકમાં રહેતા તેમના પિતરાઈ ભાઇ ચિંતામણરાવ અને પં૰ વિષ્ણુ દિગંબરના ખ્યાતનામ શિષ્ય પં. વિનાયકરાવ પટવર્ધનની દેખરેખ નીચે તેમના સંગીતના અંકુરનો એ છોડ ફૂલ્યો ફાલ્યો. કુશાગ્ર બુદ્ધિ ને મહેનતુ સ્વભાવને કારણે થોડા જ સમયમાં એમણે સંગીતમાં આશ્ચર્યકારક પ્રભુત્વ સંપાદન કરી લીધું અને નાની વયમાં તો ઠેકઠેકાણે સંગીત-કાર્યક્રમો આપવા પણ તેઓ જવા લાગ્યા.

આજે તો તેમનું નામ ભારતના પ્રથમ શ્રેણીના ગાયકો ને સંગીતકારોમાં વિરાજે છે. તેમનો અવાજ અત્યંત સૂરીલો, મધુર અને વળી એવો જ પડછંદ પણ હતો. કાર્યક્રમ શરૂ કર્યા પહેલાં તેમણે કાઢેલો માત્ર ષડ્જ સ્વર જ શ્રોતાઓના કાનને પરિતૃપ્ત કરી દેવા પૂરતો હતો. ખયાલ, ઠુમરી, તરાના, ભજન વગેરે સર્વ સંગીત-પ્રકારોમાં તેમણે અદ્ભુત પ્રભુત્વ મેળવેલું. તોડી, પૂરિયા, મિયામલ્હાર વગેરે રાગ તથા તેમના પિતાનાં 'જાનકીનાથ સહાય કરે' આદિ ભજનો તો તેઓ અપ્રતિમ કુશળતાથી ગાઈ શકતા. એમનું સંગીત માત્ર તજજ્ઞ રસિકોને જ નહિ પરંતુ સામાન્ય લોકોને પણ સ્પર્શી જતું. વસ્તુતઃ તેમણે શાસ્ત્રીય પરિતૃપ્તિ માટે નહિ પણ જનસામાન્યની રસવૃત્તિ કેળવવા માટે ગાયું અને એમના સૂરનાં આંદોલનોએ સમસ્ત ભારતની જનતાના હૃદયના તારને હલાવી મૂકયા. એમણે ગાએલાં તુલસી, સૂર અને મીરાંના ભજનો શાસ્ત્રીય સંગીત નહિ જાણનાર હૃદયોને પણ સ્પર્શી ગયાં હતાં, અને એમના એ સૂરનાં પૂરને કોઇ ભાષા કે રાજ્યના સીમાડા ખાળી શકયા ન હતા. શું મહારાષ્ટ્ર, શું ગુજરાત કે શું ઉત્તરભારત સર્વ પ્રદેશોની જનતાનું હૃદય એમણે જીતી લીધું હતું. ભારતીય સરકારે પ્રમુખ ભારતીય સંગીતકારોનું એક મંડળ ચીન મોકલેલું તેમાં તેઓ પણ હતા.



તેમનો સ્વભાવ અત્યંત પ્રેમાળ હતો. સાથેસાથ આબાલવૃદ્ધ સૌને તેઓ પણ તેવા જ પ્રિય હતા. વિદ્યાદાનની બાબતમાં તેઓ બહુ ઉદાર હતા. વળી તેઓ અનન્ય માતૃભક્ત હતા. દરેક કામમાં માતાને કશી અડચણ કે તકલીફ ન પડે તે તેઓ પહેલાં જોતા અને આ જ કારણે રશિયાની યાત્રા માટે તેમને મળેલું નિમંત્રણ તેમણે પાછું ઠેલ્યું હતું. ચીન જતાં પહેલાં પણ તેઓ સૌ પહેલાં માતાને મળવા ગયા હતા અને તેમની સંમતિ મેળવીને જ ચીન તરફ



શેળો

સાપની પૂંછડી મોંમાં વતી પકડી મોં શરીરની અંદર ઘાલી દઇ પછી તેને નિરાંતે પોતાના કાંટાળા શરીર પર પછડાટા મારવા દઈ આપોઆપ મરી જવા દેનાર શેળો આપણો બધાનો સુપરિચિત છે. શાહુડીના વામન સ્વરૂપ જેવો શેળો તેનાથી માત્ર એક જ વાતમાં નોખો પડે છે: શેળો માંસાહારી છે, જ્યારે શાહુડી શાકાહારી! આથી જ શેળો insectirora =જીવડાં ખાનાર પ્રાણીઓના વર્ગનો ગણાય છે. છછુંદર એનાં સગોત્રી.

શેળાની મુખ્ય પાંચ જાતો છે, તેમાંથી આપણે ત્યાં થતો શેળો ખાસ કરીને દક્ષિણ હિંદ અને તેમાં યે મુખ્યત્વે નીલગિરિની ધાર પર વધુ દેખાય છે. અંગ્રેજી Hedgehog સંજ્ઞાવાળા આ નાનકડા પ્રાણીનું શાસ્ત્રીય નામ છે Erinaceus micropus.

તેના કાન ટૂંકા ને ગોળ; (શેળાની બધી જાતોમાં ઉપર્યુક્ત શેળો સૌથી ટૂંકા કાનવાળો છે.) રંગ ફિક્કો ને લંબાઈ ૯ ઈંચ જેટલી; પૂંછડી ટૂંકી–અરધા ઈંચની, એટલે કે તેના ટૂંકા ગોળ કાન કરતાં બમણા માપની; કપાળ પર રુવાંટી; પીઠ પરનું સળંગ હાડકું કપાળથી જુદું પડેલું; પડખાં, ગળું અને છાતી સફેદ; પગ, નાક, પેટ અને પૂંછડીનો છેડો તપખીરિયા રંગનાં; પીઠ કાળી ને નીચેનો ભાગ પીળો અથવા સફેદ. તેની રુવાંટી ઘણી જ પાતળી હોય છે.

નિશાચર હોઈ દિવસે તે ઓછો દેખાય. ખેતર-પાદર ને જંગલ-ઝાડીમાંથી જે જીવડાં મળે તે તેનો આહાર: મુખ્યત્વે ગોકળગાય, તમરાં વગેરે. કવચિત દેડકાં ઉંદર કે સાપને પણ એ મારી ખાઇને જીવે. બીએ ત્યારે કાચબાની પેઠે દડો વળીને અંગ સંતાડવાની તેની ટેવ જાણીતી છે. એ વખતે તેનાં ઉપર પાણી રેડવાથી તે સહેજ મોઢું બહાર કાઢે છે. આથી જ શિયાળ કૂતરાં વગેરે એના પર પેશાબ કરીને એને મારી શકે છે. અવાજ કરે ત્યારે જાણે છ મહિનાનું છોકરું રડતું હોય તેવું લાગે.

જવા નીકળ્યા હતા. તેઓ વૃદ્ધ માતા, પત્ની અને આઠ વર્ષના પુત્ર તથા બે વર્ષની પુત્રીનું સ્નેહાળ કુટુંબ પોતાની પાછળ મૂકતા ગયા છે.

ઘેલો સોમનાથ

સૌરાષ્ટ્રમાં થાન, વઢવાણ, વાંકાનેર અને આટકોટ–જસદણ જેવાં ચારે દિશાઓમાં આવેલાં મોટાં શહેરોની વચ્ચેનો પ્રદેશ પાંચાળ કહેવાય છે. એ પ્રદેશ ચોટીલો, તરસીંગડો, ઉમર, ઢાંગાં, માંડવધાર અને સાલેમાળ જેવી જુદીજુદી ડુંગરમાળાઓથી રક્ષાએલો છે અને તેમાં આવેલા બીલેશ્વર, ગંગેશ્વર, ધારેશ્વર, ઝરીઆ, ઘેલો સોમનાથ અને ભીમનાથ વગેરે મહાદેવોથી તે દેવ-પાંચાળ નામે જાણીતો છે.

ગુજરાત–સૌરાષ્ટ્ર ઉપર પોતાની આણ વર્તાવનાર પાટણના સોલંકી રાજાઓના ઇષ્ટદેવ સોમનાથ હોવાથી પાટણથી દેવપાટણ (સિદ્ધપુર પાટણથી પ્રભાસ પાટણ) સુધી યાત્રાળુઓ અને વેપારીઓની વણઝારો હરહમેશ ચાલુ રહેતી અને એ વણઝારો તથા યાત્રાળુઓના સંઘોનો મુખ્ય ધોરીમાર્ગ પાંચાળમાં થઇને જતો; એટલે પાંચાળના આ ધોરીમાર્ગ ઉપર ધીકતો વેપાર હશે, મોટાં મોટાં શહેરો પણ હશે. આ પ્રદેશ ઉપર આણ ફરતી સોલંકીઓની, અને રક્ષણની જવાબદારી હતી જૂનાગઢના રા’ની તથા પાટણ તરફથી મૂકાએલ દંડનાયકની.

સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહના બાલ્યકાળમાં જૂનાગઢના રા’નવઘણે પાટણની ધૂંસરી ફગાવી દેવા માંડલિકો, સામંતો અને બીજા ખંડિયા રાજાઓ સાથે મળીને પાટણનો કબજો લેવા કાવતરું રચેલું ત્યારે પાંચાળેશ્વર સોમનાથમાં ભેગા થવાનું ઠરાવેલું. એનો ભેદ પાટણના તે વખતના મહામંત્રી મુંજાલને મળી જતાં, પાટણનું સૈન્ય પાંચાળમાં ઊતરી આવ્યું ને રા’ નવઘણ નાસી છૂટેલો તે આ રસ્તો; અને ભાગતા રા’ને દંડનાયક ભટ્ટરાજ પરશુરામે પકડી મહારાજા પાસે રજૂ કરી, તેની પાસે પાટણની સત્તાને તાબે રહેવાનું કબૂલ કરાવ્યું, આટકોટ પાસેના પાંચાળની ડુંગરમાળાઓમાં. એ રા’એ મરતી વખતે પોતાના સૌથી નાના પુત્ર રા’ ખેંગાર પાસે જે ચાર પ્રતિજ્ઞાઓ લેવડાવેલી તેમાંની એક ભોયરું ભાંગવાની હતી. તે ભોયરું ગામ પણ આ પાંચાળના ધોરી માર્ગ ઉપર આજે ય ઊભું છે.

એ પાંચાળી પ્રદેશની દક્ષિણ હદ જસદણ પાસેના ઘેલા સોમનાથ મહાદેવ પાસે પૂરી થાય. આ આખોયે ડુંગરાળ પ્રદેશ રમણીય ઉપરાંત ધનધાન્ય તથા ઘાસપાણીની વિપુલતાને કારણે સમૃદ્ધ ગણાતો, એટલે જે પરદેશીઓ ઉત્તર હિંદમાંથી સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલા તે મોટે ભાગે આ પ્રદેશમાં વસેલા. મારવાડમાં લૂણી-કાંઠાના ખેરગઢના રાજા સેજકજીને ત્યાંથી નાસવું પડયું ત્યારે તેમણે આવીને આ પ્રદેશમાં ઊતરાણ કરેલું અને પોતાની પુત્રી વાલકુંવરબાને જૂનાગઢના રા’ સાથે પરણાવી મૈત્રી સ્થાપેલી. આ સેજકજીના પુત્રોમાં રાણપુર વસાવનાર રાણોજી હતા. ગોહિલ વંશની એ ગાદી પછી ભાવનગર, પાલીતાણા, વળા અને લાઠીમાં વહેંચાઈ ગઇ.

જસદણ રાજ્યની હકૂમતમાં આવેલ ઘેલો સોમનાથ મહાદેવ ભારતખ્યાત છે. જસદણથી વીછિયા જતી સડક ઉપરથી વચ્ચે ફંટાઇ ડુંગરમાળામાં ઊતરી જઇને, કાળાસર ગામ વચ્ચે થઇને જતાં ચૌદ માઈલ અને કાળાસર સ્ટેશને ઊતરીને જતાં સાતેક માઈલ ગાડામાર્ગે ટેકરીઓ વચ્ચે દૂર આ મહાદેવ આવેલા છે. હવે તો જસદણ–ઘેલો સોમનાથ વચ્ચે બસ સર્વિસની સગવડ પણ થઈ છે.

પાંચાળ શરૂ થાય થાનથી અને પૂરો થાય ઘેલો સોમનાથ પાસે, એટલે જો થાનથી પગપાળા મુસાફરી શરૂ કરીએ તો, ગઈ સદીમાં થઈ ગએલ ભગતમંચની જગ્યા, કાઠીઓના ઇષ્ટદેવ સૂરજદેવળ (સૂર્યમંદિર), વાસુકિ નાગની જગ્યા, બાંડિયાબેલી, તરણેતર, ટપકિયા મહાદેવ, ચોટીલાનાં ચામુંડા માતા, ભીમોરા અને મેવાસાના કિલ્લાઓ અને હિંગોળગઢમાં હિંગળાજ માતા એ પ્રાચીન તીર્થધામો જોવા મળે છે. તેમ ગોહિલોના મૂળ પુરુષ સેજકજીએ વસાવેલ સેજકપુર, આણંદપુર પાસેનો ભીમોરાનો ઐતિહાસિક કિલ્લો અને ઠેરઠેર વેરવિખેર પડેલાં ખંડિયેરો વગેરે જોતાં જોતાં ઘેલો સોમનાથ પહોંચી જવાય છે.

ચારે બાજુ ડુંગરમાળાઓ, અને તેમાંથી નીકળતી ભાદર, ફતાવળી, ભોગાવો, વાઘેશ્વરી અને ઘેલો વગેરે નદીઓનાં અહીં ઊગમસ્થાન છે. આ ઘેલો નદી ઉમ્મરની ડુંગરમાળમાંથી નીકળી સ્વામીના ગઢડા તરફ ચાલી જાય છે. તેના જ મૂળ પાસે, ચોમેર ડુંગરોની વચ્ચે ઘેરાએલ પ્રદેશમાં ઘેલો સોમનાથનું દેવળ દૂરથી આકર્ષક લાગે છે. ઘેલો નદીને કાંઠે આવેલું હોઈ લોકો તેને ઘેલો સોમનાથના નામથી ઓળખે છે.

ઘેલો નદી ઓળંગી, બીલી ને કરેણનાં ઝૂંડ વચ્ચેથી આગળ જતાં આજે ચોમેર કોટ અને દરવાજાથી રક્ષાએલ મહાદેવની તીર્થભૂમિ નજરે પડે છે. અંદરના વિશાળ ચોગાનમાં મહાદેવનું શિવાલય છે ને તેને ફરતી યાત્રાળુઓ માટેની પરસાળ તથા ઓરડીઓની હાર છે.

આ મંદિરની સ્થાપના ક્યારે થઈ તેની કોઈ ઐતિહાસિક માહિતી કે પુરાવા સાંપડતા નથી, પણ જયસિંહની માતા મિનળદેવી પાટણથી દેવપાટણ સુધી યાત્રાએ નીકળેલાં ત્યારે તેમણે રસ્તામાં ઠેર ઠેર જે લોકોપયોગી જળાશયો, વાવતળાવો અને શિવાલયો બનાવડાવેલાં તેમાં આ રમણીય સ્થળે ઘેલા સોમનાથની સ્થાપના થઈ હશે એમ માની શકાય. પરંતુ લોકોક્તિ તેથી જુદું જ કહે છે.

આ શિવાલયની સામે જ એક ઊંચી ટેકરી છે, તેનાં પાકાં બાંધેલાં ૯૯ પગથિયાં ચડીએ ત્યારે ઉપર ત્યાં સતી થએલ મીનળ નામની કોઈ રાજ્યકન્યાની દહેરી છે. એ મીનળના નામ સાથે આ ઘેલા સોમનાથ મહાદેવની સ્થાપનાને સંબંધ હોવાનું લોકજીભે બોલાય છે.

તેની એવી બેત્રણ દંતકથાઓ પકીની એક એવી છે કે અલ્લાઉદ્દીન ખીલજીના વખતમાં સોરઠ ઉપર ચડાઈ થઈ તે પછી તેના સૂબાઓ સોરઠમાં થાણું નાખીને બેઠા. તેવામાં કોઇ એક સૂબાની નજરે એ પ્રદેશની રાજકન્યા મીનળ પડી. સોહામણી ને નમણી રાજકન્યાને બાદશાહી ઝનાનામાં મોકલવા આ સૂબાઓએ તેને પકડીને દિલ્હી તરફ રવાના કરી. પાટણ થઇને દિલ્હી તરફ જવાના આ ધોરી માર્ગે તે ઘેલો સોમનાથ મહાદેવની પૂજા કરવા રોકાઈ, ને પછી સીધી ટેકરી ઉપર જઈ ભૈરવજપ ખાઈ સતી થઈ. લશ્કરનાં માણસોના હાથે ત્યાંના ચોકિયાતો કપાઇ મૂઆ. એમની શૌર્યકહાણી કહેતા પાળિયા આજે પણ એ મંદિરની આસપાસ અને ઘેલાના કાંઠે ચારે બાજુ ઊભા છે.

ઈ. ૧૩૫૬ પછી આ મંદિરનો જીર્ણોદ્ધાર થએલો તેનો એક શિલાલેખ ત્યાં હતો જે હવે ગુમ થયો જણાય છે. આ પછી ફિરોઝશાહ તઘલખના સમયમાં આ મંદિર ઉપર હુમલો થયાનો અને મંદિરને ખંડિત કરવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ ઇતિહાસમાં નજરે પડે છે. ત્યાર બાદ સત્તરમી સદીમાં ભાવનગરના કોઈ નગરશેઠે તેનો જીર્ણોદ્ધાર કરેલો ને છેલ્લેછેલ્લે પંદરેક વર્ષ ઉપર જસદણ રાજ્યે એને નવેસરથી ઊભું કર્યું છે.

દેવળના કોટની બહાર સતીની ટેકરી તરફ જતાં એક બાજુ ભોજા ભગતની દહેરી છે. લોકોને જ્ઞાન-ચાબખા મારનાર ભોજો જાતનો હરિજન હોવાથી પૂજારીઓએ તેને સોમનાથના મંદિરમાં દર્શન કરવા પેસવા દીધેલો નહિ, એટલે તેણે મંદિરની સામે જ બેસીને ભજનોની ધૂન મચાવી લોકોને પોતાની કાવ્યવાણી દ્વારા જ્ઞાનના ચાબખા માર્યા. તેની દહેરી મંદિરના દરવાજા પાસે જ છે ને તેમાં તેની મૂર્તિ છે. હમણાં થોડા દિવસ પહેલાં જ આ મહાદેવનું દેવળ હરિજનોને દર્શનપ્રવેશ માટે ખુલ્લું મુકાયું છે.

ત્યાંથી થોડે જ દૂર પાછળના ભાગમાં ભીમનાથ મહાદેવનું જૂનું ખિસ્માર હાલતનું શિવાલય છે અને એની આજુબાજુ માઇલો સુધી પથરાતી બાવળની બિહામણી કાંટ છે. એક બાજુ ઊંચી ડુંગરમાળ ને બીજી બાજુ બાવળની ઘાટી કાંટ વચ્ચે સાંકડી પટ્ટીમાં વહી જતી 'ઘેલો' એ બે ચોકીદાર વચ્ચે રક્ષાતી કોઈ નાનકડી રમતિયાળ કિશોરી જેવી દેખાય છે; પણ થોડાં જ અંતરે તેને ભેટતી વાઘેશ્વરી ને બીજી નદીના ત્રિવેણી સંગમથી રમતિયાળ ઘેલો કોઈ નવયૌવના જેવી ઘેલી બની રહે છે. આ વાઘેશ્વરી નદીના કાંઠે બાવળનાં ઝાંખરાંનો પાર નથી એટલે શોભાહીન એ વાઘેશ્વરીને લોકો વાઘરણનાં નામે ઓળખે છે.

આજે જાણીતાં થએલાં યાત્રાનાં સ્થળોએ ગંદકી ને ધમાલ એટલાં બધાં વધી પડચાં છે કે યાત્રીઓ જીવનની શાંતિ અનુભવી શકતા નથી; **પણ ઘેલા સોમનાથની જગ્યા આજે પણ** નિર્જન એકાંતમાં એવી બધી ધમાલથી મુક્ત રહી છે ને કુદરતી સૌંદર્યથી ઓપતો આ પ્રદેશ યાત્રીઓને પરમ શાન્તિ આપે છે.

(સૌરાષ્ટ્ર) —મનુભાઇ જોધાણી

નવા દશાંશ ચલણની સમજણ

ભારત સરકારે ચાલુ ચલણની પદ્ધતિમાં ફેરફાર કરીને દશાંશ ચલણની પદ્ધતિ અમલમાં લેવા બાબતનો હમણાં કાયદો પસાર કર્યો છે. હાલ ૧ રૂપિયો, ૧૬ આનાનો અગર તો ૬૪ પૈસાનો બનેલો છે, પણ નવી દશાંશ ચલણની પદ્ધતિ પ્રમાણે ૧ રૂપિયાના સો ભાગ કરવામાં આવશે જેના સોમા ભાગને 'નવો પૈસો' કહેવામાં આવશે. અર્ધો રૂપિયો=૫૦ નવા પૈસા, પા રૂપિયો=૨૫ નવા પૈસા અને પા રૂપિયાની નીચે ૧૦, ૫, ૨, ૧ નવા પૈસાનાં ચલણ હાલના પૈસા તથા આનાના ચલણને બદલે દાખલ થશે.

તોલ-માપની હાલની પદ્ધતિ સોળ સરખા ભાગમાં વહેંચાએલી છે.૧ શેરના ૧૬ છટાંક અને ૧ વારના સોળ ગીરાહ(૨૧/૪) ઇંચ હાલ છે.

તેને બદલે આ નવા દશાંશ તોલમાપમાં, નવો શેર એક કીલોગ્રામ બરાબર થશે, જે આશરે ૨·૨ રતલ કહી શકાય. નવો વાર એક મીટર બરાબર અગર તો ૪૦ ઇંચ આસપાસ થશે.

નવો શેર ૧૦૦ સરખા ભાગમાં વહેંચાએલો હશે, જેમાં સોમા ભાગને ગ્રામ અગર તો કોઈ બીજું અનુરૂપ નામ આપવામાં આવશે. નવો વાર ૧૦૦ સરખા ભાગમાં વહેંચાએલો હશે, જેના સોમા ભાગને સેંન્ટીમીટર અગર તો બીજું કોઈ અનુરૂપ નામ આપવામાં આવશે.

પેટ્રોલ તેમજ એવા તરલ પદાર્થો માપવા માટે એક ગૅલનને બદલે 'લીટર'નું માપ અમલી બનશે. ૧ લીટર=૦·૨૨ ગૅલન થશે. મીટ્રિક પદ્ધતિના તોલમાપમાં ૧ ગ્રામ=૧૫·૪૩ ગ્રેઈન, ૧૦ ગ્રામ=૦·૮૫ તોલા (આશરે); ૧૦૦ ગ્રામ=૩·૫ ઔંસ (આશરે); ૧ કીલોગ્રામ (નવો શેર); ૧·૦૭ શેર=૨૨ રતલ (આશરે); ૫૦ કીલોગ્રામ (નવો મણ)=૧·૩૩ ચાલુ બંગાળી મણ; ૧૦૦૦ કીલોગ્રામ (મીટ્રિક ટન)=૨૬·૭૯ ચાલુ બંગાળી મણ.

૧ સેન્ટીમીટર=૦·૪ ઈંચ (આશરે); ૨ા સેન્ટીમીટર=૧ ઇંચ(આશરે); ૧૦ સેન્ટીમીટર=૧·૭ગીરાહ=૩·૯ ઇંચ(આશરે); ૧ મીટર (નવો વાર)=૪૦ ઈંચ (આશરે); ૧ કીલોમીટર=૦·૬૨ માઈલ (આશરે).

આ ફેરફાર અમલમાં આવશે ત્યારે ભાવ, હિસાબ તેમજ તોલ-માપમાં સુગમતા થશે, અને અત્યારે જે જુદાજુદા તોલમાપ અમલમાં છે તેને બદલે સમસ્ત ભારતમાં એકસરખાં તોલમાપ અમલમાં આવશે. તેથી આખા દેશમાં વ્યાપારમાં સરળતા આવશે.

આ ફેરફાર અમલી બનાવતાં પહેલાં પ્રજાને મુશ્કેલીઓ પડવા સંભવ છે. તે માટે ૧૫ વર્ષના ગાળામાં આ ફેરફાર કરવાનું વિચારાય છે.

ચંદનવૃક્ષ

મુંબાઈરાજ્યનાં કેટલાંક વૃક્ષોમાં આ વૃક્ષ ઘણું મૂલ્યવાન છે. સુખડનું લાકડું દુનિયાનાં અન્ય કાષ્ટના મુકાબલે ખૂબ કીમતી છે.

ઇમારતી લાકડાં સામાન્યરીતે તેનાં મહત્ત્વ અનુસાર કદ પ્રમાણે વેચાય છે, પણ સુખડનું લાકડું તો તેના વજન પર વેચાય છે. આપણામાંના બહુ થોડાને ખબર હશે કે આ વૃક્ષ મૂળથી જ પરોપજીવી છે. તે ખોરાક જમીનના મૂળથી નહિ, પણ બીજા છોડવાઓ પાસેથી મેળવે છે. આ રીતે ચંદનના વૃક્ષને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નથી,—તેને તેના યજમાનો પર આધાર રાખવો પડે છે. પરંતુ આ વૃક્ષ નાના છોડવા અને ઘાસ પર પણ આધાર રાખે છે, એટલે જેઓ તેને પરોપજીવી જાણે છે તે તેને ક્વચિત એકલું જોઇને આશ્ચર્ય પામે છે; પણ ત્યારે તે આસપાસ ઊગેલા ઘાસમાંથી પણ ખોરાક મેળવી લેતું હોય છે એની તેમને ખબર હોતી નથી. ઘણીવાર એની અસર એટલી બધી તીવ્ર હોય છે કે ખોરાક આપતા વૃક્ષનું સદંતર શોષણ થઈ જાય છે.

ચંદનના વૃક્ષમાંથી લાકડું કપાતાં તરત જ કાંઈ સુવાસિત ચંદન-કાષ્ઠ આપણને મળતું નથી. સુખડનું સુવાસિત લાકડું તો વૃક્ષની બરોબર મધ્યમાંથી આપણને મળે છે, અને જ્યારે વૃક્ષ સંપૂર્ણ પરિપક્વ થાય, અથવા તો જ્યારે તેની સામેની વિવિધ અસરોને લીધે તે મરણતોલ અવસ્થામાં આવી જાય, ત્યારે જ આ લાકડું પણ તેની અંદર પૂર્ણ વિકાસ પામી રહે છે. સામાન્ય રીતે તંદુરસ્ત હોય તેવા વૃક્ષમાંથી આવું લાકડું મળતું નથી. ઘણાને જાણીને આશ્ચર્ય થશે કે સુખડ ફક્ત મરણતોલ અથવા ભાંગેલા ચંદનવૃક્ષમાંથી જ મળે છે. મરણતોલ થઈ ગએલા ચંદનવૃક્ષને પાડી નજદીકના સરકારી ડીપોમાં લઈ જવામાં આવે છે, જ્યાં તેનું બહારનું લાકડું કાઢી નાખવામાં આવે છે ને ત્યારપછી જ સુવાસિત ચંદનકાષ્ઠ મળે છે. મુંબાઇ રાજ્યમાં કાનડા ચંદનવૃક્ષનું ઘર ગણાય છે; પણ હવે તેનો ઘણા વિસ્તારોમાં પ્રસાર થઈ ગયો છે અને ધારવાડ તથા બેળગામ જિલ્લાઓના કેટલાક ભાગો આ વૃક્ષસંપત્તિને લીધે સમૃદ્ધ બન્યા છે.

હિંદુઓ અને પારસીઓ ચંદનવૃક્ષનો ધાર્મિક હેતુઓ માટે ખાસ ઉપયોગ કરે છે. તેનું સુવાસિત તેલ ખૂબ મૂલ્યવાન ગણાય છે, અને તે મોટા પ્રમાણમાં પરદેશ મોકલવામાં આવે છે. ફ્રાન્સ આ તેલ ખરીદ કરનારાઓમાં મુખ્ય છે. સુખડનો સાબુ આજે વ્યાપક પ્રમાણમાં વપરાય છે. નકશીકામની ઘણી સુંદર વસ્તુઓ આ લાકડામાંથી બને છે.

આપણા સુખડના વેચાણમાંથી જંગલખાતાને છેલ્લાં ચારપાંચ વર્ષમાં રૂા. ૪।। થી રૂા. ૬ લાખ સુધીની આવક થઇ હતી. આ વૃક્ષની આવી ખાસ અગત્ય જોતાં જંગલ ખાતા તરફથી તેના વેચાણના નિયંત્રણ તથા હેરફેર માટે ખાસ નિયમો ઘડવામાં આવ્યા છે.

ચંદન વૃક્ષના આવા ઉજ્જવલ જીવનની બીજી બાજુ પણ છે. આ વૃક્ષને અંગ્રેજીમાં 'સ્પાઈક' તરીકે ઓળખાતો ચેપી રોગ થાય છે, અને એકવાર એ ફેલાય કે ઘણુંખરું સુખડ નકામું બની જાય છે. મ્હૈસૂર ને મદ્રાસના કેટલાક વિસ્તારોમાં આ રોગ વ્યાપક પ્રમાણમાં ફેલાય છે. સદ્ભાગ્યે આપણું રાજ્ય આ રોગમાંથી મુક્ત છે. (ખેડૂતબંધુ)

તેન્ઝિંગ અને હિમાલય

આપણામાંનાં ઘણાંનું માનવું છે કે તેન્ઝિંગ એક જ દિવસમાં, રાતોરાત, એવરેસ્ટ ચડીને 'અકસ્માત્' જગત્ખ્યાતિ પામ્યો—'ઍક્સિડેન્ટલ હીરો' બન્યો : પેલી લોકકથાની હાથણીએ ગામભાગોળના ઊકરડે કળશ ઢોળીને કોઈ અજ્ઞાતનો રાજ્યાભિષેક કરેલો એમ ! પણ આ એક ભ્રમ છે. હિમાલયન ક્લબના લંડનથી પ્રસિદ્ધ થતા સત્તાવાર વાર્ષિક મુખપત્ર 'હિમાલયન જર્નલે' છેક ૧૯૫૦માં ત્રણ ઉત્તમ શેરપા-સરદારો-

માં તેન્ઝિંગની વરણી કરી તેનું ઉજ્જવલ ભાવિ આ શબ્દોમાં ભાખ્યું હતું: He is a very good climber, well-equipped to act as a 'guide'...a great future is before him.' હિમાલયમાં અપ્રતિમ શૌર્ય ને સહનશક્તિ માટે શેરપાઓને અપાતો ટાઈગર મૅડલ હિમાલયન ક્લબે ૧૯૩૮માં આપવો શરૂ કર્યો. તેન્ઝિંગ તેના પ્રથમ વિજેતાઓમાંનો એક હતો. વળી, તે એવરેસ્ટવિજેતા બન્યો તે પહેલાં સ્વિસ પર્વતારોહકોએ પણ, તેણે લૅમ્બર્ટ સાથે પર્વતારોહણનો નવો વિક્રમ સ્થાપવા માટે (એવરેસ્ટ: ૧૯૪૨: ૨૮૨૫૦ ફીટ) તેનું બહુમાન કરેલું.

અંગ્રેજીમાં કહેવત છે કે રોમ એક દિવસમાં નહોતું બંધાયું. રોમ શહેર કરતાં ક્યાં યે મહાન એવું માનવવ્યક્તિત્વ પણ એક દિવસમાં નથી ઘડાતું તેની અલ્પ ઝાંખી, તેન્ઝિંગની આત્મકથામાંથી સંકલિત તેની પર્વતારોહણની ને હિમાલય-ભ્રમણની નીચેની કારકિર્દી આપશે. એવરેસ્ટવિજય તો તેની આ જ્વલંત કારકિર્દીમાં શિરમોર થવા સર્જાયો હતો, તેની આજીવન સાધનાની પરમ સિદ્ધિ થવા નિર્મિત હતો.

૧૯૩૫ વસંત-ગ્રીષ્મ: એવરેસ્ટ પહેલી વાર, ૨૧ વર્ષની વયે શિપ્ટનની એક્સપિડિશન(આરોહણ ટુકડી) સાથે, ઉત્તર રસ્તે, લગભગ ૨૨,૦૦૦ ફીટ સુધી (નોર્થ કૉલ).

૧૯૩૫ શરદ: સિક્કિમ, કબ્રુ શિખર, ૨૪,૦૦૦ ફીટ પર આવેલો બેઈઝ કૅમ્પ (તળેટીની છાવણી) સુધી.

૧૯૩૬ વસંત: એવરેસ્ટ બીજી વાર. રટલેજ એક્સપિડિશનમાં, ઉત્તર રસ્તે, લગભગ ૨૨,૦૦૦ ફીટ સુધી (નોર્થ કૉલ).

૧૯૩૬ ગ્રીષ્મ-વર્ષા: ગઢવાલ. 'સર્વે ઑવ ઇન્ડિયા'ના મિ. ઑસ્મૅસ્ટન સાથે નંદાદેવી વિસ્તારમાં, 'સૅંક્ચ્યુઅરી' સુધી.

૧૯૩૭ ગ્રીષ્મ: ગઢવાલ. બંદરપૂંછ (૨૦,૭૨૦ ફીટ) પહેલી વાર. ડૂન સ્કૂલના ગિબ્સન અને માર્ટિન સાથે, ૧૭,૦૦૦ ફીટ સુધી. બંદરપૂંછ-ગંગોત્રી વિસ્તારમાં પરિભ્રમણ. બર્ની પાસ (૧૮,૦૦૦ ફીટ) ઓળંગ્યો. બર્ની તે પછી બીજી વાર પણ ઓળંગાયો.

૧૯૩૮ વસંત-ગ્રીષ્મ: એવરેસ્ટ ત્રીજી વાર. ટિલ્મન એક્સપિડિશન, ઉત્તર રસ્તે. 'લ્હો લા' પર અને એવરેસ્ટ પર ૨૭,૨૦૦ ફીટ સુધી.

૧૯૩૮ શરદ: અલ્મોડા. ઊંડાણોના અલ્પજ્ઞાત પ્રદેશમાં ફરી એક વાર ઑસ્મેસ્ટન સાથે.

૧૯૩૯ વસંત: ચિત્રલ, કાશ્મીર (હવે પાકિસ્તાનમાં), તિરિચ મીર (૨૫,૨૬૦ ફીટ) પર સ્મિટન સાથે ૨૩,૦૦૦ ફીટ સુધી.

એ પછી પાંચ વર્ષ ચિત્રલ-નિવાસ

૧૯૪૫ વસંત: તિબ્બટમાં ટેઈલર સાથે સિક્કિમ થઇને ગ્યૅાત્ઝે.

૧૯૪૬ વસંત-ગ્રીષ્મ: બંદરપૂંછ બીજી વાર. ગિબ્સન તથા માર્ટિન સાથે, ૧૮,૦૦૦ ફીટ સુધી.

૧૯૪૬ શરદ: સિક્કિમ; કાંચનજંઘા વિસ્તારના ઝેમુ તથા યાલંગ ગ્લૅશ્યર્સ: રીડ સાથે.

૧૯૪૬ હેમંત: ફરી સિક્કિમ ઝેમુ, ગ્લૅશ્યરના વિસ્તારમાં થૉર્નલી સાથે.

૧૯૪૭ વસંત: એવરેસ્ટ ચોથી વાર, ઉત્તર રસ્તે, એકલા ડેન્મૅન સાથે ૨૨,૦૦૦ ફીટ સુધી. (ઘણાંને જાણી નવાઈ લાગશે કે એવરેસ્ટ જેવા શિખરને બિલકુલ એકલા ચડનારા ધૂની વિરલાઓ પણ છે. એવરેસ્ટ પર આવા ત્રણ પ્રયત્ન થયા છે. ડેન્મૅન તેમાંનો એક હતો. તે જ માત્ર જીવતો પાછો ફર્યો હતો.

૧૯૪૭ શરદ: ગઢવાલ, કેદારનાથ (૨૨,૦૦૦ ફીટ), બાલ્બલા ને કાલિન્દી શિખરો પર આન્દ્રે રૉશ સાથે આરોહણ: ત્રણે પર વિજય.

૧૯૪૮: તિબ્બટ, પૂર્વીય સાહિત્યના પ્રખ્યાત વિદ્વાન ઈટાલિયન અને સંશોધક પ્રો. ટૂચી સાથે નવ મહિના તિબેટભ્રમણ.

૧૯૪૮ હેમંત: કુલુ. ભારતીય સૈન્યને પર્વતારોહણની તાલીમ આપવા.

૧૯૪૯ વસંત-ગ્રીષ્મ: પશ્ચિમ નેપાલમાં ટિલ્મન સાથે પર્વતખેડ.

૧૯૪૯ શિશિર: કાશ્મીર, સૈન્યને પર્વતારોહણની તાલીમ આપવા.

૧૯૫૦ ગ્રીષ્મ: ગઢવાલ. બંદરપૂંછ ત્રીજી વાર અને વિજય. (આ લગભગ ૨૧,૦૦૦ ફીટના શિખર પર પણ સાત પ્રયાસ થયા હતા!)

૧૯૫૦ હેમંત-શિશિર: કાશ્મીર (પાકિસ્તાન). નંગા પર્વત (૨૬,૬૦૦ ફીટ) પર થૉર્નલી સાથે. ડિસેંબરના અંતમાં, શૂન્યની નીચે ૪૦ ડિગ્રી ઠંડીમાં પણ પહેલો કૅમ્પ(પડાવ) નાખવામાં સફળ! પછી પીછેહઠ.

૧૯૫૧ વસંત-ગ્રીષ્મ: ગઢવાલ. નંદાદેવીના પૂર્વ શિખર(૨૪,૪૦૦) પર ફ્રેંચ એક્સપિડિશન સાથે વિજય. તેન્ઝિંગ આને જીવનનું સૌથી અઘરું-એવરેસ્ટથી યે મુશ્કેલ-આરોહણ ગણાવે છે. વળી એવરેસ્ટને બાદ કરતાં, નંદાદેવી પૂર્વ તેણે સર કરેલાં શિખરોમાં સૌથી ઊંચું છે.

૧૯૫૧ હેમંત: સિક્કિમ, કાંચનજંઘાના યાલંગ ગ્લૅશ્યર-વિસ્તારમાં ફ્રે સાથે; નાનાંનાનાં અનેક શિખરો સર કર્યાં; કાંગ શિખર (૧૯,૦૦૦ ફીટ) ચડતાં સાથી ફ્રેનું અકસ્માત મૃત્યુ.

૧૯૫૨ વસંત-ગ્રીષ્મ: એવરેસ્ટ પાંચમી વાર, દક્ષિણ રસ્તે, સ્વિસ એક્સપિડિશનના લૅમ્બર્ટ સાથે ૨૮,૨૫૦ ફીટ ચડી પર્વતારોહણનો નવો જગત્-વિક્રમ (world record) સ્થાપ્યો.

૧૯૫૨ હેમંત: એવરેસ્ટ છઠ્ઠી વાર, દક્ષિણ રસ્તે, સ્વિસ એક્સપિડિશન સાથે સાઉથ કૉલ (૨૬,૦૦૦ ફીટ) સુધી.

૧૯૫૩ વસંત-ગ્રીષ્મ: એવરેસ્ટ સાતમી વાર ને વિજય!

તેન્ઝિંગ કહે છે કે 'હું ફક્ત પર્વતો'માં નહોતો જન્મ્યો, પણ પર્વતો 'માટે' જન્મ્યો હતો, તે કેટલું બધું સાચું છે! —અશ્વિન મહેતા

કાંટો વાગ્યો છે?

પગનાં તળિયામાં કાંટો, કાચ, ખીલી કે ફાચર વાગીને અંદર રહી ગયાં હોય તો તેને ખોતરવાનું માંડી વાળો. જે જગ્યાએ વાગ્યું હોય ત્યાં આસપાસ સોજો ચડી જાય, પગ રમઠમ થાય તોપણ ગભરાશો નહિ. કપાવવાની કે ખોતરવાની વાત જવા દઈ નીચેનો ઉપાય અવશ્ય કરજો. પરુ થયું હોય તોપણ ઉપાય કરજો.

એક કડછીમાં એક તોલો ગોળ બે આની ભાર હળદર, એટલું જ મીઠું (ખાવાનું) અને એરંડિયું તેલ ભરાતું હોય તે વાસણના તળિયે જે કચરો હોય તે દીવેલ સાથેનો કચરો અંદર નાખો. દીવેલ પણ ભેગું ભલે આવે. ઉપરાંત સ્ત્રીઓએ માથાના વાળ ઓળતાં ગૂંચ કાઢી નાખી હોય તે અંદર નાખીને કડછીને દેવતા ઉપર ગરમ કરો. બરાબર ગરમ થાય અને ગોળ મીઠું હળદર દિવેલનો કચરો તથા વાળ બધું એકરસ થઇ જાય એટલે લુગડાના ચોરસ કટકામાં નાખી, પોટલી બનાવી, એ પોટલીના ગરમ ગરમ ચપકા, ખીલો કે કાંટો વાગ્યો હોય તેની આજુબાજુ આપો,—અર્થાત્ શેકો. ઠંડુ થઇ જાય એટલે તેની લુગદી જેવું બનાવી કાંટાવાળી જગ્યા ઉપર બાંધી દો. દિવસમાં બેથી ત્રણ વખત તાજું બનાવી, શેકની માફક થેપલીથી ચપકા દઈ ફરીથી બાંધો. ૪૮ કલાકમાં ગમે તેટલો ઊંડો કાંટો, કાચ, ખીલી જે હશે તેની આજુબાજુમાં પાક થઈને સહેજ દબાવવાથી નીકળી જશે. એ નીકળી ગયા પછી આજ દવા બાંધ્યા કરવાથી અંદરથી રસી, પાક, સોજો, સઘળું નાબૂદ થઈ, દુખાવો મટી પગ તદ્દન રૂઝાઈ જશે. ગામડામાં વગડે ફરતા સેંકડો ખેડૂતો અને ગ્રામજનોને આ ઉપાય બતાવી સારા કર્યા છે.

(ગુજરાત સમાચાર) —વૈદ્યરાજ જાદવજી નરભેરામ

આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: માર્ટિન લ્યૂથર

ભલભલા મહારાજાઓને પણ થથરાવતી પશ્ચિમના પોપની ધર્મસત્તા સામે, અને તે યે પુરાણા સંપૂર્ણ રૂઢિચુસ્ત જમાનામાં, એકલપંડે બળવો જગાડનાર યુરોપના ધીટ ધર્મસુધારક માર્ટિન લ્યૂથરનો જન્મ જર્મનીના ઈસ્લીબેન ગામે ૧૪૮૩ની ૧૦મી નવેમ્બરે, એક ખાણ-મજૂરને ત્યાં થયો હતો. પુત્રને મોટો વિદ્વાન બનાવવાના પિતાને કોડ હતા, પણ તેની બુદ્ધિશાળી તેમજ પ્રામાણિકતરંગવિહારિતા પિતાને નાલાયકી લાગી અને ચૌદ વર્ષની વયે તેને ઘરમાંથી રજા મળી. અકિંચન માર્ટિને ગામ છોડયું. રસ્તે એક મિત્ર મળી જતાં બંને માગ્ડીબર્ગ પહોંચ્યા. ત્યાં ફ્રાન્સિસ્કન સાધુઓની ગરીબ શાળામાં ભણવા સાથે શેરીઓમાં ભજન ગાઈ ગુજારો કરવા માંડયો. પણ આમ તો જીવનધ્યેય સિદ્ધ નહિ થાય એમ ધારી તેણે પિતાને શરણે જવાનો નિશ્ચય કર્યો; પણ ત્યાંની એક ઉમદા સ્ત્રીએ સહાનુભૂતિથી પ્રેરાઈ તેના અભ્યાસનો બધો ખર્ચ ઉપાડી લીધો.



શાળામાં રહી માર્ટિને લાટિન ભાષામાં પ્રાવીણ્ય મેળવ્યું, અને પોતાના પ્રિય ગ્રંથ બાઈબલનો મૂળ લાટિનમાં લખાએલી ગાથાઓનો તથા એરિસ્ટોટલનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. દરમ્યાન તેના પિતાની સ્થિતિ સુધરતાં ઘર તરફથી પણ તેને મદદ મળી અને ઇ. ૧૫૦૫માં તેણે એરફર્ટ વિદ્યાપીઠની ઉપાધિ મેળવી. હવે એના પિતાની ઇચ્છા, માર્ટિન કોઇ સારા ધંધામાં જોડાઈ સારી રીતે કમાય એવી થઇ. એવામાં એક સાંજે દિશાઓ ચીરી નાખતી વીજળીઓ થવા માંડી ને એકાએક તેના મિત્ર પર વીજળી પડી. આથી વેદનાથી ફાટી જતે હૈયે માર્ટિન પોકારી ઊઠયો: 'ક્ષણભંગુર દેહનો શો વિશ્વાસ! આજથી જ આ દેહ ઈસુની સેવામાં અર્પણ!'

સાધુ બન્યા પછી તેને ઘણી વાર બે ટંક પૂરતું ધાન પણ ન મળતું. છતાં એ અનેક હાડમારીઓ વેઠતાં તેણે કેટલા યે ગ્રંથો વાંચી અભ્યાસ ખૂબ વધાર્યો. અને અંતે પાદરી થઈ વિટનબર્ગમાં જઇ વસ્યો. ત્યાંથી તે રોમની યાત્રાએ ગયો જ્યાં તેણે ખુદ ઇસુને પણ વેચવામાં પાછા ન પડે તેવા ધર્મગુરુ પોપનાં ધતિંગ જ માત્ર જોયાં. પાપવિમોચન માટે લોકો પાસેથી પૈસા લઇ પોપદ્વારા માફીપત્રો લખાતાં જોઈ માર્ટિન સળગી ઊઠયો. તેણે નિશ્ચય કર્યો કે 'આ પાખંડ હું હરગીઝ નહિ ચાલવા દઉં.' અને એ ત્યાંથી પાછો વળી ગયો.

પોપનો એક દલાલ ટેટ્ઝલ 'પાપવિમોચનપત્રિકાઓ' વેચવા વિટનબર્ગ આવ્યો ત્યારે માર્ટિને તે પત્રિકાઓ વિરુદ્ધ પંચાણુ રદિયાઓનો સચોટપણે ખરડો કરી દેવળની દીવાલ પર ટાંગી દીધો. આથી લોકોમાં ખળભળાટ વ્યાપ્યો અને ધર્મગુરુઓમાં ઉશ્કેરાટ. લ્યૂથરને તેની દલીલો પાછી ખેંચી લેવા પોપ તરફથી ધમકીઓ અપાઈ. પણ તેનો તો માત્ર એક જ જવાબ હતો: 'ઈસુની જ ઇચ્છાને હું વશ વર્તું છું.' વાત કોઈ નિર્ણય સિવાય અહીં ને અહીં જ પડતી મૂકવામાં આવી.

હવે તેણે બાઈબલનો લોકોમાં પ્રચાર કરવા માટે તેનો લાટિનમાંથી જર્મન ભાષામાં અનુવાદ કર્યો, જેની થોડા જ સમયમાં સોળ આવૃત્તિઓ એકલા વિટનબર્ગમાં જ નીકળી, અને પાંચ વર્ષમાં તો આખા જર્મનીમાં પચાસ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઇ ચૂકી. લ્યૂથરે સાદી પણ સચોટ ભાષામાં પુસ્તકો લખીને પોતાના વિચારો પ્રજામાં ફેલાવવા માંડ્યા, જેને પરિણામે એવી તો પ્રજાજાગૃતિ આવી ગઇ કે પોપને પોતાના અધિકારની પડુંપડું થતી ઇમારતને ટકાવી રાખવા જર્મનીના રાજા પાંચમા ચાર્લ્સને કહેવું પડયું કે 'આ તકરારનો અંત લાવો.' ચાર્લ્સે ર્‌હાઇન નદીને કાંઠે આવેલા વર્મ્સ ગામની સભામાં ઇ. ૧૫૨૧ના એપ્રિલમાં લ્યૂથરને

(અનુસંધાન પૃષ્ઠ ૪૬૧ ઉપર)

દિનવિશેષ

તા. ૧ ૧૪૦ વર્ષ પછી ભારતમાંની ફ્રેન્ચ વસાહતો મુક્ત બનીને ભારતમાં ભળી ગઈ, ૧૯૫૪.

તા. ૨ હિંદના સમર્થ વિજ્ઞાની મહેન્દ્રલાલ સરકારનો જન્મ, ૧૮૩૩.

તા. ૪ વિદેશી કાપડના બહિષ્કારનો કૉંગ્રેસ કારોબારીએ સૌપ્રથમ આદેશ કર્યો, ૧૯૨૧.

તા. ૭ છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહ ઝફરનું રંગૂનમાં કેદી અવસ્થામાં અવસાન, ૧૮૬૨.

તા. ૮ જગતમાં પહેલી વિચારક્રાંતિ જગાવનાર રશિયાનો બૉલ્શેવિક બળવો શરૂ, ૧૯૧૭.

તા. ૧૦ બંગાળી વિપ્લવવાદીઓ કન્હાઇલાલ દત્ત અને સત્યેંદ્ર દત્તને ફાંસી અપાઇ, ૧૯૦૮.

તા. ૧૨ વાઢકાપમાં ઉપયોગી બેહોશીની દવા ક્લૉરોફૉર્મ પ્રથમ જાહેરમાં મુકાઇ, ૧૮૪૧.

તા. ૧૫ બુનિયાદી તાલીમ માટેની અગ્રગણ્ય સંસ્થા 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના, ૧૯૨૦.

તા. ૨૦ રશિયન સાહિત્યર્ષિ કાઉન્ટ લીઓ ટૉલ્સ્ટૉયનું અભિનિષ્ક્રમણમાં અવસાન, ૧૯૧૦.

તા. ૨૪ ડાર્વિને પોતાનો પ્રાણીઓની ઉત્ક્રાંતિનો મહત્ત્વનો સિદ્ધાન્ત પ્રસિદ્ધ કર્યો, ૧૮૫૯.

તા. ૨૫ અમેરિકાના જગજાણીતા દાનવીર ઍન્ડ્રૂ કાર્નેગીનો જન્મ, ૧૮૩૫.


તા. ૨૬ અંગ્રેજ સત્તા સામે જીવનભર ઝઝૂમનાર ટિપુ સુલતાનનું રણસંગ્રામમાં મૃત્યુ, ૧૭૯૯.

તા. ૨૯ રાજા રામમોહનરાયે ડૅવિડ હેરની સાથે મળી પ્રથમ હિંદુ કૉલેજ સ્થાપી, ૧૮૧૬.


પ્રસંગવિશેષ: સેનાપતિ હેમુનો વધ · ૫મી નવેમ્બર ૧૫૫૬

હુમાયૂંના મરણ બાદ હિંદની શહેનશાહતનો દાવો કરનાર શેરશાહના બે ભત્રીજાઓ પૈકી પ્રથમ મહંમદશાહ આદિલે શેરશાહના પુત્ર ઇસ્લામશાહને હરાવીને પોતાનો હક સાબિત કર્યો હતો. પરંતુ હુમાયૂંની અવસાનવેળાએ રાજકાજનો ભાર પોતાના હિંદુ સેનાપતિ હેમુને સોંપી તે પૂર્વમાં મિરઝાપુર નજીક ચુનાર પાસે આરામ કરતો હતો. હેમુએ આદિલને અનેક રાજ્યો જીતી આપેલાં. હવે ગ્વાલિયર જીતી લઇ આગળ વધી તેણે આગ્રા અને દિલ્હી પણ જીતી લીધું. દરમ્યાન તેને લાગવા માંડયું કે મારા હાથ વડે ફેલાએલા આ સામ્રાજ્યનો ખરો હકદાર તો બાદશાહ આદિલ કરતાં હું છું. આમ હિંદની શહેનશાહતનો દાવો કરનાર હેમુ ત્રીજો થયો.

પરિણામે ઇ. ૧૫૫૬ની ૫મી નવેમ્બરે સગીર વયના અકબરના પાલક બહેરામખાન ને અકબરના ત્યારના સૌથી મોટા શત્રુ તથા હરીફ હેમુ વચ્ચે પાણિપતના મેદાનમાં યુદ્ધ આરંભાયું. વિશાળ અફઘાન સેના તથા ૧,૫૦૦નું તો ગજદળ ધરાવતો હેમુ પહેલાં સર્વ રીતે સફળ નીવડતો લાગ્યો. પરંતુ એકાએક દુશ્મન પક્ષમાંથી ફેંકાએલું બાણ તેની આંખમાં પેસી જતાં તે બેહોશ બની ઢળી પડયો. સેનાપતિ આમ ઓચિંતો ઘવાતાં તેના લશ્કરમાં ભંગાણ પડયું. અકબરની પાસે તેનો એ મરણ પામતો શત્રુ આણવામાં આવ્યો. બહેરામખાને અકબરને હેમુનો વધ કરી 'ગાઝી'નો ઇલકાબ મેળવવા જણાવ્યું, અને અકબરે તલવાર વતી હેમુના મસ્તકને ધડથી જુદું કર્યું. ગુમાવાએલું રાજ્ય પાછું મેળવવાનો એક પણ પ્રયત્ન હેમુના અવસાન બાદ મહંમદશાહ આદિલ તરફથી કરવામાં ન આવ્યો અને તેના સામ્રાજ્યનો અંત આવ્યો.



↑ શ્રી ચક્રેશ્વરી દેવી: આબુનાં દેલવાડાનાં મંદિરોમાં વિમળશાહના મંદિર માટે પ્રાચીન શાસ્ત્રશુદ્ધ પરંપરાએ સોમપુરા શિલ્પી શ્રી અમૃતલાલ ત્રિવેદીએ સર્જેલી મૂર્તિ. નીચે: શ્રી અમૃતલાલ સોમપુરાએ પ્રાચીન રૂપપ્રણાલિ અનુસાર સર્જેલાં નવાં સુશોભનો



આપણને મુગ્ધ કરતી ભારતીય શિલ્પ અને સ્થાપત્યની પ્રાચીન પરંપરા આ યુગમાં પણ સચવાઇ રહી છે, અને આજે—આ ઘડીએ પણ એ પ્રણાલિ ઉપર જ હૂબહૂ અને વફાદાર શિલ્પો તથા સ્થાપત્યોની રચના થાય છે એ વસ્તુસ્થિતિ કદાચ ઘણાના જાણવામાં નહિ હોય. આજે પણ ગુજરાત-સૌરાષ્ટ્રના સોમપુરા શિલ્પીઓ પોતાની એ પરંપરાગત કલા સાચવીને જે રૂપસર્જન કરી રહ્યા છે તે પૈકીના કેટલાક ચુનંદા અને પ્રતિનિધિરૂપ નમૂના આ પાનાં ઉપર આપ્યા છે. એના શિલ્પી શ્રી અમૃતલાલ ત્રિવેદીએ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના આદેશ અનુસાર રાજપુતાનામાં આવેલા રાણકપુરના વિશાળ અને ભારતખ્યાત જૈન મંદિરમાં જીર્ણોદ્ધારનું કામ એ જ પ્રણાલી અનુસાર કર્યું છે, અને આજે દેલવાડાનાં ખ્યાતનામ જૈન મંદિરોમાં કામ કરી રહ્યા છે. પ્રાચીન શિલ્પોના જીર્ણોદ્ધારમાં તેના ખંડિત અંગભાગોને સ્થાને એટલી હૂબહૂ રીતે નવાં અંગો બેસાડવામાં આવે છે કે ભલભલી કાબેલ આંખ પણ તે પકડી શકતી નથી. અને એ જ રીતે નવાં સર્જનો પણ શાસ્ત્રોક્ત રૂપ-માપ અનુસાર કેટલી આબેહૂબતાથી સર્જવામાં આવે છે તેની પ્રતીતિ આ ચિત્રો જોતાં થશે.



શ્રી અમૃતલાલ શિલ્પીનાં સર્જન મૂળ પ્રણાલિને કેટલાં વફાદાર છે તે સરખામણીથી દર્શાવતાં બે ચિત્રો : ઉપર—આબુમાં વિમળશાહના મંદિરના મંડપની છચોકીમાં ઉત્તર દિશાની તકતી, જેમાં વચ્ચે ઈન્દ્ર અથવા વિદ્યાધર છે અને બંને તરફ વિદ્યાધરીઓ છે; નીચે—શ્રી સોમપુરાએ એ જ મંદિરમાં નૈઋત્ય ખૂણાની ઘુમટીમાં આજે સર્જેલું એ જ વિષયનું નવું શિલ્પ.

 (અનુસંધાન સામેના પાનેથી)

બોલાવ્યો. ત્યાં તેને તેનાં પુસ્તકો બતાવીને કહેવામાં આવ્યું: 'આ પુસ્તકો તારાં છે?' લ્યૂથરે જવાબ દીધો 'હા. અને મારા શરીરના ટુકડેટુકડા કરી નાખો તો યે તેનો એકે અક્ષર હું પાછો ખેંચી શકું તેમ નથી.' પ્રજાપક્ષનો મોટો ભાગ લ્યૂથરના મતને અનુસરતો હતો, એટલે કોઈ પણ જાતના ચુકાદા વિના સભા બરખાસ્ત થઈ. પછીના ગાળામાં જર્મનીમાં રાજકીય અને ધાર્મિક બળવો થયો. પણ રાજાની સામેના રાજકીય બળવામાં લ્યૂથરે સાથ આપેલો નહિ. રાજા ચાર્લ્સ અને પોપ વચ્ચેની સુલેહ પણ ત્યારે તૂટવાની અણી પર હતી; એટલે ઈ. ૧૫૨૬માં સ્પાયરમાં મળેલી સભાએ દરેક પરગણું પોતપોતાના વિભાગો ધાર્મિક સંસ્થાઓ પર કાબૂ રાખે એવો ઠરાવ કર્યો. પરિણામે સૅક્સની, હેસ્સ, બ્રાન્ડનબર્ગ વગેરે પરગણાંએ લ્યૂથરના સિદ્ધાન્તો સ્વીકાર્યા. પણ ઈ. ૧૫૨૯માં રાજા ચાર્લ્સ અને પોપ વચ્ચે વળી પાછી સુલેહ થઇ. સ્પાયરમાં ફરી સભા ભરાઈ અને વર્મ્સના કરાર કબૂલ રખાયા. લ્યૂથરના પક્ષનાં માણસોએ એ સામે વાંધો (પ્રૉટેસ્ટ) ઉઠાવ્યો અને ત્યારથી નવો 'પ્રૉટેસ્ટન્ટ પંથ' સ્થપાયો.

પછી તો ધાર્મિક સુધારણાની આ હિલચાલ હૉલંડ, સ્વીડન, ડેન્માર્ક, સ્કૉટલંડ અને પછી ઈંગ્લંડ સુધી ફરી વળી. આખરે ઈ. ૧૫૩૦માં રાજા ચાર્લ્સની મદદથી બીજા પક્ષના અનુયાયીઓ વચ્ચે સુલેહ થઇ. લ્યૂથરને એ સભામાં જવાની બંધી હતી. છતાં પ્રૉટેસ્ટંટ પંથવાળાઓ માટેની અઠ્ઠાવીસ કલમો ઘડવામાં તેણે સાથ આપ્યો. આમ આખા યુરોપમાં ધાર્મિક સુધારાનાં બી વાવી યુરોપની પ્રજાને પોપના જુલમોમાંથી બચાવી લેનાર એ મહાન ધાર્નિક અને ધર્મસુધારક માર્ટિન લ્યૂથરનું ઈ. ૧૫૪૬માં મૃત્યુ નીપજ્યું.

ઘટે ન ગણતાં જનો લઘુકને ય હીણાં કદી,
ગ્રસે સૂરજને મયંક, ...વરસે ભલે એક દી.

—'કલેન્દુ'—

સવર્ણ શિષ્યોનો ટેકો લઇને સ્નાન કરવા જતા, અને સ્નાન બાદ શૂદ્ર શિષ્યોનો ટેકો લઇને ઘેર આવતા સ્વામી રામાનુજાચાર્યને કોઇએ પૂછ્યું : 'આપ નાહવા જતી વખતે સવર્ણ શિષ્યોનો ટેકો લો છો તે બરાબર છે, પરંતુ નાહીને શૂદ્રોને ટેકે આવો છો તે ઠીક નથી થતું.' સ્વામીજીએ જવાબમાં કહ્યું : નદી તો માત્ર મારું શરીર જ ચોખ્ખું કરે છે, પણ શૂદ્રો તો મારા મનને પણ ચોખ્ખું કરે છે. તેમના સ્પર્શથી મારું ઉચ્ચ જાતિનું અભિમાન, દંભ વગેરે ગળી જાય છે.

અનેકાર્થી શબ્દ : **રજ**=ધૂળ; અણુ, ઝીણો અંશ; એક માપ (૮ અણુ=૧ રજ); ત્રણ માંહેનો એક ગુણ–રજોગુણ; રાત; અંધકાર; આકાશ; કલાઈ; કિરણ; ખેડેલી જમીન; ચાંદી કે રૂપું; પાણી; પાપ કે માનસિક મેલ; પરાગ; લોહી; વરાળ; વાદળું; હવા કે વાતાવરણ; રજોદર્શન; શરીરમાંની સાત ધાતુમાંની એક ઉપધાતુ; એક વાદ્ય; એક પ્રકારનું કેસર; સૃષ્ટિનો એક વિભાગ–રજોલોક; એક માત્રામેળ છંદ; જરાક.

કહેવતોના અર્થ : 'અન્ન આહારે, પણ ઘી વ્યવહારે.' સાંસારિક શાણપણનો બોધ કરતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ છે કે 'ભોજનમાં માણસને ભૂખ્યો ન રહેવા દેતાં અન્ન તો તેનો જે કાંઈ આહાર હોય તેટલું આપવું જ, પણ ઘી તો કરકસરથી જ અપાય.'


ગણિતગમ્મત

૩, ૩૩, ૩૩૩, ૩૩૩૩ વગેરેનો વર્ગ બહુ જ સહેલાઈથી લખી શકાય છે.

(૩)²=૦૦૯
(૩૩)²=૧૦૮૯
(૩૩૩)²=૧૧૦૮૮૯
(૩૩૩૩)²=૧૧૧૦૮૮૮૯
(૩૩૩૩૩)²=૧૧૧૧૦૮૮૮૮૯
અને આ રીતે આગળ.

રીત : જેટલા ત્રગડા હોય તેમાંથી એક બાદ કરી એટલા એકડા પહેલા મૂકવા. પછી એક મીંડું મૂકવું. તે પછી, જેટલા એકડા હોય તેટલા આઠડા લખવા, અને છેલ્લે નવડો ઉમેરવો. દા.ત. ૩૩૩૩૩૩નો વર્ગ કાઢવો છે. તો એમાં ૬ ત્રગડા છે. માટે ૬–૧=૫ એકડા શરૂમાં મૂકો પછી મીંડું, પછી પાંચ આઠડા ને છેલ્લે નવડો. ૧૧૧૧૧૦૮૮૮૮૮૯. (નવીન રાવળ)

ઘરનો કચરો ભરવાના પીપ કે ડબ્બામાં બીજેત્રીજે દહાડે નકામા કાગળના કટકા સળગાવી ધુમાડો કરતા રહેજો. એથી અંદરના નુકસાનકારક જંતુઓ નાશ પામશે ને ખરાબ વાસ પણ સાથેસાથે દૂર થશે. (૨૫)



એન્જેલ ફૉલ્સ નામનો વેનેઝુએલાનો આ જળધોધ દુનિયામાં સૌથી ઊંચામાં ઊંચો–૩,૨૧૨ ફૂટ છે. એ દેશના ઘણા દુર્ગમ પ્રદેશમાં તે આવેલો હોઈ બહુ ઓછાં માણસોએ તે જોયો છે.

ઊકળતા પાણીમાં ડુંગળી બોળીને તે વડે ટીનનાં વાસણ સાફ કરવાથી ચમક પકડશે.

જેની પાસે પોતા માટે કશું હોતું નથી તેની જ પાસે અન્ય માટે સર્વ કંઈ હોઇ શકે છે.

મેંદીનાં લીલાં પાનનો રસ, સાકર અને ચોખ્ખું ઘી–દરેક એક તોલો ભેગાં કરી ચાટવાથી પેશાબમાં પડતું લોહી બંધ થાય છે.

તોતડાપણા માટે જીભ ઉપર સોનાગેરુ ને માખણ સમભાગે મેળવી ઘસવું ને જરા જીભને બહાર ખેંચવી.

દમના એક દર્દીને દાક્તરે પૂછ્યું : તમે બીડી બહુ પીતા લાગો છો.'

'દિવસની પંદરેક ખરી.'

'તમારે તે ગમેતેમ કરીને પણ ઓછી કરી નાખવી જોઇએ. જુઓ, જમ્યા પછી એક જ બીડી પીવાની રાખો. પહેલાં જરા મુશ્કેલ લાગશે, પણ તેથી તમને ફાયદો ઘણો થશે.'

થોડાં અઠવાડિયાં પછી દર્દી બિલ ચૂકવવા આવ્યો ત્યારે દાક્તરે કહ્યું : 'જોયું ને, દાક્તરોની સૂચના કેટલી અસરકારક હોય છે ?'

'સાચે જ. આમ તો કંઈ વાંધો ન આવ્યો, પણ કદીક પંદરે વાર જમી નહોતો શકતો !'

જૂના ગોળમાં જરા કપૂર મેળવીને ખાવાથી આધાશીશી મટે છે.

બૅંક ઑવ ઈંગ્લંડની તિજોરીઓના ઓરડા સલામત રાખવા માટે રોજ તેને કેટલાક ફૂટ ઊંડા પાણીમાં ડુબાડી દેવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.



આજથી એક જ સૈકા પર ધાતુમાં બનતાં આપણાં આ પંખીઓ જેવું ઢાળાકામ હવે આજે થતું જણાતું નથી. મોર પોપટ કે તેતર કબૂતર આદિની ખાસ આબેહૂબતા નહિ પણ તેની જે લાક્ષણિકતા હિંદી કારીગરો ઉતારતા તે આજે ભાગ્યે જ જોવા મળે છે.

નવાં પુસ્તકો

વિચારદર્શન (ભાગ ૧લો): જીવન, ઈશ્વર, તત્ત્વજ્ઞાન, ભક્તિ, અધ્યાત્મ આદિ વિષયોને, જીવનોત્કર્ષને કેન્દ્રમાં રાખી, નિરૂપતા કેદારનાથજીના લેખોનો સંગ્રહ, સંપાદક: રમણલાલ મગનલાલ મોદી, ૧-૮-૦; **સુસંવાદ :** ઉચ્ચ જીવનને બોધતા શ્રી કેદારનાથજીના કેટલાક વાર્તાલાપો, સંગ્રાહક : નીલકંઠ ઈશ્વરદાસ મશરૂવાળા, બંનેના પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪, ૦-૫-૦; **પરિણીત પ્રેમ :** લગ્નજીવનની મુશ્કેલીઓનું વૈજ્ઞાનિક નિરાકરણ કરતા ડૉ. મૅરી સ્ટૅપ્સના અંગ્રેજી પુસ્તકનો અનુવાદ, અનુ. યશવંત દોશી, પ્રકાશક : મમતા પ્રકાશન ગૃહ, નવા ડીસા (બનાસકાંઠા), ૨-૮-૦; **હૈયાને અજવાળે :** દાદાસાહેબ માવળંકરે પોતાના જીવનના સ્મરણીય પ્રસંગો પરથી લખેલી પ્રસંગકથાઓમાંથી સાતનું પુષ્કર ચંદરવાકરે કરેલું લોકસ્પર્શી ને સરળ સંપાદન, પ્રકાશક : રવાણી પ્રકાશન ગૃહ, રીલીફ રોડ, અમદાવાદ, ૦-૮-૦; **Sarasvatichandra** ગુજરાતના ગ્રંથવિશેષ 'સરસ્વતીચન્દ્ર' વિષે અંગ્રેજી ભાષામાં લખાએલું એક વિવેચનાત્મક અવલોકન–કરનાર: આર. આઇ. પટેલ, પ્રકાશક : ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સાર્વજનિક એડયુકેશન સોસાએટી, સુરત, ૨-૦-૦; **કાવ્યસૌરભ :** 'કાવ્યમાધુર્ય' પછીનો ઈ. ૧૯૧૦થી ૧૯૫૪ સુધીનાં કાવ્યોમાંથી પસંદ કરેલી કાવ્યકૃતિઓનો સંગ્રહ, ચિમનલાલ ત્રિવેદી લિખિત ટિપ્પણ-કાવ્યાસ્વાદ સાથે, સંપાદક : હિંમતલાલ ગણેશજી અંજારિયા, પ્રાપ્તિસ્થાન: એન. એમ. ત્રિપાઠી લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨, ૩-૮-૦; **ડમરો અને તુલસી :** ગુજરાતના યુવાન ગઝલકાર રતિલાલ અનિલની ગઝલો, મુક્તકો અને ગીતો, પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિ., ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધી રસ્તો, અમદાવાદ, ૨-૦-૦; **બાલભારત :** મહર્ષિ વ્યાસકૃત મહાભારતના આદિપર્વ પરથી દ્વિઅંકી નાટક,-રચનાર : લીના મંગલદાસ, પ્રકાશક: શ્રેયસ્ પ્રકાશન, શ્રેયસ્, શાહીબાગ, અમદાવાદ, ૮-૦-૦; **દક્ષિણ ભારતના સૌરાષ્ટ્રીઓનાં** ભાષા, સાહિત્ય-પરંપરા અને સંસ્કારપ્રણાલી વિષે સંશોધનાત્મક અધ્યયન, લેખક : પ્રા. ઈશ્વરલાલ ર. દવે, પ્રકાશક: સૌરાષ્ટ્ર સંશોધન મંડળ, રાજકોટ ૨-૧૨-૦; **આરોગ્ય વિચારમાળા (મણકો બીજો)** અને **વસ્તુવિચારમાળા (મણકો ત્રીજો)**: અનુક્રમે રોગોના ઘરગથ્થુ ઉપચાર અને ઘરની નાનીમોટી ચીજવસ્તુઓ વિષે ખૂબ જ ઉપયોગી માહિતી આપતી બે નાનકડી પુસ્તિકાઓ, સંયોજક : ચંદુલાલ ત્રિ. વ્યાસ, પ્રકાશક : શ્રી જ્ઞાન-પ્રચારક મંડળ, અવિધા (જિલ્લો ભરૂચ), અંકલેશ્વર થઇને, દરેકના ૦-૨-૦; **ચિદમ્બરમ્** (અંક ૫ થી ૮, મેથી આગસ્ટ ૧૯૫૫) : પ્રાચીન ભારતીય સંસ્કૃતિ–તત્ત્વજ્ઞાનને જનસામાન્ય સુધી પહોંચાડતું કેવલ્યધામ, સ્વાધ્યાય મંદિર, રાજકોટનું સ્વામી દિગંબરજીના તંત્રીપદેથી પ્રકટ થતું માસિક પ્રકાશન; **ગાયત્રી મંત્રસામર્થ્ય** વિષે નિદર્શન, –ગાયત્રી મંત્રના ઉપાસકને આવશ્યક સૂચનાઓ સહિત, લેખક : જટાશંકર નાંદી, ૦-૮-૦; **શ્રી ગાયત્રી સહસ્રનામ પાઠ** અને **શ્રી ગાયત્રી ચાલીસા :** ગાયત્રી-ભાવુક ભક્તો માટે બે ઉપયોગી પ્રકાશનો, ત્રણેના પ્રકાશક: પ્રો. 'અવધૂત', ગોરેગાંવ (બી. એસ- ડી.), મુંબાઈ, અનુક્રમે ૦-૪-૦, ૦-૨-૦, પ્રો. અવધૂત તરફથી 'શ્રી ગાયત્રી' ચિત્ર (કિં. ૦-૩-૦) અને તેમનાં ગાયત્રી વિષેનાં પ્રકાશનોનું સૂચિપત્ર અમને મળ્યાનો અહીં આભાર સહિત ઉલ્લેખ કરીએ છીએ;


મ. સ. યુનિવર્સિટી (વડોદરા)નાં બાલોપયોગી પ્રકાશનો

આકાશનું સસલું, કબૂતર અને ઉંદર, કચ-ચિયો કાચબો, મૂરખ માછલી, રૂપાં અને પરીઓ, મેઘધનુષ : બાળકો સચિત્ર અને મોટા અક્ષરોમાં લખાએલી વાર્તાઓ હોંશેહોંશે વાંચે છે. લીથો (શિલા) પદ્ધતિથી છાપેલી આ બહુરંગી વાર્તા-પુસ્તિકાઓ મોટા અક્ષરો અને ઉઠાવદાર ચિત્રો ધરાવે છે ખરી, પણ છાપકામ રોચક નથી, સર્વનાં લેખિકા : માયા મહેતા, દરેકની કિંમત રૂ. ૦-૮-૦.


૪૬૪ ('કુમાર' અંક ૩૮૩)



છૉળ : કલાકારની આંખ સાદા વિષયમાંથી પણ કેવું સૌંદર્ય સારવે છે એના સફળ ઉદાહરણ રૂપ આ ચિત્રમાં ફોટોગ્રાફીની ટેકનિકની પણ સફળતા છે. દરિયાના મોજાની છૉળ કિનારા પર પથરાઇને પોતાના સ્વૈર વિહાર વડે જે ક્ષણજીવી પણ ચિત્તાકર્ષક ભાતીગળ લીલા ત્યાં સર્જી જાય છે તે ફીણની લિપિ વડે લખેલા કોઈ કાવ્ય જેવી સોહે છે. એ લિપિલીલાની બારીકી અને મનસ્વિતાનું સૌંદર્ય કલાકારની આંખ અને આંગળીએ અહીં નિર્જીવ કૅમેરા વડે સજીવ કર્યું છે. **ફોટો : જગન મહેતા**







ફોટો-હરીફાઈના પરિણામનાં ત્રણ ચિત્રો, જેની વિવેચના આ અંકમાં શરૂઆતમાં આપી છે. ડાબી બાજુથી 'પાતાળ-પાણી' (રમેશચંદ્ર શાહ); 'ઇંતેજારી' (રમણીક દેસાઈ); 'મોતી-મસ્જિદ' (જસુ શાહ)



આબુમાં સોમપુરા શિલ્પી શ્રી અમૃતલાલ ત્રિવેદીએ પ્રાચીન રૂપપ્રણાલી ઉપર વફાદાર રીતે કંડારેલું આધુનિક આરસ-શિલ્પ

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

માનનીય સંપાદક,

આપે મારો પત્ર 'કુમાર'ના ૩૮૦મા અંકમાં છાપ્યો તે બદલ આભાર. એ છપાયા પછી મારી ઉપર ક્લબનો વધુ પરિચય જાણવા તેમજ સભ્ય થવા માટે લગભગ ૭૫ પત્રો આવ્યા હતા. પત્રો લગભગ આખા ભારતભરમાંથી તેમજ આફ્રિકાથી પણ આવ્યા હતા. આ પત્રોની સંખ્યા જ 'કુમાર'ની લોકપ્રિયતા તેમજ ગુજરાત પણ પત્ર-મૈત્રીના વિકસતા નવા ક્ષેત્રમાં પાછળ નથી તે બતાવી આપે છે. તમને કદાચ જાણીને નવાઈ થશે કે હમેશાં ઘરકામમાં ગૂંથાઈ રહેનાર ગુજરાતની બહેનો પણ હવે ટિકિટસંગ્રહમાં રસ લે છે એ તો મારી ઉપર આવેલા બે-ત્રણ બહેનોના પત્રો જ બતાવી આપે છે.

આ સાથે મને એક કડવો અનુભવ પણ થઈ ચૂક્યો, જે હવે પછી કોઈ ક્લબનો પરિચય આપનારને તથા અન્ય મિત્રોને પત્ર-મિત્રો મેળવવામાં સહાયરૂપ થનારને માટે ચેતવણીરૂપ છે. મારી ઉપર આવેલા ૭૫ પત્રોના જવાબ મેં મારાથી બની શકે તેટલી સહેલાઈથી તેમજ વિસ્તારપૂર્વક આપ્યા હતા. પરંતુ સખેદ જણાવવું પડે છે કે લગભગ ૪૫ ભાઇઓએ સભ્ય થવાની વાત તો દૂર રહી પણ મારો પત્ર મળ્યાનો જવાબ પણ આપવાની દરકાર નથી કરી. ખરેખર આ બતાવી આપે છે કે 'ગુજરાતી આરંભે શૂરા' એ કહેવત હજી સુધી તો આ પાંગરતા ક્ષેત્રમાં જીવી રહી છે. —રમેશ શાહ

ન્યૂઝીલૅન્ડના પત્રમિત્રો

દરેકની નીચે New Zealand ઉમેરવું. (1) Dauglas Mc. Phail, Waikaká Valley, No. 1, R. D. Gore, Southland, South Island, Boy, Swimming, Writing Stories & Collecting Coins; (2) Neville Methop, 47, High Street, Rosedalo, Invercargill, Boy—15, Stamps, Coins; (3) Donald, J. Cameron, 23, Coquet Street, Oamaru, Boy—14, Cricket, Stamps; (4) Neil H. Watson, Rangiora South Island, N. Cauterburg, Boy—14, Swimming, Cricket, S'amps, Cinema; (5) Tom Moratte, Ratapikord, Tariki, Taranaki, Boy-10, Stamps, Coins; (6) G. B. Univin, 7 Branscomb, St. Timaru, Boy—14, Stamps, Coins; (7) Cappie Thompson, Pukemaori, R. D. Tuapapere, Girl—14, Coins, Stamps, Correspondence; (8) Bruce Cook, Rai Valley, Blenheim, South Island, Boy—16, Swimming, Cricket, Stamps; (9) John Ewan, 20 Sussex Street, Masterton, Wairarapa, Boy—15, Stamps; (10) Michael Wolfenden, 26 Farm Road, Tavistock H. B., Waipukurau, Boy—13, Cigar-Packet Collecting, Swimming, Roller Skatting, Games Foot-ball; (11) Joan Bray, St. Andrews Terrace, Te Rapa, Hamilton, Boy—21, Corresponding; (12) John Grady, Union Street, Waihi, North Island, Boy—14, Stamps, Cricket; (13) Gralme Duggan, 10 Ballance Street, Runanga, West Coast, South Island, Boy—15, Stamps, Photoes of Film-Stars, Saucers, Foot-ball; (14) Carol Edmunds, 33 Pah Road Epsom, Auekland, Girl—13, Stamp-Collecting, Reading, Coins; (15) Ngaira Bray, St. Andrews Terrace, Te Rapa, Hamilton, Girl—14, Knitting, Swimming, Running, Music; (16) Elizabeth Bell, 15 Garfield Ave, Roslyn, Dunedin, Girl—15, Stamps, Reading, Penfriends; (17) Kelvin Young, 57, Lionel Street, Avonside, Christ-church, N.E. 1, Boy—14, Stamp-collecting, Cricket, Saving Birds' Eggs, Wings, Heads & Stuffed Birds; (18) Rex Fowler, 17, Courtney Street, St. Albans N. 1, Christ-church, Boy—18, Stamp-collecting, Army-badges, Shoulder Flashes, Pictures of Cars.

સિલોનના પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Ceylon ઉમેરવું)

(1) Mr. M. Visvanathan, Age-22, 100, Awwal, Zavia Road, Colombo-14, Collecting Film-Photoes, Film-Magazines, Collecting Scenaries; (2) Mr. M. I. M. Khalith, Age-18, Ward No. 7, Kalmmai E. P., Stamps, Collecting Photoes of Film Stars, Singing; (3) Mr. I. D. Nimel, Age-18, Unagaswela, Watugedara, Reading Historical and literary books, Gardening, Stamps; (4) Mr. M. S. Sinathurai, Varathupalai, Point Pedro, Stamps; (5) W. Denis Abraham, Clouis Estate, Uhumiya, S. P. O. Kurunegala, Stamps, Letter Writing, Radio-Music; (6) Mr. Kumar Fernando, Age-11, D. J's Bungalow, Matale, Stamps, Cycling, Photoes, Riding; (7) Miss Faidha Mueenudeen, 41, New Buller's Road, Bambalapitiya, Colombo-4, Collecting Baby-pictures, Letter Writing, Literature; (ઉલ્લેખ: Shashi Shah, Jekore Nivas, Dixit Rd., Bombay-24) (8) P. Ramanathan, Boy-17, 159, Layard's B oadway Colombo-14, Stamps; (9) J. Baliga, Boy-14, 9 Sirwickrana Road, Wellawatte, Colombo-6, Stamps, First Day Covers; (10) E. Anverally, Boy-18, 131, New Chetty Street, Colombo-13, Stamps, View-Cards; (11) K. R. Sivanathan, Boy-16, No. 11, Kachcheri East Lane, Chundikuly, Jaffna, Stamps, Photography; (12) K. S. Thiagarajah, Boy-21, Sweep Agent, Vathiry, Stamps; (13) A. A. Mahmood, Boy-17, No. 356, Main Street, Matale, Stamps; (14) Robert Pinto, Boy-16, 74, Bridge Street, Chilaw, Stamps, Reading; (15) A. Royavatan, Boy-16, Fletchers Avenue, Chundibuli, Jaffna, Stamps.

હિંદી પત્રમિત્રો

(263) Virsen Mithoobhai Shah—17, Shethwali Sheri, Near 'Pravin Mansion', Mandvi (Kutch), Athletics, Reading, Swimming, Travelling; (264) Vipinchandra Ambalal Shah—16, C/o Ambalal Fulabhai Patel, Nawa Talia-ni Pole, Jot-Prakash, Dariapur, Ahmedabad, Reading, Photography,

(અનુસંધાન જુઓ પૃ. ૪૬૮મે)

અનુસંધાન] હિંદી પત્રમિત્રો [પૃષ્ઠ ૪૬૬થી

Touring, Cinema; (265) Saifee A. Surka, B. Sc., —26, 118-20 Abdul Rehman St., Bombay-3, Stamps, First Day Covers, Photography, Literature; (266) Rajendra Jethalal Desai—22, Aka Sheth Kuva's Pole, Raipur, Ahmedabad, General Hobbies; (267) Rameshchandra Lakshmiray Ghoda—21, Add. as above, Travelling, Stamps, Sports, Cinema; (268) Bhupendrakumar K. Modi—20, C/o K. H. Modi, Kanchan Nivas, Ramnagar, Sabarmati, Ahmedabad-5, Stamps, Coins, Playing Cards, Match-Lables; (269) Rasiklal Savji Jadia—19, Near Jain Upasra, Nani Bazar, Gondal (Saur.), Stamps, View-Cards, Travelling, Cinema, Novels; (270) Narendra Vanmali Udani—18, C/o Vanmali Jagjivan Udani, Sanghani Street, Gondal (Saur.), Stamps, View-Cards, Music, Languages; (271) Jaysukh J. Sheth—17, Dasha Sorathia Boarding, Vanzari Vav, Junngadh (Saur.), Reading, Travelling, Stamps; (272) Jayant L. Katkoria—19, Add. as above, Sports, Politics, Journey; (273) Chandrakant J. Popat-20, Asst., Taluka School, Maliya Miyana (Saur.), Cinema, Magazines, Literature; (274) Prabhulal Nanalal Shah—20, C/o Govardhan Hathibhai & Co., P. O. Box No. 23, Cochin-2, Stamps, Reading, Sports, Swimming; (275) Kishorbhai Panwala-17, Opp. Masjid, Sanand (Ahmedabad Dist.), Stamps, Reading, Cinema, First Day Covers; (276) Khurshidmiya S. Shaikh-17, Jehangir Mansion, Manavadar (Saur.), Detective Stories, Humour-Stories, Cinema, Music, Games, Reading, History; (277) Jayantilal B. Thakrar-20, 435 Khadkhad Lane No. 4, Veraval (Saur.), Stamps, Photography; (278) Harshad M. Desai-20, Near Theatre, Vyara (Surat Dist.), Stamps, Novels, Coins, Magazines, Photography, Literature, Match-Lables; (279) Dhirajlal C. Pavagadhi-18, 1308 Lehswa Lane, Chandni Chowk, Delhi -6, Reading & Writing in Gujarati, Hindi & English, Correspondence; (280) Bhupendra G. Shah-19, C/o Desai Bros. & Co., Mehsana (N.G.), Stamps, Sports, Photography, (281) Amritlal K.-17, C/o Karamshi Ratanshi, Kansara Bazaar, Mandvi (Kutch), Coins, Music, Reading; (282) Babubhai Kalidas Modi-21, C/o Kosadiwala Bldg., Khandakuva, Begumpura, Surat, Personal Library, Cinema, Classical Music, Philosophical & Spiritual Reading, Novels, Literature; (283) Nautamlal A. Sanghani-35, C/o Sanghani Cycle stores, Bhojraj Pura, Gondal (Saur.), Stamps, Coins, Trade, Pen-friendship; (284) Rasiklal Tryambaklal Shah-19, C/o S. S. Jain Chhatralaya, Outside Delhi Gate, Opp. Hathibhai's Wadi, Ahmedabad, Literature, Correspondence; (285) J. J. Shah -18, Add. as above, Stamps, Literature, Sports, First Day Covers; (286) Kantilal Khimji Solanki-18, Praful Nivas, Bahar Pura, Manavadar (Saur.), Games, Reading, Cinema, Stamps; (287) Pramod Shantilal Shah -17, Manibhavan, First Floor, Hughes Road, Bombay-7, Stamps, Photography, Literature; (288) Jayantilal Govardhan Changela-17, Patel Boarding, Gondal (Saur.), Stamps, Music; (289) Mahasukh H. Shah —17, 148 Jain Society, Sion Road, Sion, Bombay-22, Stamps, Coins, Films, Literature; (290) Mohmedahmed U.-17, C/o Ghandhi Gulammohmed A., Kanikhad, Near Delhi Gate, Ahmedabad-1, Stamps, Photography, Hocky; (291) Kanjibhai K. Shah-24, C/o Waghela Bros., Opp. Dena Bank Ltd., Ghatkopar, Bombay-39, Correspondence, Jainism, Extra Circular Activities; (292) Prabhudas L. Kanabar—20, Radha-Krishna Nivas, Khadkhad, Veraval (Saur.), Cottage-Industries, Commerce, Stamps, Travelling; (293) Natavarlal Thakker-20. 1603, Zatkan Street, Ahmedabad-1, Stamps, Cinema, Magazines, Psychology, Literature; (294) Jayantilal H. Purohit-16, Kansara Street, Bhuj (Kutch), Cricket, Stamps, Picnics, General Knowledge; (295) Pratapsinh T. Parmar —17, Khirasara House, Millpura, Rajkot (Saur.), Reading, Touring, Sports, Photography; (296) Kishorkumar Gopalji Khiraiya-18, 388, Girgaon Rd., Shri Krishna-Nivas, 2nd Floor, Room No. 28, Bombay-2, Music, Outings, Films; (297) Kusumchandra Himmatlal Sheth—21, Jawahar Road, Savli (Baroda Dist.), View Cards, Sports, Reading, Photography; (298) Pravinchandra Maganbhai Desai-16, Bhaktimarg Karayalaya, Salapos Cross Road, Post Box No. 6, Ahmedabad, Stamps, View Cards, Photography, Correspondence, Reading, Sports; (299) Mahendra H. Shah-16, C/o Shah & Co., New Street, Nawa Deesa (Banas-Kantha), Stamps, Photo-Collection, Coins, Travelling; (300) Jaysinh K. Sinha-17, C/o George Street, Nawa Deesa (Banas-Kantha), Stamps, Painting, Films, Travelling, Mechanical Works, View Cards, (301) Damji Madhavji Palan-16, Hira Baug, Gopal Lane, Ghatkopar, Bombay, Stamps, Science, Sports; (302) Chhotamlal Mulji Vaghela-17, In front of the Court, Manavadar (Saur.), Music, Drawing, Magazines, Poetry, Hindi-Guj. Literature; (303) Chimanlal Mulji Vaghela—16, Vaghela Brothers' Office, Manavadar (Saur.), Magazines, Essays, Hindi-Guj. Literature, Stamps; (304) Hirendra V. Dave-17, Bala-Mehta Street, Vagheshwari Chowk, Wadhawan City (Saur.), Novels, Films, Stamps, Literature; (305) Ramesh Ratilal Parekh—16, C/o Ratilal D. Parekh, Kashi Nivas, Tilak Rd., Ghatkopar, Bombay, Stamps, Sports, Drawing, Match-Lables, Travelling;

(ચાલુ)

વાચકો લખે છે... (અનુ. પૃષ્ઠ ૪૧૮થી)

મારી દૃષ્ટિથી શક્ય અને સારામાં સારું એક પગલું સૂચવું તો અસ્થાને નહિ જણાય. આજકાલ પૂર્વ આફ્રિકાના કિનારે અસંખ્ય જ્ઞાની, કલાકારો, સાહિત્યકારો ને સંગીતકારો આવે છે ને કોઈ ખાલી હાથે પાછું જતું નથી, તો તમને તો આસાનીથી વધુમાં વધુ ગ્રાહકો મળી રહેશે.

આપ રાજકીય પરિસ્થિતિનું વિહંગાવલોકન દર મહિને ન આપી શકો?

ઓછામાં ઓછા સો વધુ ગ્રાહકો કંપાલાથી કરી આપવાનું આપને મારું વચન છે.

(કંપાલા) —કાન્તિલાલ તન્ના

વાચકો ઘણાં ઘણાં સૂચનો લખે છે પણ કોઈ રમત માટે 'કુમાર'નું પાનું રોકવાનું સૂચન કરતું નથી. આપણો દેશ પ્રમાણમાં ગરીબ હોવા છતાં આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે ખ્યાતિ મેળવવા ઘણો પૈસો રમતગમત પાછળ ખર્ચે છે અને એની પાછળ લોકો પણ સારો રસ કેળવી રહ્યા છે. મને ખાતરી છે કે 'કુમાર'ના મોટા ભાગના વાચકો કોઇ ને કોઈ રમતના શોખીન હશે. ખેલાડીઓની વિકાસકથા તથા જુદીજુદી રમતોની સમજૂતી માટે એક પાનું જરૂરી છે. બૅડમિન્ટન, ટૅબલ ટૅનિસ, ક્રિકેટ વગેરેના ખેલાડીઓની કથા જરૂર આપી શકો અને બિલિયર્ડ જેવી રમતોની સમજૂતી આપી શકો.

તમે ફિલ્મ વિભાગ ન રાખી શકો? તો અનેક વાચકો તમારા અવલોકનની મદદથી ચિત્ર જોવા–ન જોવાની ઇચ્છા કરી શકે. આજકાલ મોટાભાગનાં ચિત્રો વાહિયાત જેવાં હોય છે અને બધાંને એવાં ગણવા જઇએ તો સારું ચિત્ર ગુમાવી બેસીએ. આથી એક બીજો આર્થિક ફાયદો થવા સંભવ છે અને તે જાહેરાતોનો. ફિલ્મની શિષ્ટ જાહેરાતો નિઃસંકોચ લઈ શકો.

હાલ કાયદો વધુ ને વધુ અટપટો થતો જાય છે અને સામાન્ય શહેરી કે ગ્રામજન તેનાથી વંચિત રહી જાય છે. કોઈ વાર ફસામણ પણ થઈ જાય છે. આ વિષે સામાન્ય જ્ઞાન પૂરતું ન આપી શકો? આમાંથી થોડું પણ સ્વીકાર્ય કરી જો અમલમાં મૂકશો તો મારી ખાતરી છે કે 'કુમાર' એક સંપૂર્ણ માસિક ગણાશે.

(ભાવનગર) —ભાસ્કર શાહ

છેલ્લા બે અંકમાં આવેલો 'લઘુ-યોગ' ઉપરનો લેખ ગમ્યો. પૂ. વિનોબાજીના 'સ્થિતપ્રજ્ઞદર્શન'માં સમાધિ વિષે નીચે મુજબ છે:

'પતંજલિના શાસ્ત્રમાં સમાધિ શબ્દનો ધ્યાનસમાધિ એવો અર્થ રૂઢ થયો છે. પણ પતંજલિએ સુદ્ધાં ધ્યાનસમાધિને છેવટની સ્થિતિ માની નથી. પતંજલિનાં સૂત્રો એક સુવ્યવસ્થિત તેમજ અનુભવનું શાસ્ત્ર છે. તેનાં કુલ ૧૯૫ સૂત્રો પૈકી પહેલાં ત્રણ સારભૂત છે. બ્રહ્મસૂત્રોમાં જેવી ચતુઃસૂત્રી છે તેવી યોગસૂત્રોમાં આ ત્રિસૂત્રી છે: (૧) अथ योगानुशासनम् (૨) योगश्चित्तवृत्तिनिरोधः (૩) तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्। આ ત્રણ સૂત્રોમાં બધું યે યોગશાસ્ત્ર ટૂંકમાં પૂરું થાય છે. પણ એમાં સમાધિનું તો નામ સરખું નથી પ્રાપ્તવ્ય એટલે કે મેળવવાનું છે તે યોગ છે અને ચિત્રવૃત્તિનિરોધ એવી તેની વ્યાખ્યા કરી છે. એટલે ધ્યાનસમાધિ એ પણ એક વૃત્તિ હોઈ વૃત્તિનિરોધરૂપ યોગની લબ્ધિને સારુ, તે સાધવાને સારુ શિરોમણી સાધન તરીકે પતંજલિએ તેના ઉપયોગની યોજના કરી છે. श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वकः એ તેની યોગ સુધી ચડી જવાની સીડી છે. શરૂઆતમાં શ્રદ્ધા તેમાંથી વીર્ય એટલે ઉત્સાહ, તત્પૂર્વક સ્મૃતિ એટલે આત્મસ્મરણ, તેનો પરિપાક તન્મયતારૂપ ધ્યાનસમાધિ, તેમાંથી પ્રજ્ઞા ને તે સ્થિર થઈ એટલે યોગ: આ પગથિયાંઓ વડે યોગ મળે છે એવું તેણે સાફ કહ્યું છે. એટલે કે યોગની પ્રાપ્તિ માટે સમાધિ પછી પ્રજ્ઞા કહી છે આ પ્રજ્ઞા શબ્દ પતંજલિએ ગીતામાંથી લીધો છે. અર્જુનના સવાલના શ્લોકની પહેલાંના શ્લોકમાં સમાધિમાં બુદ્ધિ સ્થિર થઈ કે તેને યોગ આવી મળ્યો જાણવો એવું ભગવાને કહ્યું છે. યોગ પતંજલિનો છેવટનો શબ્દ છે. તેનું સાધન સમાધિ સૂચવ્યું છે. સમાધિનું ધ્યાનસ્વરૂપ જતું રહી તેનું હમેશની સહજ, સ્વાભાવિક સ્થિતિનું સ્વરૂપ થાય છે. એ પ્રજ્ઞા છે.'

શ્રી કરણસિંહ ચુડાસમાએ રાષ્ટ્રલિપિ માટે જે પ્રસ્તાવ આપ્યો તેમાં પ્રચલિત દેવનાગરી અને ગુજરાતી લિપિઓમાં જે અશાસ્ત્રીયતા છે તે કાયમ રહે છે 'મુદ્રણ ટાઈપરાઇટર અને ટેલિપ્રિન્ટરની દૃષ્ટિથી જ નહિ પરંતુ શાસ્ત્રીયતાની દૃષ્ટિથી અને શિક્ષાપ્રચાર તેમજ લિપિપ્રચારના ખયાલથી' આપણી લિપિમાં જે સુધારા આવશ્યક છે તે પૂ. વિનોબાજીએ સૂચવ્યા છે ને 'લોકનાગરી-લિપિ'ની યોજના કરી છે. હિંદી 'સર્વોદય' વર્ધાથી પ્રકાશિત થતું તેમાં તેમનું એક પ્રવચન લોકનાગરીમાં આવતું. ગયા ફેબ્રુઆરી અને માર્ચ અંકોમાં 'નાગરી-લિપિ-સુધાર વક્તવ્ય અને નાગરી લિપિ કે સુધાર: क्यों और कैसे?' એ શીર્ષક હેઠળ તેમના જે લેખો આવેલા તેનો સાર ને લોકનાગરીનો નમૂનો 'કુમાર'માં આપો તો વાચકોને રસ પડશે તેમ માનું છું.

(રાજકોટ) —કિશોર કા. ગોહિલ

હમણાં હમણાં કેટલાં યે મંડળો, સંસ્થાઓ વગેરે મનોરંજન માટે નાટકો ભજવે છે, રેડિયો ઉપર પણ દર અઠવાડિયે એકાદ ગુજરાતી નાટક તો ભજવાય છે.

નાટકો ભજવનાર અને તે જોનાર અથવા સાંભળનારનો એક મોટો વર્ગ ઊભો થતો જાય છે. આમાંથી ઘણાને કદાચ નાટકનાં વિવિધ અંગોનું સાચું જ્ઞાન નહિ હોય અને તેને લીધે, કે બીજા કોઈ પણ કારણે, ઘણી વખત સારાં નાટકોને લોકો તરફથી પૂરતો ઉત્સાહ નથી મળતો અને સારાસારા નાટ્યકારો ને નાટ્ય સંસ્થાઓ પણ 'જોનારને ગમે' તેવાં નાટકો ભજવવા લાગ્યાં છે, જેને પરિણામે નાટકો જરા નીચી કક્ષાનાં થતાં જાય છે તેવું પણ લાગે છે. તો જેમ પહેલાં 'પ્રાચીન નાટ્યશાસ્ત્ર' ઉપર એક ઉપયોગી લેખમાળા છાપીને 'નાટ્યશાસ્ત્ર' સાથે 'કુમાર'ના વાચકોને સારીરીતે જાણીતા કર્યા, તેમ અર્વાચીન નાટ્યશાસ્ત્ર ને નાટકનાં જુદાંજુદાં અંગો વિષે, સારાં નાટકો વિષે, બીજી ભાષાની અને બીજા દેશોની અત્યારની રંગભૂમિ વિષે કંઈક જ્ઞાન આપતી એકાદી લેખમાળા ન છપાવી ન શકો?

(મુંબાઇ) —ભૂપત મહેતા

ઑગસ્ટ, '૫૫ પાના ૨૯૨ પર 'ઇન્ડિયન સિવિલ સર્વિસ'નો પાયો નાખનાર વૉરન હેસ્ટિંગ્સ હતો એમ જણાવ્યું છે. ખરેખર લૉર્ડ કૉર્નવૉલિસે ઈ. સિ. સ.ની શરૂઆત કરી હતી.

પાના ૨૯૭ પર કે. ટી. તેલંગના લેખમાં 'ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ'ના પ્રમુખ તરીકે ઉમેશચંદ્ર બૅનરજી છે, તે વ્યોમેશચંદ્ર જોઇએ.

(પીજ) —અરુણકુમાર પટેલ

જુલાઈ અંકમાં પાના ૨૮૮ ઉપર લખ્યું છે કે ધરતીના પેટાળમાં વધુમાં વધુ ઊંડાણ માનવીએ ૨૦,૫૨૧ ફૂટનું સાધ્યું છે, અમેરિકાના વ્યોમિંગ ખાતેનો તેલનો કૂવો એટલો ઊંડો છે. થોડાં વર્ષો પહેલાં આ સાચું હતું, આજે તેમ નથી. મારો નાનો ભાઈ અમેરિકાની કોલોરાડો સ્કૂલ ઑવ માઈન્સમાંથી જીઓલૉજિકલ ગ્રૅજ્યુએટ થઇને હમણાં વ્યોમિંગ રાજ્યના સનરાઈઝ નામના ગામમાં કોલોરાડો એક્સ્પ્લૉરેશન કં.માં કામ કરે છે તેને મેં આ વિષે પુછાવ્યું હતું. જવાબમાં લખે છે કે લુઝીઆનામાં તેલનો એક કૂવો ૨૨,૦૦૦ ફીટ ઊંડો છે ને તેથી પણ ઊંડો એક તેલનો કૂવો દક્ષિણ અમેરિકાના વિનેઝુએલામાં જેની છે, ઊંડાઈ લગભગ ૨૯,૦૦૦ ફીટ છે અને તે દુનિયામાં સૌથી વધુ ઊંડો કૂવો છે તેમ મનાય છે.

(કલકત્તા) —રામચંદ્ર દેસાઈ